ઈરાક ઝિયારત 25-એપ્રિલ ઉંમરાહ
વેકેશન ઉમરાહ 27-એપ્રિલ • 19-મે ઉમરાહ વિઝા, દુબઈ વિઝા
રમઝાન ઉમરાહ 25-મે
હજ-૨૦૧૭ બુકિંગ ચાલુ છે.
KAKI FOREX ડોલર, વિઝા, ફરજી કાર્ડ તે-વેચ માટે...
રઝાક એન્ડ સન્સ
કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
મુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
Ph. 079-26588888, 22166666, M.9426579900

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૧૨-૩-૨૦૧૭ રવિવાર AHMEDABAD ESTABLISHED-1991

ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
દસ્કોઈ ચેમ્બર્સ, પેટ્રોલપંપ સામે, ખમાસા.
M 09712057888, 09099786787
હજ/ઉમરાહ ૨૦૧૭ બુકિંગ ચાલુ છે
પાલનપુર-અ.હય્ય - 9428024796

Regd. No.Guj.168/2016-2018 Valid up to Dt. 31-12-2018 • તંત્રી : અઝીઝ ટંકારવી • E-mail : gujarattodaydaily@gmail.com • gujarattodaydaily@yahoo.com
News Web : www.gujarattoday.in RNI. No. 48870/91 • વર્ષ-૨૬ અંક-૨૨૧ • ૧૩ જમાદિલ આખર હિજરી ૧૪૩૮ • 12 MARCH 2017 • PAGES 12+8 • PRICE Rs 5.00

બેરાવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હજ અને ઉમરાહ ટુર્સ
ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ ટીકીટ્સ પાસપોર્ટ અને રેલવે/બસ ટીકીટ્સ
૨૪૬૮, ઇટાલીયન બેકરી પાસે, આઈ.પી. મીશન રોડ, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧.
ઉમરાહ શાબાન (મે) ૨૦૧૭
દિનઃ ૧૬ થી ૧૮ રૂા. ૬૫,૦૦૦
અમદાવાદ થી અમદાવાદ

રમઝાન ઉમરાહ - ૨૦૧૭ દિનઃ ૩૨
ફક્ત રૂા.૧,૨૦,૦૦૦/-
• રવાનગી તા. ૨૬-૦૬-૨૦૧૭ - રીટર્ન તા. ૩૦.૦૬.૨૦૧૭
• ૧૬ દિવસ મક્કા શરીફમાં રોકાણ અને ૧૬ દિવસ મદીના શરીફમાં રોકાણ
• અમદાવાદથી જિદ્દાહ અને મદીના શરીફથી અમદાવાદ
• સાઉદી એરલાઇન્સ દ્વારા સફર
• મક્કામાં હોટલ મીસફલા ઈબ્રાહીમ ખલીલ રોડ
• મદીનામાં હોટલ ઝંગાલી માર્કેટમાં
ઉપરોક્ત તમામ જગ્યામાં એર-ટીકીટ-વિઝા-હોટલમાં રહેવા-જમવા સહિત મક્કાશરીફ અને મદીના શરીફની ઝિયારતોનો સંપુર્ણ ખર્ચ આવી જાય છે અને લોન્ડ્રી ફ્રી છે. ઉમરાહમાં જનાર હાજી સાહેબોને વિનંતી ફક્ત રૂા. ૧૦,૦૦૦/- ભરી આપની સીટ બુક કરાવો
નોંધઃ સાઉદી કોન્સ્યુલેટ દ્વારા વિઝા પોલીસીમાં ફેરફાર થશે તો દરેક હાજી સાહેબોએ સાથ સહકાર આપવાનો રહેશે.

મુનાફ બેરાવાલા અસદ બેરાવાલા બેરાવાલા કેટરર્સ ૯૯૨૪૭૧૬૪૧૨ ૯૯૯૮૧૧૮૮૯૭ ૦૭૯-૨૫૩૬૮૮૯૭
તમારા નાના મોટા દરેક પ્રસંગે કેટરીંગ સર્વિસ કરી આપવામાં આવશે.
અમે દરેક પ્રકારની કેટરીંગ સેવાઓ પુરી પાડીએ છીએ જેમકે મેરેજ લંચ/ડિનર પાર્ટી/ એન્ગેજમેન્ટ સેરેમની/બર્થ ડે પાર્ટી અને કોઈ પણ પ્રકારના ઉદ્ઘાટન સમારંભ વગેરે
જાબીરભાઈ: ૯૮૨૪૫૪૭૫૨૬ સાબીરભાઈ: ૯૮૨૫૧૬૧૭૧૬ ઈસ્હાકભાઈ: ૯૭૨૩૬૬૪૮૭૦ હુસેનભાઈ: ૯૩૨૮૦૮૬૦૧૮
મુનાફ બેરાવાલા: ૯૯૨૪૭૧૬૪૧૨ • અસદ બેરાવાલા: ૯૯૯૮૧૧૮૮૯૭
૨૪૬૮, ઇટાલીયન બેકરી પાસે, આઈ.પી.મીશન રોડ, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧, ફોન: ૦૭૯-૨૫૩૬૮૮૯૭
ઓફીસ ટાઈમઃ સવારે ૧૧.૦૦ થી રાતના ૯.૦૦ વાગ્યા સુધી રૂબરૂ મુલાકાત લેવા વિનંતી

પાંચ રાજ્યો પૈકીની ત્રણમાં કોંગ્રેસ અને બેમાં ભાજપ મોખરે

UP-ઉત્તરાખંડમાં ભાજપનો ભગવો, પંજાબમાં પંજો છવાયો

● મણિપુર, ગોવામાં કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી પણ બહુમતીથી દૂર ● ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ-સપા ગઠબંધનના અને પંજાબમાં ભાજપ-અકાલીદળના સૂપડાં સાફ

નવી દિલ્હી, તા. ૧૧

પાંચ રાજ્યોમાં યોજાયેલી બહુપ્રતિક્ષિત ચૂંટણીના પરિણામો શનિવારે જાહેરથયા હતા જેમાં ઉત્તરપ્રદેશમાં ભાજપે સપા-કોંગ્રેસના ગઠબંધનનો સફાયો કરી ૩૨૫ બેઠકો જીતીને ચોખ્ખી બહુમતી મેળવી હતી અને ઉત્તરાખંડમાં પણ કોંગ્રેસને હરાવતા ૭૦માંથી ૫૭ સીટ મેળવી હતી. પંજાબમાં કોંગ્રેસ આપ તથા અકાલી-ભાજપની સામે જંગી બહુમતીથી જીત મેળવી સત્તા મેળવવા જઈ રહી છે. દરમિયાન અન્ય રાજ્યો ગોવા તથા મણિપુરમાં કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી બનીને બહાર આવી છે અને ભાજપના કોંગ્રેસ મુક્તનો ભારતના નારાને પણ પડકાર આપ્યો છે. સૌથી પ્રતિષ્ઠિત બનેલા ઉત્તરપ્રદેશના જંગમાં ભાજપે બાજી મારતા કોંગ્રેસ તથા સપાના ગઠબંધનને મોટો ફટકો આપ્યો હતો અને ૩૨૫ બેઠકો સાથે એક તૃતિયાંશ બેઠકો અંકે કરી હતી. દરમિયાન કોંગ્રેસે ત્રણ રાજ્યોમાં શાનદાર પ્રદર્શન કરી પંજાબમાં ૧૧૭માંથી ૭૭ બેઠકો પર સપાટો બોલાવતા અકાલી દળ અને ભાજપના ગઠબંધનને જોરદાર ફટકો આપ્યો છે. કોંગ્રેસે પાંચમાંથી ત્રણ રાજ્યોમાં બહુમતી મેળવી છે જેમાં મણિપુરમાં ૬૦માંથી ૨૮ સીટો મેળવી બહુમતી નજીક આવવાથી તેની જ સરકાર બનવા જઈ રહી છે, જ્યારે ગોવામાં ૧૭ બેઠકો જીતી સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે.

સ્પષ્ટ બહુમતી ભલે મળી પણ ગત લોકસભાની ચૂંટણી કરતાં યુપીમાં ભાજપને ઓછા મતો મળ્યા

ચૂંટણીપંચના તાજા આંકડા અનુસાર આ વખતે યુપી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૩૯.૬ ટકા વોટ મળ્યા છે જે ૨૦૧૪માં યોજાયેલી ગત લોકસભાની ચૂંટણીમાં મળેલા ૪૨.૬ ટકા કરતાં ઓછા હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે.

● વિમુદ્રીકરણે વિપક્ષના ખિસ્સા ખાલી કરી નાખ્યા છતાં પણ પાંચમાંથી ત્રણ રાજ્યોમાં વિજય પતાકા લહેરાવી

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓના પરિણામ

ઉત્તરપ્રદેશ
કુલ ૪૦૩, બહુમતી માટે ૨૦૨

ભાજપ :	૩૨૫
સપા-કોંગ્રેસ :	૫૪
બસપા :	૧૯
અન્ય :	૦૫

પંજાબ
કુલ ૧૧૭, બહુમતી માટે ૫૯

કોંગ્રેસ :	૭૭
અકાલી-ભાજપ :	૧૮
આપ :	૨૦
અન્ય :	૦૨

ઉત્તરાખંડઃ કુલ ૭૦, બહુમતી માટે ૩૬

ભાજપ	૫૭
કોંગ્રેસ :	૧૧
અન્ય :	૦૨

ગોવા : કુલ ૪૦, બહુમતી માટે ૨૧

કોંગ્રેસ :	૧૭
ભાજપ :	૧૩
આપ :	૦૦
અન્ય :	૧૦

મણિપુર : કુલ ૬૦, બહુમતી માટે ૩૧

કોંગ્રેસ :	૨૮
ભાજપ :	૨૧
એનપીએફ :	૦૪
અન્ય :	૦૭

મે મહિનાના વેકેશનમાં તા. ૧ થી ૨૦ રૂા. ૭૨,૦૦૦/- દિવસ : ૨૦
રમઝાન ઉમરાહ રૂા. ૧,૩૦,૦૦૦/- દિવસ : ૩૨
હજ ૨૦૧૭ (ફિક્સ ભાવ) માટે મળો
નાની અને મોટી બેગ ફ્રી
૧૫ કિલ્ટર ઝમઝમ, એલચી, લેડીઝ રૂમાલી, ૭ પારાની ૨ તસ્બી
Al-falah Tours & Travels
અલ-ફલાહ આણંદ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હજ-ઉમરાહ ઝિયારત
અમદાવાદ થી અમદાવાદ મક્કા તથા મદીનામાં સ્ટાર હેરેજોની હોટલ
• બ્રેક ફાસ્ટ • લંચ • ડીનર વીથ ટી એન્ડ સોફ્ટ ડ્રિંક્સ
• ઓલ બુફે સિસ્ટમ • લોન્ડ્રી મક્કા અને મદીનામાં
• મક્કા તથા મદીનાની ઝિયારત વીથ કુલ ટ્રાન્સપોર્ટેશન એન્ડ વિઝા
આણંદ હાજી અનીશ વિરાણી (મેમણ)
Mo. 95101 12266, (02692) 254703
હેડ ઓફીસ : એફ-૬, અલ-રહેમાન રેસીડેન્સી, ભાલેજ રોડ, આણંદ
Saudi Arabia Mo. +966 5645 40053
અમદાવાદ આબિદઅલી સૈયદ 97238 85410 કરછ-ભુજ હુસૈનભાઈ ખત્રી 98796 29108
નાયા વાંટો સૈયદ કાદરબાપુ 9825778622 સુરત હાજી મશીરભાઈ આઝમી 98258 85383, 0261-2599911
www.al-falahanand.com, email : info@al-falahanand.com

ટાયરવાલા ટ્રાવેલ્સ
હનીમુન/ફેમેલી પેકેજ
કુલ્લુ-મનાલી દર બુધવાર
દિલ્લી-મનાલી-દિલ્લી 2x2 AC કોચ
5- રાત્રિ/6- દિવસ ડિલક્ષ હોટલ બ્રેક ફાસ્ટ,કેન્ડલ લાઇટ ડિનર સાઇડ સીન સાથે
Rs. 5500/-
9377753451,9974744698
9825730531,9712953451

ગુણવત્તા અને ગુણવત્તા વાળી બાબત પરિવાર માટે
₹4500/- only
ફ્લોટિંગ ફ્લોટ
ફક્ત ₹1/- ભરી તે વસાવો
ફ્લોટર ચુકીફ્રી પ્રોપરિશન વાલે તમામ પાણી તે શુદ્ધ કરવાં માટે આજ વસાવો
FLOW TECH APPLIANCES
9898000868 | 9824033330

ધો. ૧૨ તથા ૧૦ના પરિક્ષાર્થીઓને હાર્દિક શુભકામનાઓ
ઝડપથી વિકસતા અમદાવાદ શહેરના સૂવ્યવસ્થિત વિકસતા સરખેજ ટીપી-૮૫માં...
Ahmed Residency
2 BHK APARTMENTS
રેડી ટુ પઝેશન
માત્ર રૂા. ૧૭.૯૩ લાખથી શરૂ
૧૦૦% લોન પેપર
સુવિધાઓ :
• એન.એ., એન.ઓ.સી., ટાઈટલ ક્લીયર...
• આકર્ષક પ્રવેશ દ્વાર...
• લેન્ડસ્કેપ ગાર્ડન...
• ઓટોમેટીક સ્ટાન્ડર્ડ લીફ્ટ...
• લાઈબ્રેરી...
• વિશાળ પાર્કિંગ...
• ચિલ્ડ્રન પ્લે એરિયા...
• સિનિયર સીટીઝન માટે બેસવાની વ્યવસ્થા...
• સી.સી.ટી.વી. કેમેરા...
• ૨૪ કલાક પાણીની સુવિધા...
Projects by MYCO Myco Infra Pvt. Ltd.
9924066670/71
www.mycoinfra.com
mycoinfra@gmail.com
www.facebook.com/mycoinfra
SITE ADDRESS : "MYCO", TP-85, 100 ft Road, Opp. Amber Tower, Sarkhej, Ahmedabad.

We Value Your Emotions.
Saudi Tours Pvt. Ltd
Laundry, Zam Zam, Zhyarat, Travel Kit Including.
એપ્રિલ-ઉમરાહ 16-04-2017 દિવસ 16
રમજાન-ઉમરાહ દિ.-32
H.O.:- 9376007003,(O) 079-22120444
B. O.:- Mo.9924511590

દિવસ 18 વેકેશન 28 એપ્રિલ
umrah
હરમથી ૧૨ મિનીટના અંતરે રોકાણની ખાતરી
અબુબક્કર મનસુરી 9925791991
અલ ઈમાદ ટુર્સ & ટ્રાવેલ્સ
પહેલો માળ, ઝકરીયા સેન્ટર, સિરાજપુર, અમદાવાદ.

અલ-સફા ટુર એન્ડ ટ્રાવેલ્સ
વેકેશન ઉમરાહ
રમઝાન ઉમરાહ બુકિંગ ચાલુ છે
ઈન્શાઅલ્લાહ
નસીમ મનીયાર M.: 9824572786 હરુણ મનીયાર M.: 9924672786

ઉમરાહ
નોબલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હાજી સુલેમાન ગ્રુપ
૨૧-એપ્રિલ દિ-૧૬ વેકેશન
૨૪-મે દિ-૩૨ રમઝાન
દસ્કોઈ ચેમ્બર્સ, ખમાસા, અમદાવાદ
M : 77 77 99 7008

રમઝાન ઉમરાહ-2017 દિવસ 32
રવાનગી તારીખ 24 મે
AFZAL HAJJ TOURS
8347499701, 079-25390111
715, G.Floor, Opp. Subag Palace, Nr. Khamasa, Dhalgarwad, Ahmedabad.

અલ સૈયદ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ઉમરાહ માર્ચ : 24-03-2017
ઉમરાહ એપ્રિલ : 26-04-2017
રમઝાન ઉમરાહ : 24-05-2017

વિશ્વના સર્વોત્તમ ક્વોલિટીના બાસમતી ચોખા
એરોપ્લેન બાસમતી ચોખા
REGULAR GOLDEN
LA - Taste
પુલાવ બિરયાની માટે સર્વશ્રેષ્ઠ
બાસમતી ચોખાની વિશાળ શ્રેણી
દરેક શુભપ્રસંગને માટે ખાસ
સ્ટોકિસ્ટઃ મહેશ ટ્રેડર્સ, કાલુપુર લાટ અમદાવાદ

ગુજરાત ટુડે

અશ્લીલતાથી દૂર, સંસ્કારોથી ભરપૂર

૧૪મીએ અંક ચાલુ રહેશે

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

સામાજિક-શૈક્ષણિક સેવાઓમાં સક્રિય લોકહિત મૂવમેન્ટનું વાહક, અને સૌ કોઈએ ખાસ વાંચવા જેવું અખબાર

☛ તા.૧૩ માર્ચ-૨૦૧૭ને સોમવારે ધુળેટીના પર્વ નિમિત્તે અન્ય દૈનિકોમાં રજા રહેશે માટે તા.૧૪ માર્ચ-૨૦૧૭ને મંગળવારનો આપનો દિવસ અખબાર વિનાનો કેવી રીતે પસાર કરશો ? ના, મૂંઝાવવાની જરૂર નથી.

'ગુજરાત ટુડે' દૈનિક તા.૧૪મી માર્ચ-૨૦૧૭ને મંગળવાર સવારે આપ સમક્ષ જરૂર હાજર થઈ જશે.

☛ ફક્ત આપ આપના વિતરકને આજે જ કહી દો કે, ૧૪મી માર્ચ-૨૦૧૭ને મંગળવારનું 'ગુજરાત ટુડે' દૈનિક લઈને જ આવે.

☛ આપના મિત્રો-સગા-સંબંધીઓ સુધી પણ 'ગુજરાત ટુડે' પહોંચાડો

વિજ્ઞાપનદાતાઓ અને વિજ્ઞાપન એજન્સીઓ તેમની જાહેર ખબર મોકલી બહોળી નકલોમાં પ્રસિધ્ધિનો લાભ લઈ શકશે.

ગુજરાત ટુડે દૈનિક, 33/૧, શાહઆલમ, અમદાવાદ.૩૮૦૦૨૮
સંપર્ક : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧,૨૫૩૨૮૮૨૫, ૨૫૩૩૨૮૨૦
E-mail : gujarattodaydaily@gmail.com-gtadvt@yahoo.co.in

ભારતીય મૂળના પ્રીત ભરારા સહિત ૪૬ એટોર્નીં જનરલ પાસેથી ટ્રમ્પ સરકારે રાજીનામા માંગ્યા

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧

અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે ભારતીય મૂળના અમેરિકી વકીલ પ્રીત ભરારા સહિત ૪૬ વકીલોના રાજીનામા માંગ્યા છે. આ વકીલોની નિયુક્તિ પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ કરી હતી. અમેરિકામાં કુલ ૯૩ સરકારી વકીલ છે જેમાંથી મોટાભાગના વકીલોએ પોતાના પદ છોડી દીધા છે પરંતુ ૪૬ સરકારી વકીલ હાલ કાર્પર છે. આ વકીલોને અમેરિકી એટોર્ની જનરલ જેફ સેન્સને રાજીનામા આપી દેવા જણાવ્યું છે. આ બાબતે ન્યાય મંત્રાલયની પ્રવકતા સારા ઈસ્ગર ફલાર્સે કહ્યું કે એક સમાન હસ્તાંતરણ નક્કી કરવા માટે સેસન્સે રાજીનામા આપી દેવા જણાવ્યું. ફલોર્સે આ નિર્ણયનો બચાવ કરતાં એક ભાષણમાં જણાવ્યું કે જ્યોર્જ ડબ્લ્યુ બુશ અને બિલ ક્લિન્ટન બન્ને પ્રશાસનોએ પોતાના કાર્યકાળની શરૂઆતમાં આ જ રીતે આગ્રહ કર્યો હતો. ક્રૂસેડરે પ્રસિદ્ધ ભરારાએ ટ્રમ્પના ચૂંટણીની જીત બાદ નવેમ્બરમાં મુલાકાત લીધી હતી. મીડિયા રિપોર્ટના અહેવાલ મુજબ ટ્રમ્પે ભરારાને પદ પર કહ્યું હતું. ન્યુયોર્કના સાંસદ ચાર્લ્સ સચમેરે કહ્યું કે તેઓ અમેરિકી અધિવકતાઓથી રાજીનામું આપી દેવાની માંગ પર હેરાન છે ખાસ કરીને ભરારાના રાજીનામાની માંગ પર. વધુમાં તેમણે જણાવ્યું કે રાષ્ટ્રપતિએ મને નવેમ્બરમાં બોલાવ્યો હતો અને આશ્વાસન આપતાં કહ્યું ભરારા દક્ષિણી જિલ્લાથી અમેરિકી એટોર્નીના પદ પર બની રહેવા જણાવ્યું. ન્યાય વિભાગે જણાવ્યું. જ્યાં સુધી અમેરિકી એટર્નીની સ્પષ્ટ નહીં થાય ત્યાં થાય ત્યાં સુધી અમેરિકી એટર્ની કાર્યાલયના સમર્પિત તપાસ બાબતે અભિયોગ ચલાવવા તથા હિંસક અપરાધીઓથી બચાવ માટે કાર્ય કરતાં રહીશ.

ન્યાયમૂર્તિ કર્નન વિવાદ : સુપ્રીમકોર્ટના ધરપકડ વોરંટ અંગે નિષ્ણાતો બે ભાગમાં વહેંચાઈ ગયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

કલકત્તા હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સી.કે.કર્ણનની સામે સુપ્રીમકોર્ટે કાઢેલા ધરપકડ વોરંટ પછીના ઘટનાક્રમથી કાયદાના નિષ્ણાતોએ ઉંડો આંચકો અનુભવ્યો હતો. આ અંગે વરિષ્ઠ વકીલ કે.કે.વેણુગોપાલે કહ્યું કે સુપ્રીમકોર્ટ પાસે આ સિવાય કોઈ વિકલ્પ ન હતો. જ્યારે વિકાસસિંગે કહ્યું કે અદાલતે આ સંદર્ભમાં સંયમી કાર્યવાહી કરવી જોઈએ. ન્યાયમૂર્તિ કર્ણને વળતા પ્રતિકારમાં સાત સભ્યોની ન્યાયમૂર્તિઓની ખંડપીઠ સામે ફરિયાદ નોંધવાનો હુકમ કર્યો છે. જે ખંડપીઠ ન્યાયમૂર્તિ કર્ણન અદાલતની અવગણનાના કેસની સુનાવણી કરી રહી છે. પૂર્વ એટર્ની જનરલ સિનિયર વકીલ સોલી સોરાબજીએ કહ્યું કે આ એક દુઃખદ વાત છે. હું તેનાથી તનાવમાં છું. એક ન્યાયાધીશ આવા આરોપો મૂકે તે દુઃખદ છે. મીડિયા સમક્ષ આરોપો મૂકે તે શોભતી નથી. ફક્ત તે ન્યાયમૂર્તિ છે તેથી તેઓ છટકી શકે છે. વરિષ્ઠ વકીલ વેણુગોપાલે કહ્યું કે ન્યાયમૂર્તિ કર્ણન સામે અતિરેકભર્યા વર્તાવ બદલ મહાઅભિયોગ ચલાવવા માટે સુપ્રીમકોર્ટને બિનજામીન પાત્ર વોરંટ કાઢવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો ન હતો.

ઈરોમ શર્મિલાને માત્ર ૯૦ વોટ મળ્યા બાદ કહ્યું કે તેઓ હવે સંન્યાસ લેશે

(એજન્સી) ઈમ્ફાલ, તા.૧૧

મણિપુરમાં થઉબલ બેઠક પર ઊભા રહેલાં માનવ અધિકાર કાર્યકર્તા અને પીપલ્સ રીસજેંજસ `એન્ડ જસ્ટિસ અલાયંસ (પીઆરએજેએ)નાં ઉમેદવાર ઈરોમ શર્મિલા ચૂંટણી હારી ગયાં છે. મુખ્યમંત્રી ઈબોબીસિંહ સામે ચૂંટણી લડનાર શર્મિલાને ફક્ત ૯૦ મત મળ્યાં હતાં. જે નોટ (૧૪૩) મતોથી પણ ઓછા છે. મણિપુરમાં સ્પેશિયલ પાવર એકટ (અફસ્પા) હટાવવા ૧૬ વર્ષથી અનશન કરનાર શર્મિલાએ અનશન તોડી રાજનીતિમાં પ્રવેશ કર્યો હતો. કોંગ્રેસના ઈબોબીસિંહે ભાજપના બસંતસિંહને ૧૦૪૭૦ મતે હરાવ્યા. મણિપુર લાંબા સમયથી કોંગ્રેસનો ગઢ છે. ઓયનમ સીટ પર ભાજપના લાઈશ રામ રાધાકિશોરસિંહને કોંગ્રેસના ડૉ.ઈરેંગલમ ઈબોહાલ્લીસિંહે ૮૪૩ મતે પરાજિત કર્યા. જીરલીમ સીટ પર અપક્ષ અશબુદ્દીને કોંગ્રેસના થોઉદમને ૧૬૫૦ મતે હરાવ્યા. સાઈટુ સીટ પર કોંગ્રેસના નગામથાંગે રાઉકીપીને ભાજપા ઉમેદવાર હાસોખોલેટ કીપજેનને ૩૮૧૭ હરાવ્યા. શર્મિલા ઈરોમે જાહેરાત કરી હતી કે તેઓ હવે ચૂંટણી નહીં લડે. ચૂંટણી પરિણામોથી કોઈ ફર્ક પડતો નથી. તે લોકોના વિચાર પર નિર્ભર છે. દરેક પક્ષોના બાહુબલીઓએ ધનબલનો ઉપયોગ કર્યો.

નીટ કેસ : ઉર્દૂમાં નીટની પરીક્ષા યોજવા કેન્દ્રને ૨૪ માર્ચના રોજ જવાબ રજૂ કરવા સુપ્રીમકોર્ટની સૂચના

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્ર સરકારે સુપ્રીમકોર્ટમાં નીટ પરીક્ષા ઉર્દૂમાં લેવા અંગે પોતાનું મન ખુલ્લુ રાખી કહ્યું છે કે ઉર્દૂમાં પરીક્ષા આવતા સત્રથી લેવાશે. ૨૦૧૬થી ૧૬ નવેમ્બરે રાજ્યોના શિક્ષણ મંત્રીઓની બેઠક મળી ત્યારે નીટ ઉર્દૂમાં પણ લેવા કોઈપણ રાજ્યના પ્રધાને પત્ર આપ્યો નથી કે રજૂઆત કરી નથી. જાહેરનામુ બહાર પડયા સુધી પણ આવી કોઈ રજૂઆત થઈ નથી. ૨૦૧૭ની સાલમાં નીટને સામેલ કરવા એસઆઈઓ વતી વકીલ રવિન્દ્રએ સુપ્રીમકોર્ટમાં દલીલ કરી હતી. કોર્ટે કેન્દ્રને ૨૪ માર્ચ ૨૦૧૭ના રોજ આ અંગે એક સોગંદનામું રજૂ કરવા જણાવ્યું હતું. એસઆઈઓના રાષ્ટ્રીય સચિવ તૌસીફ અહેમદે કહ્યું કે, તેલંગાણા-મહારાષ્ટ્ર વતી એમસીઆઈ સમક્ષ નીટ ઉર્દૂમાં લેવા પહેલાં કરાઈ છે. આ ઉપરાંત ઘણા સંગઠનો અને પ્રધાનોએ પણ રજૂઆત કરી છે.

૨૦૦૮ માલેગાંવ ધમાકા : સીબીઆઈએ ગુમ થયેલ સાક્ષીનો કેસ એનઆઈએને તબદીલ કરવા માટે અસમર્થતા દર્શાવી

એટીએસ દ્વારા પાટીદારની પૂછપરછ બાદ તેને મુક્ત કરાયો હોવાનો દાવો કરાયો હતો ● કલસાંગરા અને સંદીપ ડાંગેના મૃતદેહો સીએસટી સ્ટેશનથી મળ્યા હતા જ્યારે પાટીદારનું એટીએસ કસ્ટડીમાં મોત થયું હોવાનો સસ્પેન્ડ ઈન્સ્પેક્ટર મુંઝાવરનો દાવો

(એજન્સી) માલેગાંવ, તા.૧૧

૨૦૦૮ના માલેગાંવ બોમ્બ ધડાકા કેસમાં સાક્ષી રહેલા લાપતા દિલીપ પાટીદારને એનઆઈએને સોંપવા માટે સીબીઆઈએ અસમર્થતા દર્શાવી છે. ગયા વર્ષે આ કેસને એફઆઈએને સોંપવાના કેન્દ્રીય ગૃહમંત્રાલયનો હુકમ છતાં ઈન્કાર કરાયો છે. એનઆઈએ હવે આ અંગે મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર ખંડપીઠ સમક્ષ રજૂઆત કરનાર છે. માલેગાંવ ધમાકા કેસમાં વોન્ટેડ આરોપી રામચંદ્ર કલસાંગરાનો પાટીદાર ખેડૂત છે. તેને મહારાષ્ટ્ર એટીએસે નવેમ્બર ૨૦૦૮માં પકડયો હતો અને મુંબઈ લાવી હતી. પછી તે કદી ઘેર પરત ફર્યો નથી. પાટીદાર એટીએસ ટીમના વડા રાજેન્દ્ર ધુલેએ પૂછપરછ કરી હતી. એટીએસે દાવો કર્યો હતો કે તેને પછીથી ૧૮ નવેમ્બરે છોડી દેવાયો હતો અને કેટલાક દસ્તાવેજો સાથે પરત ફરવા જણાવ્યું હતું. પાટીદાર ઘરે પરત ન ફરતાં તેના પરિવાર હેબીયસકોપર્સની અરજી દાખલ કરી હતી. ત્યારબાદ કોર્ટે સીબીઆઈ તપાસનો હુકમ આપ્યો હતો. સીબીઆઈએ ધુલે અને ઈન્સ્પેકટર રમેશ મોરે સામે કેસ દાખલ કર્યો હતો. સીબીઆઈએ બે એટીએસ અધિકારીઓના નામ આપી કલોઝર રિપોર્ટ કેસમાં મૂકયો હતો. ત્યારબાદ આ કેસની તપાસ એનઆઈએ હસ્તક મૂકાઈ પરંતુ સીબીઆઈએ આ કેસ એનઆઈએને હસ્તાક્ષર કરવાની અશક્તિ દર્શાવી અને કહ્યું કે કોર્ટે તપાસ માટે સૂચના આપી છે. હવે સીબીઆઈ પાસેથી કેસ પરત લેવા મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં એનઆઈએ જશે. ઈન્દોર ખંડપીઠ સમક્ષ આ કેસ પડતર છે. ધુલે અને મોરેની પાટીદારના ગુમ થવા અંગે પૂછપરછ જરૂરી છે. પાટીદારની ખોટી કબૂલાતથી કલસાંગરા અને બીજા આરોપીઓ પકડાયા હતા. ૮ વર્ષથી પાટીદાર ગુમ છે. પાટીદારના પરિવારજનો કહે છે કે, તેનું કસ્ટડીમાં મોત થયું છે. તેવું એનઆઈએએ જણાવ્યું હતું. ગયા વર્ષે એનઆઈએ દ્વારા તહોમતનામામાં એટીએસના વ્યવહાર અને કેસની તપાસ અંગે સવાલ ઉઠાવ્યો હતો. પાટીદારના ગુમ થવા અંગે ધુલે અને મોરે જવાબદાર છે. હાલમાં સસ્પેન્ડ એટીએસ ઈન્સ્પેકટર મહેબુબ મુહાવરે આરોપ મૂકયો છે કે ૨૦૦૮માં સીએસટી સ્ટેશને મળેલ બિનવારસી લાશો મળી હતી. જે ૨૦૦૮ના માલેગાંવ ત્રાસવાદી હુમલાના વોન્ટેડ આરોપી કલસાંગરા અને સંદીપ ડાંગેની હતી. પાટીદારનું કસ્ટડીમાં મોત થયું હતું તેવું મુઝાવરે એનઆઈએ સમક્ષ કબૂલ કર્યું હતું.

અસીમાનંદ વિરુદ્ધ પૂરતા પુરાવા હતા

ટ્રાયલ કોર્ટના આદેશની નકલ જોઈને એનઆઈએ નિર્ણય લેશે

નવી દિલ્હી, તા.૧૧

સમજૌતા ટ્રેન બ્લાસ્ટ કેસના આરોપી સ્વામી અસીમાનંદને અન્ય છ આરોપીઓની સાથે ટ્રાયલ કોર્ટે નિર્દોષ મુક્ત કરી દીધા છે, અને અન્ય ત્રણને કોર્ટે દોષી ગણ્યા છે. આ અંગે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા ટ્રાયલ કોર્ટના ઓર્ડરની સામે અપીલ કરવાનો હજી નિર્ણય લેવાયો નથી. પબ્લિક પ્રોસિક્યુટર અશ્વિનીકુમાર શર્માએ પત્રકારોને જણાવ્યું કે, દિલ્હી કોર્ટમાં આપેલા કબૂલાતનામા સહિત અસીમાનંદ સામે અનેક પુરાવાઓ મોજૂદ હતા.

અસીમાનંદનું કબૂલાતનામું

શર્માએ જણાવ્યું કે, "જેમાં અસીમાનંદે આ આતંકી કૃત્યની સ્પષ્ટ કબૂલાત કરી છે તે રેકોર્ડ પર લેવાયેલું કબૂલાતનામું છે. અદાલતે તેને ધ્યાનમાં કેમ ન લીધું અને શા માટે તેમને નિર્દોષ છોડી મૂક્યા તે મને સમજાતું નથી. હજી મને જજમેન્ટની નકલ મળી નથી, અને આ છુટકારા માટે કદાચ કોઈ બીજું કારણ હોઈ શકે."

દિલ્હી કોર્ટમાં મેજિસ્ટ્રેટ સમક્ષ રિકોર્ડ કરાયેલા તેમના કબૂલાતનામામાં અસીમાનંદે જણાવ્યું છે કે, 'મુસ્લિમોની આતંકી પ્રવૃત્તિઓ'નો બદલો લેવા માટે તેઓ પોતે અને અન્ય કાર્યકર્તાઓ દેશમાં અજમેર શરીફ અને હૈદરાબાદની મક્કા મસ્જિદ તથા સમજૌતા એક્સપ્રેસ જેવા સ્થળોમાં બૉમ્બવિસ્ફોટ કરવામાં સંકળાયા હતા. સમજૌતા કેસમાં અસીમાનંદ જામીન ઉપર છે, અને મક્કા મસ્જિદની ટ્રાયલ લગભગ પૂરી થઈ ગઈ છે.

એનઆઈએના એક અધિકારીએ જણાવ્યું કે, અમને હજી આ આદેશની નકલ મળી નથી. અમારી કાનૂની ટીમ દ્વારા તે આદેશનું પૃથક્કરણ થઈ જાય તે પછી અમે નિર્ણય લઈશું.

શર્માએ વધુમાં એમ પણ કહ્યું કે, ૧૬ માર્ચના રોજ જ્યારે કોર્ટ સજા સંભળાવશે ત્યારે પ્રોસિક્યુશન ભાવેશ પટેલ અને દેવેન્દ્ર ગુપ્તા માટે આજીવન કારાવાસની સજાની માગણી કરશે. ત્રીજો આરોપી સુનીલ જોશી મૃત્યુ પામ્યો છે. આ આતંકી પ્રવૃત્તિમાં બંનેની સંડોવણી યુએપીએની કલમો ૧૫-૧૬ હેઠળ સાબિત થઈ ચૂકી છે.

અજમેરમાં ૧૩ઉમી સદીના સમયગાળામાં નિર્માણ પામેલી સૂફી સંત ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તી (ર.અ.)ની દરગાહ પાસે તા. ૧૧ ઑક્ટોબર ૨૦૦૭ના રોજ રમઝાન મહિના દરમિયાન વિસ્ફોટ થયો હતો, જેમાં ત્રણ માણસો માર્યા ગયા હતા અને ૧૭ને ઈજા થઈ હતી. એ વખતે ઈફતાર ચાલી રહ્યું હોવાથી આશરે ૫૦૦૦ માણસો વિસ્ફોટના ઘટનાસ્થળે હાજર હતા.

ઉલ્લેખનીય છે કે, આ કેસમાં અત્યાર સુધી ૮૩ સાક્ષીઓ પૈકીના ૨૬ ફરી ગયા છે, પણ જ્યારે એનડીએની સરકાર આવી ત્યારે આ કેસ મે-૨૦૧૪ બાદ ઝડપી બન્યો.

આ કેસમાં અન્ય મુક્ત થયેલા આરોપીઓમાં ચંદ્રશેખર લેવે, ભારત મોહન રાતેશ્વર, મુકેશ વસાની, મેહુલ કુમાર, લોકેશ શર્મા અને હર્ષદ સોલંકીનો સમાવેશ થાય છે.

અસીમાનંદના નિર્દોષ છુટકારા સામે ભારતના નાયબ ઉચ્ચાયુક્તને પાક.નું સમન્સ

ભારતે ષડયંત્રકારોને કાનૂની સકંજામાં લેવા જોઈએઃ પાકિસ્તાન

ઈસ્લામાબાદ, તા.૧૧

ભારત-પાકિસ્તાન વચ્ચેની સમજૌતા એક્સપ્રેસ ટ્રેનમાં વિસ્ફોટ કરવાના કેસના આરોપી અને જમણેરી કાર્યકર્તા સ્વામી અસીમાનંદને આતંકવાદના કેસમાં અદાલતે નિર્દોષ છોડી મૂક્યા છે તે અંગે ચિંતા વ્યક્ત કરીને પાકિસ્તાને ભારતના ડેપ્યુટી હાઈકમિશ્નરને સમન્સ પાઠવ્યું છે. મોડી રાત્રે જારી કરાયેલા નિવેદનમાં વિદેશવિભાગે જણાવ્યું છે કે, ભારતીય નાયબ ઉચ્ચાયુક્ત જે. પી. સિંઘને શુક્રવારે ડિરેક્ટર જનરલ (સાઉથ એશિયા ઍન્ડ સાર્ક) દ્વારા અજમેર શરીફ બ્લાસ્ટ કેસમાં સ્વામી અસીમાનંદની મુક્તિના સંદર્ભે ચિંતા વ્યક્ત કરાઈ હતી.

નિવેદનમાં જણાવાયું છે કે, સ્વામી અસીમાનંદે જાહેરમાં સ્વીકાર્યું છે કે ફેબ્રુઆરી-૨૦૦૭માં સમજૌતા એક્સપ્રેસ પરના આતંકી હુમલાના તે પોતે માસ્ટરમાઈન્ડ હતા, અને તેમણે અભિનવ ભારત નામના આતંકી સંગઠનના વડા સર્વિંગ ઈન્ડિયન આર્મીના અધિકારી કોલ પુરોહિતને પણ ઓળખી બતાવ્યા હતા, જે તેમની સાથે સમજૌતા એક્સપ્રેસમાં આતંકી હુમલા વખતે સાથે હતા.

તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ પાણીપતમાં સમજૌતા એક્સપ્રેસના બે કોચમાં બ્લાસ્ટ થવાથી કુલ ૬૮ લોકોનાં મોત થયાં હતાં. આમાં ૪૨ પાકિસ્તાની નાગરિકો હતા, જેમણે જીવ ખોવાનો વારો આવ્યો હતો. સમજૌતા એક્સપ્રેસમાં આતંકી હુમલો થયો તે નિંદનીય ઘટનામાં સંડોવાયેલા તમામનો ન્યાય થાય તે માટે ભારત પગલાં લે તેવી પાકિસ્તાન સરકાર અપેક્ષા રાખે છે, એમ નિવેદનમાં જણાવાયું છે.

ગુરુવારે પાક.ના વિદેશ વિભાગના પ્રવક્તા નફીસ ઝકરિયાએ ભારતને સમજૌતા એક્સપ્રેસ વિસ્ફોટ કેસના ષડયંત્રકારોનો ન્યાય કરવાનો અનુરોધ કર્યો હતો અને ૨૦૦૭ના અજમેર વિસ્ફોટ કેસમાં અસીમાનંદની મુક્તિને ખેદજનક ગણાવી હતી.

ઝકરિયાએ વધુમાં ઉમેર્યું કે, છેલ્લાં થોડાં વર્ષોથી અમે જોઈએ છીએ કે, સમજૌતા એક્સપ્રેસ આતંકી હુમલામાં સંડોવાયેલા લોકોને નિંદાથી મુક્ત કરી દેવામાં આવ્યા છે. અમે સમજૌતા એક્સપ્રેસના કેસની ઉપર ભારત સરકારની સાથે નજર રાખી રહ્યા છીએ, અને અમે આશા રાખીએ છીએ કે અત્યાર સુધીમાં આ કેસમાં જે પણ તપાસ કે સંશોધનો થયાં હોય તે અમને જાણ કરાશે તથા કાવતરાખોરોને સજા થશે.

સ્વામી અસીમાનંદ જમણેરી હિન્દુ જૂથ અભિનવ ભારતના સભ્ય છે અને ડિસેમ્બર-૨૦૧૦થી જેલમાં હતા. હૈદરાબાદની મક્કા મસ્જિદ ખાતે પણ એક વિસ્ફોટ કેસમાં તેઓ આરોપી છે.

હોળીનો તહેવાર નર્કાગાર બનવો જોઇએ નહીં

ચાંપતી દેખરેખ અને કડક નિયમોથી અનિચ્છનીય ઘટનાઓ નિવારી શકાય

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧

૨૦૧૫ અને ૨૦૧૬માં હિંસાની ઘટનાઓ મર્યાદિત રહી હતી કારણ કે મોટા ભાગના લોકો પોતાના દિવાસ્થાનમાં ભરાઇ રહ્યા હતા. આ વખતે જો ચાંપતી નજર નહીં રાખવામાં આવે તો ઉત્સવ હરીફાઇ અને આક્રમણમાં ફેરવાઇ શકે છે. આ સપ્તાહે આપણે મહિલા દિવસની ઉજવણી કરી હતી પરંતુ મહિલાઓ હજુ પણ હોળીના તહેવારોમાં ગુંડાઓ, તોફાનીઓની ગેંગસ્ટરની શિકાર બને છે. હોળીની મજાકના નામે ગંદુ પાણી અને શંકાસ્પદ ચીજવસ્તુઓ શેરીઓમાં પસાર થતી મહિલાઓ પર ફેંકવામાં આવે છે. તહેવારના થોડા કલાકો દરમિયાન કોઇ ગંભીર પરિણામો ન આવે તે માટે રાજ્ય સરકાર અને પોલીસે કડક બનવાની જરુર છે. મહિલાઓને પરેશાન કરતા અજાણ્યા લોકોની આ હરકતને છેડતી તરીકે જોવી જોઇએ. કાયદાએ રંગ લગાવવા, ગટરનું ગંદુ પાણી ફેંકવાના બહાના તરીકે હોળીનો ઉપયોગ કરવા કાનૂની મંજૂરી આપી નથી. આ જ કારણસર ના એટલે ના અને તે પછી પુરુષ હોય કે સ્ત્રી કોઇને ફરજ પાડવી જોઇએ નહીં. રાહદારીઓ પર ખાસ કરીને બાઇક સવાર લોકો પર બલુન અને મિસાઇલ છોડવાના કૃત્યને અપરાધ ગણવો જોઇએ કારણ કે તેના કારણે લોકોના જીવ જોખમમાં મૂકાય છે. આ ઉપરાંત લોકો પર ફેંકવામાં આવતા રંગોના તેજાબી તત્વોને કારણે લોકોને ત્વચાની સમસ્યાઓ, આંખમાં સંક્રમણ એવી બીમારી થાય છે. સૌથી ભયાનક વાત એ છે કે પોલીસ અને સત્તાવાળાઓ સહિષ્ણુ બનીને જરુરી કાર્યવાહી કરતા નથી કારણ કે રંગે રંગાયેલા લોકો અંગે ફરિયાદ કરવી એ કાયદેસર નથી.

ભારત-પાક. સંઘર્ષ નહીં અટકે તો પરમાણુ યુદ્ધ શક્ય : અમેરિકી જનરલ

પાકિસ્તાન પોતાની પશ્ચિમી સરહદે બિલકુલ ધ્યાન આપતું નથી : અમેરિકા

વોશિંગ્ટન, તા.૧૧

પાકિસ્તાનમાં મુખ્યમથક ધરાવતા આતંકી અને ઉગ્રવાદી જૂથો દ્વારા અવિરત હુમલાઓ અને ભારત દ્વારા તેનો અપાતો સંભવિત જવાબ જોતાં કેટલીક ગણતરીઓ ઊંધી પડી શકે છે, એમ યુએસના ટોચના જનરલ જૉસેફ વોટેલે જણાવ્યું છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડના કમાન્ડર એવા જનરલ વોટેલે ઉમેર્યું કે, પાકિસ્તાન અને ભારત વચ્ચે સતત અવિરતપણે સંઘર્ષ જારી છે. આ સ્થિતિ પરમાણુ-યુદ્ધમાં પરિણમી શકે છે, એવી તેમણે ચેતવણી ઉચ્ચારી છે.

ગઈ કાલે અમેરિકન સેનેટરોને સંબોધતાં વોટેલે જણાવ્યું કે, પાકિસ્તાનમાં પોતાનો પાયો ધરાવતાં ઉગ્રવાદી અને આતંકવાદી બળો સામે પગલાં લેવાના અભાવની સ્થિતિની ભારતને સતત ચિંતા રહ્યા કરે છે, અને આ વર્ષે ભારતના કબ્જાવાળા પ્રાંતમાં ઉગ્રવાદી હુમલાઓનો જવાબ પણ આપ્યો છે. અમે એવું માનીએ છીએ કે, આ પ્રકારના હુમલાઓ અને તેના સંભવિત પ્રત્યાઘાતોના કારણે બંને દેશો વચ્ચેની ગણતરીઓ ઊંધી પડવાની શક્યતાઓ વધી જાય છે. વધુમાં પાકિસ્તાનને વિશ્વસમુદાયમાં વ્યૂહાત્મક રીતે એકલું-અટૂલું પાડી દેવાની ભારતની ચેષ્ટાના પગલે સંબંધો સુધરવાના બદલે વણસે છે. બંને દેશો પરમાણુ શક્તિ ધરાવે છે તેથી ભારત અને પાકિસ્તાન વચ્ચેની સંઘર્ષની સ્થિતિ ન સુધરે તો પરમાણુ યુદ્ધ ખેલાઈ શકે છે.

વધુમાં વોટેલે ઉમેર્યું કે, પાકિસ્તાન પોતાનું વધારે ધ્યાન પૂર્વીય સરહદો પર રાખે છે, અને તેથી તેની પશ્ચિમની અફઘાનિસ્તાન સાથેની સરહદ પરથી ધ્યાન હટાવે છે, જેના કારણે તાલિબાન અને અલ-કાઈદાના લડાયકોનું આક્રમણ તથા ઘૂસણખોરી થાય છે. પાકિસ્તાની લશ્કર સરહદી અંકુશને વિસ્તૃત કરવા માગે છે તથા અર્ધલશ્કરી સલામતી પણ સુધારવા માગે છે તેથી પશ્ચિમી સરહદ પરની સલામતીનો મુદ્દો ઈસ્લામાબાદ માટે મહત્ત્વનો નથી રહેતો, એમ કહીને તેમણે ઉમેર્યું કે, આજે સ્થિતિ એ છે કે, આતંકવાદીઓનાં ૨૦ સંગઠનો પૈકીનાં સાતનું ઘર પાકિસ્તાનમાં છે! જ્યાં સુધી આ બધાં આતંકી જૂથોને પાકિસ્તાનમાં આશ્રય છે ત્યાં સુધી તેઓ અફઘાનિસ્તાનમાં લાંબા ગાળાની સ્થિરતાને જોખમી બનાવશે. અમે પાકિસ્તાન સરકારને વારંવાર જણાવ્યું છે કે, આતંકવાદીઓને કોઈ જ સલામતી વ્યવસ્થા ન આપો અને અફઘાન-પાકિસ્તાન સરહદી પ્રાંતમાં ફેડરલી એડમિનિસ્ટર્ડ ટ્રાયબલ એરિયાઝ (એફએટીએ)માં પૂરી સલામતી સુધારો. તેમણે એમ પણ કહ્યું કે, અફઘાન-પાકિસ્તાન સરહદ પ્રાંતોમાં અસ્થિરતાનો પ્રશ્ન હાથ પર લઈને ઉકેલવા માટે પાકિસ્તાન તથા અફઘાનિસ્તાનનાં લશ્કરો વચ્ચે એક અનોખું સંયોજન પણ અમે જોયું છે.

વર્ષ ૨૦૧૬માં ૧૨૫ જવાનોએ આપઘાત કર્યો

વર્ષે ૧૦૦થી વધુ જવાનોની આત્મહત્યા થઇ : અહેવાલ

સાથી જવાનોની હત્યાના ત્રણ ગંભીર મામલા સપાટીએ

નવી દિલ્હી,તા. ૧૧

દેશમાં દર વર્ષે ૧૦૦થી વધારે જવાનો આત્મહત્યા કરી રહ્યા છે. ચોંકાવનારી વિગત સપાટી પર આવતા તંત્ર ચોંકીઉઠ્યુ છે. દેશના જવાનોને લઈને દુખદ માહિતી સપાટી પર આવી છે. વર્ષ ૨૦૧૬માં જુદી જુદી પરિસ્થિતીમાં ૧૨૫ જવાનો આત્મહત્યા કરી ચુક્યા છે. શુક્રવારના દિવસે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં સંરક્ષણ રાજ્ય પ્રધાન સુભાષ ભામરેએ કહ્યુ હતુ કે ૧૦૧ જવાનો, ૧૯ એરમેન, પાંચ નાવિકોએ છેલ્લા વર્ષમાં આત્મહત્યા કરી છે. આ ઉપરાંત સાથી જવાનોની હત્યાના ત્રણ મામલા પણ સપાટી પર આવ્યા છે. આ ર્ષે ૧૩ જવાનો આત્મહત્યા કરી ચુક્યા છે. આવી જ રીતે એરફોર્સમાંથી પણ બે મામલા સપાટી પર આવ્યા હતા. રિપોર્ટમાં જણાવવામાં આવ્યુ છે કે દુરગામી વિસ્તારોમાં દેશની સેવા કરી રહેલા જવાનો ટેન્શનના કારણે આત્મહત્યા કરી રહ્યા છે. આત્મહત્યાને રોકવા માટે કેન્દ્ર સરકારના સ્તર પર તમામ પગલા લેવામાં આવી રહ્યા છે છતાં આ પ્રવાહ જારી છે. ભામરે કહ્યુ છે કે સરકારે પરિસ્થિતીને દુર કરવા માટે અનેક પગલા લીધા છે. જવાનોની લાઈફસ્ટાઈલમાં સુધારા કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. એવુ પણ જાણવા મળ્યુ છે કે ટેન્શનને દુર કરવા માટે યોગ અને મેડિટેશન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી ચુકી છે. મોટી સંખ્યામાં અધિકારીઓને કાઉન્સિલિંગ માટે પણ રોકવામાં આવ્યા છે. એક અધિકારીએ કહ્યુ છે કે આજના દોરમાં જવાનોના ઘરેથી સીધા રીતે જોડાઇ રહેવાની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. પરિવાર સાથે જોડાઇને નહી રહેવાના કારણે જવાનો ટેન્શનમાં રહે છે. દુરગામી વિસ્તારોમાં મોટી સંખ્યામાં અધિકારીઓને રોકવામાં આવ્યા છે. આત્મહત્યાની ઘટના ન બને તે માટે તમામ પ્રયાસો કરાઈ રહ્યા છે. જવાનોને ઘર જેવું વાતાવરણ મળે તેવા પ્રયાસ પણ થઈ રહ્યા છે. જેના ભાગરૂપે આ જવાનો મોબાઈલ ફોન સાથે ઘરના લોકો સાથે સંપર્કમાં રહી શકે તેવા પ્રયાસ પણ થઈ રહ્યા છે.

હોળીના દિવસે નકસલીઓએ ખૂની હોળી ખેલી

છત્તીસગઢ : નકસલીઓના હુમલામાં ૧૧ જવાનો શહીદ : ૫ જવાનો ઘાયલ

(એજન્સી) બસ્તર, તા.૧૧

છત્તીસગઢના બસ્તરમાં નકસલીઓએ સીઆરપીએફના જવાનોની એક પેટ્રોલિંગ ટીમ પર ઘાત લગાવી હુમલો કરતાં ૧૧ જવાનો શહીદ થયા હતા. નકસલીઓએ જવાનોના હથિયારો અને મોબાઈલ ફોન પણ લૂંટી લીધા હતા. સીઆરપીએફના ૨૧૯મી બટાલિયનના જવાનો રોડ ઓપનિંગ માટે સવારે ૪:૦૦ કલાકે ભેજજીના જંગલોમાં નીકળ્યા હતા. તેમને અંદાજ હતો કે ૩૦૦થી વધુ નકસલીઓ ભેગા થયા છે. સીઆરપીએફની પેટ્રોલિંગ પાર્ટી નકસલીઓની યોજનાથી થાપ ખાઈ ગઈ. નકસલીઓએ સીઆરપીએફના જવાનોની પેટ્રોલિંગ ટીમ પર અચાનક ચારેબાજુથી અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી હતી જેમાં ૧૧ જવાનો શહીદ થયા હતા. જ્યારે ૫ જવાનોને ઈજાઓ થઈ હતી. જવાનોએ પણ ગોળીબારો કર્યા હતા. પરંતુ નકસલીઓના મોટા જૂથે અચાનક ભારે હુમલો કરતાં જવાનો મોતને ભેટયા હતા. જવાનો અને નકસલીઓ વચ્ચે દોઢ કલાક સુધી ધમાસાણ ચાલ્યું હતું. નકસલીઓ હુમલા બાદ સીઆરપીએફના જવાનોના શસ્ત્રો લૂંટી જંગલોમાં ભાગી છૂટયા હતા. બસ્તરમાં નકસલીઓએ સડક નિર્માણ પર પ્રતિબંધ મૂકયો છે. જવાનોને સડક નિર્માણ માટે સુરક્ષા આપવા તૈનાત કરાયા હતા. નકસલીઓ સડક નિર્માણ કરવા દેતા નથી. સુકમા, દંતેવાડા, બીજાપુર અને કાંકેરના જંગલની અંદર સંખ્યાબંધ ગામોમાં સડકો નથી. તેથી આ ગામોમાં સડક નિર્માણ કામ પોલીસ અને સીઆરપીએફના જવાનોએ પોતાના હસ્તક લીધું છે. નકસલીઓએ પહેલાં જવાનોના કાફલાને રોકવા આઈડી બ્લાસ્ટ કર્યો હતો. ત્યારબાદ આડેધડ ગોળીબારો કર્યા હતા. આ ઘટનાની જાણ થતાં જ સરકારે ઘટનાસ્થળે વધુ પોલીસ દળ મોકલ્યું હતું. ઘટનામાં શહીદ થયેલા જવાનોના મૃતદેહોને મેળવ્યા હતા અને ઘાયલોને તરત જ સારવાર માટે લઈ જવાયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંગે આ ઘટના અંગે ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી હુમલાને કાયરતાપૂર્ણ ગણાવ્યો હતો.

ઉશ્કેરણીજનક ભાષણોનું ડૉક્યુમેન્ટેશન, આતંકના શંકાસ્પદો માટે એડવોકેટિંગ

નફરત ફેલાવતાં ભાષણો પબ્લિક ડોમેઇનમાં મૂકતા બે યુવાનો આતંકવાદના શંકાસ્પદ આરોપીઓ માટે કાનૂની સેવા આપતું રિહાઈ મંચ

કાનપુર, તા.૧૧

પૂર્વીય ઉત્તર પ્રદેશના માઉ ખાતે ૨૦૦૫માં થયેલાં કોમી રમખાણો બાદ રાજીવ યાદવ અને શાહનવાઝ આલમ નામના બે યુવાનોએ નેતાઓની ધિક્કારભરી વાણીને જાહેરમાં (પબ્લિક-ડોમેઇનમાં) મૂકી છે. યોગી આદિત્યનાથના ભાષણને આ બંનેએ રિકોર્ડ કરીને તેમણે પબ્લિક ડોમેઇનમાં મૂકીને લોકોના પ્રતિભાવો માગ્યા છે. આ બંને યુવાનોએ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી તથા અલ્લાહાબાદ યુનિ. ખાતે ડૉક્યુમેન્ટરી (દસ્તાવેજી ફિલ્મો) કેવી રીતે બનાવવી તેનું જ્ઞાન મેળવ્યું છે, અને તેથી પોતે મેળવેલા વિડિયો ફુટેજના આધારે તેઓ નફરતનાં બી વાવનારાઓને અદાલતમાં ખેંચી જવા માગે છે. શાહનવાઝ આલમે જણાવ્યું કે, "અમારો હેતુ કોમવાદની સામે લડવાનો છે. આ લોકો કેવી રીતે પ્રજાના મનમાં ઝેર રેડે છે તે સમજાવવાનો તથા તેમના ચહેરા સ્પષ્ટ રીતે દેખાડવાનો એકમાત્ર રસ્તો ડૉક્યુમેન્ટરીનો હતો." ઉત્તર પ્રદેશની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે તારિક કાસીમી તથા ખાલિદ મુજાહિદને આઝમગઢ ખાતેથી ૨૦૦૭ના શ્રેણીબદ્ધ બૉમ્બવિસ્ફોટના સિલસિલામાં પકડી લીધા. તે બંનેને આરડીએક્સ તથા અન્ય હથિયારો સાથે બારાબંકી રેલવે સ્ટેશનેથી તા. ૨૨ ડિસેમ્બરના રોજ ધરપકડ કરાયેલા દર્શાવાયા. તેમના પરિવારના સભ્યોએ જણાવ્યું કે, તારિક અને ખાલિદને ગેરકાયદે ૨૦ દિવસ સુધી ગોંધી રખાયા હતા અને જબરદસ્તીથી તેમની કબૂલાત લેવાઈ હતી. આ કેસમાં જ રાજીવ યાદવ અને શાહનવાઝ આલમ બંને ભેગા થઈ ગયા અને પછી આ ચળવળનો જન્મ થયો હતો. તત્કાલીન મુખ્યમંત્રી માયાવતીએ આર.ડી. નિમેશના વડપણ હેઠળ એક ન્યાયપંચ નીમ્યું અને કાસીમી તથા મુજાહિદ સામેના આરોપોની તપાસ કરાવી. નિમેશ પૅનલે પોતાનો અહેવાલ ૨૦૧૨માં આપ્યો અને જણાવ્યું કે, બહુ વધારે પડતી ઉત્સાહી પોલીસે બંનેને ખોટા ફસાવી દીધા હતા. પણ કાસીમીને ત્યાં સુધીમાં તો આજીવન કેદની સજા સંભળાવાઈ હતી અને મુજાહિદનું પોલિસ કસ્ટડીમાં જ મોત થયું હતું. આ અહેવાલના પગલે નવી રચાયેલી અખિલેશની સરકારે સીબીઆઈ તપાસ કરાવવાનું નક્કી કર્યું. આલમ કહે છે કે, આ કેસ બાદ એડવોકેટોના જૂથ રિહાઈમંચનો પ્રારંભ થયો, જેમાં પોલીસ દ્વારા કપટથી કરાતી ધરપકડોમાં વકીલોની પૅનલો દ્વારા કાનૂની સહાય તથા અત્યાચાર સામે વિરોધની જોગવાઈ છે. ફોરમને કાનૂની સેવા આપતા અસદ હયાતે જણાવ્યું કે, કોર્ટમાં પોલીસ જે થિયરી રજૂ કરે છે તેને પડકારી શકાય તે માટે જે લોકોની ધરપકડ કરાય છે તેમને માટે કોર્ટનો રસ્તો અપનાવવાનું એક તંત્ર હોવું જોઈએ. પરંતુ આતંકના આરોપીઓ માટે એ આસાન નહોતું. લખનઉમાં મોહમ્મદ શોએબ અને બારાબંકીમાં રણધીરસિંહ નામના વકીલોને માર મારવામાં આવ્યો હતો. લખનઉ, ફૈઝાબાદ અને વારાણસીમાં કોર્ટ પરિસરમાં બૉમ્બ ફેંકાયા હતા.

એર ઈન્ડિયા કંપનીને રૂા.૩૨૧ કરોડનું નુકસાન : સી.એ.જી.

પાછલા વર્ષ ૨૦૧૫-૧૬ના નફાના આંકડા કરતા નુકસાનના આંકડા બમણા થયા

(એજન્સી) તા.૧૧

શુક્રવારે ટોચના હિસાબ તપાસનીય અધિાર (સી.એ.જી.) ડેપ્યુટી પ્રદીપ રાઉએ જણાવ્યું કે એર-ઈન્ડિયા કંપની આ વર્ષે ૩૨૧.૪ કરોડના નુકસાન સાથે ઘાટામાં ચાલી રહી છે. વર્ષ ૨૦૧૫-૧૬માં એર ઈન્ડિયા કંપનીને ૧૦૫ કરોડનો નફો થયો હતો પરંતુ આ વર્ષે નુકસાનનો આંકડો નફા કરતા બમણો થઈ ૩૨૧ કરોડ પહોંચી ગયો છે અને ઈન્ડિયા એર લાઈન્સનું નાણાકીય ખાતું ઘાટામાં ચાલી રહ્યું છે.

ચીની રાજદૂતની સલાહ : ભારતીય મીડિયા વધુ સંતુલિત વલણ અપનાવે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧

ભારતમાં ચીનના રાજદૂત લુઓ જાઓહુઈએ ભારતીય મીડિયાને આગ્રહ કર્યો છે કે તે ભારત-ચીન સંબંધોના મામલે પોતાના અહેવાલો વધુ સંતુલિત રીતે રજૂ કરે. તેમણે બંને દેશોના સંબંધોને ગતિ આપવા માટે મીડિયાની પ્રશંસા પણ કરી. ચીની દૂતાવાસમાં ગુરૂવારે સાંજે હોળીના તહેવારે ભારતીય મીડિયાકર્મીઓ માટે આયોજિત કરવામાં આવેલા વિશેષ કાર્યક્રમમાં લુઓએ કહ્યું "હું સંપૂર્ણ વિનમ્રતા સાથે અહીં મીડિયાને નિવેદન કરીશ કે તે ચીન-ભારતના સંબંધો વિશેના સમાચારો વધુ સંતુલિત ધોરણે આપે." લુઓએ કહ્યું કે ૨૮ વર્ષ પહેલાં ભારતમાં તેમણે કહ્યું હતું તેની તુલનામાં આજે ભારતમાં મીડિયાક્ષેત્રના ઝડપી વિકાસથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા છે. ભારતમાં મીડિયા ખૂબ જ ઝડપથી વિકસિત થયું છે. પરંપરાગત મીડિયા, સોશ્યિલ મીડિયા અને ૨૪ કલાક કામ કરતી ચેનલો જેના પર બ્રેકિંગ ન્યુઝ આવતી રહે છે આ તમામ બાબતો દર્શાવે છે કે સૂચનાનો વિસ્ફોટ છે અને ભારતમાં અભિવ્યક્તિની આઝાદી છે.ચીની દૂતાવાસ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન અનુસાર લુઓએ કહ્યું, ભારતીય મીડિયા ચીન અને ચીન-ભારત સંબંધો પર ઘણું ધ્યાન આપે છે. તે બંને દેશોના લોકો વચ્ચે સારી સમજ વિકસિત કરે છે અને ચીનને તેનાથી ભારતીય દ્રષ્ટિકોણ સમજવામાં મદદ મળે છે. એક રાજકારણી અને વાચક તરીકે હું દરરોજ લગભગ ૧૦ સમાચારપત્રો વાચું છું.ટીવી કાર્યક્રમો જોઉં છું અને દરરોજ મૂલ્યવાન સૂચનાઓ મેળવું છું.

પાકિસ્તાની અભિનેત્રી વીણા મલિકે લગ્નજીવનનો અંત આણ્યો, અસદ બશીર ખાન સાથે 'ખુલા' લીધા

લાહોર તા. ૧૧

પાકિસ્તાની અભિનેત્રી વીણા મલિકે પતિ અસદ બશીર ખાન સાથેના ત્રણ વર્ષના લગ્નજીવનનો અંત આણીને છૂટાછેડા લીધાં છે. એક ફેમીલી કોર્ટમાં તેમના તલાકનો કેસ ચાલતો હતો જે અનુસાર કોર્ટે તેમના તલાક મંજૂર રાખ્યાં હતા. કોર્ટના એક અધિકારીએ કહ્યું કે ૩૩ વર્ષીય વીણાએ જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં લાહોરની એક ફેમિલ કોર્ટમા છૂટાછેડાનો કેસ દાખલ કર્યો હતો કારણ કે તેમની વચ્ચે અણબનાવ વધવા લાગ્યો હતો પરિણામે છૂટાછેડાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કોર્ટે બશીર ખાનને હાજર થવાનું કહેણ મોકલ્યું હતું પરંતુ તેઓ હાજર રહ્યાં નહોતા કે જવાબ પણ આપ્યો નહોતો.

ટ્રમ્પના નવા પ્રવાસી નિયમને કાનૂની ઝટકો

વિસકોનસીન ફેડરલ જજે શરણાર્થીઓની વિનંતી બાદ ટ્રમ્પના હુકમ સામે મનાઈ હુકમ ફરમાવ્યો

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧

અમેરિકાના શહેર વિસકોનસીનમાં રહેતા એક સીરિયન શરણાર્થીએ ટ્રમ્પના પ્રવાસીઓ અંગેના નવા નિયમને ફેડરલ કોર્ટમાં પડકારતા કોર્ટે તેની સામે મનાઈ હુકમ આપતા નવેસરથી બનાવેલા પ્રવાસી અંગેના ટ્રમ્પના નિયમોને આંચકો લાગ્યો હતો. ન્યુઝ વેબસાઈટ પોલીટીકોના જણાવ્યા અનુસાર સીરિયન શરણાર્થીઓની વિનંતી બાદ મેડિસન સિટીના ડિસ્ટ્રીક્ટ જજ વિલિયમ કોન્લીએ શુક્રવારે કામચલાઉ ધોરણે ટ્રમ્પના પ્રવાસીઓ અંગેના નવા નિયમ સામે મનાઈ હુકમ ફરમાવ્યો હતો. જજની પૂર્વ પ્રમુખ બરાક ઓબામાએ નિમણૂક કરેલ છે. હવે ટ્રમ્પનો નવો હુકમ સીરિયન શરણાર્થીની પત્ની અને ત્રણ વર્ષના બાળકને અમેરિકા લાવવા માટે માર્ગ સરળ બન્યો છે. એલેપ્પોમાં ભયાવહ સ્થિતિમાં જીવી રહેલા સીરિયન શરણાર્થીના પરિવાર પર અસરકારક જોખમ તોળાઈ રહ્યું છે. ટ્રમ્પે સોમવારે નવા પ્રવાસીઓ અંગેનો હુકમ બહાર પાડયો હતો જેમાં ૬ મુસ્લિમ દેશોના લોકોને અમેરિકામાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવાયો હતો. ૯૦ દિવસ માટે પ્રવાસીઓને અને ૧૨૦ દિવસ માટે શરણાર્થીઓને પ્રવેશ પર પ્રતિબંધ મૂકયો હતો. પરંતુ ગ્રીનકાર્ડ ધારકો અને માન્ય વિઝા પ્રાપ્ત લોકોને બાકાત રખાયા હતા. ઈરાક પર પ્રતિબંધ પાછળથી ઉઠાવી લેવાયો હતો. વિસકોનસીનનો આ હુકમ ફકત એક જ છે પરંતુ તે તમામ રાજ્યોમાં લાગુ થશે તેવી અપેક્ષા રખાય છે. શરણાર્થીની અપીલ પર મેરીલેન્ડમાં ફેડરલ જજે ૧૫ માર્ચ પર સુનાવણી રાખી છે. આ ઉપરાંત હોનોલુલુમાં પણ આવી સુનાવણી હાથ ધરનાર છે. ટ્રમ્પના પ્રવાસીઓ અંગેના નવા હુકમનામાનો કેટલાક ભાગો પર કોર્ટ દ્વારા પ્રતિબંધ મૂકાયો છે.

EVMમાં ગરબડને કારણે બસપાનો કંગાળ દેખાવ : નવેસરથી ચૂંટણી યોજો : માયાવતી

જે વિસ્તારમાં મુસ્લિમ સમાજના વોટ ૧૮થી ૨૦ ટકા છે ત્યાં પણ ભાજપની જીત ગળે ઉતરતી નથી. ભાજપે એક પણ મુસ્લિમને ટિકિટ આપી નથી, આ વાતનો કોણ વિશ્વાસ કરી શકે ? : માયાવતી

(એજન્સી) લખનઉ, તા. ૧૧

યુપી વિધાનસભાની ચૂંટણીમાં મળેલી હારમી હાર બાદ બસપા અધ્યક્ષ માયાવતીએ એવો આક્ષેપ કર્યો છે કે ભાજપે ઈવીએમ મશીનમાં છેડછાડ કરી હતી જેને પરિણામે બસપાને હાર વેઠવાનો વારો આવ્યો છે. માયાવતીએ યુપીમાં નવેસરથી ચૂંટણી કરાવવાની માંગણી કરી. માયાવતીએ ક્હયું કે આ અત્યંત આઘાતજનક ચૂંટણીના પરિણામો ગળે ઉતારવા મુશ્કેલ છે. માયાવતીએ ક્હયું કે મને જે રિપોર્ટ મળ્યો છે તે એવી શંકાને જન્મ આપે છે કે વોટીંગ મશીનોને મેનેજ કરવામાં આવ્યાં હતા લાગે છે કે વોટીગ મશીનો રજિસ્ટર્ડ નહોતા અને તેની સાથે છેડછાડ કરવામાં આવી અને તમામ મતો ભાજપ તરફી ગયાં છે. ૪૦૩ બેઠકો વાળી યુપી વિધાનસભામાં એક બાજુ ભાજપની જીતનો આંકડો ૩૦૦ ને પાર જઈ રહ્યો છે ત્યારે બીજી બાજુ માયાવતીએ ઈવીએમ મશીનો સાથે છેડછાડનો આક્ષેપ કરીને ચૂંટણી પરિણામોને પ્રભાવિત કરવાનો સનસનીખેજ આક્ષેપ કર્યો છે. માયાવતીએ એક પ્રેસ કોન્ફરન્સ આયોજિત કરીને ભાજપને ઉત્તરાખંડ અને યુપીમાં ફરી વાર ચૂંટણી કરાવવાની માંગણી કરી હતી. તેમણે ચૂંટણી પંચે અપીલ કરી કે આ બન્ને રાજ્યોમાંના ચૂંટણી પરિણામોને તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે અને વોટીંગ મશીનની જગ્યાએ બેલેટ પેપેર દ્વારા ચૂંટણી કરાવવામાં આવે. માયાવતીએ કહ્યું કે બસપાએ આ સંબંધમાં ચૂંટણી પંચને પત્ર લખીને ફરીયાદ કરી છે. મુસ્લિમ બહુલ વિસ્તારોમાં પણ ભાજપને ખૂબ સમર્થન મળ્યું છે તે વાત નવાઈ પમાડે તેવી છે. માયાવતીએ એવો આક્ષેપ કર્યો કે પાર્ટી દ્વારા પ્રાપ્ત રિપોર્ટ અનુસાર મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં પણ મોટાભાગના મતો ભાજપના ખાતામાં ગયાં છે. તેથી એવી શંકાને બળ મળી રહ્યું છે કે વોટીંગ મશીનોમાં છેડછાડ કરવામાં આવી છે. જે વિસ્તારમાં મુસ્લિમ સમાજના વોટ ૧૮ થી ૨૦ ટકા છે ત્યાં પણ મુસ્લિમના વોટ ભાજપના ખાતામાં ગયાં તે વાત ગળે ઉતરતી નથી. ભાજપે એક પણ મુસ્લિમને ટિકિટ આપી નથી. દુનિયામાં કોઈને પણ આ વાતનો વિશ્વાસ નહીં આવે. માયાવતીએ ૨૦૧૪ ની લોકસભાની ચૂંટણીનો ઉલ્લેખ કરતાં ક્હયું કે તે સમયે પણ આવી આશંકા ખડી કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે ગરબડ વગર ભાજપને આટલી મોટી સંખ્યામાં વોટ મળી શકે તેમ નથી. માયાવતીએ આક્ષેપ કર્યો કે ચૂંટણી દરમિયાન ઘણી જગ્યાએ એવી ચર્ચા ચાલી રહી હતી કે વોટીંગ મશીમાં ગમે તે ચાંપ દબાવવામાં આવે તેમ છતાં વોટ તો ભાજપના નિશાનને મળતો હતો. આવી ફરિયાદ મહારાષ્ટ્ર નગર નિગમ ચૂંટણી દરમિયાન પણ મળી હતી. ઈવીએમ સાથેની છેડછાડને ગંભીર મુદ્દો ગણાવતાં માયાવતીએ કહ્યું કે લોકસભા ચૂંટણી, ઉત્તરાખંડ અને યુપીમાં ચૂંટણીના પરિણામો જોઈને તો એવું લાગે છે કે આ એક ગંભીર વાત છે. તેની અવગણના કરવી લોકશાહી માટે ઘાતક બની શકે છે. હું ભાજપને આજે એક પડકા ફેંકું છું.

યુપીની જનતાને કદાચ બુલેટ ટ્રેન જોઇએ છે, કોંગી સાથે ગઠબંધન ચાલુ રહેશે : અખિલેશ યાદવ

ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સામે એકતરફી હાર અંગે કટાક્ષ કરતા મુખ્યમંત્રી અખિલેશ યાદવે જણાવ્યું હતું કે, રાજ્યની જનતા કદાચ બુલેટ ટ્રેન જ ઇચ્છે છે. તેમણે કહ્યું હતું કે, લોકો અમારા કરતા પણ વધુ સારા કામની આશા રાખે છે. તેમને એક્સપ્રેસ વે પસંદ નથી પડ્યો તેથી બુલેટ ટ્રેન માગે છે. અમે ખેડૂતોનું ૧૬૦૦ કરોડનું દેવું માફ કરી દીધું હતું પરંતુ હવે મને એવું લાગે છે કે, બધું જ દેવું માફ થઈ જશે. વડાપ્રધાન મોદી કેબીનેટની પ્રથમ બેઠકમાં જ ખેડૂતોનું દેવું માફ કરી દેશે. અખિલેશે કહ્યું કે, લોકોને નિર્ણય અમને મંજૂર છે. તેમણે ચૂંટણીમાં સાથે ઉભા રહેલા નેતાઓ અને કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે, અમે પાંચ વર્ષ સારૂ કામ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ આશા છે કે, આગામી પાંચ વર્ષમાં આનાથી સારૂ કામ થશે. તેમણે મોદી પર કટાક્ષ કરતા જણાવ્યું કે, અમે અમારા કામ વિશે લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો પરંતુ ક્યારેક લોકશાહીમાં સમજાવવાને સ્થાને ગેરમાર્ગે દોરવાથી પણ મતો મળે છે. ૨૦૧૯ની તૈયારી વિશે તેમણે કહ્યું કે, પહેલા રાજ્યની કેબીનેટના નિર્ણય તો થઈ જવા દો પછી તેની તૈયારી કરીશું.

ઉત્તર પ્રદેશમાં ભાજપની જીત પાછળ "કોમવાદી વિકાસ" પાયાની સામગ્રી

ચૂંટણીનો મર્મ એ છે કે, મોદીના વિરોધીઓ તેમની વિકાસની આસપાસ ગૂંથાયેલી છબિને પામી ન શક્યા

નવી દિલ્હી, તા.૧૧

ઉત્તર પ્રદેશ ભારતનું ખૂબ વિશાળ રાજ્ય છે, જ્યાં આજે જાહેર થયેલાં વિધાનસભા ચૂંટણીનાં પરિણામોએ એક સંદેશ જાહેર કરી દીધો છે કે, આજની તારીખે ભાજપ જે એક એવી પાર્ટી છે જે રાજકારણના તમામ પ્રવાહોનું પ્રતિનિધિત્વ કરે છે. તે વિકાસને વરેલો પક્ષ ગણાય છે, રાષ્ટ્રવાદી પાર્ટી ગણાય છે અને એવો સર્વગ્રાહી પક્ષ ગણાવા લાગ્યો છે કે જે લઘુમતીઓનું તુષ્ટિકરણ કરતો નથી.

યુપીમાં ભાજપને જોવા મળેલા પ્રચંડ સમર્થનને જોતાં એમ પણ કહી શકાય કે ભાજપ હવે પોતાને તમામ જ્ઞાતિજૂથોના પ્રશ્નો ઉકેલવા માટેના એકમાત્ર પક્ષ તરીકે વિચારી શકે છે. યુપીમાં ૭૫ ટકા બેઠકો ભાજપને મળી છે તે જોતાં એમ કહી શકાય કે રાજ્યમાં તમામ સમુદાયોમાં મતદારોએ વડાપ્રધાન મોદીના વિકાસના વિચારને વધાવી લીધો છે. વર્ષ ૧૯૯૦ના દાયકાથી મંડલ આંદોલનથી શરૂ કરીને રામ જન્મભૂમિ ચળવળ વગેરે બાદ યુપીના તાજેતરના રાજકારણમાં અલગ જ રૂપ દેખાયું. અગાઉ ઉચ્ચ વર્ગોને અન્યને જુદા પાડી દીધા હતા.

આ સંદર્ભે જોતાં યુપીનાં આ પરિણામોમાંથી એ વાત સ્પષ્ટ થાય છે કે, ભાજપે મોદીની નેતાગીરી હેઠળ દેશના હિન્દુઓને રાષ્ટ્રવાદ અને વિકાસના નામે એક કર્યા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આ પરિણામોને ભાજપની વિચારધારાનો તથા મોદીની વિકાસનીતિઓનો વિજય ગણાવ્યાં છે.

ખરેખર તો એક પરિબળને બીજાની સામે મૂકવું તે યોગ્ય નથી. સંઘપરિવારના હિન્દુત્વનો મુદ્દો ભાજપના ચૂંટણીપ્રચારમાં મુખ્ય રહ્યો. જ્યાં અસમાનતાનું ધોરણ ઘણુ ઊંચું છે તથા જ્યાં જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બરાબર નથી તેવા યુપીમાં હિન્દુઓના વિશાળ સમુદાયને સબકા સાથ, સબકા વિકાસનું સૂત્ર મળી ગયું.

ભાજપના કેટલાક ટીકાકારો માને છે કે,

ભાજપે એક પણ મુસ્લિમ ઉમેદવાર ઊભો નહોતો રાખ્યો, જે દર્શાવે છે કે તે કોમી ધ્રુવીકરણ કરે છે. મોદીએ એવું કહેલું કે સપા સરકાર હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ભેદભાવ રાખે છે, જેમાં વીજળી જેવી પાયાની સુવિધા પૂરી પાડવામાં પણ ભેદભાવ રખાતો હોવાનો આક્ષેપ કરાયો હતો.

તીવ્રતા એ હતી કે, પ્રચાર દરમિયાન સમાજવાદી પાર્ટી સરકારે સ્પષ્ટ આંકડા જાહેર કર્યા અને ઈદ તથા દિવાળી દરમિયાન કેટલી વીજળી અપાય છે તે સમજાવ્યું, છતાં લોકોને ગળે ન ઊતર્યું. ભાજપ એ મુદ્દે જીતી ગઈ કે લોકોને થયું કે સપા અને કૉંગ્રેસ જે ભેદભાવ રાખે છે તેનાથી છુટકારો ભાજપ જ આપી શકે.

માઉ ખાતેના રાજકીય વિશ્લેષક વિજયશંકર ઉપાધ્યાયે આ બાબતને અગાઉ વિકાસનું કોમીકરણ તરીકે ઓળખાવી હતી. વિકાસના આ રાજકારણમાં મોદીએ વિવિધ જ્ઞાતિઓ અને રાજ્યના સમુદાયોમાંથી હિન્દુઓનો એક મતવિસ્તાર ઊભો કર્યો છે અને એક વોટબૅન્ક સર્જી દીધી છે.

ભાજપથી તદ્દન ઊલટી દિશામાં સપા કે બસપાએ વિકાસના અધ્યાય માટે કોઈ નવી ભાષા ન આપી કે ન કોઈ નવું ઉદાહરણ રજૂ કર્યું. પરિણામે તેમના વિચાર બહુ જામ્યા નહીં. યુપીમાં ભાજપને ૪૦ ટકા લોકોએ મત આપ્યા, જે કોઈ એક પક્ષને જીતવા માટે બહુ થઈ ગયા કહેવાય.

નોંધપાત્ર છે કે, યુપીમાં ઓળખ સહિતના જ્ઞાતિના રાજકારણની કેડ મોદીએ ભાંગી નાખી. ઐતિહાસિક રીતે જોતાં, યુપીના રાજકારણમાં હમેશાં જ્ઞાતિના મત મુખ્ય રહ્યા છે. સપા મુસ્લિમો તથા યાદવોને રાજી કરી શકે છે, બસપા દલિતોને અને અન્ય કેટલીક જ્ઞાતિઓને રાજી કરી દે છે અને અગાઉ ચૂંટણી જીતી ગયેલ છે.

ભાજપના કેટલાક નેતાઓએ આ વિજયને ધારણા કરતાં વધારે ગણાવ્યો. પરંતુ અન્ય પક્ષો ઉચ્ચ વર્ણ અને બિન-યાદવ ઓબીસી વર્ગોને એક કરવામાં નિષ્ફળ ગયા. જ્ઞાતિના એકીકરણ કે ગઠબંધનની નીતિઓ યુપીમાં કામ લાગી નથી એ સ્પષ્ટ થયું છે. છેલ્લા દોઢેક મહિના સુધી મોદીએ અગ્રેસર રહીને ચૂંટણીસભાઓ ગજવી છે અને આવાં ગઠબંધનોની નિષ્ફળતાઓ દર્શાવી છે, અને પરિવર્તન માટે આગ્રહ કર્યો છે. ભાજપે બિન-યાદવ ઓબીસી સવર્ણ જ્ઞાતિના ગઠબંધનની ફૉર્મ્યુલા અપનાવી, અને એનાં પરિણામો તો એવાં આવ્યાં કે કઈ જ્ઞાતિના ગઠબંધને કમાલ કરી તે ન સમજાય. જ્યાં ભાજપ બહુમતીથી જીત્યો છે તે કેટલાક વિસ્તારો યાદવોના મજબૂત કિલ્લા છે, જેમ કે, ઈટાહ, ઈટાવાહ, મેઈનપુરી અને બીજા ઘણા. એ જ રીતે, આગ્રા અને બુંદેલખંડ જેવી બેઠકો કે જ્યાં જાટવ પ્રભુત્વ છે અને બસપાનો પ્રભાવ છે ત્યાં પણ ભાજપ બહુ મોટા માર્જિનથી જીત્યો. બીજી તરફ, મુસ્લિમ મતો વહેંચાઈ ગયા. મુઝફ્ફરનગર, મુરાદાબાદ, અલીગઢ અને બીજા મુસ્લિમ બહુમતી વિસ્તારોમાં વિવિધ બેઠકો માટે સપા-બસપાને લગભગ સરખા મત મળ્યા, જેનો સીધો લાભ ભાજપને મળ્યો. નામ ન આપવાની શરતે વારાણસીમાં એક ડાબેરી રાજકીય વિચારકે જણાવ્યું કે, યુપી જેવા ગરીબ રાજ્યની પ્રજા જુએ છે કે તેમણે કેટલાક અઘરા નિર્ણય લીધા, લાંબા ગાળાના લાભને જોયો અને લોકોના જીવનધોરણ અંગે વિચાર્યું. યુપીની પ્રજા જે પરિવર્તન ઇચ્છે છે તે લાવવાનું કૌવત મોદીમાં તેને દેખાયું. પ્રજાને સંબોધવાની એક નવી ભાષા મોદી પાસે છે.

મુસ્લિમ મહોલ્લાઓએ પણ ભાજપ તરફી મતદાન કર્યું તે જાણીને આઘાત લાગ્યો : માયાવતી

લખનઉ તા. ૧૧

મુસ્લિમ મહોલ્લાએ પણ ભાજપ તરફી મતદાન કર્યું તે વાત પર આઘાત વ્યક્ત કરતાં બસપા અધ્યક્ષ માયાવતીએ એવો આક્ષેપ કર્યો કે વોટીંગ મશીનોમાં છેડછાડ કરવામાં આવી હતી અને તેને બસપાની હાર થઈ છે. માયાવતીએ એવો આક્ષેપ કર્યો કે પાર્ટી દ્વારા પ્રાપ્ત રિપોર્ટ અનુસાર મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં પણ મોટાભાગના મતો ભાજપના ખાતામાં ગયાં છે. તેથી એવી શંકાને બળ મળી રહ્યું છે કે વોટીંગ મશીનોમાં છેડછાડ કરવામાં આવી છે. જે વિસ્તારમાં મુસ્લિમ સમાજના વોટ ૧૮ થી ૨૦ ટકા છે ત્યાં પણ મુસ્લિમના વોટ ભાજપના ખાતામાં ગયાં તે વાત ગળે ઉતરતી નથી. ભાજપે એક પણ મુસ્લિમને ટિકિટ આપી નથી. દુનિયામાં કોઈને પણ આ વાતનો વિશ્વાસ નહીં આવે. માયાવતીએ ક્હયું કે હું અમિત શાહ અને વડાપ્રધાન મોદીને પડકાર ફેંકીને કહું છું કે જો તેઓ ઈમાનદાર છે અને તેમણે જે વોટ મળ્યાં છે તે સાચા છે તો તેઓ ચૂંટણી પંચને અપીલ કરીને ઈવીએમ મશીન દ્વારા થયેલી આ ચૂંટણી રદ કરાવે અને જુની વ્યવસ્થા હેઠળ બેલેટ પેપર દ્વારા ફરી વાર ચૂંટણી કરાવવામાં આવે તેનાથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે.

યુપી ચૂંટણી પરિણામ : EVMમાં ગરબડના માયાવતીના દાવા અંગે ભાજપ મૌન



નવી દિલ્હી તા. ૧૧

યુપીમાં ઈવીએમમાં મશીનમાં છેડછાડને કારણે ભાજપની જીત થઈ છે તેવા માયાવતીના દાવા પર ભાજપે હાલપૂરતી ખામોશી ધારણ કરી રાખી છે. ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવેલા ડેટાને ધ્યાનમાં લેતા ભારતીય જનતા પાર્ટીએ યુપીમાં શાનદાર જીત મેળવી છે. યુપી વિધાનસભાની ૪૦૩ બેઠકોમાંથી ભાજપને ૩૨૫ બેઠકો મળી છે. ભાજપે ૩૮૪ બેઠકો પર ઉમેદવાર ઉતાર્યા હતા જ્યારે સમાજવાદી પાર્ટીએ ૨૯૮ તો કોંગ્રેસે ૧૦૫ અને બસપાએ ૪૦૩ બેઠકો પર ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. આ પહેલા માયાવતીએ એવો આક્ષેપ કર્યો હતો કે માયાવતીએ એક પ્રેસ કોન્ફરન્સ આયોજિત કરીને ભાજપને ઉત્તરાખંડ અને યુપીમાં ફરી વાર ચૂંટણી કરાવવાની માંગણી કરી હતી. માયાવતીએ એવો આક્ષેપ કર્યો હતો કે યુપીમાં ઈવીએમ મશીનો સાથે છેડછાડ કરવામાં આવી છે તેને ભાજપની જીત થઈ છે અને બસપાને હાર વેઠવાનો વારો આવ્યો છે. માયાવતીએ ઉમેર્યું હતું કે ગરબડ કર્યા વગર ભાજપને આટલી મોટી સંખ્યામાં વોટ મળે તે અશક્ય છે.

વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ : ઉત્તરપ્રદેશ માટે મોદીની મહાલહેર કેસરિયા હોળી લાવી

ઉત્તરપ્રદેશની ૪૦૩માંથી ૩૦૦થી વધારે બેઠકો પર ભાજપે મોદીની મહાલહેરમાં સવાર થઈ જંગી વિજય મેળવ્યો છે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીઓ બાદ હોળીના બે દિવસ પહેલા જ ભાજપે ઉત્તરપ્રદેશમાં હોળીની ઉજવણી કરી દીધી છે. આ સાથે જ ભાજપે પાડોશી રાજ્ય ઉત્તરાખંડમાં પણ ચોખ્ખી બહુમતી મેળવી કોંગ્રેસના માત આપી છે. પંજાબમાં ૧૦ વર્ષ બાદ પ્રજાએ કોંગ્રેસને સત્તા સોંપી છે જ્યારે આમ આદમી પાર્ટીની મોટી હાર થઈ છે. શનિવારે તમામ પાંચ રાજ્યોના પરિણામ આવી ગયા હતા.

વિધાનસભા ચૂંટણીઓ અંગે ૧૦ મુખ્ય મુદ્દા

૧. ભાજપના કાર્યકરોને સંબોધવા માટે નવી દિલ્હી ખાતેના મુખ્યમથકે આવી પહોંચેલા પક્ષના પ્રમુખ અમિત શાહે જનતાના આદેશને ઐતિહાસિક ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, તૃષ્ટિકરણની રાજનીતિને લોકોએ ફગાવી છે અને બધા હવે વિકાસ માગે છે. તેમણે દેશની આઝાદી બાદ પીએમ મોદીને સૌથી લોકપ્રિય નેતા ગણાવ્યા હતા. સાંજે પીએમ મોદીએ પણ પક્ષના કાર્યકરોને સંબોધ્યા હતા.

૨. વર્ષ ૨૦૧૨માં ફક્ત ૪૮ બેઠકો મેળવનારા ભાજપે આ વખતે યુપીમાં ૩૦૦ કરતા વધુ બેઠકો જીતી હતી. સરકાર બનાવવા માટે ૨૦૨ બેઠકોની જરૂર છે. આ દરમિયાન અમિત શાહે એમ પણ કહ્યું કે, પક્ષ પાંચમાંથી ચાર રાજ્યોમાં સરકાર બનાવશે. પક્ષ રવિવારે મળનારી ટોચના નેતાઓની બેઠક બાદ મુખ્યમંત્રી અંગેનો નિર્ણય લેશે.

૩. કોંગ્રેસ સાથે આ વખતે મળીને ચૂંટણી લડનારા સમાજવાદી પાર્ટીના મુખ્યમંત્રી અખિલેશ યાદવે હાર સ્વીકારી લીધી છે. તેઓ રવિવારે રાજીનામું આપે તેવી શક્યતા છે.

૪. પંજાબમાં કોંગ્રેસે ૭૫થી વધુ બેઠકો મેળવી ચોખ્ખી બહુમતી મેળવી છે. અહીં કુલ ૧૧૭માંથી બહુમતી માટે ૫૯ બેઠકોની જરૂર છે. આપ અને અકાલી-ભાજપ ગઠબંધનની મોટી હાર થઈ છે જેમને ૨૩ તથા ૧૮ બેઠકો મળી છે. અમરિન્દર સિંહ કોંગ્રેસ તરફથી મુખ્યમંત્રી બનશે.

૫. મણિપુરમાં કોઇ પક્ષને ચોખ્ખી બહુમતી મળી નથી અને કોંગ્રેસ તથા ભાજપ વચ્ચે ખરાખરીનો જંગ છે. અહીં કોંગ્રેસના ઓકારામ ઈબોબીસિંહ છેલ્લા ૧૫ વર્ષથી શાસનમાં છે. ગોવામાં કોંગ્રેસ સૌથી મોટા પક્ષ બનીને ઉભર્યો છે અને ભાજપને ૧૪ બેઠકો મળી છે પરંતુ કોઇને ચોખ્ખી બહુમતી મળી નથી. આપ ખાતું ખોલાવવામાં પણ નિષ્ફળ નિવડ્યું છે.

૬. ઉત્તરાખંડમાં ભાજપે અણધારી સફળતા મેળવતા ૭૦માંથી ૫૭ બેઠકો મેળવી છે જ્યારે સત્તાધારી કોંગ્રેસને ફાળે ફક્ત ૧૧ બેઠકો આવી હતી. મુખ્યમંત્રી હરિશ રાવત પણ બંને બેઠકો પર પરાજિત થયા હતા.

૭. સાત તબક્કામાં યોજાયેલી ઉત્તરપ્રદેશની ચૂંટણીને વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભા ચૂંટણીના સંકેત પણ માનવામાં આવતા હતા. વડાપ્રધાન આ ચૂંટણીના મુખ્ય ચહેરા હતા અને ભાજપે પણ તેમની નેતાગીરીને જ આ જીત માટે શ્રેય આપ્યો છે.

૮. યુપીમાં વિજયને પીએમ મોદી દ્વારા ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ ચલણમાંથી બંધ કરવાના નિર્ણયના પરિણામ તરીકે પણ જોવાયું હતું જેમાં એમ કહેવાયું હતું કે, કાળા નાણા તથા ભ્રષ્ટાચારને સમાપ્ત કરવા માટે આ નિર્ણય લેવાયો છે.

૯. આ વિજયથી રાજ્યસભામાં ભાજપનું કદ વધશે કે, બહુમતી મળશે જેથી પહેલા સંખ્યાબળ ઓછુ હોવાના કારણે મોટાભાગના બિલો પસાર થઈ શકતા નહોતા પરંતુ હવે તેને સરળતા થઈ જશે.

૧૦. જો કોંગ્રેસ પંજાબ સાથે મણિપુરમાં પણ સત્તા મેળવી લેશે તો તેના માટે ઘણા મહિનાઓ પછી મોટી જીત ગણાશે પરંતુ રાહુલ ગાંધીની લોકપ્રિયતા સામે હજુ પણ સવાલો ઉભા જ છે જેના કારણે યુપીમાં પાર્ટીની મોટી હાર થઈ છે. અહીં રાહુલ ગાંધીએ પ્રચારની જવાબદારી પણ સ્વીકારી હતી.

યુપી વિધાનસભામાં ૨૬ મુસ્લિમો ચૂંટાયા

ભાજપે તો એકેય મુસ્લિમને ટિકિટ જ આપી નહતી પણ સપામાંથી ૧૯, બસપામાંથી પાંચ અને કોંગ્રેસમાંથી બે મુસ્લિમો જીત્યા

(એજન્સી) લખનૌ, તા. ૧૧

યુપી વિધાનસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે અને પ્રદેશમાં ભાજપની સરકાર પૂર્ણ બહુમતી સાથે રચાવાની છે ત્યારે એક મોટો પ્રશ્ન નવી સરકારમાં મુસ્લિમોના પ્રતિનિધિત્વ અંગે છે. આમ તો આ વખતે મુસ્લિમ પ્રતિનિધિઓ તરીકે ૨૬ મુસ્લિમ ઉમેદવારો ચૂંટણી જીતીને વિધાનસભા સુધી પહોંચ્યા છે. આ તમામ ૨૬ મુસ્લિમ પ્રતિનિધિઓ ભાજપ સિવાયના જુદા જુદા પક્ષમાંથી ચૂંટાયા છે. ભાજપમાંથી એક પણ મુસ્લિમ ચૂંટાયો નથી કારણ કે તેણે એક પણ મુસ્લિમને ટિકિટ આપી જ નહતી.

વિજેતા મુસ્લિમ ઉમેદવારો

(૧) મહેબૂબ અલી - સપા - અમરોહા
(૨) અબ્બાસ અહમદ સપા - ઈસૌબી
(૩) મોહમ્મદ રિઝવાન સપા - કુન્દરકી
(૪) નાહિદ હસન સપા - કૈરાના
(૫) નફીસ અહમદ સપા - ગોપાલપુર
(૬) નસીરખાન સપા - અમરવા
(૭) નવાબખાન સપા - ઠાકુર ધારા
(૮) તસ્લીમ અહમદ સપા - નજીબાબાદ
(૯) આલમ બદી સપા - નિઝામાબાદ
(૧૦) મો.ફહીમ સપા - બિલારી
(૧૧) યાસીર શાહ સપા - મટેરા
(૧૨) ઈકરામ કુરેશી સપા - મુરાદાબાદ દેહાત
(૧૩) આઝમખાન સપા - રામપુર
(૧૪) અબ્દુલ્લા આઝમ સપા - સ્વાત
(૧૫) મો.રેહાન સપા - લખનૌ કેન્ટ
(૧૬) મો.રમઝાન સપા - શ્રાવસ્તી
(૧૭) ઈકબાલ મહમૂદ સપા - સંભલ
(૧૮) ઈરફાન સોલંકી સપા - સીસામઉ
(૧૯) રફીક અન્સારી સપા - મેરઠ
(૨૦) સોહેલ અખ્તર - કોંગ્રેસ- કાનપુર કેન્ટ
(૨૧) મસૂદ અખ્તર કોંગ્રેસ- સહરાનપુર - દેહાત
(૨૨) અસ્લમ ચૌધરી - બસપા - ધૌલાના
(૨૩) મો.મુજતબા - બસપા- પ્રતાપપુર
(૨૪) મો.અસ્લમ - બસપા - ભિનગા
(૨૫) મુખ્તાર અન્સારી - બસપા- મઉ
(૨૬). ગુડ્ડુ જમાલી - બસપા- મુબારકપુર

આમ કુલ ૧૬ મુસ્લિમ ઉમેદવારો જીત્યા છે જે પૈકી સપામાંથી ૧૯, કોંગ્રેસમાંથી બે અને બસપામાંથી પાંચનો સમાવેશ થાય છે.

આ છે ઈફરાહ શકુર કે જેને સુરક્ષા દળોએ વાળ પકડીને ઘસડી હતી અને તેના પર લાઠીઓ વીંઝી હતી અને પેલેટ્સની ગોળીઓ વરસાવી હતી

એક કાશ્મીરી યુવતીનું ડોક્ટર બનવાનું સપનું રગદોળાયું

(એજન્સી) શ્રીનગર તા.૧૧

૨૦૧૬નું વર્ષ કાશ્મીરના સંઘર્ષગ્રસ્ત ઈતિહાસ માટે અસાધારણ હતું. ગત સાલ ઘાતક એટલા માટે રહ્યું છે કારણ કે પુરુષો સાથે મહિલાઓ અને યુવતીઓ પણ સુરક્ષા દળોની પેલેટ્સ ગનનો ભોગ બની હતી. પેલેટ્સ ગનનો ભોગ બનનાર મહિલાઓની સંખ્યા વિશાળ છે અને ઈફરાહ શકુર પણ તેમાંની એક છે કે જે ડોક્ટર બનવાનું સપનું નિહાળી રહી હતી પરંતુ પેલેટ્સ ગને તેના આ સપનાને રગદોળી નાખ્યું હતું.

ગોળીબારમાં પોતાના પિતા ગુમાવનાર ઈફરાહ પુલવામામાં રાહમુ ખાતે પોતાના ઘરના રસોડામાંથી રાહ જોતી ઊભી હોય છે. તે હમણાં પોતાની બહેન કાશ્મીરી ચા લેવા આવશે એ માટે રાહ જોતી હોય છે. સવાર સાંજ ખીણમાં કાશ્મીરી ચા પૂરી પાડવામાં આવે છે.

દરમિયાન તેના ૬૫ વર્ષના પિતા અબ્દુલ અઝીઝ પણ ત્યાં આવે છે તે પોતાના દાદાને તુરત પૂછે છે કે આપણે હોસ્પિટલ ક્યારે જવાનું છે? તેનો જવાબ તેને ૧૫ માર્ચે એવો આપવામાં આવ્યો હતો. ઈફરાહ શ્રીનગર શહેરની શ્રી મહારાજા હરીશ્રી હોસ્પિટલની વાત કરતી હતી કે જ્યાં તે પોતાને ઓક્ટો.૨૦૧૬માં પેલેટ્સથી થયેલ ઈજા બાદ આંખના ચાર ઓપરેશન કરાવવા તેને જવું પડ્યું હતું.

ઈફરાહ પોતાના પર પોલીસ દ્વારા ગુજારવામાં આવેલા અત્યાચાર અને દમન અંગે વાત કરતા જણાવે છે કે ૩૧ ઓક્ટો.ના રોજ તેના ગામમાં સુરક્ષાદળો તોફાને ચડ્યા હતા. મને તેનો ચહેરો યાદ છે. તે પોલીસકર્મી હતો. તેણે મારા વાળ ખેંચીને મને ઘરની બહાર ધકેલી દીધી હતી અને મારા પર લાઠીઓ વિંઝી હતી. હું ડઘાઈ ગઈ હતી અને મોટેથી રડતી હતી એવામાં એક બીજો પોલીસકર્મી મારી નજીક આવ્યો અને તેણે મારી સામે પેલેટ્સ ગન તાકીને ફાયરીંગ કર્યુ હતું. તે પોતાની છાતી, ચહેરા અને આંખમાંથી લોહી નીકળતી હાલતમાં જમીન પર ઢળી પડી હતી. પડોશના યુવાનો તેને તાત્કાલિક કારમાં ધકેલીને જિલ્લા હોસ્પિટલ પુલવામામાં લઈ ગયા હતા અને ત્યાંથી તેને એસએમએચ હોસ્પિટલ રીફર કરવામાં આવી હતી. આ ઘટનાને યાદ કરતા તેના પિતા અબ્દુલ અઝીઝ જણાવે છે કે આ અમારા માટે ભયાનક અનુભવ હતો. મારી દીકરીને છાતીથી લઈને ચહેરા સુધી પેલેટ ગનથી વિંધી નાખી હતી. તેના ચહેરા પર આજે પણ પેલેટ્સ ગનના નિશાનો દેખાય છે. તેને જમણી આંખમાં માત્ર ૪૦ ટકા દ્રષ્ટિ છે અને ડાબી આંખમાં સંપૂર્ણપણે દ્રષ્ટિ ગુમાવી દીધી છે. આ માટે ઈફરાહ જણાવે છે કે મહેબુબા મુફ્તી જવાબદાર છે. તેઓ પેલેટ્સ ગનના ઉપયોગને અટકાવી શક્યા હોત પરંતુ તેમણે અટકાવવા કોઈ કાર્યવાહી કરી નથી.

ઈફરાહ કહે છે કે હું ડોક્ટર બનવા તમામ પ્રયાસો કરીશ અને મારી બહેનનું સપનું પૂરું કરીશ. અત્યારે તો ઈફરાહની જીંદગી જીવનના અંધકાર અને ભયાનક ઓપરેશન થિયેટર વચ્ચે ઝોલાં ખાઈ રહી છે.

—રકીબ હમીદ નાયક

યુપીમાં કૉંગ્રેસનો દેખાવ

"રાહુલને દોષ ન દો, સ્મૃતિ ઈરાની પ્રિયંકા ઉપર ભાર મૂકે છે!": દિગ્વિજયસિંહ

પાંચમાંથી ત્રણ રાજ્ય કોંગ્રેસ પાસે છતાં 'ભાજપ-વેવ' કહી પોતાની હારને છુપાવવામાં નિષ્ણાત સંઘે માત્ર યુપી-ઉત્તરાખંડની જીત મીડિયા દ્વારા પ્રજા સમક્ષ રજૂ કરી !! પંજાબ, મણિપુર, ગોવામાં કોંગ્રેસનો તમામ પક્ષો કરતાં શ્રેષ્ઠ દેખાવ છતાં પક્ષપાતી મીડિયાએ ત્રણને બદલે બે રાજ્યોમાં વિજેતાની જ આરતી ઉતારી !!! નોંધવું રહ્યું કે, જે રાજ્યોમાં કોમવાદી હુલ્લડો થયાં નહોતાં ત્યાં કોમવાદી પરિબળો નિષ્ફળ નીવડ્યાં છે

ન્યુઝ પોઈન્ટ

લખનઉ, તા.૧૧

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે આજે જણાવ્યું છે કે, ઉત્તર પ્રદેશમાં કૉંગ્રેસના નબળા દેખાવ માટે પક્ષના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ પદત્યાગ કરવાનો કોઈ પ્રશ્ન જ નથી. નહેરુ-ગાંધી પરિવાર તો કૉંગ્રેસને બાંધનારું સૌથી મોટું મહત્ત્વનું પરિબળ છે, અને એ નેતાગીરી રાહુલમાં ઊતરવાની છે. શું કૉંગ્રેસની ટોચની નેતાગીરીમાં કોઈ પરિવર્તનની જરૂરિયાત છે કે કેમ, તેવા પ્રશ્નના જવાબમાં વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે આ મુજબ જણાવ્યું હતું. ઉત્તર પ્રદેશ તથા ઉત્તરાખંડમાં ભાજપની જીત જોતાં દિગ્વિજયસિંહે જણાવ્યું કે, કૉંગ્રેસે પ્રાંતીય નેતાગીરીનું સર્જન કરવાનું હતું. આ મેં અગાઉ પણ કહ્યું હતું કે, કૉંગ્રેસે જે તે રાજ્યમાં સ્થાનિક નેતાગીરીને ઉત્તેજન આપવું જોઈતું હતું. જ્યાં આપણી પાસે મજબૂત સ્થાનિક નેતાઓ ન હોય ત્યાં પક્ષને મજબૂત બનાવવા માટે નિર્ણાયક પગલાં લેવાની જરૂર હોય છે. દરમિયાન, એક ટ્વિટ કરીને રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે, હું નરેન્દ્ર મોદીને તથા ભાજપને ઉત્તર પ્રદેશ તથા ઉત્તરાખંડમાં તેમના પક્ષના વિજય માટે અભિનંદન આપું છું. ભારતમાં તમામ કૉંગ્રેસ કાર્યકરોને: આપણે આપણા મૂલ્યોમાં અને આપણી માન્યતામાં પ્રતિબદ્ધ અને કૃતસંકલ્પ છીએ, એવા ભારતમાં કે જે સમર્થતામાં અને હેતુમાં સંગઠિત છે. આપણી લડાઈ જારી છે અને જ્યાં સુધી લોકોનાં દિલ નહીં જીતી લઈએ ત્યાં સુધી તે જારી રહેશે. બીજી તરફ, કેન્દ્રીય ટૅક્સટાઈલ પ્રધાન સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, ઉત્તર પ્રદેશનાં પરિણામોએ માત્ર રાહુલ ગાંધીની નિષ્ફળતાને જ સ્પષ્ટ નથી કરી, બલકે પ્રિયંકા ગાંધીની પણ નિષ્ફળતાને ખુલ્લી પાડી દીધી છે, કેમ કે, પ્રિયંકા ગાંધી આ રાજ્યમાં ચૂંટણીની વ્યૂહરચનાનાં એક ભાગ હતાં. માત્ર ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીનો દોષ કાઢવો તે તેમને અન્યાય સમાન છે. ન્યાય કરવો જોઈએ. ગુલામનબી આઝાદે કહ્યું હતું કે, પ્રિયંકા ગાંધી આ વ્યૂહરચનાનાં ભાગ છે. ઈરાનીએ વધુમાં ઉમેર્યું કે, મને લાગે છે કે, પ્રિયંકા ગાંધી પણ ઊડવાની રાહ જોતાં હતાં, પણ નિષ્ફળ નીવડ્યાં છે. એટલે, એમ માનવું કે રાહુલ ગાંધી જ નિષ્ફળ ગયા છે તે અન્યાય છે. તેમણે અખિલેશ યાદવની લાક્ષણિક ઢબે કહ્યું હતું કે, હું કૉંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને પૂછવા માગું છું કે, ખાઓ ગંગા માં કી કસમ, ઔર બતાઓ યુપી કો કિસકા સાથ પસંદ હૈ! ઈરાનીએ ૨૦૧૪માં લોકસભા બેઠક અમેઠીમાં રાહુલ ગાંધી સામે ઉમેદવારી નોંધાવી હતી અને હારી ગયાં હતાં.

કચ્છના ભીરંડિયારા ખાતે
લઘુમતી બાળકો ધો.૯માં ૧૦૦ ટકા પ્રવેશ મેળવે તે માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા) ભૂજ, તા.૧૧

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાનના નેજા હેઠળ કચ્છમાં ઈક્વિટી કૉમ્પોનન્ટ અંતર્ગત શૈક્ષણિક રીતે પછાત લઘુમતીઓના બાળકોના નામાંકનમાં વધારો કરવા માટે અને જાગૃતિ લાવવા માટે કલસ્ટર કક્ષાએ કાર્યક્રમો યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનું મુખ્ય લક્ષ્ય વિવિધ શૈક્ષણિક યોજનામાંથી માહિતી તેમના સુધી પહોંચે અને તેઓમાં શૈક્ષણિક જાગૃતિ આવે અને માધ્મિક વિભાગમાં તેમનું નામાંકન થાય અને ધો.૮ પાસ કર્યા બાદ ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ ધો.૯માં પ્રવેશ મેળવે તે માટે પ્રેરણા આપવાનો છે. આ અભિયાન હેઠળ એક કાર્યક્રમ બન્ની-પચ્છમ વિસ્તારમાં આવેલી શાળાઓ માટે અલ્હાજ ઝકરિયા અઘાડી હાઈસ્કૂલ, ભીરંડિયારા-બન્નીના સંકુલમાં યોજવામાં આવ્યો હતો. જેનું સંચાલન શાળાના આચાર્યશ્રી હાસમ હારૂન મંધરાએ કર્યું હતું. ત્યારબાદ પધારેલા મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ શરૂ કરાયો હતો. આ પ્રસંગે રેઢારવાંઢ પ્રાથમિક શાળાના શિક્ષિકા નૂરીબેન, કો-ઓર્ડિનેટર સત્તારભાઈ, ગામના ઉપસરપંચ ફકીરમામદ રાયશી, અગ્રણી હમાલશા સૈયદ, અગ્રણી ખાનમામદ, સામાજિક કાર્યકર અબ્દુલ ગફૂર શેખ, આલીશા સૈયદ, અબ્દુલ કરીમ, અમીર ફૈઝલ મુતવા મદદનીશ કેળવણી નિરીક્ષક કિશોર સોની, અમિત ધોળકિયા વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. પ્રમુખપદેથી મૌલાના આઝાદ શૈક્ષણિક સંઘના ચેરમેનશ્રી મીરખાન મુતવાએ ઉપસંહાર કર્યો હતો. આભારવિધિ હોડકા શાળાના મ.શિ. ભાવેશ ઉપાધ્યાયે કરી હતી. કાર્યક્રમમાં ગોરેવાલીના આચાર્યશ્રી ચંદ્રસિંહ ગોહિલ, વસંત ગઢવી, પ્રકાશ લિંબાણી, શાળાઓનો સ્ટાફ ગામના અગ્રણીઓ વગેરે હાજર રહ્યા હતા.

ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે વિજયી થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહને શુભકામના પાઠવી કોડીનાર તાલુકા ભાજપે નગરપાલિકાનાં પ્રમુખ શિવાભાઈ સોલંકીની હાજરીમાં શહેરના પાણી દરવાજે ફટાકડા ફોડી, આતશબાજી કરી વિજયોત્સવ મનાવ્યો હતો.

કોડીનારમાં હોળી-ધુળેટીના પર્વ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક મળી

કોડીનાર,તા.૧૧

હોળી અને ધુળેટીના તહેવારને અનુલક્ષીને ગઈકાલે કોડીનાર પોલીસ સ્ટેશનમાં પી.આઈ.જે.એન. ઝાલાના મધ્યક્ષસ્થાને શહેરના હિન્દુ- મુસ્લિમ સમાજના આગેવાનોની હાજરીમાં શાંતિ સમિતિની મીટિંગ મળી હતી.

કોડીનાર પોલીસ દ્વારા મળેલી આ શાંતિ સમિતિની મીટિંગમાં હોળી પર્વ નિમિત્તે અસામાજિક તત્વોને ડામવા તેમજ હોળી ધુમ સ્ટાઈલ બાઈક સવારો, તેમજ નશો કરી તોફાન કરતા તત્વો વિરુધ્ધ કાર્યવાહી કરાશે. તેમજ અન્ય ધર્મ કોમના લોકોને બળજબરીથી રંગ-કલર ન ઉડાવવા અપીલ કરી હતી. તેમજ ઉપર જણાવ્યા મુજબની કોઈ લોકો પ્રવૃતિ કરતા હોય તો ગાડી નંબર વગેરે પોલીસને જાણ કરવા લોકોને અપીલ કરેલ છે. શહેરમાં હોળી-ધુળેટી નિમિત્તે કડક બંદોબસ્ત ગોઠવાશે.

આ શાંતિ સમિતિની મીટિંગમાં પી.આઈ. જે.એન. ઝાલા પીએસઆઈ જાડેજા, પીએસઆઈ પરમાર, નાનુભાઈ સાગર, રમેશભાઈ બજાજ, ચંદુભાઈ જાની, જે.કે. મેર, રઉફભાઈ કચ્છી, પત્રકાર મિત્રો અશોક પાઠક, કુલદીપ પાઠક, અલ્તાફ મુગલ, ધર્મેશ પાઠક સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

અમરેલી જિલ્લામાં બે વર્ષ દરમિયાન
૧૮૧ મહિલા હેલ્પ લાઈનમાં ૩૭૨૨ કોલ : ૭૯૧ કેસમાં રેસ્ક્યુ

અમરેલી, તા ૧૧

બે વર્ષ પહેલા આંતર રાષ્ટ્રીય મહિલા દિવસે ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ ૧૮૧મહિલા હેલ્પ લાઈનનો મહિલાઓ માટે સારો પ્રતિસાદ મેળલ છે અમરેલી જિલ્લામાં બે વર્ષ દરમ્યાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈનમાં ૩૭૨૨ લોકોએ મદદ માટે કોલ કર્યા જયારે ૧૮૧ ટીમ દ્વારા જિલ્લામાં જરૂરી કેસમાં રેસ્ક્યુ કરવાની ફરજ પડી હોઈ તેવા ૭૯૧ કેસમાં વાનમાં જઈ કેસ સોલ કરેલ હતા આમ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસે ૨૦૧૫માં શરૂ કરવામાં આવેલ ૧૮૧ મહિલા હેલ્પ લાઈન માટે સારી ઉપયોગી સાબિત થયેલ છે.

મહિલાઓની ઘરેલુ હિંસાના કિસ્સામાં તાત્કાલિક બચાવ તેમજ સલાહ માર્ગદર્શન તેમજ મહિલા યોજનાઓ વિશે માહિતી વિગેરે બાબતે જરૂરી જણાતા મહિલા બાળ વિકાસ ગુહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને જીવીકેઈએમઆર દ્વારા સંકલિત રીતે મહિલા ૧૮૧ હેલ્પ લાઈનનું અમલીકરણ કરવામાં આવ્યું હતું ૮ માર્ચ-૨૦૧૫ના દિવસે ૧૮૧ મહિલા હેલ્પ લાઈન શરૂ કરવામાં આવેલ આ હેલ્પ લાઈનમાં રાજ્ય ભરમાં બે વર્ષમાં ૧૮ લાખ કરતા વધારે કોલ મળેલ હતા અને ૨,૨૫,૫૨૫ કરતા વધારે મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં સલાહ બચાવ અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ હતું ૪૮.૧૨૦જેટલી મહિલાઓને તાલીમ બદ્ધ કાઉંસેલીંગ દ્વારા ત્વરિત સ્થળ પર જઈ પરામર્શ કરી મદદ પહોંચાડી છે અને મહિલાઓના જીવનમાં નવી આશા જગાડી છે અમરેલી જિલ્લામાં આ હેલ્પ લાઈનનો સારો પ્રતિસાદ મળેલ છે જેમાં ૩૭૨૨ કોલ મળેલ હતા અને ૭૯૧ કેસનું રેસ્ક્યુ કરેલ હતું.

બન્નીના માલધારીઓની વિવિધ માગણીઓ સાથે સમાહર્તાને આવેદન

ભૂજ, તા.૧૧

બન્ની પશુ ઉછેર માલધારી સંગઠન ઉપક્રમે અત્રેની વ્યાયામ શાળાના મેદાનમાં એક જાહેર સભા યોજાઈ હતી. જેમાં બન્નીને બન્ની રહેવા દો. તેવો પડકાર ફેંકવામાં આવ્યો હતો. બન્નીના તમામ માલધારીઓની મળેલી આ જાહેરસભાનો હેતુ બન્નીને માલધારીના પશુઓ પર્યાવરણ, વન સંશોધનના ઉપયોગ અને ગૌણ વન પેદાશોના ઉપયોગ, વિયાણ ઉપર સામુદાયિક અધિકાર બન્ની વન વિસ્તારના સંશોધનોના ઉપયોગ, વ્યવસ્થાપન, રક્ષણ અને સંરક્ષણનો અધિકાર તેમજ જ્યાં ગામતળ છે એ વિસ્તારના વન ગામોને મહેસૂલી ગામોમાં ફેરવવા અર્થાત મહેસૂલી દરજ્જો આપવાના હેતુ માટે મળી હતી.

આ સભામાં હાફિઝ મુમતાજ, ઊંટ ઉછેર માલધારી મંડળના પ્રમુખ ભીખાભાઈ, કચ્છ માલધારી સંગઠનના પ્રમુખ જેશીંગભાઈ, બન્ની પચ્છમના માજી જિલ્લા પંચાયત સદસ્ય જુમા ઈશા નોડે, સંગઠનના માજી પ્રમુખ રમજાન ઈશા હાલેપોત્રા તેમજ બન્ની પચ્છમના આગેવાન મીરખાન મુતવાએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

ત્યારબાદ આ માલધારીઓ રૈલી સ્વરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં થઈ કલેકટર કચેરીએ પહોંચ્યા હતા. ત્યાં સંગઠનના પ્રતિનિધિ મંડળે કલેકટર મુકુલ ગાંધીને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

આ પ્રતિનિધિ મંડળના પ્રમુખ આદ્રેમાન હાલેપોત્રા, માજી પ્રમુખ રમજાન ઈશા હાલેપોત્રા, માજી જિલ્લા પંચાયત સદસ્યો મીરખાન મુતવા અને જુમા ઈશા નોડે, ગોરેબાલીના સરપંચ મુસ્તાક મુતવા વિગેરે જોડાયા હતા. કલેકટરે આ આવેદનપત્ર સ્વીકારી યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણ આપી હતી.

યુ.પી.માં સ્પષ્ટ બહુમતી મળતાં સુરત ભાજપ કાર્યાલય ખાતે ભવ્ય ઉજવણી

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૧૧

આજે પાંચ રાજયોની ચૂંટણી પરિણામમાં સૌથી વધુ આતુરતાથી ઉત્તર પ્રદેશના પરિણામોની રોહ જોવાતી હતી. યુ.પી.માં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતી દેખાતા શહેર ભાજપ કાર્યાલય ખાતે ફટાકડા ફોડી, મીઠાઇ વહેંચી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

સુરત શહેર ભાજપ કાર્યાલય ખાતે આજે સવારથી જ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ચૂંટણી પરિણામોની ભારે આતુરતાથી રાહ જોઇ રહ્યા હતા. ઉત્તર પ્રદેશ, પંજાબ, ગોવા, ઉત્તરાખંડ અને મણિપુરમાં વિધાનસભા પરિણામમાં સૌથી વધુ ઉત્સુકતા ઉત્તર પ્રદેશના પરિણામોની જોવા મળી હતી. યુપીમાં સમાજવાદી પાર્ટી સતત ૧૦ વર્ષથી સત્તામાં હતી અને વર્ષોથી સત્તાથી દુર હોવા છતાં આજે જે પરિણામો આવ્યા તે ખરેખર આશ્ચર્યજનક હતા. ઉત્તરપ્રદેશમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતા શહેર ભાજપ કાર્યાલય ખાતે ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. શહેર ભાજપા અધ્યક્ષ નિતીન ભજીયાવાલા અને અન્ય પદાધિકારીઓએ એકબીજાને મીઠાઇ ખવડાવી હતી. ભાજપાના કાર્યકર્તાઓને કાર્યાલય ખાતે ઢોલ નગારાના તાલે ગરબે ધુમ્યા હતા અને ઉત્તર પ્રદેશમાં ભાજપાની જીતનો જશન ઉજવ્યો હતો.

ચૂંટણી પરિણામોના પગલે સુરતના માર્ગો ઉપરથી ટ્રાફિક અદ્રશ્ય થયો

સુરત,તા.૧૧

ઉત્તર પ્રદેશ, પંજાબ, ગોવા, મણિપુર અને ઉત્તરાખંડમાં યોજાયેલી ચૂંટણીના આજે મતગણતરી શરુ થતા મતદારોનો ફેંસલો જાણવા માટે સુરતીજનો સવારથી જ ટીવીની સામે ગોઠવાઇ ગયા હતા. ખાસ કરીને યુ.પી.માં ચૂંટણી ઉપર ગુજરાતમાં જ કરોડો રૂપિયાનો સટ્ટો ખેલાયો હતો. આજે શનિવારે સરકારી જાહેર રજા હોવાથી લોકો આ પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામ જાણવા માટે પહેલાથી જ ઉત્સુકતા હતા. સવારથી જ આઠ વાગ્યાથી મત ગણતરી શરુ થતા ગણતરીના સમયમાં જ મતદારોનું વલણ સ્પષ્ટ થવા માંડ્યું હતું. યુ.પી.માં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી હતી.

સુરતના ધારાસભ્યએ વિશાળ સ્ક્રીન ઉપર કાર્યકરો સામે પરિણામ નિહાળ્યા

સુરત,તા.૧૧

શહેરના લિંબાયત વિસ્તારમાં આવેલ નિલગીરી ગ્રાઉન્ડ પર વિશાળ ડોમ બનાવીને મોટી વિડીયો સ્ક્રીન ઉપર ચૂંટણી પરિણામો નિહાળવા માટે વ્યવસ્થા ધારાસભ્ય સંગીતા પાટીલ દ્વારા કરવામાં આવી હતી. ચૂંટણી પરિણામ પડેલા ન્યુઝ ચેનલ દ્વારા એક્ઝિટ પોલમાં ભાજપની તરફેણમાં પરિણામ આવવાની શ્કયતા દર્શાવતા ભાજપના કાર્યકરો ઉત્સાહમાં આવ્યા હતા. આજે સવારથી ચૂંટણી પરિણામો શરુ થયા હતા. શરુઆતમાં જ ભાજપના તરફેણમાં ટ્રેન્ડ શરુ થતા કાર્યકરોનો ઉત્સાહ બેવડાયો હતો. ધીરે ધીરે ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભાજપને ક્લિન સ્વિપ મળતા મહિલા કાર્યકરોએ ખુશ થઇ સંગીતા પાટીલના ગાલે ગુલાબ લગાવી વિજયની શુભેચ્છા આપી હતી.

લાકડાની બચત સાથે ભેગા રહેવાની ભાવના
સંજેલી ગામમાં રાજવી સમયથી માત્ર એક જ હોળી પ્રગટાવાય છે !

સંજેલી, તા.૧૧

સંજેલી સ્ટેટના મહારાજા શ્રી પુષ્પસિંહજીના રજવાડાના સમયથી નગરમાં માત્ર એક જ હોળી પ્રગટાવવામાં આવે છે. તે સમયના મહારાજાની આગવી વિચારસરણી સમાજના દરેક લોકોને સ્પર્શી રહી છે. આખા ગામ વચ્ચે માત્ર એક જ હોળી એક મહોલ્લામાં પ્રગટાવીને નગરના લોકોને એક જ જગ્યાએ ભેગા થવાની ભાવના રહેલી છે. તો ધાર્મિક તહેવારોની ઉજવણીની સાથે સાથે જંગલના વૃક્ષોનું જતન કરવાની પણ શીખ મળે છે. ત્યારે આજે પણ સંજેલી નગરમાં ઝાલોદ રોડ પર હોળી ફળિયામાં માત્ર એક જ હોળી પ્રગટાવીને હિન્દુ સમાજના લોકો રંગોત્સવ મનાવે છે. જ્યાં રાજવી પરિવારના હસ્તે જ હોળીની પૂજાવિધિ બાદ દહન કરવામાં આવે છે.

જામનગર, ધ્રોલ તથા જોડિયા તાલુકામાં તળાવો ઊંડા કરવા ગૃહમાં રજૂઆત

(સંવાદદાતા દ્વારા) જોડિયા, તા.૧૧

જામનગર જિલ્લાના જામનગર, ધ્રોલ તથા જોડિયા તાલુકાના ગામોનાં તળાવોને તાકીદે ઉંડા કરવા માટે વિધાનસભામાં રાઘવજીભાઈ પટેલે માગણી કરી હતી.

જામનગર ગ્રામ્યના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે વિધાનસભાના ચાલુ બજેટ સત્રમાં જામનગર તાલુકાના ગામોનાં તળાવો ઉંડા ઉતારવા માટે કૃષિ મંત્રીને પ્રશ્ન પૂછતા જણાવેલ કે જામનગર જિલ્લાના જામનગર તાલુકાના ખીજડીયા, જાંબુડા, ચંદ્રાગા, ઠેબા, ધુડશીયા, મોટી બાણુગાર, જોડિયા તાલુકાના હડીયાણા, આણંદા, કુનડ તથા ધ્રોલ તાલુકાના મોટા ઈટાળા, લતિપુર, ખારવા અને મોટા ગરેડીયા ગામોના તળાવો ડિસેમ્બર-૨૦૧૬ની સ્થિતિમાં કાંપ ભરાઈ ગયો છે અને ઉંડા ઉતારવાની ખાસ જરૂરિયાત છે. તે ક્યાં સુધીમાં ઉંડા ઉતારવામાં આવનાર છે ? તેના જવાબમાં કૃષિ મંત્રીએ જણાવેલ કે જામનગર, જોડિયા અને ધ્રોલ તાલુકાના જે ગામોના તળાવો ઉંડા ઉતારવાના છે તે ગ્રામ્ય લેવલે અરજી મળ્યા બાદ સ્થળ ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ નિતી નિયમ મુજબ તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

ઉપરાંત જામનગર જિલ્લાની ઉંડ-૧ સિંચાઈ યોજનાની માઈનોર કેનાલ નં.૩૧ આર.બી.ની અંડર ગ્રાઉન્ડ કેનાલનું કમ નબળુ થતું હોવાથી કેટલી ફરિયાદો સન-૨૦૧૬માં રાજ્ય સરકારને મળી છે અને ઉક્ત ફરિયાદોના નિકાલ કરવા તથા સ્ટાન્ડર્ડ ડીઝાઈન મુજબ કામકાજ હાથ ધરવા વિભાગ કક્ષાએ શા આદેશ અપાયા છે તેના જવાબમાં જળસંપત્તિ મંત્રીએ જણાવેલ કે ઉંડ-૧ સિંચાઈ યોજનાની માઈનોર કેનાલ નં. ૩૧ આર.બી.ની અંડર ગ્રાઉન્ડ કેનાલનું કામ સ્ટાન્ડર્ડ ડીઝાઈન મુજબ થઈ રહ્યું નથી. તેવી ત્રણ ફરિયાદ મળી છે. આ નબળા કામની ગુણવત્તાની ચકાસણીની કાર્યવાહી ઈજનેર ગુણવત્તા નિયમન વિભાગ રાજકોટને આદેશ કરવામાં આવ્યો છે.

મોરબીમાં આંગડિયા પેઢી સાથે છેતરપિંડી કેસમાં એકની ધરપકડ

માળિયામિંયાણા, તા.૧૧

મોરબીમાં આંગડીયા પેઢીને ફોન પર ચૂનો લગાડી ૨૫.૯૨ લાખની છેતરપિંડી કરનાર એકની ધરપકડ કરાઈ છે.

પ્રાપ્ત વિગત અનુસાર થોડા સમય પૂર્વે મોરબીની ઈશ્વર સોમાની આંગડીયા પેઢીના કર્મચારી કમલેશ પ્રકાશભાઈ પટેલે જૂના કર્મચારી મનીષ મંગળ પટેલ (ઉ.૨૮ રહે. ખોડીદાસપરા, સોખડા મહેસાણા) અને મોરબીના કુંતાસી ગામના હિતેષ કુંડારીયા વિરૂધ્ધ એ-ડિવિઝનપોલીસ મથકમાં ઈશ્વર સોમા કંચન નામની આંગડીયા પેઢી સાથે ૨૦ લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી મનીષ મંગળ પટેલ તથા હિતેષ કુંડારીયાએ આગોતરા જામીન માટ મોરબી કોર્ટમાં અરજી કરી હતી. જેમાં મનીષ મંગળ પટેલના આગોતરા જામીન મંજૂર ના થતા એ-ડિવિ.ના પીએસઆઈ એલ.જે. ઝાલાએ તેની ધરપકડ કરી અને બીજો આરોપી હિતેશ કુંડારીયા નાસતો-ફરતો છે જેને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

જેમાં મનીષ મંગળ પટેલે ધરપકડ બાદ પ્રાથમિક તપાસમાં આરોપી ક્રિકેટ સટ્ટાના વધુ રૂપિયા હારી ગયા હોવાથી આંગડીયા પેઢી પાસેથી રૂપિયા ઉપાડ્યા હોવાની કબુલાત કરી હતી.

કોડીનાર : દારૂ સાથે પાંચ ઝડપાયા

કોડીનાર,તા.૧૧

આગામી હોળી-ધુળેટીના તહેવાર નિમિત્તે કાયદો અને વ્યવસ્થા જાળવવા ગીર સોમનાથ જિલ્લા કોડીનાર પોલીસે અલગ-અલગ જગ્યાએ દારૂ-જુગાર અનુસંધાને દરોડા પાડયા હતા. જેમાં કોટડા ચેકપોસ્ટ ઉપર વણાકબારાથી દારૂનો જથ્થો લઈને આવતા હરિભાઈ બચુભાઈ તેમજ રોણાજ ગામનો હનીફ નથુભાઈ શેખને ૭૪ બોટલ ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે અને છાછર ગામેથી દેશીદારૂના જથ્થા સાથે ત્રણ શખ્સોને પકડી પાડયા હતા. તેમજ એક શખ્સ નાસી છુટયો હતો. આમ કોડીનાર પોલીસે દારૂની ત્રણ અલગ કાર્યવાહીમાં પાંચ શખ્સોને રૂા. ૭૦,૦૦૦/-ના દારૂના જથ્થા સાથે પકડી પાડી જેલ હવાલે કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

ચીખલી પોલીસે દારૂ સહિત બેને ઝડપ્યા

સુરત,તા.૧૧

ચીખલી પોલીસને મળેલ બાતમીના આધારે ગત તા.૧૦-૩-૨૦૧૭ના રોજ બલવાડા બ્રિજના ઉત્તર તરફના છેડા પર ને.હા.નં.૮ મુંબઈથી અમદાવાદ જતા રોડ પર વોચ ગોઠવતા ત્યાંથી પસાર થતી એક મારૂતિ ઝેન કાર નં.જીજે-૫-એઆર-૬૮૧૮માં તપાસ કરતા તેમાં સંતાડી રાખેલો ઈંગ્લિશ દારૂ વ્હીસ્કી બિયરની બાટલી નંગ ૪૩૮ જેની કિંમત રૂા.૩૯૭૦૦, કારની કિંમત રૂા.૫૦ હજાર તથા મોબાઈલ ત્રણ ફોન કિંમત રૂા.૧૬ હજાર તથા રોકડા રૂપિયા મળી કુલ ૧.૧૫ લાખના મુદ્દામાલ સાથે બે આરોપી અનીશ સોયેબ હારૂન ઝડપી પાડેલ છે.

જૂનાગઢમાં સાયબર ક્રાઈમ
નેટ બેન્કિંગ દ્વારા રૂા.૨૫ લાખની છેતરપિંડીને પગલે સનસનાટી

જૂનાગઢ, તા.૧૧

ગમે તેટલી સાવચેતી અને લોકજાગૃતિના કાર્યક્રમો હોવા છતાં અવારનવાર ઈન્ટરનેટના માધ્યમથી લોકો સાથે છેતરપિંડીના બનાવો બનતા હોય છે. તેમાં વધુ એક બનાવનો ઉમેરો થયો છે. જૂનાગઢના હરદ્વાર સોસાયટીમાં રહેતા અને ઓરીએન્ટલ બેન્ક ઓફ કોમર્સમાં ખાતુ ધરાવતાં એક ગ્રાહકના રૂા.૨૫,૦૦,૦૦૦/- જેવી માતબર રકમ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરવાનો બનાવ બનવા પામતા ચકચાર મચી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢનાં હરદ્વાર સોસાયટી બ્લોક નં. ૧૨ બી રાજ મકાન, જોષીપુરા ખાતે રહેતાં લાલજીભાઈ ગોરધનભાઈ વેકરીયા (પટેલ, ઉ.વ.૫૨)એ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર કોઈ અજાણ્યા શખ્સે ગત તા.૭-૩-૧૭થી ૮-૩-૧૭ દરમ્યાન ફરિયાદીના ખાતામાંથી મોટી રકમ ટ્રાન્સફર કર્યાનું જણાવેલ છે. જેમાં ફરિયાદીનું સીમકાર્ડ, ફરિયાદીની કંપનીના નામનો બોગસ લેટરપેડ બનાવી અને ખોટી સહી તેમજ કંપનીના બોગસ સિક્કા બનાવી અને તેનો ઉપયોગ કરાયો છે. તેમજ ફરિયાદીના પાનકાર્ડની ઝેરોક્ષ ઉપર પણ ફરિયાદીની ખોટી સહી તથા કંપનીના ખોટા સિક્કાવાળી ઝેરોક્ષ તથા એક અજાણ્યા વ્યક્તિના લાયસન્સની ઝેરોક્ષમાં ફરિયાદીની ખોટી સહી કરી તથા કંપનીના ખોટા સિક્કા મારી ડુપ્લીકેટ સિમકાર્ડ કઢાવી લઈ અને તેના આધારે ફરિયાદીનું ઓરીયન્ટલ બેન્ક ઓફ કોમર્સમાં આવેલ સીસી એકાઉન્ટમાંથી ફરિયાદીના યુઝર-આઈડી તથા પાસવર્ડ દ્વારા લોગઈન થઈ મોબાઈલમાં આવેલ ઓટીપી દ્વારા રૂા.૨૫,૦૦,૦૦૦/- ઈન્ટરનેટ બેન્કિંગના માધ્યમથી અન્યના ખાતામાં ટ્રાન્સફર કરી લીધાની અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એસઓજીના પીઆઈ ડી.બી. બારડ ચલાવી રહ્યાં છે.

સ્વચ્છતા તથા બેટી બચાવોના શપથ
જૂનાગઢના હિન્દુ-મુસ્લિમ સર્વજ્ઞાતિ સમૂહલગ્ન યોજાયા

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢની સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ૩૦મા સર્વજ્ઞાતિ હિન્દુ મુસ્લિમ સમૂહલગ્ન ગાયત્રી શક્તિ પીઠ ખાતે તાજેતરમાં યોજાયા હતા. જેમાં હિન્દુઓના ભૂદેવો દ્વારા તેમજ મુસ્લિમને મૌલવી દ્વારા નિકાહ પઢાવવામાં આવેલ.

સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા દ્વારા નવદંપતીઓને સ્ત્રીભૃણ હત્યા ન કરવાં બેટી બચાવોનો સંકલ્પ લેવડાવ્યા હતા. મ.ન.પા. જૂનાગઢના કમિશનર વી.જે. રાજપુત દ્વારા શહેર સફાઈ અભિયાનમાં સર્વલોકોને જોડાઈ સહકાર આપવા જણાવ્યું હતું. ઉપરાંત કેન્સરથી બચવા માટે પ્રદર્શનનું આયોજન કરી યુવા વર્ગને પાન, બીડી, તમાકુ, ગુટકાથી દૂર રહેવા સમજણ આપી હતી.

આ સમૂહ લગ્નમાં પ્રજ્ઞાચક્ષુ નવદંપતી, દિવ્યાંગ નવદંપતી જેમના માતા-પિતા એચ.આઈ.વી.એઈડસમાં અવસાન પામેલ તે દીકરીને પણ રંગે ચંગે પરણાવી આપેલ, સમૂહલગ્નમાં અતિથિ વિશેષ રાજકોટના દાતાશ્રી ઉદ્યોગપતિ હજર રહ્યા હતા.

આ સેવાયજ્ઞમાં જૂનાગઢના મેયર આદ્યશક્તિબેન મજમુદાર, આસી. કમિશનર જયેશભાઈ વાજા, સંત રાજભારતી બાપુ, મહાદેવગીરી બાપુ, રવિદાસબાપુ, પૂ. કિશનદાસબાપુ, શ્રી સંજયભાઈ કોરડીયા, કુંદનબેન રાજાણી, પ્રો.પી.બી. ઉનડક્ટ, ભરતભાઈ વાંક, હરસુખભાઈ વઘાસીયા, યાકુબભાઈ મેમણ, ચુનિભાઈ લોઢીયા, અમુદાનભાઈ ગઢવી, હાજી નિશારબાપુ, ફરીદભાઈ દુર્વેશ, વજુભાઈ ધકાણ, ડૉ. પિયુષભાઈ પંડ્યા, કાન્તિભાઈ કીકાણી, સી.જે. ડાંગર, ગીતાબેન મહેતા, જાગૃતિબેન ખારોડ, હીનાબેન ગૌસ્વામી વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસથાના મંત્રી અરવિંદભાઈ મારડીયા, શાંતાબેન બેસ વગેરેએ સેવા આપેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વકીલ કમલેશભાઈ પંડ્યાએ કર્યું હતું.

પોરબંદરના બ્રોડબેન્ડ ધારકો પરેશાન
ટેલિફોન ખાતાની જિલ્લાકક્ષાની કોઈ સેવા ઉપલબ્ધ નથી !

(સંવાદદાતા દ્વારા) પોરબંદર, તા.૧૧

પોરબંદરમાં છેલ્લા ઘણા સમયથી વારંવાર ઠપ થઈ જતી બી.એસ.એન.એલ.ની બ્રોડબેન્ડ સેવાથી કંટાળીને આ સેવાને કયા કારણથી ઠપ કરી દેવામાં આવે છે ? તેના વ્યાજબી કારણો જાણવા અને ગ્રાહકોને મળવી જોઈતી પુરતી સુવિધાઓ મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે પોરબંદરના સામાજિક કાર્યકર ફારૂકભાઈ સુર્યાએ ભારત સંચાર નિગમ લિમીટેડના જૂનાગઢ ખાતે આવેલી ઓફિસે આર.ટી.આઈ. દ્વારા માહિતી માંગી હતી. જેમાં વર્ષ ૨૦૧૬માં કેટલી વખત પોરબંદરમાં બ્રોડબેન્ડની સેવા ખોરવાઈ ? તેના જવાબમાં વિભાગે કબૂલ્યું હતું કે, ૮ વખત આ સેવા ખોરવાઈ ગયેલ હતી. આ સેવા ખોરવવાના યોગ્ય કારણ નિગમ આપી શક્યું નથી અને આ સેવા ખોરવાવાના કારણે ગ્રાહકોના હિતની જાળવણી બાબતે પણ નિગમે કોઈ જવાબ આપ્યો નથી. તેમજ પોરબંદર ગુજરાત રાજ્યનો રેવન્યુ જિલ્લો હોવાનું જાણાવી ટેલિફોન ખાતાની જિલ્લા કક્ષાની કોઈ જ સેવા પોરબંદરમાં ઉપલબ્ધ નથી. વળી પોરબંદરમાં ટેલિફોન એડવાઈઝરી કમિટી પણ અસ્તિત્વમાં નથી. પોરબંદર જિલ્લાના ગ્રાહકોને તેઓની આવી ફરિયાદો બાબતે જૂનાગઢ સુધી લાંબુ થવું પડે તેવી સ્થિતિ હોવાનો આ આર.ટી.આઈ. ઉપરથી ફલિત થાય છે.

આ આર.ટી.આઈ. અંતર્ગત માંગવામાં આવેલ માહિતી અપુરતી આપવામાં આવેલી હોય આ અંગે ફારૂકભાઈ સુર્યા દ્વારા અપીલ કરવામાં આવનાર છે.

હોળી-ધુળેટી પર્વ સંદર્ભે સુરતમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૧૧

હોળી-ધૂળેટી નિમિત્તે સુરત શહેર પોલીસે શહેરભરમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. ધૂળેટી પર્વની પૂર્વ તૈયારી રૂપે ખાણી પીણીના ઓર્ડરો અપાઈ ચૂક્યા છે. ધુળેટી પર્વ સુરતશહેરની શાળા કોલેજોમાં ધુળેટીનો માહોલ જોવા મળ્યો હતો.હોળી -ધૂળેટીનો તહેવાર રંગેચંગે મનાવવા માટે સુરતીજનોએ તડામાર તૈયારી કરી લીધી છે. ખાસ કરીને રંગોના આ પર્વને ખાણીપીણીની સાથે સુરતના લોકો ઉજવે છે. ધૂળેટી પર્વના બે દિવસ પૂર્વેથી જ સુરતીજનોએ તડામાર તૈયારી કરી લીધી છે. શહેરભરની શાળાઓમાં વિદ્યાર્થીઓએ ધૂળેટી ઉજવી હતી. જ્યારે કોલેજીયનોએ પણ કોલેજ કેમ્પસમાં રંગોની હોળી રમીને ઉજવણી કરી હતી. ધૂળેટી પર્વને ધ્યાનમાં રાખીને સુરત શહેર પોલીસે સમગ્ર શહેરમાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દીધો હતો.

સુરતના વેપારી સામે ૧.૧૪ કરોડનો વિશ્વાસઘાત

સુરત,તા.૧૧

વરાછા હિમ્મતનગર સોસાયટી ભગવત કોમ્પલેક્ષમાં રહેતા પિયુષ શૈલેષભાઈ બોધરાની સલાબતપુરા ગ્લોબલ ટેક્સટાઈલમાં એક કાપડની દુકાન આવેલી છે. લાલગેટ વાણીયા શેરી સિટીઝન એપાર્ટમેન્ટમાં રહેતા અબ્દુલ રહીમ અબ્દુલ અજીજ ઝવેરી તથા કાપડ દલાલ અશોકભાઈ વીરાણીએ પિયુષ બોધરા પાસે અલગ અલગ બિલોથી એમ્બ્રોઈડરી જોબવર્ક કરાવી સમયસર પેમેન્ટ આપવાનો વિશ્વાસ આપ્યો હતો. ત્યારબાદ પેમેન્ટ નહી કરી રૂા.૧.૧૪ કરોડ વિશ્વાસઘાત કરી કાપડ દલાલ સહિત બે વ્યક્તિઓ દુકાન તથા મોબાઈલ ફોન બંધ કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

જૂનાગઢમાં નજીવી બાબતે તલવાર વડે હુમલો

જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢના મુબારકબાગ વિસ્તારમાં શાકભાજી વેચવા બાબતે બોલાચાલીના મનદુખે તલવારથી હુમલાનો બનાવ બનવા પામેલ છે. પોલીસે આપેલી વિગત અનુસાર મુબારકબાગ ખાતે રહેતાં રવિભાઈ રૈયાભાઈ મકવાણા (ઉ.વ.૩૦)એ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે આ કામનાં આરોપી વિજય ઉર્ફે નનો સુખાભાઈ (ઉ.વ.૧૮) સાથે ફરિયાદીને બે દિવસ પહેલાં શાકભાજી વેચવા બાબતે બોલાચાલી થઈ હતી. જે મનદુઃખના કારણે ફરિયાદીને બિભત્સ શબ્દો કહી અને માથાના ભાગે તલવારનાં ઘા મારી ઈજા પહોંચાડી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂદ્ધ કલમ-૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે.

વડાપ્રધાન મોદીની ભરૂચની જાહેરસભામાં

મોબાઈલ અને પાકીટની તફડંચી કરનાર ગુલાબી ગેંગના પાંચ સાગરીત ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૧

ભરૂચ મક્તમપુર કૃષિ વિદ્યાલયના ગ્રાઉન્ડ ખાતે તાજેતરમાં યોજાયેલી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભામાં ૪૦થી વધુ લોકોના મોબાઈલ અને પાકીટની ચોરી કરી તરખાટ મચાવનાર ગુલાબી ગેંગના પાંચ સાગરિતોની ભરૂચ સી-ડિવિઝન પોલીસે ધરપકડ કરી હતી. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર વડાપ્રધાનની જાહેરસભામાં મગ્ન શ્રોતાઓના મોબાઈલ તથા પાકીટની તફડંચીના એકાએક ૪૦ ઉપરાંત બનાવો બન્યા હતા. જો કે તે પૈકી પાંચ જેટલા લોકોએ ભરૂચ સી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ સમગ્ર પ્રકરણમાં પોલીસે સભા સ્થળ ઉપરથી જ મુદ્દામાલ સાથે એક ઈસમની અટકાયત કરી હતી. જેના આધારે પોલીસે આજરોજ તપાસ દરમિયાન શંકર વસાવા (રહે. ઉમરાણ, ડેડિયાપાડા), હરીશ મોચી (રહે. ગાજરવાડી, વડોદરા), શાહરૂખ સિંધી (રહે. કરજણ જિ. વડોદરા), સંતોષ વિક્રમ (રહે. સંજયનગર, સુરત), મોહસીન સિંધી (રહે. કરજણ, વડોદરા) આ તમામની ધરપકડ કરી એક બાઈક, પાંચ મોબાઈલ ફોન, પાકીટ મળી કુલ રૂા.૬૮,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ભરૂચ સી-ડિવિઝન પોલીસે ગુલાબી ગેંગના આ પાંચ સાગરિતોના રિમાન્ડ મેળવવા ચક્રાગતિમાન કર્યા છે. આ અંગેની વધુ તપાસ પીએસઆઈ ઝેડ.એસ. શેખ ચલાવી રહ્યા છે.

ખેરાલુના ગાજીપુરના યુવાનના મોતનો ભેદ ઉકેલાયો

ગીરવે મૂકેલ લોકીટ પાછું માગતાં પિતા-પુત્રએ યુવાનનું ગળું દબાવી હત્યા કરી લાશને ઝાડ પર લટકાવી દીધી હતી

(સંવાદદાતા દ્વારા) મહેસાણા, તા.૧૧

મુળ મહેસાણાના ચલુવા ગામના અને હાલમાં વિજાપુર તાલુકાના પામોલમાં રહેતા ઠાકોર ભરતજી ઉર્ફે રાજુજી અમરતજીની લાશ ત્રણ માસ પહેલાં ખેરાલુ તાલુકાના ગાજીપુરની સીમમાં આવેલ રૂપેણ નદીના કિનારે લીમડાના ઝાડ પર લટકેલી મળી આવી હતી.પ્રથમ દ્રષ્ટીએ આપઘાતની ઘટના લાગતા પોલીસ ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી.પરંતુ,શંકાના આધારે મહેસાણાના પોલીસ અધિક્ષક ચૈતન્ય માંડલિકે આ કેસની તપાસ એસઓજીને સોંપતા પીઆઈ જે.એસ.ચાવડા અને સ્ટાફે ઝીણવટભરી તપાસ કરી હતી.જેમાં ચોંકાવનારી હકિકત ખૂલવા પામી હતી તે અનુસાર મૃતક ભરતજીએ પાંચ વર્ષ પહેલાં ગાજીપુરના રામાજી તલાજી ઠાકોર પાસે પોતાની પત્નીનું સોનાનું લોકીટ ગીરો મુકી રૂ.૩,૦૦૦ ઉછીના લીધા હતા ત્યારબાદ તે આ લોકીટ પાછો લેવા અવારનવાર ગાજીપુર આવતો હતો.બનાવના આગલા દિવસે પણ ભરતજી ગાજીપુર આવ્યો હતો.જયાં તેણે રામાજી પાસે લોકીટ પાછો લેવાની જીદ કરતાં તેમના ઘર આગળ જ રામાજી અને તેમના દિકરા ગંભીરજીએ ગળું દબાવીને ભરતજીની હત્યા કરી નાંખી હતી.ત્યારબાદ રાત્રે ૧૨ના સુમારે તેની લાશ શાલમાં વિંટાળી હત્યા ને આત્મહત્યામાં ખપાવવા માટે ગામની સીમમાં જઈને લાશને લીમડાના ઝાડ ઉપર લટકાવી દીધી હતી.જોકે મહેસાણા એસઓજી પોલીસ હત્યાનો ભેદ ઉકેલી નાંખી બે આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાટણની શાળામાં ભમરાના ઝુંડે આતંક મચાવ્યો : ૨૫ને ડંખ માર્યા

પાટણ, તા.૧૧

પાટણ ખાતે આવેલ ભગવતી ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના સંકુલમાં ગઈકાલે એકાએક ભમરાઓનું ઝુંડ ઉડતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ભમરાઓના આતંકમાં ૨૫ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો અડફેટમાં આવતા ડંખ મારતા તમામને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી ૧૦૮ મારફતે પાટણ સિવિલ ખસેડવામાં આવ્યા હતા. પાટણની ભગવતી ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ભમરાઓના ઝુંડે ૨૧ બાળકો, ત્રણ શિક્ષિકાઓ અને ૧ આયા મહિલાને ડંખ માર્યા હતા. શાળાના સંચાલકોએ નજીકમાં જ આવેલી સાયન્સ કોલેજના લેબના વિદ્યાર્થીઓને બોલાવી ડંખવાળી જગ્યાએ કેમિકલ્સ લગાવ્યું હતું. દરમિયાન શાળામાં અભ્યાસ કરતાં બાળકોના પિતા એવા કેટલાક ખાનગી તબીબો અને વાલીઓ પણ શાળામાં દોડી આવ્યા હતા. જેઓએ બાળકોને સાત્વના આપી પ્રાથમિક સારવાર આપી હતી.

અંકલેશ્વર એગ્રો કંપનીના

બે કામદારોને ગેસની અસર થતાં હોસ્પિટલમાં

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૧૧

અંકલેશ્વર જી. આઈ. ડી.સીમાં આવેલી એસ.વી. એગ્રો કંપનીમાં પાવડર પેકીંગ દરમ્યાન બે કામદારને ગેસ લગતા સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં ફીકોમ ચોકડી પાસે આવેલ એસ.વી.એગ્રો કંપનીના ગોડાઉનમાં પાવડર પેકિંગ કરી રહેલ ભરસારી ભગવાન વસાવા (રહે. નવા સરફુદીન) અને શ્રવણ કુમાર મંડલ (રહે. અંકલેશ્વર)ને અચાનક ગેસ લગતા કંપની સંચાલકોએ તત્કાલીક બંને કામદારોને સારવાર અર્થે અંકલેશ્વરની સરદાર પટેલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે જી.આઈ.ડી. સી પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ દોડી આવી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહેમદાવાદમાં આવતી કાલે મોહમ્મદ મસ્જિદની સંગેબુનિયાદ વિધિ

મહેમદાવાદ, તા.૧૧

મહેમદાવાદમાં જીરાવાલા સોસાયટી સામે મોલિયા કુવા કબ્રસ્તાન પાસે મોહમ્મદ મસ્જિદની સંગે બુનિયાદનો પ્રોગ્રામ તા.૧૩-૩-૧૭ સોમવારના રોજ સવારે ૧૦ વાગે રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે સૈયદ મોહમ્મદ કાદરી ફાતમી (દાદાબાપુ) મૌલાના મુફ્તી અશરફ રઝા, સૈયદ અબ્દુલ કાદિર બાપુ, સૈયદ મોહમ્મદ અલી નકશબંદી, સૈયદ ઝાકિર બાપુ, મહેબૂબ મુરસલીન નકશબંદી વગેરે આલિમાઓ હાજરી રહી નવી તામિર થનાર મસ્જિદની સંગેબુનિયાદ મૂકશે તેવું એક નિવેદનમાં આફતાબ હુસૈન સૈયદે જણાવ્યું છે.

૮૦ કિલો વજન ધરાવતા અદનાનને લઈ જવો ઘણું કઠિન છે

બોડેલીના દિવ્યાંગ અદનાનને બોડેલીના બદલે છોટાઉદેપુર કેન્દ્ર ફાળવાતાં નારાજગી

બોડેલી, તા.૧૧

બોડેલી સામાન્ય પરિવારનો એક દિવ્યાંગ બાળક કે જેને ધો.૭ પછી ભણવાનું બંધ કર્યું હતું. પણ તેની ભણવાની અદમ્ય ઈચ્છાએ બે વર્ષ પછી ફરી ધો.૧૦ની બોર્ડ પરીક્ષા એક્સ વિદ્યાર્થી તરીકે આપવા માટે ફોર્મ ભર્યું પણ તેની બેઠક વ્યવસ્થા બોડેલીને બદલે છોટાઉદેપુર ફાળવાતા વિદ્યાર્થી તથા તેના મા-બાપ નારાજ થયા છે.

અલીપુરાની ગોપાલ ટોકીઝ પાસે રહીને ગોળી બિસ્કીટની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા વસીમભાઈ ખત્રીને ત્રણ સંતાનો પૈકી બે પુત્ર અને એક પુત્રી છે. જેમાં પંદર વર્ષનો અદનાન હાલ ૮૦ કિલો કરતા પણ વધુ વજન ધરાવે છે. તેને છૂપો રોગ છે. જે જવલ્લે જ જોવા મળે છે. વડોદરા પણ તેની તબીબી સારવાર કરી પણ આવા રોગી લાખોમાં એકાદ હોવાનું તબીબે કહ્યું હતું. ધો.૭ પછી તેને રોગ વધુ વકરતા અભ્યાસ વચ્ચેથી છોડી દીધો હતો. મોભી પિતા વસીમભાઈ માટે ઘર ચલાવવું કે અદનાન માટે દવાખાનાનો ખર્ચ ઉપાડવા તેની સમજ પડતી ન હતી. તેઓ પણ ઓછું ભણેલા છે પણ તેમના સંતાનો ભણતરમાં પાછા ન પડે તે માટે ત્રણ સંતાનોને ભણાવતા હતા. ધો.૭માં અભ્યાસ છોડ્યા પછી અદનાનએ હાલમાં ધો.૧૦ની પરીક્ષા એક્સ વિદ્યાર્થી તરીકે આપવાનું નક્કી કર્યું અને ઓનલાઈન ફોર્મ ભરીને બોડેલી કેન્દ્ર માંગ્યું હતું. પણ તેને છોટાઉદેપુર કેન્દ્ર મળ્યું છે. અદનાનના ભારેખમ શરીરને લીધે તેને ઘરમાં જ આમતેમ ફેરવવો કઠીન પડે છે. ત્યારે તેને પરીક્ષા માટે છોટાઉદેપુર લઈ જવો પિતા માટે કપરૂં છે. અદનાનનું સપનું રોડાય નહીં અને તેની ભણવાની ધગશ જોતા પિતાએ સહારો આપ્યો છે ત્યારે સરકારી તંત્ર પણ આવા વિદ્યાર્થીઓ માટે સહારો બને અને બોડેલી કેન્દ્રમાં બેઠક વ્યવસ્થા કરાય તેવી માંગ ઊઠી છે.

ઓરસંગ નદીના કાંઠે આવેલ

સિમેન્ટ પાઈપ ફેકટરીના હોજના પાણીમાં ડૂબી જતાં બાળકનું મોત

બોડેલી,તા.૧૧

હરનેશભાઈ ભણતાભાઈ રાઠવા રહે. બામરોલી (વરોઠી)તા. બોડેલીના ઢોકલિયા વિસ્તારમાં ઓરસંગ નદીના પટ પર આવેલ સીમેન્ટ પાઈપ ફેકટરીમાં પોતાની પત્ની, પુત્ર, પુત્રી સાથે રહેતા હતા અને પાઈપ ફેકટરીમાં મજુરી કરી પરિવારનું પેટ પાલવાતા હતા. આજરોજ સવારે હરનેશભાઈ કામ અર્થે પોતાના ઘરે બામરોલી ગયા હતા. ત્યારે બપોર ૧૧.૪૫ કલાકના સુમારે હરનેશભાઈના પત્ની સ્નેહાબેન રૂમમાં રસોઈ બનાવતા હતા, અને પુત્ર પ્રિતેશ ઉ.વ.૪ પાઈપ ફેકટરીના કમ્પાઉન્ડે રમી રહ્યો હતો. સમય વિતે પ્રિતેશ ન દેખાતા તેની માતા સ્નેહબેને તેની શોધખોળ કરી હતી. શોધ કરતા પ્રિતેશ પાઈપ ફેકટરીના પાણીના હોજમાં ડુબી ગયેલ નજરે પડયો હતો. જેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલેન્સમાં બોડેલી સરકારી દવાખાને પ્રિતેશને લઈ ગયા હતા. પરંતુ દવાખાને ડોકટરે પ્રિતેશને મૃત જાહેર કરતા મા-બાપ પર ગમનું આભ ફાટી ગયું હતું. બોડેલી પોલીસે ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ભીલડી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં

હડકવાની રસીના ઈન્જેકશન ન મળતા દર્દીઓ હેરાન-પરેશાન

(સંવાદદાતા દ્વારા) ડીસા,તા.૧૧

ભીલડી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા દસ દિવસથી હડકવાના રસીના ઈન્જેકશન ન મળતા દર્દીઓ હેરાન-પરેશાન થઈ ઉઠયા છે. ન છૂટકે વધુ પૈસા ખર્ચીને ખાનગી મેડિકલમાંથી લાવવા પડે છે.પ્રાપ્ત માહિતી મુજબ ભીલડી સામૂહિક આરોગ્ય કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૪ કરોડના ખર્ચે બનાવેલ છે. જેમાં અપૂરતા સાધનો તથા અપૂરતા સ્ટાફ હોવાને કારણે ઘણાય દર્દીઓને સારવાર વિના પરત જવું પડે છે. આ અંગે સ્થાનિક ડો. જિગરભાઈ મોદીએ જણાવ્યું કે છેલ્લા આઠ દિવસથી ઈન્જેકશનનો જથ્થો આવેલ નથી. આમ જિલ્લા આરોગ્ય કેન્દ્રને પૂરતી દવાઓ ન ફાળવતા દર્દીઓને ખાનગી દવાખાને સારવાર લેવી પડે છે. અથવા ડીસા સરકારી દવાખાનાનો આશરો લેવો પડે છે ત્યારે આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી અંગત રસ લઈ ભીલડી આરોગ્ય કેન્દ્રમાં પૂરતી દવાઓ ફાળવે તેવી જનમાંગ છે. આ અંગે ભીલડી રઘુભાઈએ જણાવ્યું કે છેલ્લા આઠ દિવસથી ભીલડી રેફરલમાં ઈન્જેકશન લેવા માટે જવું છું પરંતુ ઈન્જેકશનો ન હોવાથી મારે ખાનગી મેડિકલમાં વધુ પૈસા ખર્ચીને લેવા પડે છે. આ અંગે સરકાર પૂરતી દવાઓ ફાળવે તેવી જનમાંગ છે.

ભરૂચમાં ભાજપ કાર્યકરોએ જીતની ઉજવણી કરી

ભરૂચ, તા.૧૧

દેશના પાંચ રાજયોમાં યોજાયેલ ચૂંટણીઓમાં કમળ ખીલતા અને ભારતીય જનતા પાર્ટીના સારા પ્રદર્શનના કારણે દેશભરના કાર્યકરોમાં ખુશીનો માહોલ છવાયો હતો. આજ રોજ ભરૂચ ભારતીય જનતા પાર્ટીના કાર્યલય ખાતે ભાજપની યુપીમાં ભવ્ય જીતની ઉજવણી કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી. ભરૂચના કસક વિસ્તારમાં આવેલ ભાજપ કાર્યલય ખાતે ફટાકડા ફોડી, આતશબાજી કરી, મીઠાઈઓ વહેંચી હતી અને ભારે સૂત્રોચ્ચાર સાથે રસ્તા ઉપર ખુશી વ્યક્ત કરી હતી.

કારની ટક્કરે એક્ટિવા ચાલકનું મોત : માતાને ઈજા

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૧

આણંદ જિલ્લાનાં આંકલાવ ઉમેટા રોડ ઉપર ઉર્મિ ફાર્મ પાસે આજે સવારના સુમારે પુરપાટ ઝડપે જતી કારના ચાલકે એક્ટીવાને ટક્કર મારી દેતા સર્જાયેલા અકસ્માતમાં એક્ટીવા સવાર મા-દિકરાને ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં દિકરાનું સારવાર દરમ્યાન મોત નિપજતા આ બનાવ અંગે આંકલાવ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ પાસેથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર બોરસદ શહેરમાં રહેતા જૈમિનભાઈ મહેશભાઈ ગોહેલ (ઉ.વ.૨૨) આજે સવારે પોતાની માતા હંસાબેનને એક્ટીવા પર બેસાડી વડોદરા જવા માટે નીકળ્યા હતા.તેઓ સવારે સાડા દસ વાગ્યાના સુમારે આંકલાવ ઉમેટા રોડ ઉપર ઉર્મિ ફાર્મ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પુરપાટ ઝડપે પસાર થતી કારના ચાલકે જૈમિનભાઈની એક્ટીવાને ટક્કર મારી દેતા સર્જાયેલા અકસ્માતમાં એક્ટીવા સવાર જૈમિન અને તેમની માતા હંસાબેન રોડ ઉપર પટકાતા માથામાં અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જૈમિનભાઈનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.જેથી આ બનાવ અંગે ભુપેન્દ્રભાઈ રતિલાલ પટેલે આંકલાવ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કારના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પંજાબ-મણિપુર-ગોવામાં

કોંગ્રેસના ભવ્ય વિજય બદલ યુવા કોંગ્રેસ દ્વારા શુભેચ્છા પાઠવાઈ

અંકલેશ્વર, તા.૧૧

દેશના ત્રણ રાજ્યો જેમાં પંજાબ, મણિપુર અને ગોવામાં કોંગ્રેસે મેદાન મારી જીત હાંસલ કરવાની લગોલગ છે ત્યાં પંજાબમાં કોંગ્રેસને ભારે જીત હાંસલ કરાવનાર એવા ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના પ્રમુખ અમરિન્દરસિંહ રાજા બ્રાર જેસોની આગેવાની હેઠળ અને મહત્ત્વની ભૂમિકા ભજવી પંજાબ કોંગ્રેસને ભવ્ય જીત અપાવી છે. તે બદલ યુથ કોંગ્રેસ ભરૂચ અંકલેશ્વરની ટીમ દ્વારા અભિનંદન પાઠવતા સંદેશો ટ્વીટર કરાયા હતા.જેમાં ભરૂચ જિલ્લા યુવા કોંગ્રેસના પ્રમુખ શેરખાન પઠાણ, જિલ્લા યુવા મહામંત્રી વસીમ ફડવાલા, તારિક શેખ, શૈલેષ પ્રજાપતિ, ઈમરાન પટેલ, પ્રતિક કાયસ્થ, હર્ષ મોદી, કેયુર રાણા, દેવેન્દ્ર સિંહ દોડિયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

આણંદ રેલવે સ્ટેશને મુસાફરખાનામાંથી પિતા સાથે સુઈ ગયેલ પુત્રનું અપહરણ

રેલવે સ્ટેશનો અને જાહેર સ્થળોએથી બાળકોનું અપહરણ કરી ભીખ માંગવાના કૌભાંડનો પર્દાફાશ

મહિલા સહિત ચાર ઝડપાયા, આરોપીઓને પાંચ દિ'ના રિમાન્ડ બાળકનું પિતા સાથે મિલન કરાવ્યું

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૧

દોઢ મહિના પહેલા આણંદ રેલવે સ્ટેશન પરથી અપહરણ કરાયેલ અઢી વર્ષના બાળકને રેલવે એલસીબીએ છોડાવીને પાલેજના પતિ-પત્ની અને ઈસમ સહિત આણંદના એક દિવ્યાંગની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને જેઓની પ્રાથમિક પુછપરછમાં રેલવે સ્ટેશનો અને જાહેર સ્થળોએથી નાના બાળકોને અપહરણ કરીને તેને પરપ્રાંતમાં લઈ જઈને તેની પાસે ભીખ મંગાવવાનું કૌભાંડ ઝડપી પાડયું છે.તેમજ આરોપીઓને આજે કોર્ટમાં રજુ કરી પાંચ દિવસનાં રીમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર મુળ વડોદરા શહેરમાં સલાટવાડા વિસ્તારમાં રહેતા પરમવીરસિંહ અરજીતસિંહ કસાબીયા તેમની પત્ની દિકરી અને સવા બે વર્ષના બાળક સાથે રહે છે.તેમની પત્ની અને દિકરી છેલ્લા કેટલાક સમયથી રહસ્યમય રીતે ગાયબ થઈ ગયા બાદ તેઓ પોતાના સવા બે વર્ષના દિકરા સાથે લગભગ તેમને શોધવા માટે રેલવે સ્ટેશનો અને એસ.ટી.બસસ્ટેન્ડો ઉપર ફરે છે અને જે તે શહેરમાં ગુરૂદ્વારા પરના લંગરમાં ભોજન કરીને મુસાફરખાનામાં રાતવાસો કરી તેમની શોધખોળ ચાલુ રાખી છે.એજ રીતે તેઓ ગત તા.૨૫મી જાન્યુઆરીના રોજ આણંદ આવ્યા હતા અને રાત્રે રેલવે સ્ટેશનમાં મુસાફરખાનામાં રોકાયા હતા તે દરમ્યાન અજાણ્યા ઈસમો તેમની સાથે સુઈ ગયેલ સવા બે વર્ષના દિકરાનું અપહરણ કરીને પલાયન થઈ ગયા હતા.જે બાબત તેમણે આણંદ રેલવે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. પત્ની દિકરી અને ત્યારબાદ પુત્રનું પણ અપહરણ થઈ જતા નાસીપાસ થઈ ગયેલા પરમવીરસિંહની ફરીયાદ બાદ તેની તપાસ રેલવે એલસીબીને સોંપવામાં આવી હતી.રેલવે જેમાં આણંદ રેલવે સ્ટેશનના અને આસપાસની દુકાનોનો સીસીટીવી કેમેરાનું નિરિક્ષણ કરતા મહિલા સહિત ચાર જણાં અપહરણ થયેલ બાળકને લઈને બાઈક પર બેસાડી નડીયાદ તરફ જતા જોવામાં આવ્યા હતા. નડીયાદ રેલવે સ્ટેશન ઉપરાંત નડીયાદથી જતી ટ્રેનોના ફુટેજની તપાસ કરી હતી.ત્યારબાદ પાલેજ રેલવે સ્ટેશન વિસ્તારમાં અપહ્યત બાળક સાથે મહિલા અને ચાર ઈસમોને કેમેરા કેદ થઈ જતા રેલવે એલસીબી સતર્ક થઈ ગઈ હતી અને તેમણે રેલવે સ્ટેશન અને તેની આસપાસના વિસ્તારોમાં તપાસ અભિયાન સઘન બનાવી દીધું હતું. દરમ્યાન ત્રણ ઈસમો અને એક મહિલા પાલેજના રહેણાંક વિસ્તારોમાં બાળક પાસે ભીખ મંગાવતા જોવામાં આવતા રેલવે પોલીસે રંગેહાથે તેમને ઝડપી પાડ્યા હતા.પકડાયેલ આરોપીઓમાં શબ્બીર જાવેદ શેખ ઉ.વ.૩૪,શકીના સલીમ શેખ ઉ.વ.૩૦ તથા સલીમ ઈકબાલ શેખ ઉ.વ.૩૫ તમામ રહે.પાલેજ તથા દિવ્યાંગ બચુ બાબરભાઈ ઠાકોર ઉ.વ.૬૦ રહે.આણંદને પકડી પાડ્યા હતા.જેમની અટકાયત કરીને પોલીસ સ્ટેશને લાવીને અપહ્યત બાળકને પરમવીરસિંહને બતાવતા તેઓ તેમના દિકરાને ઓળખી ગયા હતા.જેના બાદ પોલીસે ચારેય આરોપીઓ સામે બાળકનું અપહરણ કરી ભીખ મંગાવવાના ગુનામાં ધરપકડ કરી હતી.જોકે છેક સુધી આરોપીઓએ પોતે નિર્દોષ હોવાનો અને ગરીબ હોવાથી પોતાના બાળક અને પરિવાર સાથે ભીખ માંગતા હોવાનું જણાવ્યું હતું.

અપહરણ કરીને બાળકો પાસે ભીખ મંગાવવાનો રાષ્ટ્રવ્યાપી કૌભાંડ હોવાની આશંકા

રેલવે સ્ટેશન,એસ.ટી.બસસ્ટેશન અને જાહેર સ્થળોએથી નાના બાળકોને અપહરણ કરીને તેને અપંગ બનાવી કે શારિરીક પીડા પહોંચાડી તેમની દયનીય પરિસ્થિતિ કરી દઈ લોકો સમક્ષ લઈ જઈને ભીખ મંગાવવાનું રાષ્ટ્રવ્યાપી કૌભાંડ હોવાની આશંકાને તપાસ અધિકારી નકારી રહ્યા નથી.

વડોદરા : માર્ગ અકસ્માતના વિવિધ બનાવમાં ચારનાં મોત : પાંચને ઈજા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૧

સુરતથી દર્દીને લઈને રાજકોટ જતી એમ્બ્યુલન્સ આજવા ચોકડી પાસે શુક્રવારે મોડીરાત્રે ઉભેલા ટ્રેલરમાં ભટકાતા દર્દી સહિત બે જણાંના મોત નિપજ્યા હતાં. જ્યારે એક મહિલા સહિત ત્રણ જણાંને ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના અન્ય બે બનાવમાં એક નવ વર્ષનાં કિશોર સહિત બે જણાંના મોત થયા હતાં. અને બે જણાંને ઈજાઓ પહોંચી હતી.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર સુરતના સરથાણા પાસેની સોસાયટીમાં રહેતા બાબુભાઈ ધેલાણીને ગંભીર બિમારી હોવાથી તેઓને સુરતથી એમ્બ્યુલન્સમાં રાજકોટ પોતાનાં વતનમાં સારવાર માટે લઈ જવાતા હતાં. શુક્રવારે રાત્રે એમ્બ્યુલન્સ શહેર પાસે નેશનલ હાઈવે પરની આજવા ચોકડી પાસેથી પસાર થતી હતી તે વખતે એમ્બ્યુલન્સના ચાલક પ્રદિપ સોલંકીએ સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા એમ્બ્યુલન્સ ઉભેલા ટ્રેલરની પાછળ ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માતમા ગંભીર ઈજાને કારણે બાબુભાઈ (ઉ.વ.૬૨) તથાતેમના ભાઈ શંભુભાઈ ધેલાણીનું મોત નિપજ્યું હતું. જ્યારે બાબુભાઈનાં પત્ની મંજુલાબેન, પુત્ર વિપુલ તથા ડ્રાઈવર પ્રદિપ સોલંકીને ઈજાઓ પહોંચતાં તેમને સારવાર અર્થે સયાજી હોસ્પીટલમાં ખસેડ્યા હતાં. બનાવ અંગે બાપોદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથધરી હતી.

બીજા બનાવમાં આણંદ તાલુકાનાં લાંભેલ ગામની સોનાબેન દામાભાઈ રાઠવા તેનો નવ વર્ષનો જેરામ રાઠવા નામના રાકેશ મનુભાઈ વાઘેલાની બાઈક પર બેસી શુક્રવારે રાત્રે રણોલી બ્રીજ ઉપરથી પદમલા ગામ પાસેથી પસાર થતાં હતાં ત્યારે બાઈક સ્લીપ ખાઈ જતાં ત્રણે જણાંને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં જેરામ રાઠવાનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે છાણી પોલીસે ગુનો નોંધ્યો હતો.

શહેરનાં પ્રતાપનગર ડભોઈરોડ પર આવેલ કામડાની ચાલ પાસે રહેતા સુરેશભાઈ પંડિત મજુરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતાં. તેઓનાં પરિવારમાં પત્ની એક પુત્રી અને પુત્ર છે. ગઈકાલે પોતાના થ્રી વ્હીલ સાયકલમાં તેઓ સામાન ભરી ડભોઈ તરફ માર્ગ પર રતનફુર તરફ ગયા હતાં. જ્યા ભારદારી વાહનને તેઓની સાયકલને પાછળથી જોરદાર ટક્કર મારતા તેઓ દુરફંગોળાયા હતાં. અકસ્માતમા સુરેશભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજ્યુ હતું. બનાવની જાણપોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે સુરેશભાઈના મૃતદેહને સયાજી હોસ્પીટલ ખાતે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વિરમગામ ખાતે હિન્દુ-મુસ્લિમ એકતાના હિમાયતી હઝરત લાલપીર બાવા સોહરવર્દી (ર.અ.)નો ઉર્સ શરીફનો પ્રારંભ થઈ ગયો છે. જેમાં આજરોજ સંદલની રસમ અદા કરવામાં આવી હતી. આ ઉર્સ શરીફમાં મોટામિયાં માંગરોળના ગાદીવાળા અને ઘેર ઘેર ગાયો પાળોનો ઉપદેશ આપનાર હઝરત રફીકુદ્દીન કાયમુદ્દીન (ર.અ.)ના પુત્ર હઝરત કાયમુદ્દીનનું દરગાહ કમિટી કડીવાલ મુસ્લિમ ઘાંચી સમાજ, વિરમગામના યુવાનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. સંદલ શરીફમાં હિન્દુ-મુસ્લિમ શ્રદ્ધાળુઓએ હાજરી આપી કોમી એકતા અને ભાઈચારાના દર્શન કરાવ્યા હતા. (તસવીર : રઉફ તાઈ, વિરમગામ)

માલગઢના બાળકને બાઈકની ટક્કરે ગંભીર ઈજા

ડીસા,તા.૧૧

માલગઢ ગામે રહેતા સુરેશકુમાર ડાસાજી માળીનો દીકરો હસમુખ સર્વિસ રોડ ઓળંગીને જઈ રહ્યો હતો. ત્યારે ગત સાંજના સુમારે વડાવળ નજીક ડીસા સામેથી પૂરપાટ ઝડપે આવતું બાઈક નં. જી.જે.-૮ બીડી ૩૮૭૭એ ધડાકાભેર ટક્કર મારતા હસમુખ (ઉ.વ.૮)ને માથાના તથા શરીરના ભાગે ઈજાઓ કરી બાઈક મુકી નાસી ગયો હતો. બાળકને ડીસા દવાખાને સારવાર કરી વધુ સારવાર માટે મહેસાણા ખાતે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે ભીલડી પોલીસ મથકે સુરેશકુમાર માળીએ બાઈક ચાલક વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ એએસઆઈ જયંતિસીંગે હાથ ધરી હતી.

હોળીનો પર્વ મનાવવા વતનની વાટ પકડતા લોકો

રવિવારે રાજયમાં હોળી પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે પોતાના વતનમાં હોળીનો પર્વ મનાવવા જતાં લોકોએ શનિવાર રાત્રીથી જ વતનની વાટ પકડવાનું શરૂ કર્યું હતું. રેલવે અને એસ.ટી. હાઉસફુલ હોવાથી લોકોએ ખાનગી બસોનો સહારો લેવો પડયો હતો. જો કે ખાનગી બસોમાં પણ જગ્યા ન રહેતા લોકોને બસના છાપરે બેસી મુસાફરી કરવાની ફરજ પડી હતી.

ગુજરાતમાં પણ યુપીની જેમ સત્તાવિરોધી જનમત ભાજપને નડશે : ડો.મનિષ દોશી

પાંચમાંથી ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ તરફી પરિણામોને કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ ફટાકડા ફોડી વધાવ્યા

અમદાવાદ, તા.૧૧

પાંચ રાજ્યોના જાહેર થયેલ ચૂંટણી પરિણામોમાંથી ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ પક્ષ તરફી પરિણામો છે. પંજાબમાં કોંગ્રેસ પક્ષે ઐતિહાસિક જીત બદલ કોંગ્રેસ પક્ષના શ્રીમતી સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના નેતૃત્વને અભિનંદન અને જનતાના આભાર સાથે રાજ્યના ૮ મહાનગરોમાં ફટાકડા ફોડીને મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનોએ જીતની ખુશી વ્યકત કરી હતી. કોંગ્રેસ પક્ષના પ્રવકતા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામો જાહેર થતાની સાથે જ રાજ્યના ૮ મહાનગરોમાં ૪ કલાકે કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનોએ મોટી

સંખ્યામાં એકત્ર થઈને ફટાકડા ફોડીને ઉજવણી કરી હતી. યુવાનોએ રસ્તા પર નાગરિકોની સાથે ખુશી વ્યકત કરી હતી. અમદાવાદ ખાતે રાજીવ ગાંધી ભવન ખાતે મોટી સંખ્યામાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનોએ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચેતન રાવલના નેતૃત્વમાં એકત્ર થઈ ફટાકડા ફોડીને ઉજવણી કરી હતી. દરમિયાન કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા ડો.મનિષ દોશીએ ઉત્તરપ્રદેશના પરિણામને સત્તા વીરોધી જનમાનસનું પ્રતિબિંબ ગણાવી ગુજરાતમાં પણ સત્તા વિરોધી જનમત સામે આવવાની આગાહી કરી છે. ડો.મનિષ દોશીએ જણાવેલ કે પંજાબમાં અકાલીદળ અને ભાજપના ભ્રષ્ટ શાસનને પ્રજાએ જાકારો આપી કોંગ્રેસને સત્તા સોંપી છે. ઉત્તરપ્રદેશમાં સમીકરણો અલગ હતા. ત્યાંથી સ્થાનિક સરકાર વિરોધી લોકલાગણીનો પડઘો પરિણામમાં પડયો છે. જો ઉત્તરપ્રદેશના પરિણામને ભાજપ મોટી લહેર ગણાવતો હોય તો પંજાબ, ગોવા અને મણિપુરમાં મોટી લહેર કેમ ન દેખાઈ ? ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીનો ઝઘડો પણ અખિલેશ સરકારને નુકસાનકારક નીવડયો છે. ગુજરાતમાં પણ છેલ્લા એક વર્ષથી વધુ સમયથી ભાજપ સરકાર સામેનો લોકોનો રોષ વધી રહ્યો છે. ઉત્તરપ્રદેશમાં જે બાબત અખિલેશને નડી તે જ બાબત (સત્તા વિરોધી જનમાનસ) ગુજરાતમાં ભાજપને નડશે.

ગ્રાહક સુરક્ષા અને પગલાં સમિતિ દ્વારા કડક કાર્યવાહી કરવા માંગ

એમઆરપી કરતાં વધુ ભાવ લેનારા સામે કડક કાર્યવાહી કરવામાં તંત્ર ઉદાસીન

અમદાવાદ, તા.૧૧

એરલાઈન્સ, રેલવે સ્ટેશન, હોટલ, રેસ્ટોરન્ટ, સિનેમા હોલ સહિતના સ્થળોએ ખાણી-પીણીના પેકિંગ વસ્તુઓ ઉપર એમઆરપી કરતાં બેફામ ઉંચા ભાવ લેવાતા હોવાથી જવાબદારો સામે કાર્યવાહી કરવાના આદેશ હોવા છતાં ગુજરાતમાં ગ્રાહકોને છેતરનારા સામે રાજ્યના કાનૂની માપવિજ્ઞાન તંત્રએ એકપણ કેસ કર્યો નથી. ત્યારે કેન્દ્રના કાનૂની માપવિજ્ઞાન તંત્રએ પરિપત્ર કરીને કરેલી આદેશનો ગુજરાતમાં અમલના નામે મીંડું છે.

અમદાવાદ શહેર, ગુજરાત અને દેશના તમામ રાજ્યના શહેર જિલ્લાઓની હોટલ-રેસ્ટોરન્ટ અને મુખ્યત્વે હાઈવેની તમામ હોટલો પીવાના પાણીની મીનરલ વોટરની સીલબંધ પેક બોટલ ઉપર દર્શાવેલ એમઆરપી કરતા બેફામ ઉંચા તેમજ મોં માંગ્યા, મનસ્વી ભાવો ગ્રાહકો પાસેથી વસૂલ કરવાની સાથે સાથે ઉત્પાદક કંપનીઓ દ્વારા પ્રોડકટ ઉપર અલગ-અલગ ઉંચા ભાવની એમઆરપીની પ્રિન્ટ લગાવી ગ્રાહકોનું આર્થિક શોષણ કરી છેતરવાની વ્યાપક ફરિયાદો કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ થઈ હતી. કેન્દ્ર સરકારના અન્ન અને નાગરિક પુરવઠા તેમજ ગ્રાહક બાબતોના મંત્રાલયના કાનૂની માપવિજ્ઞાન તંત્રના ડાયરેકટર બીએન દીક્ષિતે તા.૨૪-૧૦-૨૦૧૬ના રોજ દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના કાનૂની માપવિજ્ઞાન તંત્રના કંટ્રોલરને સત્તાવાર સરકારી પરિપત્ર પાઠવીને ગ્રાહકોના જાહેરહિત માટે નફાખોરી અટકાવવા કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે. કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતોના વિભાગના પરિપત્રમાં નોંધ લેવામાં આવી છે કે, એરલાઈન્સ, રેલવે સ્ટેશન, હોટલ-રેસ્ટોરન્ટ, સિનેમા હોલ વિગેરેમાં સીલબંધ પેક કરવામાં આવેલ પ્રોડકટ ફૂડ આઈટમ સહિતના ઉંચા ભાવની અને અલગ-અલગ ભાવની એમઆરપી દર્શાવી પેકેજ કોમોડીટીઝના રૂલ્સ, રેગ્યુલેશનનો ભંગ કરવામાં આવે છે. ગ્રાહકોનું શોષણ કરવામાં આવે છે. નેશનલ કન્ઝયુમર ડિસ્પ્યુટ રીડ્રેસલ કમિશન, નવી દિલ્હી તા.૧-૨-૨૦૧૬ના જજમેન્ટમાં કોઈપણ પ્રોડકટ ઉપર ડબલ એમઆરપી કાયદા સાથે સુસંગત નથી તેથી કાયદેસરની કાર્યવાહી કરવા તાકીદ કરે છે. ગ્રાહક સુરક્ષા અને પગલાં સમિતિ (અખિલ ભારતીય)ના પ્રમુખ મુકેશ પરીખે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકારનો ગ્રાહકલક્ષી સરકારી પરિપત્ર કાગળ ઉપર છે. આજે ૪ મહિના અને ૧૫ દિવસ બાદ પણ સરકારી તંત્ર અમલ કરવામાં નિષ્ફળ છે. અમદાવાદ સહિત ગુજરાત રાજ્યમાં કાનૂની માપવિજ્ઞાનતંત્રના સરકારી અધિકારીઓએ ગ્રાહકોને છેતરનારા તત્વો સામે એક પણ કેસ કર્યો નથી. આજે પણ હોટલ, રેસ્ટોરન્ટ, મલ્ટીપ્લેકસ સિનેમા થિયેટરો અને એરલાઈન્સ ઉપર પીવાના પાણીની બોટલ, ફૂડ આઈટમ વિ. પ્રોડકટ ઉપર અલગ-અલગ ઉંચા ભાવની એમઆરપીથી વેચાણ કરી ગ્રાહકોને છેતરીને ખુલ્લેઆમ નફાખોરી બેરોકટોક કરી ગ્રાહકોને લૂંટવામાં આવે છે. કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતોના મંત્રી રામવિલાસ પાસવાન, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ગ્રાહક બાબતોના મંત્રી જયેશ રાદડિયાને પત્રો પાઠવીને નફાખોરી અને અનફેર ટ્રેડ પ્રેકટિસનું દૂષણ નાબૂદ કરવા પ્રશાસન દ્વારા ઝુંબેશ ચલાવવા અને કેસો કરવા માગણી કરવામાં આવી છે એમ મુકેશ પરીખે જણાવ્યું છે.

શાળા-કોલેજોમાં રવિવાર અને સોમવાર એમ બે દિવસ રજા હોવાથી બાળકોએ શનિવારે જ ધૂળેટીની ઉજવણી કરી હતી.

હોળી-ધુળેટીની શુભકામના પાઠવતા રાજ્યપાલ-મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતના રાજ્યપાલ ઓ.પી.કોહલીએ હોળી-ધૂળેટીના પર્વે રાજ્યના સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજ્યપાલે તેમના સંદેશમાં જણાવ્યું છે કે, ઉત્સાહ અને ઉમંગથી ઉજવાતું રંગોનું આ પાવન પર્વ સમાજમાં પ્રેમ, શાંતિ અને પરસ્પર સદ્ભાવને મજબૂત બનાવશે ઉપરાંત મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ પ્રજાને શુભકામના પાઠવી છે.

દમાસ્કસમાં બેવડા બોમ્બ વિસ્ફોટમાં ૪૪ ઝાયરિનોનાં મોત

બૈરુત, તા. ૧૧

દમાસ્કસની ઓલ્ડ સિટીમાં શનિવારે બેવડા વિસ્ફોટમાં ૪૪ લોકોનાં મોત થયાં હતાં જે સીરિયાના પાટનગરમાં થયેલા ભયાવહ હુમલામાંનો એક ગણાવાય છે. એક મોનિટરિંગ ગ્રૂપે માહિતી આપતા જણાવ્યું હતું કે, બાબ અલ શાહિર વિસ્તારમાં એક માર્ગ પરથી પસાર થઈ રહેલી બસ પાસે આત્મઘાતી બોમ્બરે પોતાની જાતને ફૂંકી મારી હતી જેમાં બસમાં સવાર સીરિયામાં આવેલા રોઝાની ઝિયારત કરવા આવેલા ઝાયરિનોને ટાર્ગેટ બનાવાયા હતા. આ લોકો વિવિધ વિસ્તારોમાંથી ઝિયારત કરવા આવ્યા હતા. મોતને ભેટેલાઓમાં શિયા મુસ્લિમ અનુયાયીઓ સામેલ હતા. હુમલામાં ઘણા ઝાયરિન ઘવાયા હતા જેમાં કેટલાકની હાલત ગંભીર છે.

પાટનગરની અલમુજતહેદ હોસ્પિટલના ડાયરેક્ટર જનરલે જણાવ્યું હતું કે, આશરે ૨૮ લોકો આ વિસ્ફોટમાં મોતને ભેટ્યા હતા જ્યારે ૪૫ જેટલા ઝાયરિનો ઘવાયા હતા. એક સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં એક સાથે બે બોમ્બ પ્લાન્ટ કરાયા હતા જેમાં વધુ એક વિસ્ફોટ થતા અન્ય લોકો મોતને ભેટ્યા હતા તથા ઘણા લોકો ઘવાયા હતા. આઈએસ અને અલકાયદાના આતંકવાદીઓ દ્વારા ઈરાક તથા સીરિયામાં આવતા ઝાયરિનો પર અનાયાસે હુમલા કરવામાં આવે છે. સીરિયામાં હઝરતે ઝૈનબના રોઝાની ઝિયારત કરવા માટે દર વર્ષે લાખો ઝાયરિનો આવતા હોય છે. પરંતુ અહીં ગૃહયુદ્ધની સ્થિતિ સર્જાઈ છે ત્યારથી છેલ્લા છ વર્ષમાં ઝાયરિનોને ટાર્ગેટ કરવામાં આવે છે. જાન્યુઆરીમાં કફ સોસા વિસ્તારમાં થયેલા એક વિસ્ફોટમાં ૧૦ ઝાયરિનોના મોત થયા હતા. આ વિસ્ફોટની જવાબદારી અલ કાયદા સાથે સંકળાયેલા ફતેહ અલ શામ સંગઠને લીધી હતી.

ચોરી કરે તે પહેલા જ પ્રજાએ બે ચોરોને મેથીપાક ચખાડ્યો

અમદાવાદ, તા.૧૦

રબારી કોલોની વિસ્તારમાં આવેલ બેન્કર એસ્ટેટમાં રાત્રે ચોરી કરવા માટે આવેલા બે લોકોએ પકડી પાડીને પોલીસના હવાલે કર્યા છે. કારખાનાનું શટર ખોલીને ચોર યુવાન ચોરી કરવામાં સફળ થાય તે પહેલાં લોકોએ બન્ને યુવકોએ પકડી પાડીને માર માર્યો હતો. રામોલ પોલીસે બન્ને ચોરની વિરુદ્ધમાં ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. સીટીએમ પાસે આવેલ રાધિકાપાર્ક સોસાયટીમાં રહેતા તલસુખભાઈ ઈશ્વરભાઈ ગજજરનું રબારી કોલોની ખાતે આવેલ બેન્કર એસ્સેટમાં ગોપીનાથ એજ્જિનિયરિંગ નામના લેથ મશીનના કારખાનાનું શટર ખોલીને બે યુવકો ચોરી કરવા માટે આવ્યા હતા. જોકે અન્ય કારખાનાના માલિકો તેમજ કર્મચારીઓએ ચોરી કરવા માટે આવ્યા હોવાની જાણ થતાં બે ચોર યુવકોને પકડી પાડ્યા હતા અને તેમને માર મારીને અધમુઆ કરી દીધા હતા. સમગ્ર બનાવ અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે.

યુપીમાં ભાજપની જીતની અસર ગુજરાતમાં થશે નહીં : હાર્દિક

ગુજરાતમાં પાટીદારો ચૂંટણી સમયે જવાબ આપશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૧

ઉત્તરપ્રદેશમાં ભાજપની જીતથી ગુજરાત ભાજપ ફુલ ફોર્મમાં આવી ગઈ છે. યુપીની જીત બાદ પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, ગુજરાતમાં યુપીના પરિણામની અસર થશે નહીં. ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં ભાજપની જીત બાદ ગુજરાતની આગામી ચૂંટણીમાં ભાજપ સૌથી વધુ સીટો જીતવાની આશા સેવી રહી છે. ત્યારે યુપીના પરિણામ બાદ તેનો લાભ ખાટવા ગુજરાતમાં વહેલી ચૂંટણી એંધાણ વર્તાઈ રહ્યા છે. યુપીના પરિણામ બાદ પ્રતિક્રિયા આપતા આંદોલનકારી હાર્દિક પટેલે જણાવ્યું હતું કે રાજસ્થાનની જેમ યુપી અને દરેક રાજ્યમાં દર પાંચ વર્ષે સત્તા પરિવર્તન થવું જોઈએ. લોકશાહીમાં લોકો કોઈને પણ મત આપી શકે છે. દરેક રાજ્યમાં સત્તાની વિરૂદ્ધમાં જ પરિણામ આવે છે. દરેક રાજ્યમાં કાર્યરત સરકાર સામે લોકોમાં નારાજગી હોય છે. ગુજરાતમાં પાટીદારો ચૂંટણી સમયે તેનો જવાબ આપશે. ગુજરાતમાં યુપીના પરિણામની અસર થશે નહીં. ગુજરાતની જનતા પર કોઈનું મેજિક નહીં ચાલે. ગુજરાતની ચૂંટણીમાં પાટીદારો યોગ્ય જવાબ આપશે એમ હાર્દિક પટેલે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આપેલી ખાતરી

ગરીબ પરિવારોને રોટલો અને ઓટલો બંને મળે તેવા પ્રયાસો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના ગરીબ-મધ્યમવર્ગીય શ્રમજીવી પરિવારોને રોટલો અને ઓટલો બેય રાજ્ય સરકાર પુરો પાડવા પ્રતિબ્ધ છે તેમ જણાવ્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વિકાસની હરણફાળ ભરી રહેલા ગુજરાતમાં ઉદ્યોગ-વેપાર-રોજગાર દ્વારા રોજી-રોટી આપી છે. હવે અર્બન લેન્ડ સિલિંગ એક્ટ હેઠળ ફાજલ જમીનો રાહત દરે પુરી પાડીને ઓટલો પણ આપ્યો છે. અમે દરેક નાગરિકનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા સંકલ્પબદ્ધ છીએ તેમ પણ વિજય રૂપાણીએ ઉમેર્યું હતું. અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શહેરી જમીન ટોચ મર્યાદા હેઠળ જમીન ભોગવટાની માન્યતા આપવા માટેના કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના મહેસુલ વિભાગ દ્વારા છ મહાનગરોમાં યુએલસી અન્વયે એક કરોડ ૪૯ લાખ ચોરસ મીટર જમીન પૈકી ૩૩ લાખ ૮૦ હજાર ચોરસમીટર ઉપર રહેલા મકાનો-ઝુંપડાઓને આવાસ છત્રની સુરક્ષા પૂરે પાડવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે તેની ભૂમિકા આપી હતી. વિજય રૂપાણીએ કહ્યું કે ૨૦૨૨ સુધીમાં પ્રત્યેક નાગરિકને ઘરનું ઘર આપવાની નેમમાં ગુજરાત આ યુએલસી જમીન સનદ વિતરણથી અઢેસર રહેશે. તેમણે રાજ્યના આ વર્ષના અંદાજપત્રમાં મધ્યમવર્ગીય-ગરીબ પરિવારોને મકાન બાંધકામ માટે રૂપિયા ૪૮૪૦૦૦ની લોન સહાયની વિગતો પણ વર્ણવી હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતના શ્રમજીવી પરિવારોને આવનારા દિવસોમાં માત્ર ૧૦ રૂપિયામાં ભોજન આપીને અમે હર હાથ કો કામ કામ કા સહી દામ પણ પાર પાડીશું.

ક્રાઈમ ડાયરી

સોનાની લગડી ખરીદી છેતરપિંડી

ચિંતન કાંતિલાલ પ્રજાપતિ (રહે.પ્રેરણા બંગ્લોઝ પેટ્રોલપંપની સામે સરસપુર)એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે, જાન્યુઆરી ૨૦૧૭થી આજદિન સુધીના સમયગાળા દરમિયાન આરોપી વિવેક સુભાષભાઈ શાહ તથા તેઓના પત્ની નિયતિ વિવેક શાહ (બન્ને રહે.નંદનવન નિશાંત બંગ્લોઝ બિલેશ્વર મહાદેવ પાસે સેટેલાઈટ) એ.બી.જ્વેલર્સ નામના શોરૂમ ખાતેથી ડિપોલીન કંપનીના ડાયરેકટર હોવાનું જણાવી સોનાની ગીનીઓ કિંમત રૂપિયા ૩,૯૭,૮૦૦/- તેમજ સાહેદના ઝવેરી એન્ડ કંપનીના શોરૂમમાંથી સોનાની લગડી કિંમત રૂપિયા ૨,૪૪,૦૦૦/- મતાની ખરીદી કરી નાણાં નહીં ચૂકવી છેતરપિંડી કરી છે.

રૂા.૧૮.૫૩ લાખનો કાપડનો માલ ખરીદ્યા બાદ ઠગાઈ

હડમતસિંહ મોતિસિંગ રાજપૂત (રહે.સીગ્મા નેક્ષ્ટ, સર્વોત્તમનગર સોસાયટીની નજીક ભૂતબંગ્લા સાબરમતી)એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે, તા.૨૮-૬-૨૦૧૪થી તા.૨૮-૧૧-૨૦૧૪ સુધીના સમયગાળા દરમિયાન આરોપી જગદીશભાઈ માલી (રહે.બેંગ્લોર), કમલા ભવરલાલ ચૌધરી, ભંવરલાલ હિરાલાલ ચૌધરી (બન્ને રહે.અનુષ્કા ફેશન અનસુયા પાર્ક રક્ષકનગર ફૈઝ-૧ ગલી નં.૩ ખરડી રોડ પુના મહારાષ્ટ્ર) અને હિરાલાલ ચૌધરી (રહે.સેલવાસ મારવાડ જંકશન અજમેરી ફાટક મારવાડ જંકશન જી.પાલી રાજસ્થાન)એ કાલુપુર શ્રીરામ માર્કેટ ત્રીજો માળ દુકાન નં.૩૧૧ કુંવર ટેક્ષટાઈલ એજન્સી નામની દુકાનમાંથી કાપડનો માલ કિંમત રૂપિયા ૧૮,૫૩,૯૯૫ ઉધાર ખરીદી કરી નાણાં નહીં ચૂકવી છેતરપિંડી કરી છે.

ચાંદખેડામાં મહિલાનો દોરો તૂટયો

કુસુમબહેન નરેશભાઈ પટેલ (ઉ.વ.૪૨) (રહે.સુર્યાશં વેદશ બંગ્લોઝ પાશ્વનાથ મેટ્રોસિટીની બાજુમાં ચાંદખેડા) તા.૭-૩-૧૭ના સાંજના સુમારે ચાંદખેડા સરીતા ગ્રીન પાર્ટી પ્લોટ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ પર આવેલ બે પુરૂષે કુસુમબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરિયાદ કુસુમબહેન પટેલે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.

અજાણ્યા વાહનની ટક્કરે યુવાનનું મોત

જવાનજી ગુલાબજી ઠાકોર (રહે.વિશ્વકુંજ સોસાયટી સામે છાપરામાં વિંઝોલ રોડ વટવા) જે ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે, તા.૧૦-૩-૧૭ રાતના સુમારે વટવા રોપડા ચાર રસ્તા રીંગ રોડ નજીકથી જવાનજીનો પુત્ર સુરેશભાઈ (ઉ.વ.૨૦) સ્કુટી ચલાવી પસાર થઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહન ચાલકે સ્કુટીને ટક્કર મારતાં ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે એલ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજયું હતું.

ગાય સાથે બાઈક અથડાતા બાઈક પર સવાર યુવાનનું મોત

હિતેશભાઈ જગદીશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૩) (રહે.ચંચલબાગ સોસાયટી કંકુબા સ્કૂલની બાજુમાં વિશાલનગર ઈસનપુર) કે તા.૪-૩-૧૭ રાતના સુમારે ઘનશ્યામભાઈ રામસુખ વિશાદના મોટર સાયકલ પાછળ બેસી ઈસનપુર ભૈરવનાથ રોડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઘનશ્યામભાઈએ મોટર સાયકલ પૂરઝડપે બેદરકારીથી ચલાવતા મોટર સાયકલ ગાય સાથે અથડાતા હિતેશભાઈ ફંગોળાઈ જતાં ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર માટે હોપ ન્યુરોકેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગેની ફરિયાદ મૃત્યુ પામનાર હિતેશભાઈના ભાઈ નરેશકુમાર પ્રજાપતિએ જે ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.

કાર્યક્રમ

‘ગુજરાત ટુડે’ દ્વારા આજે મહિલાઓ માટે ‘વિચાર ગોષ્ઠી’ યોજાશે

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે ‘ગુજરાત ટુડે’ પરિવાર દ્વારા ખાસ મહિલાઓ માટે ‘મહિલાઓની સુરક્ષામાં સરકાર, સમાજ, મીડિયા અને ખુદ મહિલાઓની ભૂમિકા અંગે ચર્ચા માટેની ‘વિચાર ગોષ્ઠી’નો કાર્યક્રમ ‘ગુજરાત ટુડે’ દૈનિકના પ્રીમાઈસીસમાં ૧૨મી માર્ચે રવિવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકથી ૧:૩૦ સુધી યોજાશે. જેમાં અધ્યક્ષ પદે પ્રિન્સિપાલ સેશન્સ જજ શ્રીમતી રિઝવાના બહેન ઘોઘારી અને અતિથિ વિશેષ પદે ડો. મહેરૂન્નીશા દેસાઈ ખાસ ઉપસ્થિત રહેશે.

ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓ. બેંકને નાબાર્ડ તરફથી બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ

અમદાવાદ, તા.૧૧

રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક (નાબાર્ડ) દ્વારા સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાના ક્રેડિટ સેમિનાર ૨૦૧૭-૧૮ના યોજાયેલ સેમિનારમાં ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ.બેંકને નાબાર્ડ તરફથી બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ બેંકની કામગીરી જેવી કે રૂપે કાર્ડ, કિસાન ક્રેડિટ કાર્ડ, માઈક્રો એટીએમ, એટીએમ, પીઓએસ મશીન ઈસ્યુ કરવા, ઈન્ટરનેટ બેન્કીંગ, મોબાઈલ બેન્કીંગ, ગ્રામ્ય કક્ષાએ ફાયનાન્શીયલ લીટરેસી સેન્ટરની સ્થાપના, શેરી નાટક, ગ્રામસભા, કેલેન્ડર જેવા વિવિધ માધ્યમો મારફત નાણાંકીય સાક્ષરતાના સંદેશા પહોંચાડવા તથા કેશ ટ્રાન્ઝેકશનથી ડિજીટલ ટ્રાન્ઝેકશનતરફ લઈજવાના પ્રયત્નો સાથે ડિજીટલ બેન્કીંગના ફેલાવા માટે ડિજીટલ વાન તૈયાર કરવા તથા ભારત સરકાર દ્વારા આયોજિત ડીજી-ધન મેલામાં ભાગીદાર થવા જેવી મહત્વની યોજનાઓને કાર્યાન્વિત કરવામાં બેંક ફ્રેન્ચ કામગીરીને બિરદાવવામાં આવી હતી. બેંકને મળેલ બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ બેંકના ચેરમેન અજય પટેલ તથા સંચાલક મંડળના કુશળ નેતૃત્વ તથા બેંકમાં સમયસર ટેકનોલોજીકલ અપગ્રેડેશન અંગે દૂરંદેશીપૂર્વકના લીધેલ પગલાં તથા અન્ય કામગીરી અંગે કૃષિ મંત્રી ચીમન સાપરીયાના હસ્તે એવોર્ડ એનાયત કરાયો હતો.

ગુજરાત ટુડે

અશ્લીલતાથી દૂર, સંસ્કારોથી ભરપૂર

૧૪મીએ અંક ચાલુ રહેશે

અમદાવાદ શહેરમાં ૧૪મી મંગળવારના રોજ નીચેના સ્થળોએથી પણ ગુજરાત ટુડે દૈનિક મળી શકશે

શાહપુર
મેઝબાન હોટલની સામે, શાહપુર અડ્ડા, યુનુસભાઈ મલેક (મો.૯૩૨૭૧૭૧૭૩૭)

વી.એસ.હોસ્પિટલ
રાજુભાઈ પેપરવાળા વી.એસ.હોસ્પિટલ સામે, ૯૪૨૬૩૨૪૫૧૩ (રાતના ૧૧થી ૪)
મીલન બુક સેન્ટર : વી.એસ.હોસ્પિટલ સામે, મો.૮૫૩૦૬૮૯૦૫૦ (આખો દિવસ)

વટવા
લકી પાન પાર્લર : યોગેશભાઈ ગ્રીનચોક બસ સ્ટેન્ડ પાસે, વટવા ૯૦૧૬૬૮૩૬૯૨૭

ગાંધી રોડ
રાજેન્દ્ર ચીમનલાલ મોદી : રતનપોળ નાકા ગાંધી રોડ, રૂપકલી સાડી સેન્ટર પાસે, ૯૯૭૬૫૪૪૫૨૨

લાલ દરવાજા
ઘીરૂભાઈ મોદી (પારેખ) જાળીવાળી મસ્જિદ સામે, લાલદરવાજા
અરવિંદભાઈ વીજળી ઘર સામે, ફેશન પેલેસ પાસે, લાલ દરવાજા, ૯૯૭૮૧૧૧૭૯૫

ખાનપુર
ગુજરાત ટુડે સિટી ઓફિસ ઉસ્માની મંઝિલ, પથ્થરવાલી મસ્જિદ સામે, ખાનપુરચકલા
રફીક દુધવાલા ખાનપુર ભાજપની ઓફિસ સામે, ૭૭૭૭૯૮૯૨૦૩

આસ્ટોડિયા
શીરાજી પેપર સ્ટોલ : આસ્ટોડીયા દરવાજા રાણી સીપરી મસ્જુદની સામે, ૯૩૭૭૯૯૯૫૩૨
સહેલી પાર્લર, કાજીના ઘાબા પાસે, આસ્ટોડીયા ચકલા, જમાલપુર ૯૯૭૮૦૪૮૦૩૭

શાહઆલમ
ઝુબેરભાઈ પટેલ ગુજરાત ટુડે પ્રેસ પાસે, શાહઆલમ, ૯૮૯૯૮૭૮૪૬૬
ફિરોઝભાઈ શેખ શાહઆલમ દરવાજા, પી.એન્ડ ટી.કોલોની સામે.

મણિનગર રેલ્વે સ્ટેશન
સોલંકીભાઈ મણિનગર રેલ્વે સ્ટેશન પાસે.

જમાલપુર
કિસ્મત બુક સ્ટોલ, જમાલપુર ચાર રસ્તા ૯૧૭૩૨૮૩૮૬૫

ગોમતીપુર
રહીમચાચા કાલીદાસ મીલની સામે, રાજપુર ટોલનાકા રોડ, ગોમતીપુર

કાલુપુર
યુસુફભાઈ (અમરભાઈ ગાંધી) કાલુપુર પોલીસ સ્ટેશન સામે, એડવર્ડ વોશિંગ કંપની, મો.૯૩૭૬૭૦૦૫૬૫
કે.જી.નિઝામી બુક સ્ટોલ, ટાવર પાસે, કાલુપુર
દિપક બુક સ્ટોલ કાલુપુર દરવાજા, પોલીસ ચોકી સામે.

ત્રણ દરવાજા
વકીલ બુક ડીપો : ખાસ બજાર ત્રણ દરવાજા, અમદાવાદ મો. એયુબખાન ૯૯૭૬૫૪૪૫૨૨

વધુ માહિતી માટે સંપર્ક
રવાનગી વિભાગ ગુજરાત ટુડે દૈનિક
સંપર્ક : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧,૨૫૩૨૮૮૨૫, ૨૫૩૩૨૮૨૦

AL HAMMAD INTERNATIONAL
Umrah (via) (Advance)
NOVEMBER'17 39,786/-
DECEMBER'17 42,786/-
JAN - April'18 40,786/-
RAMZAN'18 75,000/-
15 DAYS 30
Advance Booking with Full Payment in Cash/Chq. Booking Before 31st March'2017
8097862239 / 02232986267
Dongri Chaar Null, Mumbai - 09

સના ટુરીઝમ
વેકેશન ઉમરાહ 25-04-2017 દિ.-16 62,000/- અમદાવાદથીઅમદાવાદ
વેકેશન ઉમરાહ 25-04-2017 દિ.-16 57,000/- બોમ્બેથી બોમ્બે
સના ટુરીઝમ તરફથી એહરામ,ઝમઝમ, લોન્ડ્રી ફ્રી તથા જંગેબદરની ઝિયારત પણ
અલહાજ મો. યુનુસ એ. શેખ (રમજાનીભાઈ)
9974953786, 9173116662

સિમના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
કસ્બાતીવાડ, અંકલેશ્વર-૧
ડિલક્ષ સુવિધા સાથે ઉમરાહ
રમઝાન ઉમરાહ નુ બુકીંગ શરૂ
એપ્રિલ-મે-રમઝાન ઉમરાહ
મક્કાહ હોટલ – મોના અલ અજીયાદ
મદિના હોટલ – દિયાર અલ સલામ
★★★ STAR હોટલમાં હરમ શરીફ થી ૧૦૦ મી. નાં અંતરે
અઝહરભાઈ – 98253 04642 / 02646 249455
મકબુલભાઈ – 98982 51133
www.simnatours.com

અલ અમાન મર્યાદિત સીટ
ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (અસીલ ગ્રુપ)
૨૧, રીવરવોક કોમ્પલેક્ષ આઈ.પી.મિશન સ્કૂલ સામે રાયખડ અમદાવાદ-૧
માર્ચ ઉમરાહ ૧૫-દી. 49000/- તા.૧૫, ૨૧, ૨૫, ૨૮ ઈકોનોમીક
એપ્રિલ- વેકેશન ઉમરાહ ૧૫ દી. 52000/- તા. ૫, ૧૫, ૨૦, ૨૫
મહેબુબ થરાદવાલા : ૯૯૭૮૦ ૭૫૩૦૩ ૯૯૭૯૫૬૩૩૬૫ મુંબઈથી
મક્કા હોટલ મદીના : ઝોહરત અલ ખેમા ૫૫૦ મી.મીસફલા
મદીના અલ અમોદી સીમીલર ૪૦૦ મી.સુક બંગાળી

AL HAMMAD INTERNATIONAL
Umrah (via) (Current)
MARCH 49,786/-
APRIL 55,786/-
MAY 59,786/-
RAMZAN 95,000/-
15 DAYS 30
Last Date for Booking with Full Payment in Cash / Chq. before 31st March'2017
8097862249 / 02249702993
Dongri Chaar Null, Mumbai - 09

સ્વિટ્ઝર્લેન્ડ સંસદના ઉપલા ગૃહે બુરખા પર પ્રતિબંધના બિલને નકારી કાઢ્યું

(એજન્સી) જીનીવા, તા.૧૧

સ્વિટ્ઝર્લેન્ડની સંસદના ઉપલા ગૃહે કટ્ટરવાદી પોપ્યુલિસ્ટ પાર્ટી દ્વારા કરવામાં આવેલી બુરખા (ચેહરા અને શરીરના ભાગને આવરી લેતા કપડા, જે મુસ્લિમ સ્ત્રીઓ દ્વારા પહેરવામાં આવે છે) પર પ્રતિબંધ મૂકવાની માગણી ફગાવી દીધી હતી.

રાજ્ય કાઉન્સિલના નીચલા ગૃહમાં આ બિલ મુશ્કેલીથી નવેમ્બરમાં પસાર કરવામાં આવ્યું હતું ત્યારે ગુરૂવારે ૨૬ વિરૂદ્ધ ૯ મતથી આ બિલ નકાર્યું હતું. ગયા વર્ષે ટિસિનો પ્રદેશના ઇટાલિયન સાંસદે બુરખા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી.

લોકપ્રિય સ્વિસ પીપલ્સ પાર્ટીના સાંસદ આ માટે દબાણ કરવા માટે પહેલેથી જ સહી કરવા માટેનું કેમ્પિયન ચલાવી

રહ્યા છે અને તેઓ આ મુદ્દે રાષ્ટ્રીય લોકમત મેળવવા ઈચ્છે છે. આ બિલના સમર્થકોએ કહે છે કે સુરક્ષાના કારણો માટે ચેહરો ઢાંકવા માટેની પરવાનગી આપવી જોઈએ નહીં અને બુરખો પહેરવો એ મહિલાઓના અધિકારનું ઉલ્લંઘન છે. જ્યારે આ બિલના વિરોધીઓ કહે છે કે આ નિર્ણય સાંસ્કૃતિક ક્લેશ પેદા કરી શકે છે અને સ્વિટ્ઝર્લેન્ડમાં બુરખો ભાગ્યે કોઈ પહેરે છે માત્ર અમુક મુસ્લિમ પ્રવાસીઓ જ તે પહેરે છે.

ઈઝરાયેલ અઝાનના અવાજને ડામી દઈ પેલેસ્ટીનીઓના સંઘર્ષના અસ્તિત્વને મિટાવવા માંગે છે

(એજન્સી) જેરૂસલેમ, તા.૧૧

હસ્તક્ષેપ કરાયેલા વેસ્ટબેંકના માર્ગો પર ઈઝરાયેલ દ્વારા સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા છે જેમાં જેરૂસલેમ માટે વપરાતા અરબી શબ્દ અલ-કુદની જગ્યાએ હિબ્રુ શબ્દ ઊર્શાલાયમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઈઝરાયેલી ભેદભાવ નિયમોને લીધે જેરૂસલેમની યાત્રાએ ઘણા ઓછા લોકો જઈ શકે છે. જો કે કેટલાક વેસ્ટબેંકના પેલેસ્ટીનીઓની જેમ મને પણ જેરૂસલેમ જવામાં સફળતા મળી હતી. જેરૂસલેમ જવાની ખૂબ ઓછી તક મળે છે, જેથી વિદેશ જેવું લાગે છે પરતું મારા દાદા સહેલાઈથી જેરૂસલેમ ખાતે આવી શક્તા હતા પરતું આ વાત ઈઝરાયેલી રાષ્ટ્રના નિર્માણ પહેલાની છે. ઈઝરાયેલ હવે પેલેસ્ટીની હસ્તક્ષેપ વિસ્તારોમાં લાઉડ સ્પીકર દ્વારા અપાતી અઝાનની અવાજને પણ મર્યાદિત કરવા માટે નવા કાયદા તૈયાર કરી રહ્યું છે. તેઓ અરબી પેલેસ્ટીનીઓનું જમીન સાથેનો સંબંધ તોડવા માંગે છે.

ચાલું સપ્તાહની શરૂઆતમાં ઈઝરાયેલી નેસેટે અઝાન વિરોધી બિલના પહેલા બે વાંચનને મંજૂરી આપી દીધી છે. જ્યારે ટિપ્પણકર્તાઓએ આ પ્રકારના બિલને જાતિવાદી અને ધાર્મિક સ્વતંત્રતા વિરૂદ્ધનું ગણાવ્યું છે. તેઓ પેલેસ્ટીનીઓના ઈરાદના નુકસાન પહોંચાડવા માંગે છે. તેઓએ અમને વિદ્રોહી માની તરછોડી દીધા છે. અરબીમાં કરાતી પ્રર્થાના સામે પણ તેમણે વાંધો ઊભો કર્યો છે. ઈસ્લામની શરૂઆતથી જ અઝાન આપવું એ મુસ્લિમ સંસ્કૃતિનો વિશિષ્ટભાગ છે અને અરબી લોકો જેરૂસલેમાં વર્ષોથી રહેતા હોવાથી આ પણ જેરૂસલેમનો એક હિસ્સો બની જાય છે. અઝાન મુસ્લિમ અને બિન મુસ્લિમને અલ્લાહની યાદ અપાવે છે, પ્રર્થાના-ઈબાદત કરવા બોલાવે છે.

૬૯ વર્ષ પહેલાં ઈઝરાયેલના પ્રથમ વડાપ્રધાન બેન ગુરિયને જણાવ્યું હતું કે આપણે એવા પ્રયાસો કરીશું કે પેલેસ્ટીનીઓ પાછા ન આવી શકે અને ન્યાય પ્રણાલી પણ બેવડા માપદંડથી ચાલતી રહેશે. ૫૦ ટકાથી વધુ પેલેસ્ટીનીઓ દેશ-બહાર રહી રહ્યાં છે. રોજિંદા જીવનમાં વપરાતી વસ્તુઓ મુદ્દે જ્યારે વિવાદ સર્જાય છે ત્યારે યુવાઓમાં સંઘર્ષ અને આક્રોશ વધી જાય છે. ઈઝરાયેલમાં પેલેસ્ટીની વિસ્તારોમાં ગેરકાયદેસર વસાહતો બાંધવી અને જેરૂસલેમમાં યહૂદીકરણ ફેલાવવું જ તેમનો મુખ્ય ધ્યેય અને અજન્ડા રહ્યો છે. ૧૯૬૯માં ઈઝરાયેલના વડાપ્રધાન ગોલ્ડા મેરે જણાવ્યું કે પેલેસ્ટીનીઓ જેવું કઈ જ હતું નહિ. તેઓ પેલેસ્ટીની મુદ્દે કઈપણ વાત કરી ન હતી.

મસ્જિદમાં લાઉડ-સ્પીકર દ્વારા અપાતી અઝાનના અવાજને ડામવું ઈઝરાયેલમાંથી પેલેસ્ટીની અસ્તિત્વને હાંકવાનો પ્રયાસ છે. તેમનો પોતાના જ દેશમાં અતિથિ બનાવી દેવામાં આવે છે.

આ પ્રકારના કાયદા અને વાસહતીકરણના પાછળનું મૂળ કરાણ આપવામાં આવતું નથી. બિલમાં પ્રાર્થના દરમ્યાન અવાજને મર્યાદિત કરવાનું સૂચવામાં આવ્યું નથી પરતું માત્ર અઝાનના અવાજને જ મર્યાદિત કરવા માટે આ ષડયંત્ર રચવામાં આવ્યું છે. મોટી યોગેવ નામના કાયદાકીય ધારાસભ્યે જણાવ્યું કે ઈઝરાયેલી નાગરિકોને ઉંઘમાં ખલેલ ન પહોંચે તે માટે આ પ્રકારનો બિલ રજૂ કરવામાં આવ્યું છે. મુસ્લિમોની અઝાન ઈઝરાયેલી લોકો માટે સમસ્યા બને છે જ્યારે દર સપ્તાહે યહુદી માર્ગો પર શાબાતની અવાજ આવે છે પરંતુ તેના વિશે કોઈને તકલીફ નથી. આ બિલ યહુદી તહેવારોમાં વપરાતી સાઈરન માટે પણ લાગુ થવાની માગણી કરવામાં આવશે એટલે આરોગ્ય મંત્રી યોકોવ લિટઝમેને બિલના ડ્રાફ્ટને બ્લોક કરી દીધો હતો. ત્યારબાદ બિલના ડ્રાફટમાં સમયમાં ફેરફાર કરવામાં આવ્યો અને રાતના ૧૧થી સવારના ૭ વાગ્યા સુધી કાયદો અમલી રહેશે તેઓ ઉલ્લેખ કર્યો હતો.

ઈઝરાયેલ દ્વારા એવું પણ દાવો કરવામાં આવ્યું છે કે પેલેસ્ટીની લોકો તેમના બાળકને નફરત શીખવે છે, જે ઈઝરાયેલી અધિકારો વિરૂદ્ધ છે. આ બિલ દ્વારા ઈઝરાયેલ પેલેસ્ટીની લોકોની તામામ નિશાનીઓ ભૂસી નાખવા માંગે છે. આ બિલમાં ઈઝરાયેલ તરફ કુણું વલણ દાખવે છે જ્યારે બધી જ મર્યાદા પેલેસ્ટીની મુસ્લિમો માટે છે. આ બિલ મતભેદને પ્રોત્સાહન આપે છે. આંતરરાષ્ટ્રીય સમુદાય પણ આ પ્રકારની અન્યયાભરી પ્રથા સહન કરી રહ્યું છે. ઈઝરાયેલમાં પેલેસ્ટીનીઓનો અવાજ ડામી દેવામાં આવે છે.

સોમાલિયામાં વધતા ભૂખમરા મુદ્દે OICએ ચિંતા વ્યક્ત કરી



(એજન્સી) જિદ્દાહ, તા.૧૧

સોમાલિયામાં ભૂખમરીને લીધે વધતા મૃત્યુઆંક મુદ્દે ઈસ્લામિક કોર્પોરેશનના મહાસચિવે ચિંતા વ્યક્ત કરી હતી. OICના અહેવાલ પ્રમાણે સોમાલિયામાં ભૂખમરીના એંધાણ દેખાઈ રહ્યાં છે. અફ્રિકાના હોર્ન ગણાતા દેશોમાં ઓછો વરસાદ અને દુષ્કાળ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. સંસ્થાએ જણાવ્યું કે અફ્રિકાના હોર્ન ગણાતા દેશોમાં ૧૭ મિલિયન લોકોના જીવ પર સંકટ તોળાઈ રહ્યું છે. ચાલુ વર્ષે જિબુટી, ઈથોપિયા, કેન્યા, સોમાલિયા, સુદાન સહિત રાષ્ટ્રોમાં પણ ભૂખમરી ફેલાવવાનો ભય પ્રસરી ગયું છે. સોમાલિયાની લગભગ અડધી આબાદી એટલે કે ૬ મિલિયન લોકોને તાત્કાલીક યુદ્ધના ધોરણે માનવતાવાદી મદદની જરૂર છે. સોમાલિયાના વડાપ્રધાન હસન અલીએ ૪થી માર્ચના રોજ નિવેદનામાં જણાવ્યું હતું કે પાછલા બે દિવસમાં કોલેરા અને ભૂખમરીને લીધે આશરે ૧૧૦ લોકો માર્યા ગયા છે. ગત મહિને આશરે ૫૦ હજારથી વધુ લોકોએ વિવિધ ગામોમાંથી રાજધાની મેગાદીશું તરફ હિજરત કરી હતી.

OICના મહાસચિવે વધુમાં જણાવ્યું કે સોમાલિયાની પરિસ્થિતિને જોતા એવું લાગે છે કે તેને તાત્કાલીક આંતરરાષ્ટ્રીય મદદની જરૂર છે. સોમાલિયમાં ૨૦૧૦ અને ૨૦૧૨માં ભૂખમરીનો સામનો કરી ચુંક્યુ છે, જેમાં આશરે ૨.૬૦ લાખ લોકો માર્યા ગયા હતા. માનવતાના આધારે ધીમી ધારે કરવામાં આવતી મદદ મોટા જાનહાનિના નુકસાનને નોતરી શકે છે.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે જણાવ્યું કે માર્ચના અંત સુધીમાં UNની એજન્સીઓને ૪.૪ બિલિયન ડોલરની આર્થિક મદદની જરૂર છે. સોમાલિયા, નાઈજિરિયા, દક્ષિણ સુદાન, અને યમનમાં ૧.૪ મિલિયન બાળકો પર મૃત્યુનો ભય સર્જાઈ રહ્યું છે. આ રાષ્ટ્રોમાં આશરે ૨૦ મિલિયન લોકોને ભૂખમરીને લીધે ગંભીર અસર થઈ હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે.

અલ્જીરિયાના માનવ અધિકાર કાઉન્સિલે ફાફા બેનઝોરૌકીને પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે ચૂંટયાં

(એજન્સી) અલ્જેરિયા, તા.૧૧

અલ્જેરિયાની માનવ અધિકાર સુપ્રીમ કાઉન્સિલ સંસ્થાએ સૌ-પ્રથમવાર મહિલા અધ્યક્ષની પંસદગી કર્યા હોવાની વિગતો સામે આવી છે. ગત વર્ષે બંધારણીય સુધારા બાદ રાષ્ટ્રના માનવ અધિકારોનું રેકોર્ડ રાખતી સંસ્થા માટે મહિલા અધ્યક્ષા તરીકે ફાફા બેનઝોરૌકીની પંસદગી કાઉન્સિલ દ્વારા કરવામાં આવી હતી.

અલ્જેરિયાના સ્થાનિક રેડિયો પ્રમાણે જજ ફાફા બેનઝોરૌકીને માનવ અધિકાર સુપ્રીમ કાઉન્સિલની અધ્યક્ષ તરીકે ગુરૂવારે પંસદ કરવામાં આવ્યા હતા. ૩૮ સભ્યો દ્વારા તેમને ચૂંટવામાં આવ્યા હતા. માનવ અધિકાર કાઉન્સિલ એક સ્વતંત્ર સંસ્થા છે. કાઉન્સિલનું કાર્ય માનવ અધિકારોનું ઉલ્લંઘન ન થાય તેની તપાસ કરવાનું છે. અલ્જેરિયાની સંસદભવન અને અધ્યક્ષદ્વારા તેમની નિમણૂંક કરવામાં આવે છે. દર વર્ષે તેમની તપાસ પ્રમાણે કાઉન્સિલ અહેવાલ રજૂ કરે છે જે અધ્યક્ષ અને સરકારને સોંપવામાં આવે છે. કાઉન્સિલને શરૂઆતમાં માનવ અધિકાર મુદ્દે રાષ્ટ્રપતિને સલાહ આપતી સંસ્થાને મદદ કરવા માટે બનાવવા આવી હતી. રાષ્ટ્રપતિને સલાહ આપવાનું કાર્ય કરતી સંસ્થા પણ દર વર્ષે પોતાના તપાસ અંગે અહેવાલ રજૂ કરે છે. જો કે ન્યાયિક સત્તાધીશોને માનવ અધિકારના ઉલ્લંઘન અંગે જાણ કરવાની સતા તેમની પાસે નથી. અલ્જેરિયા કોર્ટની અધ્યક્ષ નિમણૂક કરાયા પહેલા ૧૯૭૫માં તેમણે પશ્ચિમી અલ્જેરિયામાં કારર્કિદીની શરૂઆત કરી હતી. ૨૦૧૦માં તેમને અલ્જેરિયાની વહીવટી કોર્ટની પ્રથમ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેના માત્ર ચાર વર્ષે બાદ કૈરો સ્થિત અરબ લીગ વહીવટી કોર્ટના સભ્ય બનાવવામાં આવ્યા હતા.

જેલમાં ભૂખ-હડતાલ સમેટ્યાના પગલે અલ-કિકને ૧૪મી માર્ચે મુક્ત કરાશે

(એજન્સી) અલ-ખલીલ, તા.૧૧

અલ-ખલીલના દૌરા ખાતેથી ઈઝરાયેલી હસ્તક્ષેપ દળે કારણ વગર પેલેસ્ટીની પત્રકાર મોહમ્મદ અલ-કિકની અટકાયત કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર ઈઝરાયેલી દળે અલ-કિકની અટકાયત કર્યા બાદ તેમણે ભૂખ-હડતાલ શરૂ કરી દીધી હતી, જો કે પેલેસ્ટીની કેદી સર્વિસ સાથે થયેલા વાટાઘાટા બાદ શુક્રવારે તેમણે ભૂખ-હડતાલ આટોપી હતી એમ તેમની પત્નીએ મીડિયાને જણાવ્યું હતું

૧૪મી માર્ચના રોજ છોડી મૂકવાની શરત સાથે મોહમ્મદે ૩૩ દિવસની ભૂખ-હડતાલને ત્યજી દીધી હતી. છઠ્ઠી ફેબ્રુઆરીના રોજ ઈઝરાયેલી દળે કોઈપણ કારણ વગર મોહમ્મદ અલ-કિકની અટકાયત કરી હતી જ્યારબાદ ૩૪ વર્ષીય અલ-કિકે ભૂખ-હડતાલ પાડી હતી.

અગાઉ પણ જેલ વહીવટીતંત્રમાં ૯૪ દિવસ સુધી ભૂખ-હડતાલરાખવા બદલ મેં ૨૦૧૬માં તેમને છોડી મૂકવામાં આવ્યા હતા, જો કે ૧૫મી જાન્યુઆરીના રોજ રામલ્લાહના બૈત અલ મિલિટરી ચેક પોઈન્ટ પાસે તેમની ફરીવાર અટકાયત કરવામાં આવી હતી. ગુપ્ત પુરાવવાના નામે ઈઝરાયેલી અટકાયતી દળ કોઈપણ કારણ વગર પેલેસ્ટીનીઓની ૬ મહિના સુધી અટકાયત કરે છે. ઘણીવાર ૬ મહિનાથી પણ વધારે સમય ગાળવો પળે છે. ઈઝરાયેલી કોર્ટ પણ ઘણીવાર સજા લંબાવે છે.

જાહેર નોટીસનો જવાબ તથા નોટીસ

આથી અમો એડવોકેટ બી.જે. ગોહેલ તે અમારા અસીલ હોટલ રોયલ હાઈનેસને શ્રી જહાંગીર એમ. ખાનનાએ ગુજરાત ટુડેમાં તા. ૨૮-૨-૨૦૧૭ના રોજ જાહેર નોટીસ આપેલી તેનો અમારા અસીલની સુચનાથી જવાબ આપી નીચે મુજબ જણાવીએ છીએ કે,

(૧) જહાંગીર એમ. ખાનની જાહેર નોટીસ તદ્દન ખોટી છે અને તેમાં જણાવેલી તમામ હકીકતો જાણીબુઝીને અમારા અસીલની બદનામી થાય અને અગર તો તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચે તેવા એકમાત્ર બદઆશયથી આપવામાં આવેલી છે. શ્રી જહાંગીરખાનનો અમારા અસીલની માલીકીની મિલકતમાં કોઈપણ પ્રકારનો કોઈ લાગભાગ, હક્ક હિસ્સો કે કબ્જો ક્યારેય નહોતો કે નથી તેથી તેઓએ તેમની નોટીસમાં હોટલ રોયલ હાઈનેસના સંયુક્ત કબ્જેદાર તે રીતે તેમને વર્ણવેલા છે. તે તદ્દન ખોટુ છે તેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

(૨) સદર નોટીસમાં હોટલ સ્વીટડ્રીમ, ઝવેર ચેમ્બર્સ, કોઠી મહોલ્લા, લાલદરવાજા, અમદાવાદનાની હોટલ તેમની માલિકીની હતી તેવું જણાવેલ છે તે તદ્દન ખોટી હકીકત છે સદર સ્વીટડ્રીમ હોટલની માલિકી ક્યારેય જહાંગીર ખાનની ન હતી. હોટલ હાઈનેસના કોઈપણ ડીરેક્ટરોએ શ્રી જહાંગીર ખાનની માલિકીની મિલકતમાં કંપનીની ઓફીસ તરીકેનો ઉપયોગ કરેલો નહોતો કે નથી. હકીકતમાં સદર હોટલ સ્વીટડ્રીમની માલિકી કે. વી. મોમીનની હતી અમારા અસીલે શ્રી જહાંગીર ખાનને ક્યારેય ભાડુ આપેલુ નહતું કે નથી. તેમજ શહેર અમદાવાદના શાહપુર-૨ વોર્ડના સીટી સર્વે નં. ૩૨૯૧/પી + ૩૨૯૨ + ૩૨૯૩ પૈકીની મિલકત અમારા અસીલોએ તેના માલિકો પાસેથી તા. ૨-૧૦-૧૯૯૩ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. સર્વે નં. ૩૨૯૨/બીના નંબરથી કોઈ મિલકત નથી. સદર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદના મે. સબરજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુક્રમ નં.૯૬૧થી તા. ૩૦-૪-૧૯૯૪ના રોજ રજીસ્ટર્ડ થયેલ છે અને ત્યારથી સદર મિલકતના માલિક અમારા અસીલ થયેલા છે તેથી સદર રોયલ હાઈનેસ નામની હોટલ કે જેની માલિકી હાઈનેસ હોટલ્સ પ્રા.લી.ની છે તે કંપનીમાં કે તેની માલિકીની હોટલમાં જહાંગીર ખાનનો કે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો કે કબજો નહતો કે નથી. હોટલ સ્વીટડ્રીમની માલિકી શ્રી જહાંગીર ખાનની છે કે નહીં તે અંગે અમારા અસીલને કોઈ જાણ માહીતી નથી તેથી તેનો કોઈ જવાબ આપતા નથી.

અમો વધુમાં જણાવીએ છીએ કે, અમારા અસીલની માલીકીની હાઈનેસ હોટલ પ્રા.લી. અંગે શ્રી કે. વી. મોમીને જહાંગીર ખાનને કોઈ રજીસ્ટર્ડ દસ્તાવેજ સને ૨૦૦૭ની સાલમાં કરી આપ્યાનું ખરૂ નથી. અને અમારા અસીલને કબુલ નથી વળી તેવા કહેવાતો વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો ત્યારે હાઈનેસ હોટલ પ્રા.લી.ના ડીરેક્ટર કાસમઅલી મેમનજી, વલીભાઈ મેમનજી, હસનઅલી રાજે માકનોજીયા, બરકતઅલી વલીભાઈ મોમીન, સદરૂદીન કાસમઅલી મેમનજીની જાણ અને સંમતિથી હાઈનેસ હોટલ પ્રા.લી. ના હીસ્સેદાર ડીરેક્ટર હસનઅલી રાજે માકનોજીયાના સગાભાઈ અલીમહંમદ રાજે માકનોજીયા તથા તેમના ભત્રીજા હુસેન અલીમોહંમદ માકનોજીયા તથા તેમના ભાભી શ્રીમતી કુલસુમબેન માકનોજીયાએ હોટલ રોયલ હાઈનેસના ધંધામાં તથા હાઈનેસ પ્રા.લિ.ની કંપનીમાં તેમના પોતાના હક્કો શહેરોમાં, જહાંગીર ખાનને સરતોને આધિન ૨૨.૫ ટકાના હક્કો ઉપરાંત ડીરેક્ટરો હાઈનેસ હોટલ પ્રા.લી.ના કર્તા હર્તા શેર હોલ્ડરની મોજુદગીમાં સરતોને આધિન ભાગેદારીમાં જહાંગીર ખાનને વેચાણ આપવાનું નક્કી કરી તેમની પાસેથી જંગી રકમો સ્વીકારી કરારો કરી આપેલ તેવી તમામ હકીકતો ખોટી છે અને અમારા અસીલને કબુલ નથી. આવા કોઈ વ્યવહારો અમારા અસીલ કંપની સાથે જાહેર નોટીસમાં જણાવેલ વ્યક્તિઓની હાજરીમાં કે ક્યારેય થયેલા નથી કે અમારા અસીલને શ્રી જહાંગીર ખાને ક્યારેય કોઈ રકમ આપેલ નથી. તેમજ તેમને ૨૨.૫ ટકાના હક્કો આપવાનું પણ ક્યારેય નક્કી કરેલું નહતું કે નથી. જહાંગીર ખાનના આવા કહેવાતા હક્કો સંબંધી અમદાવાદ સીટી સીવીલ કોર્ટમાં દાવાઓ ચાલે છે અને તે હાલ પેન્ડીંગ છે તેમ છતાં તેઓએ જાહેર જનતાને ગેરમાર્ગે દોરવાના આશયથી તથા અમારા અસીલની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના બદઆશયથી તદ્દન ખોટી જાહેર નોટીસ ખોટી હકીકતો જણાવીને આપેલી છે.

અલીમોહંમદ રાજે માકનોજીયા વિગેરેનાઓએ કોઈ કરાર જહાંગીર ખાન સાથે ક્યારેય કરેલો નહોતો કે નથી કે શ્રી જહાંગીર ખાનનો કહેવાતો ૨૨.૫ ટકાનો હિસ્સો હોટલ રોયલ હાઈનેસના નામથી ઓળખાતી મિલકતના તેઓને કબ્જેદાર તરીકે ક્યારેય કબુલ કરેલા ન હતા કે નથી કે સદર અમારી માલિકીના ધંધામાં શ્રી જહાંગીર ખાને ક્યારેય કોઈ ભાગ લીધેલો નથી કે વહીવટ કરેલો નથી ઉપર જણાવ્યુ તેમ શ્રી જહાંગીર ખાન સાથે કોઈ કરાર થયેલો નહી હોવાથી કરાર અંગેનો સવાલ ઉપસ્થિત થતો નથી. તા. ૧૯-૯-૨૦૦૭ની નોટીસ તદ્દન ખોટી અને ગેરકાયદેસરની હતી અને છે તેથી તેવી નોટીસનો અમલ કરવાનો ક્યારેય સવાલ ઉપસ્થિત થતો નહોતો કે નથી. સદર જાહેર નોટીસમાં અમદાવાદ સીટી સીવીલ કોર્ટમાં તેઓએ દિ.મુ.નં. ૨૮૮/૦૯ નો કરેલો પરંતુ તેમાં તેઓએ જે મનાઈ અરજી આપેલી. પરંતુ તેવી મનાઈ અરજીમાં નામદાર કોર્ટે કોઈ હુકમ કરેલો નથી. કે અમારા અસીલો સામે કે હોટલ હાઈનેસ પ્રા.લી., સામે કોઈ મનાઈ હુકમ નથી. સદર નોટીસમાં બીજા એક દાવા નંબર : ૧૩૨૪/૧૬નો ઉલ્લેખ કરેલ છે પરંતુ આવો કોઈ દાવો કોર્ટમાં પેન્ડીંગ નથી પરંતુ તેઓએ સદર જાહેર નોટીસમાં સુધારો કરતી નોટીસ આપી જણાવેલ કે, દિ.મુ.નં. ૧૩૨૪/૦૯નો કરેલો છે તે દાવામાં મનાઈ હુકમની સુનાવણી થઈ ગયેલી છે. અને તેમાં પણ તેમની મનાઈ અરજી રદ થયેલી છે. વળી નોટીસમાં તેઓએ તેમના કહેવાતા હિસ્સા અંગે ફોજદારી કોર્ટમાં કાર્યવાહી કરેલ છે તેમ જણાવેલ છે પરંતુ તેમની તેવી ફોજદારી કાર્યવાહી પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે રદ કરેલી છે આ તમામ હકીકતો જહાંગીર ખાન જાણતા હોવા છતાં જાણીબુઝીને તદ્દન ખોટી નોટીસ આપેલી છે.

(૩) શ્રી જહાંગીર ખાનનો અમારા અસીલની માલિકીની મિલકતમાં કે કંપનીમાં ક્યારેય કોઈ હક્ક કે અધિકાર, કબ્જો ભોગવટો નહોતો કે નથી તેમ છતાં અમારા અસીલને હેરાન કરવાના અને ખોટા ખર્ચના ખાડામાં ઉતારવાના બદઆશયથી ખોટી હકીકતો જણાવી એક જ દાવાવાળી વિષય વસ્તુ અંગે તેઓએ અમદાવાદ સીટી સીવીલ કોર્ટમાં દિ.મુ.નં. ૨૪૮૫/૦૭નો કરેલ અને તેમાં તેઓએ મનાઈ હુકમની માંગણી કરેલી તેમની તેવી મનાઈ અરજી પણ નામદાર કોર્ટે કોઈ મનાઈ હુકમ આપેલ નથી. સદર જાહેર નોટીસમાં નામદાર કોર્ટના કમીશ્નર અંગેની જે હકીકત જણાવેલી છે તે નામદાર સીટી સીવીલ કોર્ટમાં સબ-જ્યુડીસ છે તેથી તેનો કોઈ જવાબ આપતા નથી. અમારા અસીલના એડવોકેટશ્રીએ નામદાર કોર્ટ સાથે ક્યારેય કોઈ ફ્રોડ કે વિશ્વાસઘાત કરેલો નહોતો કે નથી અને તેથી તેમની તેવી ખોટી નોટીસનો જવાબ એડવોકેટ ખાતા આપવામાં આવેલો છે. આમ શ્રી જહાંગીર ખાને જાણીબુઝીને ખોટી હકીકત જણાવેલી છે. અમારા અસીલ તેમની માલીકીની મિલકત અંગે કાયદેસરની કાર્યવાહી કરી તેના ડીરેક્ટરશ્રી સદરૂદીન કાસમઅલી મેમનજીએ લોન લીધેલી છે અને તે અંગે જહાંગીર ખાનની ક્યારેય કોઈ પરવાનગી લેવાની કે સંમતિ લેવાની જરૂર નહતી કે નથી અમદાવાદ સીટી સીવીલ કોર્ટમાં દિ.મુ.નં.૧૩૨૮/૧૩નો સદરૂદીન કાસમઅલી મેમનજી સામે કરેલો હોવાનું અમારા અસીલને જાણ નથી. આવા કોઈ દાવાનો સમન્સ આજદિન સુધી અમારા અસીલને કે કાસમઅલીને મળેલો નથી. જહાંગીર ખાને મિલકત ઉપર લોન લેવા અંગે જે કહેવાતી નોટીસ આપેલી તે નોટીસ તદ્દન ખોટી અને ગેરકાયદેસરની હોવાથી તેમજ અમારા અસીલની મીલકતમાં તેમનો કોઈ લાગભાગ, હક્ક હિસ્સો કે કબજો નહી હોવાથી તેવી નોટીસનો જવાબ નહી આપવાની અમોને સલાહ મળતા તેવી ખોટી નોટીસનો અમોએ કોઈ જવાબ આપેલો નથી શ્રી જહાંગીર ખાનને તેમની નોટીસમાં દિ.મુ.નં. ૧૩૨૮/૧૩ના અન્ય પક્ષકારો દાવામાં જણાવેલ સરનામે રહેતા હોવા છતાં સમન્સ કે નોટીસો લેતા નથી તેવું જણાવેલ છે પરંતુ ઉપર જણાવ્યું તેમ આવો કોઈ દાવો અમારા અસીલ કે કોઈની સામે થયેલો નથી તેમજ ક્યા પક્ષકારોને સમન્સ બજતા નથી તે હકીકત પણ તેઓએ જણાવેલી નથી અને તે રીતે તેઓએ તદ્દન ખોટી અને વેગ હકીકત જણાવેલી છે નામદાર કોર્ટે સમન્સ દૈનિક પેપરમાં જાહેર સમન્સથી પ્રસિદ્ધ કરવાનો હુકમ કર્યા અંગેની હકીકત અમારા અસીલને જાણ નથી. આજદિન સુધીમાં અમારા જાણ પ્રમાણે દિ.મું.નંબર ૧૩૨૮/૧૩ના દાવા અંગે કોઈ જાહેર સમન્સ પ્રસિદ્ધ થયા અંગેની માહીતી નથી.

(૪) વધુમાં શ્રી જહાંગીર ખાને અમદાવાદના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા. ૧૪-૨-૨૦૧૩ના રોજ અનુક્રમ નંબર : ૯૩૩ અને અનુક્રમ નં. ૯૩૪થી સદર કહેવાતા દાવા અંગે લીસપેન્ડન્સી નોંધાવ્યાનું ખરૂ નથી. અને અમારા અસીલને કબુલ નથી. આવી કોઈ લીસપેન્ડન્સીની નોટીસ અમદાવાદના મે. સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં રજીસ્ટર્ડ થયેલ નથી. પરંતુ અમારા અસીલના જાણ પ્રમાણે તે નોંધો રદ કરવામાં આવેલી છે શ્રી જહાંગીર ખાન ક્યારેય હાઈનેસ હોટલ પ્રા.લી.ની શેર હોલ્ડરની મીટીંગમાં હાજર રહેતા નથી તેમજ તેઓ અમારા અસીલની માલિકીની કંપનીમાં શેર હોલ્ડર નહી હોવાથી તેઓને હાજર રહેવાનો કોઈ હક્ક કે અધિકાર ક્યારેય નહોતો કે નથી તેથી તા. ૩૦-૯-૨૦૧૬ના રોજની એ.જી.એમ. મીટીંગમાં તેઓ હાજર રહ્યાનું તદ્દન ખોટું છે અને અમારા અસીલને કબુલ નથી. કંપની લૉ પ્રમાણે કંપનીના વાર્ષિક બેલેન્સીટ રજુ કરવાના હોય છે તે મુજબ અમારા અસીલે તે કંપની રજીસ્ટ્રારની ઓફીસમાં રજુ કરેલ છે અને તેને કારણે જહાંગીર ખાનનો અમારી કંપનીમાં કોઈ લાગભાગ, હક્ક હિસ્સો કે કબજો છે તેવું પ્રસ્થાપિત થતું નથી આમ શ્રી જહાંગીર ખાનની નોટીસનો યોગ્ય અને ખરો જવાબ છે શ્રી જહાંગીર ખાનને અમારા અસીલની મિલકતમાં કોઈ હક્ક કે અધિકાર ક્યારેય નહોતો કે નથી તેમ છતાં શ્રી જહાંગીર ખાન તેમની જાહેર નોટીસમાં જણાવ્યા પ્રમાણે અમારા અસીલ સામે કોઈપણ કાર્યવાહી કરશે તો તેનો બચાવ તેમના ખર્ચે અને જોખમે કરવામાં આવશે તેની જાહેર જનતાએ નોંધ લેવી.

(૫) વધુમાં જણાવવાનું કે, અમારા અસીલ કંપની તેમની મિલકતના માલીક છે અને તેઓને તેનો દિલ ચાહે તેમ ઉપયોગ કરવાનો કાયદેસરનો હક્ક છે શ્રી જહાંગીર ખાને અમારા અસીલની પ્રતિષ્ઠા અને શાખને નુકસાન પહોંચાડવાના બદઆશયથી તદ્દન ખોટી નોટીસ આપેલી છે તેથી આ જાહેર નોટીસ ખાતા શ્રી જહાંગીર ખાનને જણાવવામાં આવે છે કે તેઓએ અમારા અસીલની માફી માંગી તેમની જાહેર નોટીસ પરત ખેંચતી છાપામાં જાહેર નોટીસ દિન-૭માં આપવી જો તેમ કરવામાં તેઓ કસુર કરશે તો અમારા અસીલ તેમની સામે ફોજદારી તેમજ દિવાની રાહે કાર્યવાહી કરશે અને તેથી થતા તમામ ખર્ચાની તથા પરિણામની જવાબદારી તેમની રહેશે તેની નોંધ લેવી.

સ્થળ : અમદાવાદ તા. ૧૧-૩-૨૦૧૭

બલદેવરાજ જે. ગોહેલ - એડવોકેટ, ઠેકાણું હાંસી-૧-એ, વિશ્વનગર સોસાયટી, વિશ્વકર્મા સોસાયટી પાસે, જુવરાજ પાર્ક, અમદાવાદ.
મારી સુચનાથી : હોટલ રોયલ હાઈનેસના ડીરેક્ટર હસનઅલી રાજે માકનોજીયા

ભારતના દરેક મુસલમાન પૂરી ઉગ્રતાથી તારિક ફતેહ જેવા લોકોનો વિરોધ કરે છે

હું મારી વાત શરૂ કરતાં પહેલાં તે લોકોથી મારી અસહમતી નોંધાવવા માંગું છું. જેણે તારિક ફતેહ અને ઝી ટીવીના માલિક સુભાષચંદ્રા વિરૂદ્ધ હિંસાત્મક વલણ પ્રગટ કર્યું અને તેઓને જાનથી મારી નાખવા તથા ગરદન કાપવાની ધમકી આપી. આ વલણ ઈસ્લામ, માનવતા તથા લોકશાહીના મૂલ્યોનું વિરોધી છે. આપણે પ્રમાણનો જવાબ પ્રમાણથી આપવો જોઈએ, ના કે ગાળો, ઘૃણા તેમજ અપશબ્દોથી.

તારિક ફતેહના વિચારો તથા રોલ પર પછી વાત કરીશું. સર્વપ્રથમ આ વાત સ્પષ્ટ કરી દેવા માંગું છું કે આપણે મુસલમાનોએ ધીરજ અને સંયમની સાથે આપણા ટીકાકારોની વાત સાંભળવાની આદત પાડવી જોઈએ અને બધાને એક જ લાકડીથી ના હાંકવા જોઈએ. આ વાત એટલે કહેવાની જરૂરત પડી કે હમણાં આ અઠવાડિયે આપણા કેટલાક નાસમજ મિત્રોએ ના તો સુભાષચંદ્રા બલ્કે દિગ્વિજય સિંહ સુધીનાને ઈસ્લામ અને મુસલમાન વિરોધી બનાવી દીધા છે. મારો કહેવાનો ઉદ્દેશ્ય એ કદાપિ નથી કે તમે દરેક વ્યક્તિની વાતોથી સહમત થાવ પરંતુ આનો અર્થ એ પણ ના હોવો જોઈએ કે જે લોકો આપણા રાષ્ટ્રીય જીવન સેક્યુલરાઈઝમ, લોકશાહી અને ન્યાય પસંદીમાં વિશ્વાસ રાખે છે. તેમના કોઈ એક કાર્ય અથવા વાતનો લઈને આપણે આપણને મિજાજ ના ગુમાવવો જોઈએ, નહીં તો કોઈ બીજા આપણા સાથ કેમ આપશે ? આ વાત

આ વાત આટલી સ્પષ્ટતા તથા દુઃખી હૃદયથી એટલે કહેવાની જરૂરત પડી કે જો આપણે એક વિશેષ વિચારધારા રાખનારાઓને આપણા સંગી કે સાથી નથી બનાવી શકતા તો ઓછામાં ઓછું જે સેક્યુલર વિચારધારા રાખનારા લોકો છે. તેમને આ વાત પર વિવશ ના કરવામાં આવે કે તે વિરોધીઓની લાઈનમાં જઈ ને ઊભા હોય.

એટલે કહી રહ્યો છું કે મુસલમાનોની સમસ્યાઓ તેમજ પરેશાનીઓને લઈને દેશવાસીઓની એક મોટી સંખ્યા હંમેશા સજાગ રહે છે. આ જ તે વલણ છે કે જે દેશની વિશેષતાને ઉજાગર કરે છે.

આપણે આપણાથી ભિન્ન વિચાર રાખનારાઓ અથવા કુધારણાના ભોગ લોકો, સંસ્થાઓ અને વર્ગોથી વાતચીતના દ્વારા ખુલ્લા રાખવા જોઈએ, કેમ કે આ યુગ લડાઈ-ઝઘડા તેમજ ટકરાવનો નથી, બલ્કે વાતચીતનો છે. મને દુઃખ છે કે થોડાક દિવસો પહેલાં આપણે બધાએ શકાતી નથી. મુસલમાનોને પણ ન્યાય અપાવવા માટે તેમણે ઘણાં કાર્ય કર્યા છે, એટલે તેમની કોઈ અપ્રિય વિચારધારાના કારણે તેમના બધા યોગદાનને સંપૂર્ણ રીતે ઈન્કાર કરી દેવો યોગ્ય નથી. આ પ્રકારે હું સુભાષ ચંદ્રાને પણ મુસલમાનો તથા ઈસ્લામ વિરોધી ઘોષિત કરવાના પક્ષમાં નથી. તેમણે મીડિયા અને પત્રકારિતાના ક્ષેત્રમાં જે કાર્ય કર્યા છે તેનાથી તેમણે ઝી મીડિયામાં, ઝી સલામ જેવી ચેનલ લોંચ કરી, જેના દ્વારા મુસલમાનોની સામસ્યાઓને સામે ભારતીય સમાજ અને પત્રકારિતાના મહાન નાયક કુલદીપ નાયરની સાથે પણ આ જ વલણ અપનાવ્યું હતું. જયાં દિગ્વિજયસિંહની વાત છે. તો તમે તેમના કેટલાક વિચારો સાથે સહમત ના હોવ, પરંતુ તેમણે આ દેશની પ્રગતિ તથા ઉત્થાન અને સામાજિક ન્યાય માટે એટલી લડાઈ લડી છે કે જેની કોઈ પણ ઉપેક્ષા કરી લાવવાની સાથે સાથે લોકોને ઈસ્લામી શિક્ષણથી માહિતગાર કરાવવાનું કાર્ય પણ કરી રહ્યા છે.

ચર્ચાની એરણે

- પ્રો. અખ્તરૂલ વાસે

આ વાત આટલી સ્પષ્ટતા તથા દુઃખી હૃદયથી એટલે કહેવાની જરૂરત પડી કે જો આપણે એક વિશેષ વિચારધારા રાખનારાઓને આપણા સંગી કે સાથી નથી બનાવી શકતા તો ઓછામાં ઓછું જે સેક્યુલર વિચારધારા રાખનારા લોકો છે. તેમને આ વાત પર વિવશ ના કરવામાં આવે કે તે વિરોધીઓની લાઈનમાં જઈ ઊભા હોય.

તારિક ફતેહનો મામલો પૂરો અલગ છે. હું તેમની વિચારધારા સાથે મારી અસહમતી જતાવતા અભિવ્યક્તિની સ્વતંત્રતા પર તેમને જાવેદ અખ્તર, તિસ્તા સેતલવાડ, શબનમ હાશ્મી, મલ્લિકા સારાભાઈ, મેધા પાટકર અને અન્ના હઝારેની શ્રેણીમાં રાખવા તૈયાર નથી. એટલે આ લોકો ના તો ભાગેડું છે અને ના તો તેમણે અભિવ્યક્તિની સ્વતંત્રતાનો કારોબાર બનાવ્યો છે. તારિક ફતેહ ઈસ્લામ, મુસલમાન તથા તેમના ઈતિહાસ અને વલણો પર ના તો અસહમતી બલ્કે ઘૃણા તથા અનાવશ્યક ટીકા કરતા દેખાઈ રહ્યા છે. આપણે તેમને આ સમયે બહાદુર માનતા જયારે તે અસ્મા જહાંગીરના અનુરૂપ પોતાની માતૃભૂમિ પાકિસ્તાનમાં રહીને જહાંગીરનું નામ એટલા માટે લીધું કે એક સ્ત્રી થઈને પણ તે પ્રતિકૂળ વાતાવરણ જે પ્રકારે માનવાધિકાર, લૈંગિક સમાનતા, સુખ-શાંતિ અને ભાઈચારા માટે પરિશ્રમ કરી રહી છે. તેના પર આપણે તેમને સલામ કરીએ છીએ. કેમ કે તેમણે તારિક ફતેહની જેમ ભાગેડું બનવું પસંદ નથી કર્યું.

ભારતીય બુદ્ધિજીવીઓ તથા આપણી ભાષા તેમજ સાહિત્યના એક મહત્ત્વપૂર્ણ સ્તંભ જાવેદ અખ્તરે તારિક ફતેહના સહયોગમાં આગળ આવીને એ કહ્યું કે તેઓ બહુ વાતોમાં તેમનાથી સહમત ના રહેતા પણ તેમની અભિવ્યક્તિની સ્વતંત્રતાનો આદર કરું છું. હું જાવેદ અખ્તરનો આદર કરતાં તેમની સેવામાં એટલું જરૂર કહેવા માંગીશ કે કોઈપણ સ્વતંત્રતા ના તો બેહદ હોય છે અને ના તો સ્વચ્છંદી, બલ્કે પ્રત્યેક સ્વતંત્રતા કેટલીક સીમાઓની સાથે જ યોગ્ય માનવામાં આવે છે. માતા, દેશ, તથા ધર્મને અપશબ્દ બકવા કંઈ રીતે યોગ્ય હોઈ શકે છે ? ભારતમાં અથવા વિશ્વમાં મહિલાઓ કેવા વસ્ત્ર ધારણ કરે, કેવું જીવન વ્યતીત કરે ? તેના માટે તે પૂરી રીતે સ્વતંત્ર છે. આપણે આપણી ચારે તરફ તેમની સ્વતંત્રતાના હરતા ફરતા ઉદાહરણ જોઈ પણ શકીએ છીએ. પરંતુ જો મહિલા

તારિક ફતેહનો પ્રોગ્રામ વાસ્તવિક રૂપે ભારતીય સમાજમાં એક પ્રકારે ઈસ્લામ અને મુસલમાનોને ખરાબ કહેવા તથા અપશબ્દ બકવાનો પ્રયત્ન છે. તે કાર્ય જે પાકિસ્તાનની ભારત વિરોધી શક્તિઓ આતંકવાદીઓથી ના કરાવી શકી. અસંભવ નથી કે તે જ કાર્ય તારિક ફતેહ દ્વારા આપણા સમાજમાં કરાવવામાં આવી રહ્યું હોય.

સ્વતંત્રતા પર તમારી એક વિચારધારા છે તો તે જ પ્રકારે તમે આપણા ધર્મના અનુપાલન કરનારા વર્ગને તેની પોતાની વિચારધારા રાખવાથી કઈ રીતે વંચિત કરી શકો છો ? કઈ રીતે અંકુશ લગાવી શકો છો ? તેમનું મોંઢું તમે કઈ રીતે બંધ કરી શકો છો ? તમે કઈ રીતે પોતાનો ઉદારવાદી, પ્રગતિશીલ તેમજ સુધારાવાદી તથા બીજાને રૂઢિવાદી અને સંકુચિત અને વિચારધારા રાખનારા ઘોષિત કરીને ખરા-ખોટા કહી શકો છો ? લોકશાહીમાં અભિવ્યક્તિની કોઈ પણ સ્વતંત્રતા એક દિશાતમક તથા એકભાગીય હોઈ શકતી નથી ?

તારિક ફતેહનો પ્રોગ્રામ વાસ્તવિક રૂપે ભારતીય સમાજમાં એક પ્રકારે ઈસ્લામ અને મુસલમાનોને ખરાબ કહેવા તથા અપશબ્દ બકવાનો પ્રયત્ન છે. તે કાર્ય જે પાકિસ્તાનની ભારત વિરોધી શક્તિઓ આતંકવાદીઓથી ના કરાવી શકી. અસંભવ નથી કે તે જ કાર્ય તારિક ફતેહ દ્વારા આપણા સમાજમાં કરાવવામાં આવી રહ્યું હોય. સંભવ છે કે ભારત વિરોધી શક્તિઓએ આપણા દેશની પ્રગતિ અને સફળતાઓમાં અડચણ નાખવા માટે તારિક ફતેહ જેવા લોકોને મેદાનમાં ઉતાર્યા હોય. તારિક ફતેહ પ્રજ્ઞાવાદના નામ પર આવું વિષયુક્ત વાતાવરણ તૈયાર કરી રહ્યા છે. જેની કોઈપણ રૂપે પરવાનગી આપી શકાતી નથી. એટલે તેને હું એક ફિતનાનું નામ આપું છું. તેમણે ભારતમાં આવીને જે પ્રકાર સફસાદ પેદા કરવાનું આધારશીલા રાખી છે અને કેટલાક લોકો તેનું સમર્થન પણ કરી રહ્યા છે. આ ના તો ભારત માટે સારૂં છે. તારિક ફતેહ ફસાદના આધાર બનાવીને કેટલાક લોકો પાડોશી દેશ પાકિસ્તાનને ખરાબ કહી રહ્યા છે. આ કાર્યનું કોઈપણ રીતે સમર્થન કરી શકાય નહીં. જયાં સુધી પાકિસ્તાનનું સંધિનું તોડવું, આતંકવાદીઓને સહયોગ કરવો અને ભારતને અનાવશ્યક રૂપે યુદ્ધ માટે ઉશ્કેરવાની વાત છે તો એના વિરોધ ભારતીય મુસલમાન પુરી ઉગ્રતાની સાથે હંમેશાથી કરતા રહ્યા છે. એટલે ટીવી ચેનલોને આ વાતની આવશ્યકતા નથી કે તે કોઈ તારિક ફતેહના મોંથી પાકિસ્તાનનું સારૂં-ખરાબ કહેવાડાવે. જે વાત અસત્ય છે તેની ટીકા ભારતના દરેક મુસલમાન પૂરી ઉગ્રતાથી તેમજ શક્તિની સાથે કરે છે. એટલે મારૂં માનવું છે કે ભલે તારિક ફતેહ હોય અથવા બીજી કોઈ વ્યક્તિ, આ પ્રકારનું ફસાદ ફેલાવનારાઓથી ભારતને બચાવવું જોઈએ અને અહીં જે પ્રકારે હિન્દુ-મુસલમાન ભાઈચારાની સાથે જીવન વ્યતીત કરી રહ્યા છે તેમાં કોઈ તારિક ફતેહનો પ્રજ્ઞાવાદ દેખાડવાની કોઈ આવશ્યકતા નથી.

વિવિધ પ્રકારના ચેક વિશે જ્ઞાન મેળવવાથી નાણાંનો યોગ્ય ઉપયોગ કરી શકો છો

ચેક એટલે કેશ વિનાનું પેમેન્ટ, જેને ઈલેક્ટ્રોનિક ટ્રાન્સફર રોજબરોજના ચેકના ઉપયોગ જાણો; ચેક બાઉન્સ થવો એક અપરાધ છે જેના માટે જેલ પણ થઈ શકે છે

નોટબંધીના અમલીકરણ બાદ મોટાભાગે ચેક દ્વારા જ બધી લેવડદેવડ થાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રયાસ કરી રહ્યા છે. બેંકિંગ વર્તુળો અને ગ્રાહકોના જણાવ્યા પ્રમાણે લોકો ચેક થકી વ્યવહારો કરવા લાગ્યા છે. આજના દિવસોમાં કોઈને કોઈ કામ માટે ચેક જારી કરવો પડે છે. ક્યારેક આ ચેક પોતાના કોઈ સપ્લાયરને નાણાંની ચુકવણી માટે જારી કરવામાં આવે છે, તો ક્યારેક પોતાના કોઈ દોસ્ત કે સંબંધીને નાણાં આપવા માટે ત્યારે આપણે રોજબરોજના લેણદેણમાં /બેંક વ્યવહારમાં ચેકનો ઉપયોગ તો વધારે કરીએ છીએ. કારણ કે તે નાણાં ટ્રાન્સફર કરવા માટેનું સુરક્ષિત સાધન ગણવામાં આવે છે. ચેક એવું નાણાકીય સાધન છે કે સામેની પાર્ટીને આપવાથી તે નાણાં તેમાં ટ્રાન્સફર થઈ જાય છે. આ સમયે તમે ખાસ કરીને બેરર ચેક, સેલ્ફ ચેક, ક્રોસ ચેકનો ખાસ કરીને ઉપયોગ કરો છો. તમે કદાચ બેંકમાં બચત ખાતું ધરાવતા હોવા છતાં શક્ય છે કે આપણને પૂછવામાં આવે તો વિવિધ પ્રકારના ચેકની માહિતી ના પણ હોય. અન્ય ચેકના નામ શું છે ? અને તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવી રહ્યો છે ? તેની ખબર ન પણ હોય, વિવિધ પ્રકારના ચેક વિશે જ્ઞાન મેળવવાથી બેંકિંગથી નાણાં પરની અસર બાબતે તમે વિચારી શકો છો. જેથી તેની જાણકારી મેળવવી જરૂરી છે. જેની માહિતી નીચે રજૂ કરૂં છું.

ચેક એટલે શું ?

ધંધો નાનો હોય કે મોટો તેમાં બેંકોની અગત્યની ભૂમિકા હોય છે. બેંકમાં ખાતું ખોલાવ્યા બાદ બેંક ચેકબુકની સુવિધા આપે છે. જો કે ચેકબુકના વિવિધ પ્રકાર હોય છે. ચેકબુક આપના બેંક ખાતાને આધારે વિવિધ પ્રકારે આપવામાં આવે છે. આ માટેના ચાર્જીસ વસૂલ કરવામાં આવે છે જેનો આધાર બેંકના ખાતા પર રહેલો છે.

ચેક એટલે બેંક એકાઉન્ટ દ્વારા હોલ્ડરને કરાતું એ પેમેન્ટનું માધ્યમ તે જેનાથી ગ્રાહક અન્ય કોઈ વ્યક્તિને પોતાના એકાઉન્ટથી ડાયરેક્ટ કેશ ન આપીને પણ પેમેન્ટ કરી શકે છે. જ્યારે તમારો ચેક લઈને વ્યક્તિ બેંક એકાઉન્ટમાં જમા કરે છે ત્યારે તમે જે રકમ લખી છે તે તેના એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ જાય છે. ટૂંકમાં ચેક એટલે કેશ વિનાનું પેમેન્ટ, જેને ઈલેક્ટ્રોનિક ટ્રાન્સફર પણ કહેવામાં આવે છે.

ચેકના વિવિધ પ્રકારો બાબતે જાણીએ ?

બેંક ખાતાનો હેતુ બચતને પ્રોત્સાહિત કરવાનો તથા નાણાકીય સોદાઓને બેંકિંગ નેટવર્કમાં લાવવાનો છે. એવા અનેક પ્રકારના બેંક એકાઉન્ટ છે જે તમે તમારી જરૂરિયાત મુજબ પસંદ કરી શકો છો.

બેરર ચેક : બેરરચેકમાં આ શબ્દ ચેકના પાના પર લખવામાં આવે છે. જો આપ આ શબ્દને ચેકી ના નાખો તો તે બેરર ચેક બની રહે છે. જે વ્યક્તિ પાસે આ ચેક હોય અને તેમાં સાઈન કરેલી હોય તો તે બેંકમાંથી નાણાં ઉપાડી શકે છે. આ પ્રકારના ચેક ખૂબ જ જોખમી હોય છે.

ક્રોસ્ડ ચેક : ચેક ડાબા ખૂણે બે સરખી લાઈન દોરી દેવામાં આવે તો તે ક્રોસ્ડ ચેક બની જાય છે. ક્રોસ ચેકમાં જેનું નામ હોય ચેક તેના જ ખાતામાં જમા થઈ શકે છે. તેને સૌથી સુરક્ષિત ચેક માનવામાં આવે છે.

સેલ્ફ ચેક : સેલ્ફ ચેકમાં બેંક ખાતા ધારકનું નામ લખેલું હોય છે. તે બેંકમાં જઈને પોતે નાણાં ઉપાડે છે.

પે યોર સેલ્ફ ચેક : આવા ચેક ક્રોસિંગ દ્વારા આપવામાં આવે છે. આવા ચેક દર્શાવે છે કે બેંકની વિવિધ પ્રોડક્ટ જેમ કે ડ્રાફ્ટ, પે ઓર્ડર્સ, ફિક્સ્ડ ડિપોઝિટ રિસિપ્ટ વગેરે માટે વ્યક્તિ પોતે બેંકને આ ચેક આપે છે.

મૂંઝવણ અને ઉકેલ

- મહંમદહફીઝ યુ.મલેક

પોસ્ટ ડેટેડ ચેક : પોસ્ટ ડેટેડ ચેક ભવિષ્યની કોઈ તારીખ માટે આપવામાં આવે છે. ચેક જે તારીખથી ઈશ્યુ થાય તેના ત્રણ મહિના સુધી ચેક ચાલે છે. મોટા ભાગે તે વેપાર હેતુથી ઉપયોગમાં લેવામાં આવે છે. લોકલ ચેક આવા ચેક સ્થાનિક શહેરની જ કોઈ શાખા માટે આપવામાં આવે છે. આ સુવિધા કેટલીક નેશનલાઈઝ્ડ બેંકોમાં હોય છે. મોટા ભાગની બેંકો એટ પાર ચેક આપે છે.

એટ પાર ચેક : આ ચેક આ દેશમાં સંબંધિત બેંકની કોઈ પણ બ્રાન્ચમાં કલીઅર કરાવી શકો છો. અન્ય શહેરમાં કલીઅર કરાવામાં આવે તો કોઈ વધારાનો ચાર્જ લાગતો નથી. એટ પાર ચેક એવા ચેક છે જે દેશમાં ગમે ત્યાં કોઈ ચાર્જીસ વગર ચાલી શકે છે.

આઉટ સ્ટેશન ચેક : કોઈની પાસેથી લીધેલા ચેકને શહેરની બહાર લઈ જઈને કલીઅર કરાવો છો તો તે ચેક આઉટ સ્ટેશનનો ગણાશે. લોકલ ચેક સિવાયના તમામ ચેક આઉટ સ્ટેશન ચેક તરીકે ઓળખવામાં આવે છે. તેમાં કેટલાક ફિક્સ બેંકિંગ ચાર્જીસ લાગુ પડે છે.

બેંકર્સ ચેક : આવા ચેક્સ બેંક દ્વારા આપવામાં આવે છે. તેમાં પેમેન્ટની ગેરન્ટી હોય છે. આવા ચેકમાં બેંક નાણાં વસૂલ કરીને તે ચેક આપે છે. જો કે તેને ક્લિયર થવામાં વાર લાગે છે. તે યુનિવર્સિટી અને એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુશન્સ માટે ચૂકવવામાં આવે છે.

ટ્રાવેલર્સ ચેક : આવા ચેક ટ્રાવેલિંગ દરમિયાન નાણાં ઉપાડવા માટે આપવામાં આવે છે. તે રોકડ રાખવા બરાબર છે. જો કે આ દ્વારા વ્યક્તિ મોટી રોકડ રાખ્યા વિના ટ્રાવેલ કરી શકે છે. આ ચેક વિદેશ પ્રવાસમાં ઉપયોગી છે જ્યાં વિદેશી ચલણ ચાલે છે. વિદેશી બેંકો અને હોટેલ્સ તેને સ્વીકારે છે.

નોર્મલ વેલ્યુ અને હાઇ વેલ્યુ ચેક : એક લાખથી ઓછી રકમના ચેકને નોર્મલ વેલ્યુ ચેક કહેવામાં આવે છે. જ્યારે એક લાખથી વધુ રકમના ચેકને હાઇ વેલ્યુ ચેક કહેવામાં આવે છે. ચેકના ઉપયોગ તો જાણીએ પરંતુ મહત્ત્વની બાબત એ પણ છે કે ચેક પરત ન થાય એટલે કે ચેક બાઉન્સ ન થાય તેની કાળજી રાખવી જરૂરી છે. સાવધાન ચેક બાઉન્સ થશે તો બમણા દંડ સાથે જેલ થઈ શકે છે.ચેક બાઉન્સ મોટા ભાગના કેસમાં એકાઉન્ટમાં રૂપિયા ન હોવાનું કારણ ધ્યાને આવેલ છે. જો કે ચેક માત્ર એકાઉન્ટમાં રૂપિયા ન હોવાથી જ બાઉન્સ નથી થતા. ચેક બાઉન્સ થવાના કારણો પણ છે. જેમ કે ચેક પર કરેલ સહી બેંક ખાતા સાથે મેચ ન થવી, ત્રણ મહિના જૂનો ચેક વગેરે. ભારત સરકારના નિગોશિએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ ૧૮૮૧ અંતર્ગત ચેક બાઉન્સ થવા પર ડિફોલ્ટરને દંડ... અથવા જેલ થઈ શકે છે. આવી સ્થિતિમાં કોઈપણ ચેક જારી કરતા ધ્યાન રાખો કે કોઈનો ચેક બાઉન્સ થાય તો બેન્ક બમણો દંડ કરે છે. એક જયાંથી ચેક ઈસ્યુ થાય છે અને બીજો જયાં ચેક જમા થાય છે. એટલું જ નહીં ચેક બાઉન્સ થવો એક અપરાધ છે જેના માટે જેલ પણ થઈ શકે છે. અપરાધ અને સજા જો કોઇ ચેક પૂરતી રકમ નહી હોવાના કારણે બાઉન્સ થાય તો તે એક અપરાધ છે. જે વ્યક્તિને તમારો ચેક જારી કર્યો હોય, તે તમારી વિરૂદ્ધ નેગોશિયેશન ઈન્સ્ટ્રુમેન્ટસ એક્ટની કલમ ૧૩૮ હેઠળ કેસ નોંધાવી શકે છે. જો ચેક બેંકની તરફેણમાં જારી કરવામાં આવ્યો તો બેંક કેસ કરી શકે છે. આ અપરાધમાં જેલ થઈ શકે છે અને દંડ તરીકે ચેકની પૂરી રકમ લઇ શકાય છે. સરકાર દ્વારા ચેક બાઉન્સ થવાના કિસ્સામાં કડક નિયમો લાવવા વિચારી રહી છે.

(mumalek58@gmail.com)

રોજ-બરોજ થતા રોડ અકસ્માત માટે જવાબદાર કોણ ?

આજના વધતા જતા રોડ અકસ્માતમાં આપણો પણ મહત્ત્વનો ફાળો તો નથી ને ?

જેમ જેમ રોજ રોડ અકસ્માતની ઘટના બને છે તે આશ્ચર્યજનક અને ભારે ચિંતાજનક છે. આપણે આપણા છોકરાઓના પ્રેમમાં આંધળા બનીને નાની ઉંમરમાં ગાડી, બાઈક અપાવી દેતાં હોઈએ છીએ. કંઈક અંશે અમે પૈસાદાર છીએ એ બતાવવા ઈર્ષામાં દેખા-દેખી કરવામાં કે પછી બાળકોની જીદ પૂરી કરવા કે આંધળું અનુકરણ કરવામાં આપણા છોકરાઓ પાસે નથી યોગ્ય ઉંમર કે નથી લાઈસન્સ કે નથી ટ્રાફિકના નિયમની જાણકારી, એ બધું જાણતા હોવા છતાં આપણે એ કામ કરીએ છીએ. આપણા છોકરાઓની મજા બીજા માટે સજા તો નથી બની જતી ને.

આપણે પ્રેમમાં આંધળા બનીને આપણું અને બીજાનું અનર્થ તો નથી કરતા ને. એક જાગૃત નાગરિક તરીકે વિચારો અને સમજો દરેક કામ માટે એક ચોક્કસ સમય, વય અને મર્યાદા હોય છે. મા-બાપ આ વિચારે અને અમલ કરાવે તો કંઈક અંશે આ સમસ્યા ઓછી થાય અને આપણા કુળદીપકથી બીજાના ઘરનો દીપક ન ઓલવાય.

(ભરૂચ) **- અનીસા નેતરવાલ**

'બેટી બચાવો, બેટી પઢાવો' હકીકતમાં 'ઢોલ કી પોલ'

જામનગર શહેર સૌરાષ્ટ્રમાં મહત્ત્વનું શહેર છે અને આશરે છ લાખની વસ્તી છે. સ્વાતંત્ર્ય પૂર્વે તે નવાનગર સ્ટેટની રાજધાની હતું અને અનેક રીતે સમૃદ્ધ રાજ્ય હતું. જામનગર શહેરની પ્રજા-નાગરિકને પ્રાથમિક રીતે શિક્ષિત અને સભ્ય બનાવવા તત્કાલિન મહારાજા જામસાહેબ જામસતાજી-રએ તે વખતના શહેરની મધ્યમાં ઈ.સ.૧૮૧૫માં પ્રાથમિક શાળા બનાવી જે કાળામીંઢ પથ્થરોની અને બે-ત્રણ માળવાળી તથા આશરે ૨૦૦૦૦થી વધુ ચો.ફીટમાં વિસ્તરેલ હોય તેવી સ્થાપી. શિક્ષણની સુવિધ પ્રજા-રૈયતએ પ્રદાન કરી, જે શહેરની મધ્યમાં આણંદબાવાના ચકલા તરીકે ઓળખાતા વિસ્તારમાં

જનકી બાત

હતી. પછીથી સમયાસમય નવાનગર સ્ટેટનું ભારતમાં વિલીનીકરણ થયું. ત્યાં સુધીમાં વિવિધ વિસ્તારોમાં અનેક પ્રાથમિક શાળાઓ જે તે સમયના મહારાજા જામસાહેબ તરફથી બનાવવામાં આવતી રહી. સમયના વહેણ ચાલતા થયા.

એકવીસમી સદીમાં નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી પદે બિરાજવાની ઘટનાને કોઈ અલૌકિક ઘટના હોય તે રીતે વ્યાપક પ્રચારોના વંટોળિયા શરૂ થયા. મહાપ્રચારની પાછળ ભેદી રીતે સાર્વજનિક હિત અને હેતુની માલમિલકતો અને કરવેરાઓ વિકાસ અને દેશભક્તિના નામે શાસક નેતાઓ અને નોકરિયાતો દ્વારા હડપ થવા લાગ્યા. જેમાં તાલુકા શાળા નં.૧ તરીકે ઓળખાતી આ પ્રાથમિક શાળા અને ગરીબ અને મધ્યમ વર્ગની પ્રજા ભોગ બની. વિચિત્ર બહાને આ પચીસ હજાર ચો.ફીટમાં ફેલાયેલી પ્રાથમિક શાળાને જામનગર મહાનગર પાલિકાના કર્મયોગીઓ અને શાસકોએ તોડી પાડી મેદાન સાફ કરી નાખ્યું. ભારતના સંવિધાન હેઠળ નાગરિકને પ્રાથમિક શિક્ષણ-શિક્ષિત થવાનો હક્ક છે. મનપાને નવી શાળાઓ શરૂ કરવા, જૂની જાળવવાની બીપીએમસી એક્ટ હેઠળ ફરજિયાત અને શિક્ષણના અધિકારનો કાનૂન ૨૦૦૯ છે. તેમ છતાં ખાનગી શાળા સંચાલકોના ધંધાના હિતમાં તથા શહેરમાં મધ્યની જમીન પચાવી પાડવા પ્રાથમિક શાળા તોડી પડાઈ છે. બેટી બચાવ, બેટી પઢાવ છેતરપિંડી જ છે.

(જામનગર) **- ચંદ્ર વદન પંડ્યા**

સમાજમાં ફેલાતી વ્યક્તિ પૂજા

ભક્તિ બંદગી, પ્રાર્થના અલ્લાહ, ભગવાન માટે છે. પણ આપણા સમાજમાં રાજકીય પાર્ટી નેતાઓને ભગવાન તરીકે પૂજવા લાગીએ છીએ અને આ માટે જ તેમને ખોટું કરવાનું બળ મળે છે. માટે નેતાઓ પાછળ આંધળી પૂજા બંધ થવી જોઈએ. તમિલનાડુનું રાજકારણ આની ઝાંખી કરાવે છે.

(અમરેલી) **- શબ્બીર માકડા**

સંસ્કાર સૌરભ

લાંચ આપનાર અને લેનાર ફિટકારને પાત્ર છે.

-હદીસ બોધ

બોધ વચન

ખોટું કામ કરવા માટેનો કોઈ સાચો રસ્તો છે જ નહીં.

-રવિન્દ્રનાથ ટાગોર

આજની આરસી

૧૨ માર્ચ રવિવાર ૨૦૧૭
૧૩ જમાદિલ આખર હિજરી ૧૪૩૮
ફાગણ સુદ પૂનમ સંવત ૨૦૭૩
સુબ્હ સાદિક ૫-૩૭
ખત્મે ઝવાલ ૧૨-૫૦
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૫૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૪૭

સુરસુરિયું

એક પતિએ પત્નીને તમાચો માર્યો. પત્ની ગુસ્સે થઈ ગઈ. પતિ બોલ્યો : માણસ કોને મારે જેને એ પ્રેમ કરતો હોય. પત્નીએ ડાબા હાથની બે ઝીંકી દીધી : 'તમે શું સમજો છો, હું શું તમને ઓછો પ્રેમ કરું છું.

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

-વ્યવસ્થાપક

૨૦૧૦ બાદ ૧૦મી વખત ટોપના સ્થાને

આઈસીસી વન ડે રેન્કિંગમાં ડિવિલિયર્સ પ્રથમ ક્રમાંક પર

ડર્બન,તા.૧૧

દક્ષિણ આફ્રિકાના સ્ટાર બેટ્સમેન ડિવીલીયર્સ વન ડે રેન્કીંગમાં ફરી એકવાર પ્રથમ ક્રમાંક ઉપર પહોંચી ગયો છે. આઈસીસી વન ડે રેન્કીંગમાં ઓસ્ટ્રેલિયાના ધરખમ ખેલાડી ડેવિડ વોર્નરને પાછળ છોડીને ડિવીલીયર્સ પ્રથમ ક્રમાંકે પહોંચી ગયો છે. ૨૦૧૦ બાદથી ડિવીલીયર્સ ૧૦મી વખત પ્રથમ ક્રમાંક ઉપર પહોંચ્યો છે. પ્રથમ વખત તે ૨૦૧૦માં ૧૦માં સ્થાને પહોંચ્યો હતો. ન્યૂઝીલેન્ડમાં હાલમાં પુરી થયેલી શ્રેણીમાં તેનો દેખાવ જોરદાર રહ્યો હતો. ડિવીલીયર્સે પાંચ મેચોની શ્રેણીમાં ૨૬૨ રન બનાવ્યા હતા. જેમાં બે સદી સાથે તેની સરેરાશ ૮૭.૩૩ રનની રહી હતી. આઈસીસીની યાદી મુજબ સપ્ટેમ્બર ૨૦૦૯ બાદથી ટોપ પાંચ બેટ્સમેનોમાં તે હંમેશા સામેલ રહ્યો છે. ભારતના વિરાટ કોહલીએ ત્રીજું સ્થાન મેળવ્યું છે. ડિવીલીયર્સ અને વોર્નર બાદ તે ત્રીજા સ્થાને છે. જ્યારે ઈંગ્લેન્ડનો જોય રૂટ ચોથા સ્થાને છે. રૂટે કેરેબિયનમાં ૪, ૯૦ અને ૧૦૧ રન ફટકાર્યા હતા. જ્યારે ટોપ બોલીંગની યાદીની વાત કરવામાં આવે તો વન ડે ક્રિકેટમાં દક્ષિણ આફ્રિકાના રબાડાનો સમાવેશ થાય છે. રબાડા ટોપ પાંચમાં સામેલ થઈ ચુક્યો છે. ઈમરાન તાહીર, સુનિલ નારેન, સ્ટાર્ક અને બોલ્ટ તેનાથી આગળ રહ્યા છે.

વન ડે ટોપ બેટ્સમેનો

(૧)ડિવીલીયર્સ (દક્ષિણ આફ્રિકા)
(૨)ડેવિડવોર્નર (ઓસ્ટ્રેલિયા)
(૩) વિરાટ કોહલી (ભારત)
(૪) જોય રૂટ (ઈંગ્લેન્ડ)

પ્રથમ ટેસ્ટ : ન્યૂઝીલેન્ડ ઉપર આફ્રિકાની ૧૯૧ રનની લીડ

ડ્યુનેડિન, તા.૧૧

ડ્યુનેડિન ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના ચોથા દિવસે આજે રમત બંધ રહી ત્યારે આફ્રિકાએ તેના બીજા દાવમાં છ વિકેટે ૨૨૪ રન બનાવ્યા હતા. આની સાથે જ આફ્રિકાએ હવે ન્યૂઝીલેન્ડ ઉપર ૧૯૧ રનની મહત્વપૂર્ણ લીડ મેળવી લીધી છે અને તેની ચાર વિકેટ હાથમાં છે. તે જોતા આ ટેસ્ટ મેચ હવે અતિ રોમાંચક તબક્કામાં પ્રવેશી ગઈ છે. બંને ટીમોને જીતવાની તક રહેલી છે. આજે આફ્રિકા તરફથી એલગરે ૮૯ રન બનાવ્યા હતા. જ્યારે પ્લેસીસે અણનમ ૫૬ રન કર્યા હતા. એલગરે પ્રથમ દાવમાં સદી ફટકારી હતી. બીજા દાવમાં નવ ચોગ્ગા સાથે ૮૯ રન બનાવ્યા હતા. તેની શાનદાર બેટીંગના પરિણામ સ્વરૂપે આફ્રિકાએ ન્યૂઝીલેન્ડ ઉપર નિર્ણાયક લીડ મેળવી લેવામાં સફળતા મેળવી લીધી છે.

દક્ષિણ આફ્રિકા પ્રથમ દાવ : ૩૦૮
ન્યૂઝીલેન્ડ પ્રથમ દાવ : ૩૪૧
દક્ષિણ આફ્રિકા બીજો દાવ :

કુક કો.વેટલીંગ બો.બોલ્ટ	૦૦
એલગર કો.વિલિયમ્સન બો.પટેલ	૮૯
અમલા કો.સબ બો.વોગનર	૨૪
ડ્યુમીની એલબી બો.વોગનમર	૩૯
ડુપ્લેસીસ નોટઆઉટ	૫૬
બાઉમા બો.સેન્ટનર	૦૬
ડીકોક બો.પટેલ	૦૪
ફિલાન્ડર નોટઆઉટ	૦૧
વધારાના	૦૫
કુલ(૧૦૨ ઓવરમાં ૬ વિકેટે)	૨૨૪

પતન : ૧-૦, ૨-૩૯, ૩-૧૧૩, ૪-૧૯૩, ૫-૨૦૬, ૬-૨૧૮.
બોલિંગ : બોલ્ટ : ૧૫-૪-૩૪-૧, વોગનર : ૨૭-૭-૫૭-૨, સેન્ટનર : ૧૯-૬-૩૭-૧, પટેલ : ૩૬-૧૫-૭૨-૨, નિસામ : ૫-૦-૨૦-૦.

જાહેર સૂચના

ફેઝે-મોહમ્મદી પાર્ક ઓનર્સ એસોસિએશન, જુહાપુરામાં પ્લોટ ધરાવતા વ્યક્તિ જેઓએ પોતાના પ્લોટના માલિકીપણાની એસોસિએશનમાં નોંધણી કરાવેલ નથી તેવા વ્યક્તિઓ આ સૂચનાથી દિન ૩૦માં માલિકીપણાના જરૂરી અસલ ડોક્યુમેન્ટ સાથે નોંધણીની પ્રક્રિયા પૂરી કરવા જણાવવામાં આવે છે. મુદ્દત વિતે તેવી મિલકતોમાં ભવિષ્યમાં ઊભા થનારા હક્ક-દાવા કે લીગલ બાબતોમાં એસોસિએશનની કોઈપણ જવાબદારી રહેશે નહીં.

ચેરમેન/સેક્રેટરી
મો.: ૭૮૦૧૮૮૮૪૩૩, ૯૮૯૮૫૯૮૦૯૯

ઓસ્ટ્રેલિયન ટીમમાં સ્ટાર્કની જગ્યાએ કમીન્સનો સમાવેશ

સિડની, તા.૧૧

ઈજાગ્રસ્ત થયેલા ઓસ્ટ્રેલિયાના સ્ટાર ખેલાડી મિચેલ સ્ટાર્કની જગ્યાએ ટીમમાં પેટ કમીન્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. આની સાથે જ આ સંદર્ભમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. ભારતના છેલ્લી બે ટેસ્ટ મેચ માટે કમીન્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. કમીન્સે આ સમાહમાં જ સેફિલ્ડશીલ્ડની મેચમાં આઠ વિકેટ ઝડપી હતી. ૨૦૧૧ સેફીલ્ડશીલ્ડની ફાઈનલમાં તેની છેલ્લી ફર્સ્ટ ક્લાસ મેચમાં રમ્યા બાદ આશરે છ વર્ષ પછી આ સમાહમાં તેનો દેખાવ જોરદાર રહ્યો હતો ગુરૂવારના દિવસે રાંચીમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજી ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે જેના માટે ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. બંને ટીમો એક એક ટેસ્ટ મેચ જીત્યા હોવાથી ત્રીજી ટેસ્ટ મેચ બંને ટીમો માટે નિર્ણાયક બની શકે છે

SHAREKHAN LIMITED

(NSE SEBI Registration No. INB231073330 Member of National Stock Exchange of India Ltd. - Trade I.D.10733 & BSE SEBI Registration No. INB011073351 Member of Bombay Stock Exchange Ltd.- Cig. No.748)
Lodha, I Think Techno Campus, 10th Floor, Beta Building, Off. JVLR, Opp. Kanjurmarg Railway Station, Kanjurmarg (E), Mumbai - 400 042. PH. No. 61150000

NOTICE

This is to inform that we Sharekhan Ltd. NSE SEBI Registration No. INB231073330 & BSE SEBI Registration No. INB011073351 have initiated the process of cancellation of our below sub broker.

NAME OF SUB BROKER	TRADE NAME	ADDRESS	SEBI REGISTRATION NO.
Faisal Anis Ahmed Siddiqui	Faisal Anis Ahmed Siddiqui	M.I Mansion, Nasir Godal Complex, Shivaaa Road, Vapi -396191Gujarat	BSE - INS013783215 dated 17-May-07 NSE-INS233725616/23-10733dated 4-May-07

Please note that above mention sub broker is no longer associated with us. Any person henceforth dealing with above mention sub broker should do so at their own risk. Sharekhan Ltd shall not be liable for any dealing with him.

For Sharekhan Ltd.
Director/Authorised Signatory

Date : 12.03.2017

F.D.(Mubin) Degree College of Engineering
Bahiyal, Tal. Dehgam, Dist. Gandhinagar

Applications are invited from eligible candidates for the above proposed College,for the following posts:-

Sr. No	Programme	Positions		
		Prof.	Associate Professor	Assistant Professor
1	Mechanical Engg.	1	1	2
2	Civil Engg	-	1	2
3	Computer Engg.	-	1	2
4	Electrical Engg.	-	1	2
5	Information Tech.	-	-	3
6	English/Maths/Physics			1(Each)
7	Librarian	01 Post		
8	Principal/Director	01 Post		

Qualifications, experience, age& salary as per AICTE / GTU /State Govt. norms. Candidates may send their resumes with attested copies of certificates and mark-sheets with passport size photographs by regd. post,indicating the name of the post for which applied on envelope within 15 days to:

The Chairman, F.D.Education Society,
F.D. College Road, Jamalpur Gate, Ahmedabad-380001
Email:-fdeduaoc@yahoo.com (Mo.) 7567048395

Walk in Interview
12th March, 2017 and 13th March, 2017 | 10 AM to 5 PM

Sr. No.	Post	Experience	CTC Yearly	Qualification	Openings
1	Project Manager	6 to 8 Years	6-10 Lacs	BCA, BE, MCA, M.Sc. (IT)	1
2	Tech Lead	5 to 7 Years	5-7 Lacs	BCA, BE, MCA, M.Sc. (IT)	1
3	Business Development Manager (International Sales)	1 to 6 Years	Up to 7 Lacs	BCA, BE, MCA, M.Sc. (IT)	3
4	Web Developer	1 to 5 Years	Up to 6 Lacs	BCA, BE, MCA, M.Sc. (IT)	5
5	Android Developer	1 to 5 Years	Up to 6 Lacs	BCA, BE, MCA, M.Sc. (IT)	3
6	IOS Developer	1 to 5 Years	Up to 6 Lacs	BCA, BE, MCA, M.Sc. (IT)	2
7	PhoneGap / Ionic Developer	1 to 5 Years	Up to 6 Lacs	BCA, BE, MCA, M.Sc. (IT)	2
8	Business Analyst	1 to 5 Years	Up to 3.5 Lacs	BCA, BE, MCA, M.Sc. (IT)	1
9	Quality Analyst	1 to 5 Years	Up to 3.5 Lacs	BCA, BE, MCA, M.Sc. (IT)	1
10	HR Manager (Female Only)	1 to 5 Years	Up to 3.5 Lacs	BBA / MBA (HR)	1
11	SEO Executive	1 to 5 Years	Up to 3.5 Lacs	Any Graduate	4
12	Web and Graphic Designer	1 to 5 Years	Up to 3.5 Lacs	Any Graduate	2
14	Business Development Manager (Local Sales)	0.5 to 5 Years	Up to 3.5 Lacs	Any Graduate	30
15	Telecaller (Female Only)	0.5 to 3 Years	Up to 2 Lacs	Any Graduate	3
16	Peon	-	Up to 80 thousands	10th	1

e-digix technologies PVT LTD
www.edigix.com | +91-79-66630332 | info@edigix.com
602, Silicon Tower, Above Freeze Land Restaurant, Nr. National Handloom, Law Garden, Ellisbridge, Ahmedabad - 380006

ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

જોઈએ છે

જોઈએ છે
ફેશ બી.ફાર્મ, (જેન્ટસ/લેડીઝ) દવાની દુકાન માટે મો.૯૮૯૮૬૧૬૧૩૭

કંપની માટે પ્યુન/પટાવાળા જોઈએ છે
૯૪૨૭૧૩૭૯૭૫

જોઈએ છે
કુવૈત KPTC કંપનીમાં હેવીડ્રાઈવર ૧૫૦ KD લાઈટ ડ્રાઈવર ૧૩૦ KD ડીઝલ મિકેનિકલ ૧૬૦ KD પેટ્રોલ મિકેનિકલ ૧૫૦ KD મિકેનિકલ હેલ્પર ૧૧૦ KD કુવૈત એરપોર્ટ લોરી લેબર ૧૨૦ KD, રહેવાનું જમવાનું ફ્રી ૮ કલાક ડ્યુટી ઓવરટાઈમ , કોન્ટેક નં. ૯૩૨૮૧૯૦૭૯૩, ૯૦૫૪૧૫૮૪૪૩

યુ.એ.ઈ. દુબઈ માયામોલ માટે લેબર સ્કુટી ગાર્ડ, કોમ્પ્યુટર ઓપરેટર, એકાઉન્ટન્ટ સાઉદી અરેબિયા, મદીના શરીફ માટે લાઈટ ડ્રાઈવર તથા કંપની માટે ટ્રેલર ડ્રાઈવર કોન્ટેક્ટ નં.૯૩૨૮૧૯૦૭૯૩, ૯૦૫૪૧૫૮૪૪૩

ડ્રાઈવર જોઈએ છે
બેઝ લાઈસન્સ જરૂરી
પાલડી મો.8347217647, 9737061500, કમાવો દર મહિને 14000 (૧૩ કલાક)

વેચવાનું છે

મકાન વેચવાનું છે
૧૪૦ વાર કારપેટ, આશરે ૨૦૦ વાર બાંધકામ, ફારૂકે આઝમ સ્કૂલ પાસે, ફતેહવાડી, સરખેજ. 9879365386

મકાન વેચવાનું છે
શાહપુરમાં ગ્રાઉન્ડ ફ્લોરનું મકાન વેચવાનું છે. મો. ૯૮૨૫૧૫૧૯૭૮

મકાન વેચવાનું છે
શાંતિનિકેતન સ્કૂલ પાસે, સોનલ રોડ, જુહાપુરા, 7621892330

પેન્ટ હાઉસ વેચવાનું છે
જુહાપુરા અંબર ટાવરની સામે 3 BHK પેન્ટહાઉસ BU પરમિશન સાથે રેડી પઝેશન. 8469553388

ફ્લેટ વેચવાનો છે
બેંક ઓફ બરોડા લોન ચાલુ 2 BHK, બુશરા હિલ્સ, TP 85 તયબાહ રેસિડેન્સી પાસે, સરખેજ, અમદાવાદ. ૯૮૯૮૮૩૭૩૨૧

ડુપ્લેક્ષ વેચવાનું છે
મુજાહિદનગર, ઉંમરદસી રોડ, હોટલ સ્વાદ પાસે, કાણોદર, તા.પાલનપુર, જિ.બનાસકાંઠા. 9722208899

જગ્યા વેચવાની છે
Jagdishbhai Keshavlal Akhani	Jagdishbhai Keshavlal Akhani	INS014496819	INS234444813	Shop No 7, Varadan Tower, Pragati Nagar, Navrangpura, Ahmedabad, Gujarat - 380013
Jitendra Hareshbhai Vyas	Jitendra Hareshbhai Vyas	INS014646819	INS234756216	C/O. Vyas Travels, 11/12, Vijay Plot, Godown Road, Rajkot, Gujarat - 360002
Jitendra Karsan Kotia	Jitendra K Kotia	-	INS234713712	Shree Ram Niwas, Sharaniya Chowk, Porbandar, Junagadh, Gujarat - 360575
Bhavesh Himmatlal Mistry	Kamdhenu Investment	INS014447416	INS234686011	F-5, Shankar Shopping Centre, Near Cinc, Opp Raghuvir Complex, Odhav Road, Odhav, Ahmedabad, Gujarat - 382415
Manishkumar G Parikh	Krishna Investment	INS015044212	-	E-23 Indrapuri Shopping Center Nr. Bapod Jakat Naka Waghodia Road Vadodara Gujarat-390019
Mrs. Manisha Bharatbhai Patel	Mrs.Manisha Bharatbhai Patel	-	INS234193014	F/13-14, Janta Super Market, Opp. Vepariin, Kalol, Gandhinagar, Gujarat - 382721
Manisha Bharatbhai Patel	Manisha Bharatbhai Patel	INS014890714	-	F/13-14 Janta Super Market Opp. Vepariin Kalol Mahesana Gujarat-382721
Mehul Bhupinchandra Tewar	Mehul Bhupinchandra Tewar	INS012702515	INS232374210	18 Jeevanjyot Society, New Kosad Road, Amroli, Surat, Gujarat - 394107
Chetankumar Chhanabhai Patel	Maruti Nandan Investment	-	INS234754617	B/19, Marutinandan Appartment, Opp Phisical Ground, Khokhara, Ahmedabad, Gujarat-380 008
Mansukh Madhabhai Parmar	Mansukh Madhabhai Parmar	INS015135119	-	201- Vanijya Bhavan Dhebar Road Opp Gujarat Furniture Rajkot Gujarat-360001
Neelam Rahul Barjatiya	Neelam Rahul Barjatiya	INS014963519	INS234393218	101, Bhagya Laxmi Complex, Opp Gunjan Cinema, Koparli Road, Gidc, Vapi, Valsad, Gujarat - 396195
Nisha C Shahdadpuri	Nisha C Shahdadpuri	-	INS234089717	S. E. X - 77, Shop No 4, Ahuja Traders, Adipur, Kutch, Gujarat - 370205
Narmdaben Hasmukhbhai Parmar	Narmdaben Hasmukhbhai Parmar	INS014865211	INS234722317	Shiv Commercial Complex, First Floor, Gulab Nagar, Jamnagar, Gujarat - 361007
Nisha Bipinchandra Desai	Nisha Bipinchandra Desai	INS015085512	-	9 Jagnath Estate Opp. Gujarat Bottling Rakhial Ahmedabad Gujarat-380023

NAME OF SB	TRADE NAME OF SB	BSE REG. NO.	NSE REG. NO.	REGD. ADDRESS
Bhatt Jigar Vijaykumar	Bhatt Jigar Vijaykumar	-	INS232839014	3-Punjan Apartment, Karnavati Society Bhairavnath Rd., Maninagar, Ahmedabad, Gujarat - 380028
Nilpa Kalpesh Patel	Nilpa Kalpesh Patel	-	INS233886311	305, Dhyan Yog Apartment, Sutaria T, Ghoddod Road, Surat, Gujarat - 395002
Nirav Sureshkumar Shah	Nirav Sureshkumar Shah	INS015219319	INS235156317	06/F1, Jaymangal Ind Estate, Gujarat Botteling Road, Rakhial, Ahmedabad, Gujarat - 380023
Niraj Jashwantlal Kadakia	Niraj J Kadakia	INS015085116	INS235115818	1St Floor Above Optic Palace Nr. Star Soda M.G. Road Dahod. Panchmahal Gujarat-389151
Patel Vivek Anilbhai	Om Sai Investment	INS014787613	-	Blue Diamond Office-218 Haripura Hat Faliya Surat Gujarat-395002
Vishal J Chandarana	Om Securities	INS014618610	-	311-Star Chamber Harihar Chowk Dr.Rajendra Prasad Road Rajkot Gujarat-360001
Patel Kalpeshkumar Jayantilal	Patel Kalpeshkumar Jayantilal	INS014881119	-	4 Keshav Complex, Bus Stand, Tal - Lunawada, Dist-Godhra, Gujarat-389230
Pareshkumar Balmukund Shah	Pareshkumar Balmukund Shah	INS015048510	-	107-Market Yard Talod Sabarkantha Gujarat-383215
Pina Navinbhai Patel	Pina Navinbhai Patel	INS014738814	-	C1/1 Surya Complex Opp Navnit House Gurukul Road Memnagar Ahmedabad Gujarat-380052
Pravinbhai Mathurdas Thakkar	Pravinbhai Mathurdas Thakkar	INS015210110	-	59 Swaminarayan Soc. Puna Bombay Market Road Surat Gujarat-395006
Amita Nitir Shah	Paras Finstock	INS014863919	-	L-54 Aakashganga Complex Nr. S.T. Stand Himatnagar Sabarkantha Gujarat-383001
Komal Mitesh Kapdiwala	President Investment	-	INS234165814	A/T-1, Rajdhani Appt, Manav Mandir, Memnagar, Ahmedabad, Gujarat-380052
Varsha Jaju	Raghav Securities	INS011844219	INS231806911	303, Jay Sagar Complex, B/H. J. K. Tower, Sub Jail Road, Ring Road, Surat, Gujarat - 395002
Rekhaben Girishkumar Patel	Rekhaben Girishkumar Patel	-	INS234270415	18/B, Natholal Park, Balolnagar Cross Road, Ranip, Ahmedabad, Gujarat - 382480
Rashmikumar Shankarlal Nagar	Rashmikumar Shankarlal Nagar	-	INS233796413	13/A, Dada Rokadnath Society, Nr. Narayan Nagar Bus Stop, Paldi, Ahmedabad, Gujarat 380007
Mehulkumar T Patel	Rameshwar Consultancy	-	INS235186512	U/29-30, Arjun Complex, Opp Naroda Police Station, Naroda, Ahmedabad, Gujarat - 382330
Ritesh Shukla	Ritesh Shukla	INS012050410	INS231677616	29, Jai Bhavani Society, Nr.Malav Talav, Jivraj Park, Ahmedabad, Gujarat-380051
Satishkumar Ambalal Patel	Satishkumar Ambalal Patel	INS014965110	INS234725617	C/404, Shantiniketan, Opp. Raspan Party Plot, Nr. Krishna Farm Party Plot, New Nikol, Ahmedabad, Gujarat - 380001
Satish Ranchodbhai Patel	Satish Ranchodbhai Patel	-	INS234426612	1/A/F/F, Krishna Complex, Opp. E S I Dawakhana, Naroda Road, Ahmedabad, Gujarat - 380025
Shreeji Investments	Shreeji Investments	INS016449925	-	B/302 Swaminarayan Complex Abv. Navjivan Restaurant Jain Merchant 5 Cross Rds. Paldi Ahmedabad Gujarat-380007
Tejas Jayantibhai Patel	Shreeji Investors	INS015079119	-	C-4 Srujan Complex Nr. Narol Police Chowky Narol Ahmedabad Gujarat-382405
Sunilkumar Chawla	Sunilkumar Chawla	-	INS234072713	403, Pratham Mangal, Beside Sambhavnath Derasar, Near Vasna Bus Stop, Vasna, Ahmedabad, Gujarat - 380007
Vimalbhai Chandubhai Shingala	S3 Investment Solution	INS014885516	INS234621816	Office No.201, Om Complex, Tagore Road, Bhakti Nagar Station, Circle Chowk, Rajkot, Gujarat - 360002
Alpesh R Doshi	Shubhlaxmi Investment	INS014997816	INS234521016	121, 1St Floor, Blue Diamond, Hari Faliya, Mahidharpura, Surat, Gujarat - 395001
Punambhai Bhagwanbhai Pandya	Punambhai Bhagwanbhai Pandya	-	INS234175516	1St Floor, Shop No 3 And National Plaza Shopping 4, Centre, Old Bus Station, Kapadwanj, Kheda, Gujarat - 387620
Punambhai Bhagwanbhai Pandya	Shree Meher Sagar Investment	INS013784116	-	1St Floor Shop No. 3 & 4 National Plaza Shopping Center Old Bus Stand Kapadwanj Kheda Gujarat-387620
Nayan Trikamdas Sampat	Sampat Trading Co.	INS011371114	-	G.T. Road Kutch Kutch Gujarat-370465
Sunil Kumar Sureshbhai Patel	Sunil Kumar Sureshbhai Patel	-	INS234721210	Vallbhwadi, 12, Gala, Aslan Road, Bardoli, Surat, Gj - 394601
Shailesh S Shah	Shailesh S Shah	-	INS232352216	A-16/1, Devas Flat, Vasna Road, Paldi, Ahmedabad, Gj - 380007
Shailesh S. Shah	Shailesh Investment	INS012799916	-	A-16/1Devas Flat Vasna Road, Paldi Ahmedabad Gujarat-380007
Trimurti Share Broking	Trimurti Share Broking	INS011523011	-	107Annapoorna Complex Opp.Aangan Apptamaktampur Rd.Bharuch Gujarat-392001
Phanibhushan Madhukantbhai Patel	Tatsat Investment	INS013803411	-	206-Shri Mahalaxmi Complex Near Kkv Hall Kalawad Road Rajkot Gujarat-360005
Pareth Kajal Hiteshkumar	Tulsi Investment	INS013677518	-	Sankalp Complex Bhangli Gate Talaja Rd. Bhavnagar Gujarat-364002
Ketankumar Dineshbhai Patel	Vidhata Enterprise	INS014793215	-	B-2, 303, Shalin Complex, Sector - 22, Gandhinagar, Gujarat - 382022
Ashok P Jain	M/S. Vidhya Investments and Finance	-	INS234607518	Plot No 31, Phase 4, Sanjali Village Road, Gidc, Panoli, Bharuch, Gj - 394116
Dimpal Gaurang Dave	Yash Capital	INS014889316	-	Shp No.4 Laxmandhara Nr. Samnath Temple Desai Wadi Jetpur Rajkot Gujarat-360370
Z-Plus Financial Services	Z-Plus Financial Services	INS011923922	-	A-2/4 Surya Complex Nr.Janta Ice-Creamgurukul Rd., Memnagar Ahmedabad Gujarat-380052

Please take notice that we have discontinued our business relations with the above mentioned Sub-broker(s). Clients and public members are warned against dealing with him / them in his / their capacity as our Sub-broker(s) and that we shall not be liable in any manner for the consequences of such dealings.

For trades / operating the account, clients are requested to contact our centralized dealing desk **33995000** with local **STD code** or email us to **feedback@angelbroking.com**

For **ANGEL BROKING PVT. LTD.**

Date : 12.03.2017 Sd/-
Place : Mumbai Authorised Signatory

ઉત્તરપ્રદેશમાં ભાજપની જીત કે ધ્રુવીકરણની ? હવે પછી કેવાં સમીકરણો રચાશે ?

કોંગ્રેસે ત્રણ રાજ્યોમાં મેળવ્યા સારા મત છતાં સંઘે મીડિયા મેનેજ કરી ઉત્તરાખંડ જીતને મોદી-વેવ ગણાવ્યું

EVM મશીનોમાં ચેંડાંનો લાલુ અને માયાવતીએ કરેલો આક્ષેપ : ચૂંટણી પ્રચાર દરમ્યાન કબ્રસ્તાન-સ્મશાન અને દિવાળી-રમઝાનના વિચારીને કરાયેલા ઉચ્ચારણો : વિકાસના નામે અપાયેલા વચનો : મોદી મેજીક ? : મેજીક કયા પ્રકારનો એ તપાસનો વિષય : રાહુલ-અખિલેશ-માયાવતી ટૂંકા પડ્યા: ભાજપનું મીડિયાથી માંડી મત બેન્ક મેનેજમેન્ટ સફળ ? : બિનસાંપ્રદાયિક પરિબળો અને પક્ષોએ માત્ર વાતો કરવાના બદલે એકતા સ્થાપી પરિણામ લાવવાની જરૂર

ચૂંટણીના પરિણામ જાહેર થઈ ચૂક્યા છે. ભારતના હૃદયસ્થળ ગણાતા ઉત્તરપ્રદેશમાં ભાજપાને પ્રચંડ બહુમતી મળી છે. વડાપ્રધાન મોદીનું મેજીક ઉત્તરપ્રદેશમાં ચાલી ગયું છે. પછી એ કરામત બુથ મેનેજમેન્ટ થકી થઈ, પ્રચાર ઝુંબેશ થકી થઈ, મીડિયા મેનેજ કરીને થઈ, કાર્યકરોની મહેનતથી થઈ કે પછી માયાવતીએ આક્ષેપ કર્યો છે એમ **EVM** હેક કરીને થઈ એ ઊંડી તપાસનો વિષય ખરો જ. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીનું પુનરાવર્તન થયું છે અને ભાજપાએ સ્પષ્ટ બહુમત મેળવ્યો છે.

જો કે પાંચમાંથી ત્રણ રાજ્યોમાં કોંગ્રેસે સારી લીડ મેળવી છે છતાં ભાજપ મોદી-વેવ ગણાવીને પોતાની હારને છુપાવી માત્ર ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડની જીતને લોકો સમક્ષ મીડિયા મેનેજ કરીને દર્શાવી. સંઘની આ ચાલાકી વધુ એક વખત ખોટી છાપ ઊભી કરવામાં સફળ થઈ છે.

બસપાનું દલિત-મુસ્લિમ કાર્ડ નિષ્ફળ રહ્યું અને રાહુલ-અખિલેશની જોડી પણ દમદાર સાબિત થવામાં નિષ્ફળ નિવડી. સપા અને કોંગ્રેસને નુકસાન કરવા માટે માયાવતીએ યુક્તિપૂર્વક એકસો બેઠકો મુસ્લિમોને આપી જેનો સીધો ફાયદો ભાજપાને મળ્યો. કારણ કે આ રીતે ભાજપના મતદારો એકજૂથ થયા. માયાવતી અગાઉ બે વખત ભાજપ સાથે હાથ મિલાવી ચૂક્યા હતા અને ગણતરી માંડી બેઠા હતા, જે તમામ ખોટી પડી છે.

બીજી બાજુ ઉત્તરપ્રદેશનું શાસન જેમના હાથમાં હતું એ યાદવ બાપ-બેટાએ જાણે કે ભાજપને તાસકમાં સજાવીને જીત ભેંટ ધરી હતી. કાકા-ભત્રીજા અને બાપનો ઝઘડો એટલો ચાલ્યો કે મતદારો પણ મૂંઝાઈ ગયા કે આ પરિવારનું ભલુ નથી કરી શકતા એ અમારૂં ભલું શું કરશે. રાહુલ ગાંધી સાથે હાથ મિલાવવા અને વિકાસ કાર્યો કરવા છતાં અખિલેશ યાદવ અને તેમના પક્ષને એન્ટી ઈન્કમબન્સી ફેકટર નડી ગયું તો કોંગ્રેસ ઉત્તરપ્રદેશ વિધાનસભામાં સાવ કોરાણે ધકેલાઈ ગઈ. ભાજપે દરેક જાતિના ઉમેદવારને સમાવવાની કોશિશ કરી પરંતુ જાણી જોઈને એકપણ મુસ્લિમ ઉમેદવાર ઊભો ન રાખ્યો. આમ છતાં મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારમાં તેમને બહુમતી મળી એ બાબતે દરેકને ભારે આશ્ચર્ય થાય છે. દાખલા તરીકે ઉત્તરપ્રદેશના દેવબંદનું પરિણામ પ્રથમ તબક્કામાં જાહેર થયું. આ વિસ્તાર મુસ્લિમ બહુમતી ધરાવતો વિસ્તાર છે, છતાં ભાજપના બ્રિજેશને ૧,૦૧,૯૭૭ મત મળ્યા, બસપાના માજીદઅલીને ૭૨,૬૫૪ મત મળ્યા અને સપાના એમ. અલીને ૫૬,૨૭૮ મત મળ્યા. વિજય બાદ પત્રકારોને સંબોધતા ભાજપ પ્રમુખ અમિત શાહે કહ્યું કે ઉત્તરપ્રદેશે જાતિવાદ, ધર્મ, હિન્દુ-મુસ્લિમ વગેરે બાબતોને જાકારો આપી મોદીના વિકાસ કાર્યોને મત આપ્યો છે. જો કે ચૂંટણી પ્રચાર વખતે આ જ અમિત શાહે એન્ટી રોમિયો કે લવ જેહાદ વિરોધી સેના બનાવવાની જાહેરાત કરી હતી. વડાપ્રધાને દિવાળી અને રમઝાન તેમજ કબ્રસ્તાન અને સ્મશાન શબ્દ પ્રયોગ થકી લોકોને કટ્ટરવાદ તરફ ખેંચવાનો ઈશારો આપી દીધો હતો.

ચૂંટણીના છેલ્લા તબક્કા પૂર્વે લખનૌમાં કરાયેલું એન્કાઉન્ટર અને તેની ચર્ચા સતત ચેનલોએ પ્રસારિત કર્યે રાખ્યા હતા. આ તમામ બાબતો અને ભાજપાના કટ્ટરવાદી સાંસદોના બેફામ નિવેદનોને રોકવામાં ચૂંટણી પંચ સરેઆમ નિષ્ફળ નિવડ્યું હતું. એ વાતની પણ નોંધ લેવી ઘટે. વડાપ્રધાનનો નોટબંધીના કારણે ભાજપાને ફાયદો થયો એવો દાવો કરવામાં આવી રહ્યો છે. ચૂંટણી પૂર્વે અચાનક કરાયેલી જાહેરાત અચાનક લેવાયું નહીં પરંતુ યુક્તિપૂર્વક આયોજન કરીને લેવાયેલું પગલુ હતું એ બાબત તો થોડા દિવસોમાં જ સ્પષ્ટ થઈ ગઈ હતી. ૨૦૦૦ની નોટો લોકોએ નિહાળી પણ ન હતી ત્યારે ભાજપના ઉત્તરપ્રદેશના જ એક નેતાની દીકરીએ ૨૦૦૦ની નવી નક્કોર નોટોની થોકડી સાથેનો ફોટો ફેસબુક પર પોસ્ટ કર્યો હતો. જે સાબિત કરે છે કે **અન્ય પક્ષો પાસે પ્રચાર કરવા માટે કે મતદારોને લલચાવવા માટેભાજપાની સરખામણીમાં ખૂબ જ ઓછા પૈસા હતા. એ રીતે ભાજપને નોટબંધી ફળી જ્યારે અન્ય પક્ષોને નડી ભાજપા પાસે કેન્દ્રમાં સત્તા હતી તેથી તેમણે યોગ્ય સમયે તેમને યોગ્ય લાગી એ રીતે પોતાના નાણાંનુ આયોજન ગોઠવી કાઢ્યું હતું.**

કોંગ્રેસ જો હજુ ઊંઘમાંથી નહીં જાગે તો મોદીનું ગુજરાત મોડલ સમગ્ર દેશમાં ધીરે ધીરે લાગુ થઈ જશે. બહરાઈચ, ફૈઝાબાદ, બલરામપુર, બસ્તી અને ગોંડા વિસ્તારોમાંથી પોલીસે **EVM** ફિક્સીંગ મશીન પકડી પાડ્યા છે. અમેરિકાની ચૂંટણીમાં પણ **EVM**માં ચેંડાં થયાં હોવાની વાત બહાર આવી છે. તે જ રીતે માયાવતી પછી લાલુ પ્રસાદ યાદવે પણ મીડિયા સમક્ષ કહ્યું કે ગુજરાતની ચૂંટણી વખતે વપરાયેલા **EVM** ઉત્તરપ્રદેશમાં વાપરવામાં આવ્યા છે. શું આ રીતે ગુજરાત મોડેલ ફરી એક વખત લાગુ કવામાં આવ્યું ? અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતની ચૂંટણી વખતે કોંગ્રેસે **EVM** સાથે ચેંડાં થયાનો અવાજ ઊઠાવ્યો હતો. ઉત્તરપ્રદેશના પરિણામોના પગલે ગુજરાતમાં પણ ચોમાસા પૂર્વેચૂંટણીનું રણશિંગુ સત્તાપક્ષ ફૂંકે તેવી શક્યતા દેખાઈ રહી છે. કોંગ્રેસે સાવ ભોંયભેગું ન થઈ જવું હોય તો તેમણે પંજાબમાં જે રીતે કેપ્ટન અમરિંદરસિંઘને સુકાની જાહેર કરીને મેદાન માર્યુ એવો વ્યૂહ ગુજરાતમાં તાકીદે અપનાવવો રહ્યો. ગુજરાતમાં કોના વડપણ હેઠળ ચૂંટણી લડાશે એ જાહેર કરીને સ્પષ્ટ વાતાવરણ સર્જવાની જરૂર છે. કારણ કે ઉત્તર પ્રદેશની બમ્પર જીતનો લાભ લેવા ગુજરાતમાં ચૂંટણી ઢુકડી આવી સમજો.

મીડિયા આ પરિણામોને સેમી ફાઈનલ ગણાવી રહ્યું છે, પરંતુ એ હકીકત ધ્યાનમાં રાખવા જેવી છે કે આવતા વર્ષે ૪ રાજ્યોમાં ચૂંટણી થવાની છે. આ ઉપરાંત ઉત્તરપ્રદેશ સિવાય ભાજપને ગોવા અને મણિપુરમાં સારી ટક્કર મળી છે તો પંજાબમાં તે પરાજીત થયું છે.

હાલ વિચારવા જેવી વાત એ છે કે **વિપક્ષો ભલે બિનસાંપ્રદાયિકતાના નામની તાલીઓ વગાડે, પરંતુ એ ખાલી તાબોટા સિવાય કશું નક્કર સાબિત નથી કરી શક્યા. ખરેખર જો તમામ બિનસાંપ્રદાયિક પરિબળો એકજૂથ નહીં થાય તો ૨૦૨૫ના રામમંદિર, ત્રિપલ તલાક, બંધારણમાં ભારે ફેરફાર સહિતના અનેક મુદ્દાઓ સાથે સંઘના કટ્ટરતાવાદી એજન્ડા તરફ આગેકૂચ કરતા કટ્ટરવાદી પરિબળોને રોકવા મુશ્કેલ થઈ પડશે.**

હઝરત સૈયદ શાહેઆલમ (રહે.)ના ઉર્સની ૧૪થી ૨૨ માર્ચ સુધી ઉજવણી

અમદાવાદ, તા.૧૧

ગુજરાતના મહાન સુફીસંત હઝરત સૈયદ મુહમ્મદ સિરાજુદ્દીન શાહેઆલમ (રહમતુલ્લાહ અલયહ)ના ઉર્સની તા.૧૪ માર્ચથી ૨૨ માર્ચ સુધી ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે દરગાહ શરીફના સજ્જાદાનશીન જનાબ મુસામિયા આઈ. રઝવીએ ઉર્સને પ્રતિવર્ષની પરંપરા મુજબ કોમી એકતા, ભાઈચારા અને શાંતિથી ઉજવવા અપીલ કરી છે.

હિન્દુ-મુસ્લિમ સહિત તમામ વર્ગોમાં આદરણીય એવા હઝરત શાહેઆલમ (રહમતુલ્લાહ અલયહ)ના ઉર્સનો વિગતવાર કાર્યક્રમ જોઈએ તો તા.૧૪ માર્ચને મંગળવારે ઈશાંની નમાઝ બાદ ગુલપોશી, ૧૫ માર્ચે અસરની નમાઝ બાદ ગિલાફપોશી, તા.૧૬ અને ૧૭ માર્ચના રોજ સંદલ મુબારક પેશ કરાશે. જ્યારે ૧૮ માર્ચથી ૨૨ માર્ચ સુધી ઉર્સની ઉજવણી કરવામાં આવશે. જેમાં ૨૨ માર્ચે માત્ર મહિલાઓનો ઉર્સ ઉજવાશે જે બીબીઓના મેળા તરીકે ઓળખાય છે તે દિવસ દરગાહ સંકુલમાં માત્ર મહિલાઓને જ પ્રવેશ આપવામાં આવે છે.

ઓલ ઈન્ડિયા આઈડિયલ ટીચર્સ એસો. ગુજરાત દ્વારા અમદાવાદમાં આજે શિક્ષકોની તાલીમ અને શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર કાર્યક્રમ યોજાશે

અમદાવાદ, તા.૧૧

ઓલ ઈન્ડિયા આઈડિયલ ટીચર્સ એસોસિએશન ગુજરાત દ્વારા શિક્ષકોની તાલીમ અને શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કારનો એક કાર્યક્રમ તા.૧૨મી માર્ચના રોજ સવારે ૧૦થી સાંજના ૫ સુધી ક્રેસન્ટ સ્કૂલ, અંબર ટાવરની પાછળ, સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં શિક્ષકોને શ્રેષ્ઠ કામગીરી બદલ પુરસ્કાર અપાશે તેમજ શિક્ષણના બદલાતા પ્રવાહો અને શિક્ષણ તેમજ શિક્ષકો વિશે વકતવ્ય આપવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે જી.ડી. મોદી આર્ટસ કોલેજ પાલનપુરના પ્રોફેસર એ.ટી. સિંધી અને એફ.ડી. હાઈસ્કૂલ મક્તમપુરાના પ્રિન્સિપાલ મુહમ્મદ હુસેન ગેણા તેમજ આઈપીએસ મકબૂલ અહમદ અનારવાલા ઉપસ્થિત રહેશે એમ એઆઈઆઈટીએના પ્રમુખ ફહીમુદ્દીન શેખ અને સેક્રેટરી ડો. રફીક મેમણે એક યાદીમાં જણાવ્યું છે.

રાજ્યભરમાં ઠંડા પવનો ફૂંકાતા લોકોને ગરમીમાં રાહત

દ્વારકામાં ધૂળની ડમરીઓ ઊડી

અમદાવાદ, તા.૧૧

રાજ્યભરમાં ઠંડા પવનો ફૂંકાતા શનિવારે વાતાવરણમાં ઠંડકની સ્થિતિ રહી હતી. બીજી બાજુ દ્વારકામાં ધુળની ડમરીઓ ઉડી હોવાના અહેવાલ મળ્યા છે. મિશ્ર વાતાવરણનો માહોલ ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં જોવા મળ્યો હતો. મોડી રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં ઠંડક રહી હતી. છેલ્લા થોડાક દિવસથી મોડી રાત્રે અને સવારે શિયાળા જેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. મિશ્ર હવામાનના પરિણામ સ્વરૂપે લોકો સામે ઘણી તકલીફ આવી રહી છે. દ્વારકા જિલ્લાના કલ્યાણપુર અને ભાટીયાના ગ્રામીણ વિસ્તારમાં હાલમાં વરસાદી છાંટા પડ્યા છે. ગઈકાલે રાજ્યના ઘણા ભાગોમાં વરસાદી માહોલ રહ્યો હતો. આજે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૭.૭ અને મહત્તમ તાપમાન ૩૦.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં પણ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ રહી છે. બીજી બાજુ સિઝનમાં વારંવાર ફેરફારના લીધે બીમારી ફેલાવવાની શક્યતા પણ દેખાઈ રહી છે. લોકોને વધુ સાવધાન થઈ જવાની જરૂર છે કારણ કે હાલમાં ગરમી અને શરદીનો અનુભવ એકસાથે થઈ રહ્યો છે.રાજ્યભરમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફારનો દોર જારી રહેતા સામાન્ય લોકો પરેશાન થયેલા છે. આરોગ્યને લઈને ઈન્ફેકશનની તકલીફ વધી છે. શરદી, ગરમીથી ગ્રસ્ત રોગના કેસમાં વધારો નોંધાયો હોવાના અહેવાલ મળી રહ્યા છે. અમદાવાદ શહેર અને રાજ્યમાં હાલમાં મિશ્ર વાતાવરણનો અનુભવ લોકો કરી રહ્યા છે. અમદાવાદ શહેરમાં બપોરના ગાળામાં ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. ગરમીનું પ્રમાણ અમદાવાદમાં હવે દિન પ્રતિદિન વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનયિ છે કે અપર એયર સાયક્લોનિક સરક્યુલેશનના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં હવામાનમાં એકાએક ગઈકાલે જોરદાર પલ્ટો આવ્યો હતો. ગુજરાતના અનેક ભાગોમાં વરસાદ પડ્યો હતો. ઉત્તર અને દક્ષિણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં પવન સાથે વરસાદ થયો હતો. ગઈકાલે શુક્રવારના દિવસે નવસારી, દાહોદ, અંબાજી, પાટણ, અમીરગઢમાં વરસાદ થયો હતો. આ ઉપરાંત અન્ય ઘણા ભાગોમાં પણ વરસાદ પડ્યો હતો. જેમાં મહીસાગરના આસપાસના વિસ્તારો અને કલ્યાણપુર, ખંભાળીયા, દ્વારકામાં વરસાદી છાંટા પડ્યા હતા.

ક્યાં કેટલું તાપમાન...

સ્થળ	મહત્તમ તાપમાન
અમદાવાદ	૩૦.૫
ડિસા	૨૯.૧
ગાંધીનગર	૩૧.૨
વડોદરા	૩૦.૬
સુરત	૩૦
વલસાડ	૩૨.૪
અમરેલી	૩૧
ભાવનગર	૩૧.૭
પોરબંદર	૩૦.૪
રાજકોટ	૩૦.૫
નલિયા	૨૯.૬
કંડલા	૩૦.૬
ભુજ	૩૦.૨
મહુવા	૩૧.૪

ગુજરાતમાં ભાજપના વિજયથી કાર્યકરો ઉત્સાહિત : નીતિન

ગાંધીનગર, તા.૧૧

ઉત્તરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીને મળેલા તોતીંગ વિજયથી અંગે પ્રત્યાઘાત આપતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, આ પરિણામોથી ભાજપના કાર્યકરોમાં નવેસરથી પ્રાણ ફૂંકાશે અને આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેની હકારાત્મક અસર દેખાશે. નીતિન પટેલે વધુમાં કહ્યું કે, દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં અને ઉત્તરાખંડમાં ભારતીય જનતા પક્ષમાં અભૂતપૂર્વ વિજય થયો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા અકબંધ છે. એટલું જ નહીં તેમાં વધારો પણ થયો છે તે સાબિત થયું છે તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાને આપેલી પ્રજાલક્ષી યોજનાઓ લોકોને સ્પર્શી ગઈ છે અને તેનો પડઘો આ પરિણામોમાં પડ્યો છે.

ANGEL BROKING PVT. LTD.
BOMBAY STOCK EXCHANGE (SEBI REG. NO. INB010996539)
NATIONAL STOCK EXCHANGE LTD. (SEBI REG. NO. INB231279838)
Regd. Off. : G-1, Akruti Trade Centre, MIDC Road No. 7, Andheri (E), Mumbai-93.

PUBLIC NOTICE

NAME OF SB	TRADE NAME OF SB	BSE REG. NO.	NSE REG. NO.	REGD. ADDRESS
Falguni R Bhatt	Akshar Investment	INB015080010	-	Vegetable Market Near Bank Of India Sojitra Kheda Gujarat-387240
Akil Shabbir Pinjari	Akil Shabbir Pinjari	INB014701010	-	C-74,1st Floor Elbee Appt. Near Ajanta Shopping Complex, Ringroad, Surat, Gujarat - 395002
Ashish Ramanbhai Patel	Ashish Ramanbhai Patel	INB014628114	-	6, Krishna Complex, Nr.Hetnani Park, Adalaj,Gandhinagar, Gujarat - 382421
Ashokumar Jitendrakumar Jain	Shree Hast Enterprise	INB015045011	-	405 Anand Cloth Market Sarangpur Ahmedabad Gujarat-380002
Alpa Manish Madani	Alpa Manish Madani	INB014864016	INS234714819	157, Gokuldham, Gokuldham Mavdi, Ta Rajkot, Gj-360004
Arvind Mahasuklal Mehta	Arvind Mahasuklal Mehta	-	INS234725419	216, Blue Diamond, Hatfalia - Haripura, Surat, Gj - 395003
Anupam Chhimkabhai Gajjrawal	Anupam Investments	INB011503617	-	U/17- Trade Houseopp Sbi Athugar Street Surat Gujarat-395001
M Suresh Dani	Bombay Broking	INB013690818	INS233728612	4/1710, A-16 (B) Palki 3rd Flr., Shop No 302, Begampura, Nawab Wadi Road, Surat, Gujarat - 395003
Bhavinkumar Jashbhai Patel	Bhavinkumar Jashbhai Patel	INB015069417	INS235155913	2 - Maruti Kirtan, 80 Ft Road, Anand, Gujarat - 388120
Bhavesh Mahsukhlal Mehta	Bhavesh M. Mehta	INB012235219	-	71 Navyug Colony Bhulabhai Park Gita Mandir Roadkankaria Maninagar Ahmedabad Gujarat-380022
Bhavita Samir Shah	Bhavita Samir Shah	INB014618818	-	36,Riddhi Siddhi Society, Opp Mahavir Hall, Ajwa Rd., Baroda,Gujarat - 390019
Brijesh Suryakant Patel	Brijesh Suryakant Patel	-	INS235191819	209, Second Floor, Nr Paras Cinema, College Road, City Point, Nadiad, Kheda, Gujarat - 387001
Keyur Pareshbhai Kapadia	Capital Bizzare Financial Solutions	INB014646611	INS234894512	111, Rajhans Point, Old Geetanjali Cinema, Varachha Road, Surat, Gujarat-395006
Chetan Rughani	Chetan Rughani	INB013689414	INS234147416	78/C, Shrinathji Nagar, B/H Bharat Nagar, Bhavnagar, Gujarat-364 002
Dhanvarsha Investment	Dhanvarsha Investment	-	INS234871320	Manek Complex, Nr Suvidha Complex, Meena Bazar, Kapadvanj, Ahmedabad, Gujarat-387 620
Dhaval R. Shah	Dhaval R. Shah	-	INS235048910	111, Sarvottam Complex, Opp. Panchanath Temple, Rajkot, Gujarat- 360001
Dineshbhai Parshotambhai Vekariya	Dineshbhai Parshotambhai Vekariya	INB014793819	-	L/3, Krishna Complex, Modi Mahhulla A.K. Road, Surat, Gujarat - 395008
Dhara Rakesh Makadia	Dhara Rakesh Makadia	INB015135317	INS235156010	15, Krishna Complex, Near Janta Fatak, Indira Rd., Jamnagar, Gujarat-361006
Sangita Rajesh Thakkar	Ensure Finance Services	-	INS231768814	B/1/A Swaminarayan Complex, Jain Merchant, Panch Rasta, Paldi, Ahmedabad, Gujarat- 380001
Sangita Rajesh Thakkar	Ensure Finance Services	INB012678517	-	B/1/Aswaminarayan Complex Jain Merchant Panch Rasta Paldi Ahmedabad Gujarat-380007
Ela Vishvesh Shah	Ela Vishvesh Shah	-	INS234694916	6, Rajuratna Society, Narayannagar Road, Paldi, Ahmedabad, Gujarat - 380007
Firozmohamad Valibhai Malek	Firozmohamad Valibhai Malek	INB015007813	-	B/5 Amin Complex Sahalam Tolnaka Ahmedabad Gujarat-380028
Gaurang Rajnikant Upadhyay	Gaurang Rajnikant Upadhyay	INB015009314	-	A/107, Supath-II Complex Nr. Amis Bus Stop, Old Wadaj, Ashramroad, Ahmedabad, Gujarat-380013
Hemaben Birenbhai Patel	Hemaben Birenbhai Patel	INB014698018	INS234412711	2, Lavkush Society, Near Vyaswadi, Nava Vadaj, Ahmedabad, Gujarat-380013
Hetal Aahar	Hetal Aahar	-	INS234601115	At - Vimal Banglow Chala, Vapi, Valsad, Gujarat-396191
Hetal Jitendra Aahar	Hetal Jitendra Aahar	INB014881614	-	At-Vimal Banglow Chala Vapi Valsad Valsad Gujarat-396191
Jagdishbhai Keshavlal Akhani	Jagdishbhai Keshavlal Akhani	INB014496819	INS234444813	Shop No 7, Varadan Tower, Pragati Nagar, Navrangpura, Ahmedabad, Gujarat - 380013
Jitendra Hareshbhai Vyas	Jitendra Hareshbhai Vyas	INB014646819	INS234756216	C/O. Vyas Travels, 11/12, Vijay Plot, Godown Road, Rajkot, Gujarat - 360002
Jitendra Karsan Kotia	Jitendra K Kotia	-	INS234713712	Shree Ram Niwas, Sharaniya Chowk, Porbandar, Junagadh, Gujarat - 360575
Bhavesh Himmatlal Mistry	Kamdhenu Investment	INB014447416	INS234585011	F-5, Shankar Shopping Centre, Near Cinc, Opp Raghuvir Complex, Odhav Road, Odhav, Ahmedabad, Gujarat - 382415
Manishkumar G Parikh	Krishna Investment	INB015044212	-	E-23 Indrapuri Shopping Center Nr. Bapod Jakat Naka Waghodia Road Vadodara Gujarat-390019
Mrs. Manisha Bharatbhai Patel	Mrs.Manisha Bharatbhai Patel	-	INS234193014	F/13-14, Janta Super Market, Opp. Veparijin, Kalol, Gandhinagar, Gujarat - 382721
Manisha Bharatbhai Patel	Manisha Bharatbhai Patel	INB014890714	-	F/13-14 Janta Super Market Opp. Veparijin Kalol Mahesana Gujarat-382721
Mehul Bhupinchandra Tewar	Mehul Bhupinchandra Tewar	INB012702515	INS232374210	18 Jeevanjyot Society, New Kosad Road, Amroli, Surat, Gujarat - 394107
Chetankumar Chhanabhai Patel	Maruti Nandan Investment	-	INS234754617	B/19, Marutinandan Appartment, Opp Phisical Ground, Khokhara, Ahmedabad, Gujarat-380 008
Mansukh Madhabhai Parmar	Mansukh Madhabhai Parmar	INB015135119	-	201- Vanijya Bhavan Dhebar Road Opp Gujarat Furniture Rajkot Gujarat-360001
Neelam Rahul Barjatiya	Neelam Rahul Barjatiya	INB014963519	INS234393218	101, Bhagya Laxmi Complex, Opp Gunjan Cinema, Koparli Road, Gidc, Vapi, Valsad, Gujarat - 396195
Nisha C Shahdadpuri	Nisha C Shahdadpuri	-	INS234089717	S. E. X - 77, Shop No 4, Ahuja Traders, Adipur, Kutch, Gujarat - 370205
Narmdaben Hasmukhbhai Parmar	Narmdaben Hasmukhbhai Parmar	INB014865211	INS234722317	Shiv Commercial Complex, First Floor, Gulab Nagar, Jamnagar, Gujarat - 361007
Nisha Bipinchandra Desai	Nisha Bipinchandra Desai	INB015085512	-	9 Jagnath Estate Opp. Gujarat Boating Rakhial Ahmedabad Gujarat-380023

NAME OF SB	TRADE NAME OF SB	BSE REG. NO.	NSE REG. NO.	REGD. ADDRESS
Bhatt Jigar Vijaykumar	Bhatt Jigar Vijaykumar	-	INS232839014	3-Punjan Apartment, Karnavati Society Bhairavnath Rd., Maninagar, Ahmedabad, Gujarat - 380028
Nilpa Kalpesh Patel	Nilpa Kalpesh Patel	-	INS233886311	305, Dhyan Yog Apartment, Sutaria T, Ghoddod Road, Surat, Gujarat - 395002
Nirav Sureshkumar Shah	Nirav Sureshkumar Shah	INB015219319	INS235156317	06/F, Jaymangal Ind Estate, Gujarat Bottling Road, Rakhial, Ahmedabad, Gujarat - 380023
Niraj Jashwantlal Kadakia	Niraj J Kadakia	INB015085116	INS235115818	1St Floor Above Optic Palace Nr. Star Soda M.G. Road Dahod. Panchmahal Gujarat-389151
Patel Vivek Anilbhai	Om Sai Investment	INB014787613	-	Blue Diamond Office-218 Haripura Hat Faliya Surat Gujarat-395002
Vishal J Chandarana	Om Securities	INB014618610	-	311-Star Chamber Harihar Chowk Dr.Rajendra Prasad Road Rajkot Gujarat-360001
Patel Kalpeshkumar Jayantilal	Patel Kalpeshkumar Jayantilal	INS014681119	-	4 Keshav Complex, Bus Stand, Tal - Lunawada, Dist-Godhra, Gujarat-389230
Pareshkumar Balmukund Shah	Pareshkumar Balmukund Shah	INB015048510	-	107-Market Yard Talod Sabarkantha Gujarat-383215
Pina Navinbhai Patel	Pina Navinbhai Patel	INB014738814	-	C1/1 Surya Complex Opp Navnit House Gurukul Road Memnagar Ahmedabad Gujarat-380052
Pravinbhai Mathurdas Thakkar	Pravinbhai Mathurdas Thakkar	INB015210110	-	59 Swaminarayan Soc. Puna Bombay Market Road Surat Gujarat-395006
Amita Nitir Shah	Paras Finstock	INB014863919	-	L-54 Aakashganga Complex Nr. S.T. Stand Himatnagar Sabarkantha Gujarat-383001
Komal Mitesh Kapdiwala	President Investment	-	INS234165814	A/T-1, Rajdhani Appt, Manav Mandir, Memnagar, Ahmedabad, Gujarat-380052
Varsha Jaju	Raghav Securities	INB011844219	INS231808911	303, Jay Sagar Complex, B/H. J. K. Tower, Sub Jail Road, Ring Road, Surat, Gujarat - 395002
Rekhaben Girishkumar Patel	Rekhaben Girishkumar Patel	-	INS234270415	18/B, Natholal Park, Balolnagar Cross Road, Ranip, Ahmedabad, Gujarat - 382480
Rashminkumar Shankarbhai Nagar	Rashminkumar Shankarbhai Nagar	-	INS233795413	13/A, Dada Rokadnath Society, Nr. Narayan Nagar Bus Stop, Paldi, Ahmedabad, Gujarat-380007
Mehulkumar T Patel	Rameshwar Consultancy	-	INS235186512	U/29-30, Arjun Complex, Opp Naroda Police Station, Naroda, Ahmedabad, Gujarat - 382330
Ritesh Shukla	Ritesh Shukla	INB012050410	INS231677916	29, Jai Bhavani Society, Nr.Malav Talav, Jivraj Park, Ahmedabad, Gujarat-380051
Satishkumar Ambalal Patel	Satishkumar Ambalal Patel	INB014965110	INS234725617	C/404, Shantiniketan, Opp. Rasparr Party Plot, Nr. Krishna Farm Party Plot, New Nikol, Ahmedabad, Gujarat - 380001
Satish Ranchodbhai Patel	Satish Ranchodbhai Patel	-	INS234426612	1/A/F/F, Krishna Complex, Opp. E S I Dawakhana, Naroda Road, Ahmedabad, Gujarat - 380025
Shreeji Investments	Shreeji Investments	INB016449925	-	B/302 Swaminarayan Complex Abv. Navjivan Restaurant Jain Merchant 5 Cross Rds. Paldi Ahmedabad Gujarat-380007
Tejas Jayantibhai Patel	Shreeji Investors	INB015079119	-	C-4 Srujan Complex Nr. Narol Police Chowky Narol Ahmedabad Gujarat-382405
Sunilkumar Chawla	Sunilkumar Chawla	-	INS234072713	403, Pratham Mangal, Beside Sambhavnath Derasar, Near Vasna Bus Stop, Vasna, Ahmedabad, Gujarat - 380007
Vimalbhai Chandubhai Shingala	S3 Investment Solution	INB014885516	INS234621816	Office No.201, Om Complex, Tagore Road, Bhakti Nagar Station, Circle Chowk, Rajkot, Gujarat - 360002
Alpesh R Doshi	Shubhlaxmi Investment	INB014997816	INS234521016	121, 1St Floor, Blue Diamond, Hari Faliya, Mahidharpura, Surat, Gujarat - 395001
Punambhai Bhagwanbhai Pandya	Punambhai Bhagwanbhai Pandya	-	INS234175516	1St Floor, Shop No 3 And National Plaza Shopping 4, Centre, Old Bus Station, Kapadvanj, Kheda, Gujarat - 387620
Punambhai Bhagwanbhai Pandya	Shree Meher Sagar Investment	INB013784116	-	1St Floor Shop No. 3 & 4 National Plaza Shopping Center Old Bus Stand Kapadvanj Kheda Gujarat-387620
Nayan Trikamdas Sampat	Sampat Trading Co.	INB011371114	-	G.T. Road Kutch Kutch Gujarat-370465
Sunil Kumar Sureshbhai Patel	Sunil Kumar Sureshbhai Patel	-	INS234721210	Vallbhwadi, 12, Gala, Aslan Road, Bardoli, Surat, Gj - 394601
Shailesh S Shah	Shailesh S Shah	-	INS232352216	A-16/1, Devas Flat, Vasna Road, Paldi, Ahmedabad, Gj - 380007
Shailesh S. Shah	Shailesh Investment	INB012799619	-	A-16/1Devas Flat Vasna Road, Paldi Ahmedabad Gujarat-380007
Trimurti Share Broking	Trimurti Share Broking	INB011523011	-	107Annapoorna Complex Opp Aangan Apptamaktampur Rd.Bharuch Gujarat-392001
Phanibhushan Madhukantbhai Patel	Tatsat Investment	INB013803411	-	206-Shri Mahalaxmi Complex Near Kkv Hall Kalawad Road Rajkot Gujarat-360005
Parekh Kajal Hiteshkumar	Tulsi Investment	INB013677518	-	Sankalp Complex Bhangli Gate Talaja Rd.,Bhavnagar Gujarat-364002
Ketankumar Dineshbhai Patel	Vidhata Enterprise	INB014793215	-	B-2, 303, Shalin Complex, Sector - 22, Gandhinagar, Gujarat - 382022
Ashok P Jain	M/S. Vidhya Investments and Finance	-	INS234607518	Plot No 31, Phase 4, Sanjali Village Road, Gidc, Panoli, Bharuch, Gj - 394116
Dimpal Gaurang Dave	Yash Capital	INB014889316	-	Shp No.4 Laxmandhara Nr. Somnath Temple Desai Wadi Jetpur Rajkot Gujarat-360370
Z-Plus Financial Services	Z-Plus Financial Services	INB011923922	-	A-2/4 Surya Complex Nr.Janta Ice-Creamgurukul Rd., Memnagar Ahmedabad Gujarat-380052

Please take notice that we have discontinued our business relations with the above mentioned Sub-broker(s). Clients and public members are warned against dealing with him / them in his / their capacity as our Sub-broker(s) and that we shall not be liable in any manner for the consequences of such dealings.
For trades / operating the account, clients are requested to contact our centralized dealing desk **33995000** with local **STD code** or email us to **feedback@angelbroking.com**

For **ANGEL BROKING PVT. LTD.**
Sd/-
Authorised Signatory

Date : 12.03.2017
Place : Mumbai

ઉજ્જૈન હિંદુ-મુસ્લિમ આતંકીઓનું ફળદ્રુપ ઉછેરકેન્દ્ર કેમ બની રહ્યું છે ?

મ.પ્ર.માં છેલ્લા કેટલાક સમયથી બની રહેલી ઘટનાઓ જોતાં લાગે છે કે મ.પ્ર. હવે ત્રાસવાદીઓનું ધમધમતું કેન્દ્ર બની ગયું છે

(એજન્સી) ઉજ્જૈન,તા.૧૧

મધ્ય પ્રદેશ આતંકી પ્રવૃત્તિઓ માટે એક મહત્વનું કેન્દ્ર બની ગયું છે. ગયા મહિનાની મધ્યમાં એવું જાણવા મળ્યું હતું કે રાજયના ૯ શખ્સો પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઇએસઆઇને ગુપ્ત માહિતી પૂરી પાડી રહ્યા હતા. આમાંના કેટલાક શખ્સો સંઘ પરિવાર સાથે ગાઢ કનેક્શન ધરાવતા હોવાનો પણ ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે.

આ જૂથને ખાનગી માહિતી આપવા બદલ જંગી રકમ મળતી હતી. આ જૂથની પ્રવૃત્તિઓ અંગે તપાસ પૂરી થાય ત્યાં રાજયને એક બીજો આંચકો મળ્યો હતો. ભોપાલ-ઉજ્જૈન પેસેન્જર ટ્રેનમાં બ્લાસ્ટ થતા ૧૦ લોકો ઘવાયા હતા. આ ઘટના ખોફનાક આતંકી સંગઠન આઇએસની સાઝિશ હતી કે કેમ તે હજુ કન્ફર્મ થવાનું બાકી છે પરંતુ તેના પરથી એક સંદેશ મળે છે કે આતંકી જૂથોને

મ.પ્ર. એક સુગમ સ્થળ મળી ગયું છે કે જયાંથી તેઓ પોતાની પ્રવૃત્તિઓ બેરોકટોક ચલાવી શકે છે.

પોલીસના જણાવ્યા અનુસાર સીમીની સંડોવણીની શક્યતા સહિત તમામ દૃષ્ટિએ આ કેસમાં તપાસ કરવામાં આવી રહી છે. મ.પ્ર.ના ગૃહપ્રધાન ભૂપેન્દ્રસિંહ ઠાકુરે મીડિયા સાથેની વાતચીતમાં એવો ધડાકો કર્યો હતો કે ઉજ્જૈન હવે સીમી પ્રવૃત્તિઓનો અડ્ડો બની ગયો છે અને બ્લાસ્ટમાં સીમીની સંડોવણીની શક્યતા નકારી શકાય તેમ નથી.

પોલીસને દહેશત હતી કે એનકાઉન્ટર બાદ સીમી વેર વાળવા હુમલો કરશે. પોલીસની ઈન્ટેલિજન્સ પાંખને એવા ઈનપુટ્સ મળી રહ્યા હતા કે ઈંદોર કોર્ટ દ્વારા સફદર નાગોરી અને અન્ય ૧૧ને અપરાધી ઠરાવ્યા બાદ સીમી હુમલો કરશે. એટીએસ આઇઇડીમાં ઉપયોગમાં લેવાયેલ વિસ્ફોટકો ક્યાંથી આવ્યા અને મોટો હુમલો કરવા માટે રાજયમાં વિસ્ફોટકોનો ખડકલો કરવામાં આવી રહ્યો છે કે કેમ તે અંગે તપાસ કરી રહી છે. પોલીસ શકમંદોની પણ પૂછપરછ કરી રહી છે. પોલીસે પોતાના બાતમીદારનું નેટવર્ક સક્રિય બનાવી દીધું છે. શાંત રાજય તરીકે ઓળખાતું મ.પ્ર. હવે ત્રાસવાદી પ્રવૃત્તિનું ધમધમતું કેન્દ્ર બની ગયુ છે. સ્પેશિયલ સીબીઆઇ જજ બી કે પલોદાએ સીમીના ૧૧ કાર્યકરોને દેશદ્રોહ, શસ્ત્રો અને દારુગોળો એકત્ર કરવાના આરોપસર અપરાધી ઠરાવ્યા હતા.

આ ચુકાદો ૧૧માંથી ૧૦ આરોપીઓને વીડિયો કોન્ફરસીંગ દ્વારા દર્શાવવામાં આવ્યો હતો કારણ કે આરોપીઓ અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં છે અને અમદાવાદ બોંબ બ્લાસ્ટમાં તેમની સામે ખટલો ચાલી રહ્યો છે. આમ ઉજ્જૈન અને આસપાસના વિસ્તારો હિંદુ અને મુસ્લિમ આતંકીઓ માટે શા માટે ફળદ્રુપ પ્રદેશ પુરવાર થઈ રહ્યા છે તેની તપાસ કરવી જોઈએ.

—એલ એસ હર્દનિયા

ખોટા કેસમાં ધરપકડ થાય તો શું કરશો ? શેખ વાહિદનું પુસ્તક તેમાં માર્ગદર્શન આપશે

મુંબઈ લોકલ ટ્રેન બ્લાસ્ટમાં આરોપી આતંકી અબ્દુલ વાહિદ શેખ ૯ વર્ષ બાદ નિર્દોષ છૂટ્યા પછી પોતાના અનુભવો રજૂ કરતું એક પુસ્તક લખ્યું છે જેનું મથાળું છે 'બેગુનાહ કેદી'

(એજન્સી) તા.૧૧

જે અપરાધ તેણે આચર્યો ન હતો તે માટે ૯ વર્ષ સુધી જેલવાસ ભોગવનાર અબ્દુલ વાહિદ શેખે અંગ્રેજીમાં માસ્ટર્સ ડિગ્રી, જર્નાલિઝમનો કોર્સ અને કાયદાની ડિગ્રીના પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો છે પરંતુ તેની સૌથી મોટી સિદ્ધિ તેના માનવા મુજબ તેના જેલવાસ દરમિયાન પોતાને થયેલા અનુભવો ખાસ કરીને આતંકી હુમલામાં જયારે ખોટી રીતે ફસાવવામાં આવે ત્યારે માર્ગદર્શિકા તરીકે પોતે લખેલ ૪૦૦ પાનાનું પુસ્તક એ તેની સૌથી મોટી સિદ્ધિ છે.

જેમાં ૧૮૮ લોકોનાં મોત થયા હતા અને ૪૦૦થી વધુ લોકો ઘવાયા હતા એ ૧૧ જુલાઇના મુંબઈ લોકલ ટ્રેન બોંબ બ્લાસ્ટની ઘટનામાં ૨૦૦૬માં મહારાષ્ટ્ર પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલ ૧૩ શખ્સોમાં

એક અબ્દુલ વાહિદ શેખ પણ હતો. શેખ પર પાકિસ્તાની આતંકીઓને પોતાના ઘરમાં આશ્રય આપવાનો આરોપ હતો. ૯ વર્ષ બાદ સપ્ટે.૨૦૧૫માં મુંબઈની સ્પેશિયલ કોર્ટ દ્વારા ૧૨ આરોપીઓને તકસીરવાર ઠરાવવામાં આવ્યા હતા અને એકલા શેખને જ નિર્દોષ છોડી મૂકવામાં આવ્યો હતો કારણ કે અદાલતને તેની વિરુદ્ધના આરોપમાં કોઇ વજુદ જણાયું નથી.

જેલમાંથી છૂટ્યા બાદ ૩૮ વર્ષના શેખે એક પુસ્તક લખ્યું હતું જેનું મથાળું 'બેગુનાહ કેદી' રાખવામાં આવ્યું છે. ગત સપ્તાહે આ પુસ્તકનું સત્તાવાર વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં પોતાની અને પોતાના સહઆરોપીઓ પર તપાસ અધિકારીઓ દ્વારા ગુજારવામાં આવેલ થર્ડ ડિગ્રી ટોર્ચરની થરથરાવી મૂકે તેવી વાતો છે. પુસ્તકમાં અબ્દુલ વાહિદ શેખે આરોપીઓને ખોટી કબૂલાત કરવાની ફરજ પાડવા ત્રણ પ્રકારનું ટોર્ચર ગુજારવામાં આવતું હતું તેની વાત દર્શાવી છે.

શેખનું માનવું છે કે જો કોઇને ખોટા કેસમાં ફસાવવામાં આવે તો એવા આરોપીઓ માટે આ પુસ્તક માર્ગદર્શક બની રહેશે. શેખ પોતાના પુસ્તકનો હવે હિંદી અને અંગ્રેજીમાં અનુવાદ પ્રસિદ્ધ કરવા માગે છે કે જેથી તેનું પુસ્તકત વિશાળ વાચક સમુદાય સુધી પહોંચી શકે. હું મારા પુસ્તક દ્વારા ત્રણ સંદેશા મોકલવા માગું છું. એક તો ૭/૧૧ ટ્રેન બ્લાસ્ટનો કેસ બોગસ છે. બીજું આ રાષ્ટ્ર હવે પોલીસ રાજ્ય બની રહ્યું છે અને ત્રીજું હું લોકોને કહેવા માગું છું કે જો તેઓ કોઇ વાર ખોટા આતંકી કેસમાં તેમની ધરપકડ કરવામાં આવે તો તેનો કઇ રીતે પ્રતિકાર કરવામાં આવે. ટોર્ચર કઇ રીતે નિવારી શકો વગેરે અંગે જરુરી માર્ગદર્શન આ પુસ્તક દ્વારા મળી રહેશે.

જેલ પ્રશાસને પોલીસ સાથે મળીને મારા નિર્દોષ ભાઈની હત્યા કરી : તૌહીદ ખાન

(એજન્સી) ગુમલા,તા.૧૧

ઝારખંડમાં એકવાર ફરીથી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોતનો કિસ્સો સામે આવ્યો છે. આ બાબતે ૨૪ વર્ષીય ઈમરાન ખાનની મોત થઈ હોવાનું બહાર આવ્યું છે. આ પહેલાં ૨૦૧૬ના ઓક્ટોબર મહિનામાં મિન્હાજ અન્સારી નામના એક યુવકને ઝારખંડના જામતાડામાં કથિતરૂપે પોલીસ હિરાસતમાં મારી નાંખવામાં આવ્યો હતો. પોલીસ અનુસાર ઈમરાન ખાન ગેરકાયદેસર રીતે લાકડા ભરેલી ટ્રક સાથે સિસઈ પોલીસ સ્ટેશનના પોલીસે ૧૩ ફેબ્રુઆરીએ ધરપકડ કરી હતી. પોલીસનું કહેવું હતું કે ગાડીનો ડ્રાઈવર ઈમરાન હતો. આ કિસ્સામાં ૨૭ ફેબ્રુઆરી એટલે કે સોમવારે કોર્ટમાં હાજર થયા બાદ જ્યારે ઈમરાનને જેલમાં લઈ જવામાં આવ્યો તો તે બેહોશ થઈ ગયો. તેને સાંજે ૫:૫૫ કલાકે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું. પરંતુ ઈમરાનના પરિવારજનોનું કહેવું છે કે ઈમરાન નિર્દોષ હતો. એ તો નમાજ પઢીને આવી રહ્યો હતો ને પોલીસે તેની ૧૧ ફેબ્રુઆરીએ ધરપકડ કરી લીધી. ઈમરાનને કોઈપણ પ્રકારની કોઈ બીમારી નહોતી. કોર્ટમાં હાજર થયો તે દરમિયાન પોતાના વકીલ સાથે મુલાકાત દરમિયાન પણ તે બિલકુલ સ્વસ્થ હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર ઈમરાનના મોટાભાઈ તૌહીદખાનનું કહેવું છે કે મારા ભાઈ ઈમરાનને પોલીસ તેમજ જેલ પ્રશાસન બંનેએ ભેગા થઈને મારી નાખ્યો છે. તે કોર્ટમાં હાજર થયો ત્યારે બિલકુલ સ્વસ્થ હતો. સવારે જ મેં તેની સાથે

જેલમાં મુલાકાત કરી હતી. મારા વકીલ પણ આ દિવસે તે હાજર થયો તે દરમિયાન ૩ વાગ્યા સુધી ઈમરાનની સાથે હતા. તૌહીદ આગળ જણાવે છે કે ૨૮ ફેબ્રુઆરીએ સવારે ૭ કલાકે ગુમલા સદર હોસ્પિટલમાંથી કોઈએ ફોન કરીને જણાવ્યું કે તમારા ભાઈની લાશ પડી છે. આ સમાચાર સાંભળતા જ અમે બધા હોસ્પિટલમાં ગયા હતા.ત્યાં હજી પણ ઈમરાનના હાથમાં હાથકડી લાગેલી હતી.ડોકટરોને પૂછતાં જાણવા મળ્યું કે પોલીસકર્મીઓ કાલે સાંજે જ તેને લઈને આવ્યા હતા. તેઓ ઈમરાનને દાખલ કરવાનું કહી રહ્યા હતા પરંતુ ઈમરાનનું એ પહેલાં જ મોત થઈ ગયું હતું. એટલે હોસ્પિટલના કર્મચારીઓએ તેને દાખલ કરવાની ના પાડી દીધી પરંતુ પોલીસકર્મીઓ તેને છોડીને ભાગી ગયા. તૌહીદ પ્રશ્નની શૈલીમાં પૂછે છે કે, જો ઈમરાનનું મોત બેહોશીને કારણે થયું છે તો પોલીસ અથવા જેલ પ્રશાસને અમને જણાવ્યું કેમ નહીં,તેઓ હોસ્પિટલમાં જ ઈમરાનની લાશને છોડીને કેમ ભાગી ગયા. તે આગળ જણાવે છે કે, એક અઠવાડિયું વિતી ગયું હોવા છતાં પણ પોલીસે આ કિસ્સામાં કોઈપણ કાર્યવાહી નથી કરી. હજીસુધી પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ આવ્યો નથી. જેલ પ્રશાસને પોલીસની સાથે મળીને મારા ભાઈની હત્યા કરી છે.ઈમુરાનના વકીલ મો.મકસૂદ પણ જણાવ્યું કે, હું ત્રણ-સાડાત્રણ વાગ્યા સુધી ઈમરાનની સાથે જ હતો.તે બિલકુલ સ્વસ્થ હતો. તેનું મોત જેલમાં જ થયું છે. તેને ઢોરમાર મારવામાં આવ્યો છે. તેના શરીર પર ઘણી જગ્યાએ ઊંડા ઘાના નિશાનો છે ખાસ કરીને ગળા પર તેમજ પીઠ પર. પહેલા ઊંડા ઘાના નિશાનોને બધાએ સ્પષ્ટ રીતે જોયા છે. મોં અને નાકમાંથી લોહી પણ વહી રહ્યું હતું.તેઓ આગળ જણાવે છે કે, અમે આ મામલામાં FRI દાખલ કરાવી દીધી છે. જેલના તમામ અધિકારીઓની વિરૂદ્ધ કાર્યવાહી થવી જોઈએ અને કાયદા અનુસાર ઈમરાનના પરિવારને યોગ્ય વળતર મળવું જોઈએ. પરંતુ પોલીસ તેમને બચાવવાના પ્રયત્નો કરી રહી છે. હજુ સુધી પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ મળ્યો નથી. ભલે ઈમરાનના મોટાભાઈ તૌહીદખાન તેમજ વકીલ મકસૂદ એવું કહી રહ્યા હોય કે પોસ્ટમોર્ટમનો રિપોર્ટ મળ્યો નથી પરંતુ અહીંયાના એક સ્થાનિક મીડિયાએ મોતના આગલા દિવસે જ આ સમાચાર પ્રકાશિત કર્યા હતા કે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ઈમરાનના મગજની નસ ફાટી જવાની વાત સામે આવી છે. ઈમરાનનો આખો પરિવાર ગુમલાના સિસઈ ગામમાં રહે છે. ગરીબ પરિવારમાંથી આવતો ઈમરાન આજ ગામમાં એક દુકાનમાં ગોદરેજ બનાવવાનું કામ કરતો હતો,તેના પિતા સઈદખાન ૮-૯ વર્ષ પહેલાં જ આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા છે. ઘરમાં મા ઉપરાંત એક નાની બહેન અને ૬ ભાઈઓ છે. તેનો નંબર ઘરમાં ત્રીજો હતો. ઈમરાનના મોટાભાઈ તૌહીદ અનુસાર તેને ડ્રાઈવિંગ આવડતું હતું પરંતુ તેણે કયારેય મોટી ગાડી નથી ચલાવી.એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સના ઝારખંડ પ્રકરણનું એક પ્રતિનિધિ મંડળ ગુમલા પહોંચીને આ મામલાની શોધ કરી ચૂક્યું છે. આ રિપોર્ટને એક પત્રકાર પરિષદ દરમિયાન રજૂ પણ કરી દેવામાં આવી છે. આ રિપોર્ટમાં પણ વિચારનાધિન કેદી ઈમરાનખાનની જ્યુડિશિયલ કસ્ટડીમાં થયેલી શંકાસ્પદ મોતની નિંદા કરવામાં આવી છે. બીજી તરફ ઝારખંડ વિકાસ મોર્ચાએ પણ આ કિસ્સામાં સરકાર પાસે માંગણી કરી છે કે મૃતકના પરિવારને ૫૦ લાખ રૂપિયાનું વળતર તેમજ સરકારી નોકરી આપવામાં આવે. ઈમરાનની મોતનું દુખ જેલમાં રહેનારા કેદીઓને પણ છે. મોત બાદ આ જેલમાં બંધ ૭૦૦ કેદીઓ ઈમરાનને ન્યાય મળે તે માટે ભૂખ હડતાળ પર બેઠા અને જેલ પ્રશાસન પર ગંભીર આરોપો પણ લગાવ્યા. બીજી તરફ આ મોતને કારણે ગ્રામજનો પણ ઈમરાનના પરિવારની સાથે છે. ૧૫માર્ચે વિસ્તારના સામાન્ય લોકો દ્વારા મૌન જુલુસ કાઢવાની પણ યોજના છે.

શાહરુખખાને બ્રિટનમાં વસતા આ શખ્સની જીંદગી બદલી નાખી

શાહરુખખાને એવું પણ દર્શાવ્યું કે વ્યક્તિ ભલે સફળ અને અસાધારણ હોય પરંતુ તે વિવેકી અને સભ્ય બની શકે છે

(એજન્સી) તા.૧૧

શાહરુખખાન કોઈ અમસ્તા કારણોસર કિંગ ખાન ગણાતો નથી. તેની માનવતા ઘણા લોકોના હૃદયને સ્પર્શી ગઈ છે. બોલિવુડના કિંગ ખાન એટલે કે શાહરુખખાનની નમ્રતા અને તેના અભિગમને લઈને ટ્વીટર પર તેની પ્રશંસા કરવામાં આવી રહી છે. વાસ્તવમાં આ મામલો ઘણા વર્ષો પહેલાનો છે. શાહરુખખાનને મલેશિયામાં મળેલા ઈંગ્લેંડના એક શખ્સે તાજેતરમાં ટ્વીટ્સ મારફતે શાહરુખખાનના વર્તન અને વ્યવહારે પોતાની જીંદગી કઈ રીતે બદલી નાખી હતી તે જણાવ્યું છે. તેના પર શાહરુખે પણ જવાબ આપ્યો છે અને પૂછ્યું છે કે તે હજુ પણ લંડનમાં રહે છે? શાહરુખખાને જણાવ્યું હતું કે હવે જયારે તે લંડન આવશે ત્યારે તે ચોક્કસ તેને મળવાની કોશિશ કરશે. શાહિદ કમાલ અહમદ બ્રિટનમાં રહેતા વીડિયોગેમ ડેવલપર છે. તેમણે શ્રેણીબદ્ધ ટ્વીટ કરીને જણાવ્યું છે કે છ વર્ષ પહેલા શાહરુખખાને લંકાવીમાં મને ડીનર કરાવ્યું હતું. અમે એક ગેમ પર કામ કરી રહ્યા હતા. શાહરુખખાન સંપૂર્ણતઃ જેન્ટલમેન છે. તેમણે અમારી સાથે માત્ર ડીનર જ ન લીધું પરંતુ તેમણે મને હોટલમાંથી ખરીદીને લાવેલી ક્યુબાઈ સિગાર પણ પીવડાવી હતી. તેઓ ત્યાં ડોન-રનું શૂટિંગ કરી રહ્યા હતા. હું એ વખતે કેરિયરમાં કંઈ ખાસ સિદ્ધ કરી શક્યો ન હતો પરંતુ તેમણે મને ભલા છોકરાઓ કઈ રીતે જીવી શકે છે તે દર્શાવ્યું હતું. તેમના લીધે તેના નૈતિક માપદંડોએ મારું જીવન બદલી નાખ્યું છે. શાહરુખખાનને જોઈને તરત ખબર પડે છે કે તે કોઈ અસાધારણ વ્યક્તિત્વ છે. શાહરુખખાને એવું પણ બતાવ્યું છે કે વ્યક્તિ ભલે ગમે તેટલી સફળ હોય પરંતુ તે વિનમ્ર અને સભ્ય બની શકે છે. તેમણે જણાવ્યું હતું કે એક માનવી જે કંઈ પણ નથી એવી વ્યક્તિ પ્રત્યે શાહરુખ દ્વારા આટલું સન્માન મળતા હું ભાવવિભોર બની

ગયો હતો. તેમણે એવું પણ જણાવ્યું હતું કે કેવી રીતે ખુદ શાહરુખખાન તેના માટે ડ્રીંક લઈને આવ્યા હતા. તેમણે જણાવ્યું કે શાહરુખે મને પાવર ઓફ સર્વિસ (સેવાની શક્તિ) શું હોય છે ? ટ્વીટર કરનાર શાહીદે જણાવ્યું હતું કે તેઓ પોતાના બિઝનેસ પર પણ આ મૂલ્યોનું ખાસ ધ્યાન રાખે છે.

બળાત્કારના કેસમાં એક વિવાદી ટિપ્પણી પર કેનેડાના જજે રાજીનામું આપવું પડ્યું

જજે બળાત્કાર પીડિતાને પૂછ્યું હતું કે તે પોતાના ઘૂંટણને સાથે કેમ રાખી શકી ન હતી ?

(એજન્સી) તા.૧૧

બળાત્કાર પીડિતાને તે પોતાના ઘૂંટણો સાથે કેમ રાખી શકી નહી? એવો પ્રશ્ન પૂછનાર કેનેડાના ફેડરલ જજને રાજીનામું આપવું પડ્યું છે. અદાલતી પંચે આ જજને તાત્કાલિક હોદ્દા પરથી હટાવવાની ભલામણ કરતો વેધક રિપોર્ટ રજૂ કર્યા બાદ કેનેડાના જસ્ટીસ રોબિન કેમ્પને રાજીનામું આપવાની ફરજ પડી છે.અલબર્ટા ફેડરલ કોર્ટના જસ્ટીસ રોબિન કેમ્પને ૨૦૧૪માં સખત પ્રહારોનો સામનો કરવો પડ્યો હતો કારણ કે બળાત્કારના એક કેસની સુનાવણી દરમિયાન આ જજે એક મહિલાને પરેશાન કરી હતી અને પૂછ્યું હતું કે તે પોતાનો બચાવ કરવા

હજુ ઘણું કરી શકી ન હોત ? કેનેડિયન જ્યુડિશિયલ કાઉન્સિલે લોકો તરફથી મળેલી ડઝન જેટલી ફરિયાદો બાદ આ જજની તપાસ કરી હતી. કેનેડિયન જ્યુડિશિયલ કાઉન્સિલે પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે જસ્ટીસ રોબિન કેમ્પની વર્તણૂક નિષ્પક્ષતા, પ્રામાણિકતા અને સ્વાતંત્ર માટે વિધ્વંસક છે.

રિપોર્ટ આવ્યાના થોડા કલાકોમાં ૬૪ વર્ષના જસ્ટીસ રોબિન કેમ્પે જણાવ્યું હતું કે હું હવે પદત્યાગ કરી દઈશ અને તેમણે પોતાની ટિપ્પણી દ્વારા જેમની પણ લાગણી દુભાઈ હોય તેમની માફી માગી હતી. ફેડરલ જસ્ટીસ મિનિસ્ટર જોડી વ્હિલ્સન રે બોલ્લે તેમનું રાજીનામું સ્વીકાર્યું હતું અને જણાવ્યું હતું કે તેમની સામે યોગ્ય કાર્યવાહી થઇ છે.

યૌન હુમલા અને લૈંગિક હિંસા કોઇ પણ સ્વરુપમાં સ્વીકાર્ય નથી અને અમે પીડિતાની પડખે ઊભા રહીશું. જસ્ટીસ રોબિન કેમ્પના વડપણ હેઠળ બળાત્કાર કરનાર ૨૯ વર્ષના એલેક્ઝાન્ડર વાગર વિરુદ્ધ કેસ ચાલ્યો હતો. આ કેસની કાર્યવાહી દરમિયાન ૧૯ વર્ષની મહિલાએ એવો આક્ષેપ કર્યો હતો કે એલેક્ઝાન્ડર વાગરે એક હાઉસ પાર્ટી દરમિયાન બાથરુમના સીંક પર તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

આ કેસમાં જસ્ટીસ રોબિન કેમ્પે મહિલાનો આરોપી તરીકે ખોટો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે મહિલા આ હુમલાને ટાળી શકી હોત અને એક તબક્કે પૂછ્યું હતું કે તમે તમારા ઘૂંટણને શા માટે સાથે રાખી શક્યા ન હતા. જસ્ટીસના આ વિધાન પર વિવાદ થયો હતો અને છેવટે તપાસ પંચે તેને રાજીનામું આપવા જણાવતા જસ્ટીસ કેમ્પને રાજીનામું આપવું પડ્યું હતું.

એચ-૧ બી વિઝા બંધ કરો : અમેરિકાની વિવિધ સાઈટ્સ પર એચ-૧ બી વિઝાના મામલે ભારે ઉશ્કેરાટ

આ ચર્ચામાં અન્ય પક્ષને શું કહેવું છે ? ભેદભાવના આક્ષેપો વચ્ચે અમેરિકામાં ભારતીયો પર હુમલા વધી રહ્યા છે

ઈમિગ્રેશન વિરોધી એડવોકેટ્સને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી એક આશાનું નવું કિરણ પ્રાપ્ત થયું છે. તેમની વેબસાઇટ પર હવે પ્રાઇમ ટાઇમ વખતે ચર્ચાઓ થઈ રહી છે. ચર્ચાના મંચ પર ખાસ કરીને મુખ્ય વિષય એચ-૧ બી વિઝાનો હોય છે અને ભારતીયો કઈ રીતે અમેરિકનોની નોકરીઓ છિનવી રહ્યા છે એ વાત પર ધ્યાન કેન્દ્રિત કરીને એચ-૧બી વિઝાને ધિક્કારના માધ્યમ તરીકે જુએ છે.

કેટલીક વેબસાઈટો અન્ય કરતા વધુ ઉશ્કેરણીજનક છે પરંતુ તે તમામ નવા અમેરિકાની બારીઓ ખોલી રહ્યા છે કે જેમાં ઈમિગ્રન્ટ્સ ખાસ કરીને ભારતના ઈમિગ્રન્ટ્સ આવકાર્ય નથી. કેન્સાસથી વોશિંગ્ટન સુધી અજાણ્યા લોકો ભારતીયોને 'ગેટ આઉટ ઓફ માય કન્ટ્રી' શબ્દો સંભળાવી રહ્યા છે અને ભારતીય એન્જિનિયર શ્રીનિવાસ કુચિભોતલાને આ નવા અમેરિકામાં પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો અને તેનો મિત્ર આલોક મદસાની ઘાયલ થયો હતો જ્યારે અર્ધ મોહરું પહેરેલા એક શખ્સે પણ દિપરાય પર હુમલો કરી તેને ઘાયલ કર્યો હતો. દરમિયાન કોલંબસ, ઓહિયો નજીક એક પાર્કમાં મોજમજા કરી રહેલા ભારતીયોનો એક વીડિયો કમ્પ્યુટર પ્રોગ્રામ સ્ટીવ પુશરે તૈયાર કર્યો છે અને વિદેશી વિરોધી આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ બન્યો છે. આમ હવે ટ્રમ્પયુગના સૂર્યોદય સાથે હજારો ભારતીયોનું અમેરિકન સપનાનો સૂર્યાસ્ત થઇ રહ્યો છે ? હિંસાનું મોજું હેટ ક્રાઇમ, ઇમિગ્રન્ટ્સ વિરુદ્ધ ગાળાગાળી ખાસ કરીને એચ-૧ બી વિઝા વર્કર્સ પર હુમલાઓ વધી રહ્યા છે. કટ્ટરવાદીઓ અને વંશવાદીઓના કારણે ૩૦ લાખ ભારતીય અમેરિકનો સામે હવે અમેરિકામાં ખતરો ઊભો થયો છે. ટેક્સાસ સ્ટેટ યુનિવર્સિટીમાં મુસ્લિમમુક્ત અમેરિકાના પોસ્ટરો ચિપકાવવામાં આવ્યા હતા. ઇમિગ્રેશન વિરોધી કાર્યકરો આખરે શું ઇચ્છે છે ? ટ્રમ્પ વહીવટી તંત્રે એચ-૧ બી વિઝા કામચલાઉ સ્થગિત કરવાની જાહેરાત કરી ચુક્યું છે અને એચ-૪ વિઝા રીવર્સ કરવા પર કામ કરી રહ્યું છે. એચ-૪ વિઝા દ્વારા એચ-૧ બી વિઝા ધારકોના જીવનસાથીને પણ અમેરિકામાં કામ કરવાની તક મળે છે પરંતુ હવે એચ-૪ વિઝા રીવર્સ થવાથી તેમને અમેરિકામાં કામ નહીં મળે અને અમેરિકા છોડવાનો વારો આવશે. નંબર્સ યુએસએના સંસ્થાપક રોઇબેક પણ ઇમિગ્રેશન વિરોધી ટ્રમ્પના ભાષણથી ખૂબ જ ઉત્સાહિત છે. રોઇબેકની દલીલ અમેરિકન સરકારના બે પંચના અહેવાલ પર આધારિત છે. બંને પંચોએ અમેરિકનોને મદદ કરવા માટે ઇમિગ્રેશનની સંખ્યા ૫૦ ટકા કરી નાખવાની ભલામણ કરી છે. એ જ રીતે બ્લેકવેલની વેબસાઇટ પર પણ ભારતીયો વિરુદ્ધ ચર્ચાઓ થાય છે. જેમાં ભારતીયો ક્વોલિફાઇડ અમેરિકન કરતા અન્ય ભારતીયોને હાયર કરે છે. આ ઉપરાંત ક્રેડિટકાર્ડ ફ્રોડ, અમેરિકામાં ટેલેન્ટનો અભાવ નથી, સ્ટોક એચ-૧ બી વિઝા જેવા મુદ્દાઓ ચર્ચાય છે. આ માટે માત્ર અમેરિકન કંપનીઓ જ વિલન છે એવું નથી. અમેરિકન બહુરાષ્ટ્રીય કંપનીઓની પણ અમેરિકન રોજગારને ખતમ કરવા બદલ ટીકા કરવામાં આવે છે. બ્લેકવેલ અને અન્ય દ્વારા આઇબીએમની સખત ટીકા કરવામાં આવે છે. સાઇટ-જે પર એક પોસ્ટમાં જણાવાયું છે કે આઇબીએમ સ્કિલ્ડ વર્કર્સની આયાત કરવા ગ્રીનકાર્ડ લોટરી સિસ્ટમમાં રહેલી ખામીઓનો લાભ ઉઠાવે છે. કંપની વિદેશી કર્મચારીઓને અમેરિકામાં જોબની ઓફર સાથે આકર્ષે છે પરંતુ તેમના પગારો અમેરિકનો કરતાં ત્રણગણા ઓછા હોય છે.સાઇટ-જે પર એક પોસ્ટમાં જણાવાયું હતું કે આઇબીએમની

સિસ્ટમ સાથે ચેડાં કરવા બદલ તપાસ કરવી જોઇએ અને તેને જરુરી સજા કરવી જોઇએ. સાઇટ-જે પરની આ પોસ્ટ સ્પષ્ટપણે દર્શાવે છે કે હું અબજોનો નફો કરતી કંપની માટે કામ કરું છું. હવે આ કંપની વિદેશમાં સ્થળાંતર કરી રહી છે કારણ કે તેમના માટે અબજોનો નફો પૂરતો નથી. હું ૪૦ વર્ષથી બિઝનેસ કરું છું અને ૨૦ વર્ષ પહેલા જેટલું કમાતો હતો તેના કરતા ઓછી કમાણી કરી રહ્યો છું. આમ વિદેશી ઇમિગ્રન્ટ્સને અમેરિકાની કંપનીઓ પણ લાલચ આપીને આકર્ષી રહી છે જેનો હવે અમેરિકામાં વિરોધ થવા લાગ્યો છે.

—સીમા સિરોહી

નવજોતસિંઘ સિદ્ધુને ભાજપમાં મનદુઃખ થયું હશે તેથી તેઓ કોંગ્રેસમાં જોડાયા : શત્રુઘ્ન સિંહા

(એજન્સી) શીરડી, તા.૧૧

પૂર્વ ભાજપ સાંસદ નવજોતસિંહ સિદ્ધુને પોતાના પક્ષમાં મનદુઃખ થયું હોઈ શકે જેથી તેઓ પછીથી કોંગ્રેસમાં જોડાયા તેમ પૂર્વ કેન્દ્રીય મંત્રી શત્રુઘ્ન સિંહાએ કહ્યું હતું. સિદ્ધુ ખરાબ વ્યક્તિ નથી. તે અગાઉ ભાજપ સાથે હતા અને હવે તેઓ કોંગ્રેસ સાથે જોડાયા છે. તેમને ભાજપમાં કદાચ કોઈ મનદુઃખ થયું હશે અને તેઓ કોંગ્રેસમાં જોડાયા અમને તેમના પ્રત્યે સ્નેહ છે. સિદ્ધુ અમારા રહેશે તેમ સિંહાએ જણાવ્યું હતું. પંજાબની વિધાસભાની ચૂંટણીમાં અમૃતસર (પૂર્વ)થી ચૂંટણી લડવા માટે સિદ્ધુએ તાજેતરમાં ભાજપ સાથે છેડો ફાડીને કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા હતા. અનામત અંગે આરએસએસના પ્રવક્તા મનમોહન વૈદ્યની ટીપ્પણીઓ પર નિવેદન આપવાથી સિંહાએ ઈન્કાર કરી દીધો હતો. પૂર્વ કેન્દ્રીય મંત્રીએ વિમુદ્રીકરણને દેશના વિકાસ માટે યોગ્ય ગણાવ્યું હતું.

કોઈ પણ પાર્ટી ૨૦૨૪ સુધી ભાજપને હરાવવાની આશા ન રાખે : ઓમર અબ્દુલા

શ્રીનગર તા. ૧૧

યુપી અને ઉત્તરાખંડમાં ભાજપને મળેલી શાનદાર જીત બાદ જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલાએ ટ્વીટ કરીને એવું જણાવ્યું કે ભાજપ જે રીતે દિનપ્રતિદિન જીત મેળવી રહી છે તેને જોતાં તો એવું લાગી રહ્યું છે કે વિપક્ષોએ ૨૦૨૪ સુધી ભાજપને હરાવવાનું સપનું જોવાનું બંધ રાખવું જોઈએ. તેમણે કહ્યું કે ખાલીખાલી કેન્દ્ર સરકારની ટીકા-આલોચના કરવાને બદલે મતદાતાઓને એક વિશ્વસનીય વિકલ્પ પૂરો પાડવાની જરૂર છે. તેમનું ટ્વીટ વાઈરલ થતાં કેટલાકે આલોચના કરી તો કેટલાકે તેની પ્રશંસા પણ કરી. અબ્દુલાએ કહ્યું કે મેં આ પહેલા પણ કહ્યું છે અને ફરી વાર કહું છું કે મતદાઓને એક વિકલ્પ પૂરો પાડવાની જરૂર છે અને તે આધારે જ તેઓ સારૂ પ્રદર્શન કરી શકે છે. તેમણે કહ્યું કે લગભગ તમામ નિષ્ણાંતો યુપીમાં ભાજપની સુનામી ચૂકી ગયાં હતા. હાલમાં નેશનલ કોન્ફરન્સમાં જમ્મુ કાશ્મીરમાં વિપક્ષમાં છે અને ૨૦૦૨ ની સાલમાં નેશનલ કોન્ફરન્સ કેન્દ્રની વાજયેપી સરકારનો હિસ્સો હતી. જોકે ૨૦૧૨ માં અબ્દુલાએ ફરી વાર ભાજપની આગેવાની વાળી સરકારમાં સામેલ થવાનો ઈન્કાર કરતાં એવું કહ્યું કે એનસી અને એનડીએ અકુદરતી સાથીઓ છે.

યુપીમાં કોંગ્રેસના નબળા પ્રદર્શન માટે પ્રિયંકા પણ સરખા જવાબદાર : ઈરાની

નવી દિલ્હી, તા. ૧૧

કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાનીએ પાંચ રાજ્યોના પરિણામ અંગે જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં પરિણામોએ ફક્ત રાહુલ ગાંધીની જ નિષ્ફળતાને જ છતી નથી કરી પરંતુ તેના માટે પ્રિયંકા ગાંધી પણ એટલા જ જવાબદાર છે. ઉત્તરપ્રદેશમાં કોંગ્રસના નબળા પ્રદર્શન માટે ઈરાનીએ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પર પણ ઘણી ટીપ્પણીઓ કરી હતી. તેમણે જણાવ્યુ હતું કે, આ ફક્ત રાહુલ ગાંધીની નિષ્ફળતા નથી પરંતુ ગુલામનબી આઝાદે પણ કહ્યું હતું કે, ચૂંટણીની રણનીતિમાં પ્રિયંકાનો મોટા ફાળો છે. તેમણે અખિલેશ યાદવની સ્ટાઇલમાં રાહુલને સવાલ પૂછ્યો હતો કે, ખાઓ ગંગા માતાના કસમ અને જણાવો કે, યુપીનો કોનો સાથ પસંદ છે. ઈરાનીએ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધી સામે અમેઠીમાંથી ચૂંટણી લડી હતી અને તેઓ હારી ગયા હતા. તેમને મુખ્યમંત્રી પદ વિશે પૂછવામાં આવતા જણાવ્યું હતું કે, આ નિર્ણય પાર્ટીનું સંસદીય બોર્ડ નક્કી કરશે. ઈરાનીએ કહ્યું હતું કે, પાર્ટીની મહાજીત એ ફક્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકારની જીત છે. આ જીત ફક્ત મોદી સરકાર અને તેની નીતિઓની છે.

સપાના અપર્ણા યાદવની યુપી ચૂંટણીમાં ખરાબ શરૂઆત લખનૌ કેન્ટમાંથી હાર્યાં

લખનઉ, તા. ૧૧

એકતરફ નવી રાજનીતિ અને બીજી તરફ વરિષ્ઠ નેતાઓ. બંને પોત પોતાની રાજકીય વગ માટે મજબૂત પક્ષ ધરાવતા હતા. છોટી બહુ તરીકે ઓળખાતા સમાજવાદી પાર્ટીના અપર્ણા યાદવ આ વખતે પહેલીવાર ચૂંટણીમાં ભાગ લેતા લખનઉ કેન્ટથી કોંગ્રેસમાંથી બળવો પોકારી ભાજપમાં સામેલ થયેલા રીટા બહુગુણા સામે ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ બહુગુણા આ જંગ જીતવામાં સફળ રહ્યા હતા. જોશીએ કહ્યું કે, લખનઉ કેન્ટમાં મેં લોકો સાથે અંગત સંબંધ કેળવ્યા હતા. આ વખતે ભાજપમાંથી પણ તેઓ સતત પાંચમીવાર પોતાની બેઠક બચાવવામાં સફળ રહ્યા છે. તેમણે કહ્યું કે, મારા માટે આ બેઠક જીતવી સરળ હતી. અપર્ણા યાદવના સસરા મુલાયમસિંહ ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી હતા જ્યારે રીટા બહુગુણાના પિતા હેમવતી નંદન બહુગુણા પણ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી હતા. અપર્ણા યાદવના બનેવી અખિલેશ યાદવ હાલ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી છે અને રીટા બહુગુણાના ભાઈ વિજય બહુગુણા પણ ઉત્તરાખંડના મુખ્યમંત્રી રહી ચુક્યા છે. બંને મહિલાઓ બંને જગ્યાએ મજબૂતી સાથે ઉતરી હતી. અપર્ણા યાદવ માન્ચેસ્ટર યુનિવર્સિટીમાંથી આંતરરાષ્ટ્રીય રાજકારણનો અભ્યાસ કર્યો છે જ્યારે બહુગુણા અલ્હાબાદ યુનિવર્સિટીના નિવૃત પ્રોફેસર છે. જોશી આ રીતે યુપીમાં ટોચના વિજેતાઓમાં સામેલ છે. વર્ષ ૨૦૧૨માં જોશીએ આ સીટ ભાજપ પાસેથી આંચકી હતી જ્યારે સપાએ ક્યારેય આ બેઠક પર જીત મેળવી નથી. હવે ભાજપે ૧૯૯૧થી આ બેઠક પર પાંચમીવાર જીત મેળવી છે.

યુપી ચૂંટણીમાં AIMIMનું કંગાળ પ્રદર્શન તમામ ૩૮ ઉમેદવારોની શરમજનક હાર

(એજન્સી) લખનૌ, તા.૧૧

અસદુદ્દીન ઓવૈસીની આગેવાની ધરાવતા મજલીસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) યુપી ચૂંટણીના ૩૮ ચૂંટણી ક્ષેત્રોમાં પ્રથમવાર ચૂંટણી લડી રહ્યું હતું અને તે તમામ બેઠકોમાં શરમજનક પરાજય થયો હતો.

AIMIM હારેલા ઉમેદવારોની સંપૂર્ણ યાદી

ચૂંટણી ક્ષેત્ર	ઉમેદવાર	બીકાપુર	ઝુબારી અહેમદ
આગ્રા (દક્ષિણ)	મોહમ્મદ ઈદરીશ	તાંદા	ઈરફાન પઠાણ
ફિરોઝાબાદ	અહતેશામઅલી	શ્રીવાસ્તી	કલીમખાન
કોઈલ	પરવેઝ અહેમદ	ખુદ્દા ખુશીનગર	ડો.નિસાર
કૈરાના	મૌલાના મસીઉલ્લાહ	સોરાતગર	હાજીઅલી અહેમદ
બેહત	જુનેદ અયુબી	મેહનગર	કરમવીર આઝાદ
સહરપુર	તલતખાન	લખનૌ પૂર્વ	તૌહીદ સિદ્દીકી
મુરાદાબાદ શહેર	હાજી શાહબુદ્દીન	લખનૌ મધ્ય	ઉરફાન સિદ્દીકી
મુરાબાદ ગ્રામીણ	હાજી અસલમ અન્સારી	ઠાકુરદ્વારા	એજાજ અન્સારી
કુંદારકી	ઈસરાર હુસેન	કુંદરકી	ઈસરાર મલિક
બરેલી	યાસ્મીન અન્સારી	નજીમાબાદ	તઝેમ સિદ્દીકી
અમરોહા શહેર	શમીમ અહેમદ તુર્ક	નગીના	નીલમ
મેન્હદવાલ	તબીશખાન	અલ્હાબાદ દક્ષિણ	અફઝલ મુજીબ
ખાલીદાબાદ	હાજી તફસીરખાન	આર્યનગર કાનપુર	હાજી રૂબીઉલ્લાહ
ખૈસરગંજ	ડો.દાનીશ જામીલ	ઈસૌલી સુતનપુર	હાજી દાઉદ
ગઈનસારી	મંજુરખાન	બીલગ્રામ મલ્લાનવન	અબ્દુલ અઝીઝ
ઉત્રૌલા	હાજી નિઝામુલ્લાહક	બદૌન	ખાલીદ પરવેઝ
રામનગર	શાહનવાઝ આલમ	સમભાલ	ઝીઔર રહેમાન
બારાબંકી	અબ્દુલ કાલમ		

પંજાબ ચૂંટણી પરિણામ ૨૦૧૭ : વિજયની ઉજવણી

નવજોતસિંઘ સિદ્ધુ જણાવે છે કે શા માટે અરવિંદ કેજરીવાલ હારી ગયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

આજે નવજોતસિંઘ સિદ્ધુએ કોંગ્રેસ પાર્ટી સાથે વિજય મેળવ્યો છે. રાહુલ ગાંધી, કેપ્ટન અમરિન્દરસિંઘ અને પ્રિયંકા ગાંધીને અવતરણમાં ટાંકી શકાય તેવી તેની લાક્ષણિકતાને રજૂ કરી હતી. હું સોનિયા ગાંધીને વચન આપું છું કે અમે પંજાબનું ગૌરવ પુનઃ મેળવવા માટે કોઈપણ વસ્તુનું બલિદાન આપીશું તેમ ક્રિકેટરમાંથી નેતા બનેલા સિદ્ધુએ પત્રકારોને જણાવ્યું હતું. તેણે પંજાબની આ ચૂંટણીની હરિફાઈનું કોંગ્રેસની ઓળખ અને પાઘડી (માન) તરીકેનું વર્ણન કર્યું હતું. અકાલી અને બીજેપી સાથે મળીને ૧૦ વર્ષથી સત્તામાં છે પરંતુ આમ આદમી પાર્ટી પછી તે ત્રીજા નંબરે પહોંચી ગઈ છે. સિદ્ધુનું સાચું લક્ષ્ય આપ હતું કે જ્યારે તેણે બીજેપી છોડયું. ૨૦૧૪ની ચૂંટણીમાં તેમને અમૃતસરની બેઠક માટે હાંસિયે ધકેલી દેવાતા તે નિરાશ થઈ ગયા હતા. ઘણા મહિનાઓની વાટાઘાટો બાદ સિદ્ધુએ કોંગ્રેસમાં જોડાવાનું પસંદ કર્યું. અરવિંદ કેજરીવાલ હારી ગયા છે કારણ કે તેમનો ઈરાદો સારો નહોતો. તેઓ તેમના પોતાના માટે સત્તામાં આવવા માંગતા હતા તેમ કહીને સિદ્ધુએ આપના વડા અને દિલ્હીના મુખ્યમંત્રીની ઝાટકણી કાઢી હતી. પંજાબ પાસે ૧૧૭ બેઠકો છે અને પક્ષને સરકાર બનાવવા ૫૯ બેઠકો મળવી જરૂરી છે. આજે પોતાના ૭૫માં જન્મદિવસની સાથે કેપ્ટન અમરિન્દરસિંઘ કોંગ્રેસ માટે ઝુંબેશ ચલાવી રહ્યા છે.

ભારતીય રાજનીતિમાં સત્તા બદલાવ ચાલી રહ્યો છે તેવું ચૂંટણીનાં પરિણામોએ સાબિત કર્યું

નવી દિલ્હી તા. ૧૧

યુપી, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણીપુર જેવા પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીના પરિણામોએ સાબિત કરી દેખાડ્યું છે કે ભારતીય રાજનીતિ ધરમૂળથી બદલાઈ રહી છે. છેલ્લા આઠ વર્ષથી ભારતીય રાજકારણમાં ધરમૂળથી ફેરફાર થયાનો સંકેત મળી રહ્યો છે. કોંગ્રેસ અને વધારે સારી રીતે કહેવું હોય તો, સોનિયાની કોંગ્રેસના વળતા પાણી થવાનું શરૂ થયું છે. અને મોદીના ભાજપનો સૂર્ય મધ્યાહન તપી રહ્યો છે.

એકમાત્ર પંજાબને બાદ કરતાં બાકીના ચાર રાજ્યોમાં ભાજપની મતદાનની ટકાવારીમા ખાસ્સો વધારો થયો છે. જોકે પંજાબ ચૂંટણીએ પુરવાર કર્યું છે કે અહિં સોનિયાની કોંગ્રેસનું પલડું ભારે રહ્યું છે. જોકે મણીપુર અને ગોવા જીતવું કોંગ્રેસ માટે કંઈ વળતર નથી. યુપીમાં સમાજવાદી પાર્ટી સાથે ગઠબંધન કરવાનો કોંગ્રેસનો નિર્ણય રાજકીય દ્રષ્ટિએ એક પરિપક્વ પગલું લાગી શકે જોકે તે પણ ભારતીય રાજકારણમાં ટકી રહીને પ્રસ્તુત રહેવાનો એક મરણીયા પ્રયાસથી વધારે કંઈ નથી. જોકે આ બધી વાતનો એવો અર્થ થતો નથી કે કોંગ્રેસનું કોઈ ભવિષ્ય રહ્યું નથી પરંતુ તે હજુ પણ એક રાષ્ટ્રીય પાર્ટી બની રહી છે અને ૨૦૧૪ માં પણ હતી કે જ્યારે કોંગ્રેસને ભાજપ તરફથી મોટો ફટકો પડ્યો હતો. અને તેની સંખ્યા ફક્ત ૪૪ સુધી સીમિત રહી હતી. કોંગ્રેસે પંજાબમાં જે કરામત કરી દેખાડી તેવી કરામત ભાજપ શાસિત રાજ્યોમાં પણ કરી દેખાડે તો કંઈક વળે તેવું લાગી શકે છે. રાજસ્થાનમાં કંઈ રાહુલ ગાંધી કોંગ્રેસને સત્તા પર ન લાવી શકે તેને બદલે કોઈ સ્થાનિક નેતા આ કામ સારી રીતે કરી શકે છે જેવી રીતે પંજાબમાં કેપ્ટન અમરિન્દરસિંહ પર દાવ ખેલીને કોંગ્રેસે સફળતા હાંસલ કરી છે. ૧૧ માર્ચના પરિણામો સત્તા બદલાવનો એક મહત્વપૂર્ણ સીમાસ્થંભરૂપ છે.

ઉત્તરાખંડમાં સંગઠનનો બળવો કોંગ્રેસને ભારે પડ્યો, ભાજપની શાનદાર જીત

દહેરાદુન તા. ૧૧

ઉત્તરાખંડના લોકોએ વિધાનસભાની ચૂંટણીમાં નિર્ણાયક બનીને મતદાન કરીને રાજ્યની કમાન ભાજપને સોંપી છે. ભાજપ મુખ્યમંત્રી પદના ઉમેદવાર વગર ચૂંટણીમાં ઉતરી હતી કારણ કે તેને પૂરી આશા હતી વડાપ્રધાન મોદીને સહારે તરી જવાશે. રાજ્યની ૭૦ વિધાનસભા બેઠકમાંથી ભાજપે ૫૭ બેઠકો કબજે કરી છે. કોંગ્રેસને ફક્ત દશ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે. અપક્ષોએ બે બેઠકો પર જીત મેળવી છે. પરંતુ ઉત્તરાખંડમાં સંગઠનનો બળવો કોંગ્રેસને ભારે પડ્યો હોવાનું લાગે છે. એમ તો, ભાજપમાં પણ બળવો થયો હતો તેનો લાભ કોંગ્રેસને મળી શકે તેમ હતો. ભાજપે ૫૭ બેઠકો ઉપર જીત મેળવી છે. જ્યારે કોંગ્રેસને ૧૧ બેઠકો હાથ લાગી છે. બસપને અહીં ખાતુ ખોલવામાં પણ સફળતા મળી નથી. કોંગ્રેસને ઉત્તરપ્રદેશની સાથે સાથે ઉત્તરાખંડમાં પણ મોટી પીછેહટનો સામનો કરવો પડ્યો છે. પ્રચંડ બહુમતી મેળવી લેતા અહીં પણ ભાજપે દબોદબો જમાવ્યો છે. હજુ સુધીના ઈતિહાસમાં ભાજપ માટે આ જીતનો સૌથી મોટો આંકડો નોંધાઈ ગયો છે. કોંગ્રેસના ખાતામાં ૧૧ બેઠકો આવી છે. આ દરમિયાન મુખ્યમંત્રી હરિશ રાવતે રાજ્યપાલ કેક પોલને પોતાનું રાજીનામું સોંપી દીધું હતું. પરંતુ નવી સરકાર ન રચાય ત્યાં સુધી કાર્યકારી મુખ્યમંત્રી તરીકે ચાલુ રહેવાનું રાજ્યપાલે જણાવ્યું છે.

યુપી ચૂંટણી : મુઝફ્ફરનગરમાં વિજય સરઘસ કાઢવા પર પ્રતિબંધ : કાયદો અને વ્યવસ્થા જાળવવા નિર્ણય

(એજન્સી) મુઝફ્ફરનગર, તા.૧૧

યુપીના મુઝફ્ફરનગરમાં ચૂંટણી પરિણામો પછી વિજય સરઘસ પર જિલ્લા મેજિસ્ટ્રેટે પ્રતિબંધ મૂકયો છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવા આવો નિર્ણય કરાયો હોવાનું કલેકટર ડી.કે.સિંગે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, અગમચેતીના પગલાંરૂપે આ પ્રતિબંધ લદાયો છે. જે કોઈ વ્યક્તિ આ પ્રતિબંધિત હુકમનો ભંગ કરશે તેની સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવશે. શનિવારે પરિણામોના કારણે તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા રખાઈ હતી. ૨૦૧૩માં મુઝફ્ફરનગરમાં બે જૂથો વચ્ચે અથડામણો સર્જાઈ હતી. જેમાં ૬૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. જ્યારે ૪૦ હજાર લોકો સ્થળાંતરિત થયા હતા. આ સંદર્ભમાં કેન્દ્રીયમંત્રી સંજીવ બાલવાન, ભાજપના ધારાસભ્ય સંગીત સોમ, સુરેશ રાણા સામે ગુનો નોંધાયો હતો. આરોપીઓ સામે નાગલા મદોરમાં મહાપંચાયત બોલાવી તેમાં ભાષણ કર્યા બાદ હિંસા ફાટી નીકળી હતી.

યુવા સહિત તમામના મત મળ્યા છે

મોદીએ ભવ્ય જીત બદલ લોકોનો આભાર માન્યો

નવી દિલ્હી, તા.૧૧

ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ સહિતના રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ લોકોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે આ પરિણામ પાર્ટી માટે વધારે રાહતજનક સમાચાર છે. વડાપ્રધાને પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે દેશના લોકોએ ભાજપમાં અભૂતપૂર્વ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન પણ જીત બાદ ભારે ખુશખુશાલ દેખાયા હતા. અમે દરેક ક્ષણે દેશના લોકોની સેવા અને હિતમાં કામ કરી રહ્યા છીએ. સવાસો કરોડ દેશવાસીઓની તાકાત ઉપર અમને વિશ્વાસ છે. ચૂંટણી પરિણામ આવ્યા બાદ મોદીએ કહ્યું હતું કે ભાજપને સમાજના તમામ વર્ગો તરફથી અભૂતપૂર્વ સમર્થન મળ્યું છે. યુવાનો તરફથી અભૂતપૂર્વ સમર્થન મળ્યું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ભાજપ પ્રમુખ અમિત શાહ પણ અભિનંદનના પાત્ર છે. લાખો, કરોડો હોદ્દેદારો અને રાજ્ય એકમોએ પણ સમગ્ર તાકાત લગાવી દીધી હતી. પંજાબ અંગે વડાપ્રધાને રાજ્યના લોકોનો આભાર માન્યો હતો અને ૧૦ વર્ષ સુધી સેવા કરવા બદલ આભાર માન્યો હતો.

'ચપ્પા ચપ્પા ભાજપા'

યુપીમાં ભાજપના કાર્યાલય ખાતે ઉજવણીનો માહોલ, સપાના કાર્યાલયે કાગડા ઊડ્યા

(એજન્સી) લખનૌ, તા.૧૧

ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો વિજય સરળતાથી થશે તેવા સંકેત મળતા ઉલ્લાસમય ભાજપ કાર્યકર્તાઓ, આગેવાનો અને સમર્થકો એકબીજાને ભેટી પડ્યા અને અહીંના ભાજપ કાર્યાલયે વિજયી સૂત્રોચ્ચારો કર્યા હતા. જો કે સત્તારૂઢ સમાજવાદી પાર્ટીની કચેરીએ કોઈ પ્રવૃત્તિ થતી જોવા મળી ન હતી. ભાજપ કાર્યકર્તાઓએ 'ચપ્પા ચપ્પા ભાજપા', 'કહાં પડે હો ચક્કર મેં, કોઈ નહીં ટક્કર મેં' તથા 'મોદી મોદી' જેવા સૂત્રોચ્ચારો કર્યા હતા. ભાજપમાં ગેમચેન્જર તરીકે કામ કરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પોસ્ટરો લઈને કાર્યકર્તાઓ નીકળી પડ્યા હતા. રાજ્યમાં બસપા અને સપાએ છેલ્લા દશકાથી ભાજપને જીતવા દીધું નથી પરંતુ ૧૪ વર્ષ બાદ અહીં ભાજપનો ભવ્ય વિજય નિશ્ચિત છે તેવું લાગી રહ્યું છે. પક્ષના પૂર્વાધ્યક્ષ મુલાયમસિંહ યાદવના નિવાસસ્થાન નજીક જ સત્તાધારી સમાજવાદી પાર્ટીની કચેરી આવેલી છે પરંતુ અહીં કોઈપણ જાતની પ્રવૃત્તિ જોવા મળી ન હતી. ઉપરાંત સપા સાથે ગઠબંધનમાં જોડાયા બાદ પ્રકાશમાં આવેલ કોંગ્રેસની કચેરીએ પણ ફક્ત નગણ્ય મુલાકાતીઓની હિલચાલ જોવા મળી હતી.

પંજાબ ચૂંટણી : કોંગ્રેસની હવામાં 'બાદલ' કેમ ઊડ્યા ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને ફક્ત પંજાબમાંથી સાંત્વના મળતી દેખાઈ રહી છે. પ્રવાહો અનુસાર પાર્ટી અહિયા એક દાયકા બાદ સત્તામાં પાછી આવી રહી છે. જો કે આંકડાઓ તરફ નજર કરીએ તો કોંગ્રેસની મતની ટકાવારીમાં કોઈ વધારો જોવા મળ્યો નથી. ૨૦૧૨માં કુલ ૩૯.૯૨ ટકા મત પાર્ટીના હકમાં આવ્યા હતા અને તેને ૪૬ બેઠકો મળી હતી. આ વખતે ૩૮.૫ ટકા મતોની સાથે કોંગ્રેસને બહુમત મળશે તે નક્કી છે. આવો જાણીએ પંજાબમાં અકાલી દળ, બીજેપી ગઠબંધનની આવી અધોગતિ કેમ થઈ ?

ભ્રષ્ટાચાર : પંજાબની જનતા માટે આ વખતે ભ્રષ્ટાચાર સૌથી મોટો મુદ્દો હતો. વિપક્ષીઓએ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ અને તેમના પુતર સુખબીર બાદલ પર અરબોની હેરાફેરી અને અંગત વ્યક્તિઓને ફાયદો કરાવવાનો આરોપ લગાવ્યો હતો. આમ આદમી પાર્ટીને મોટી સંખ્યામાં મળેલું જન સમર્થન એ આ વાતનો પુરાવો છે.

'ઉડતા' પંજાબની પીડા : પંજાબમાં નશાની સમસ્યા ચૂંટણી પહેલાંથી જ એક મુદ્દો બની ચૂકી હતી. બાદલ સરકારે રાજ્યના યુવાઓને નશાથી બચાવવા માટે ઘણાં પગલાં ભર્યા હોવાનો દાવો કર્યો. પરંતુ સત્તાની નજીકના ઘણાં લોકો પર પણ નશાના વેપારમાં સામેલ હોવાનો આરોપ લાગ્યો. આ વિશે જનતાનો એવો અભિપ્રાય હતો કે સરકાર આ મહત્ત્વના મોર્ચા પર નિષ્ફળ રહી.

એક દાયકાનું શાસન વિરોધી પરિબળ : રાજકીય જાણકારોના અભિપ્રાયમાં બાદલ સરકારને આ વખતે સત્તા વિરોધી લહેરનો ભારે સામનો કરવો પડી રહ્યો છે. નિર્ણય સંભળાવતી વખતે મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલની વધતી ઉંમર પણ જનતાના મનમાં હતી.

આપ પરિબળ : વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં અકાલી દળને ૩૪.૫૯ ટકા મત મળ્યા હતા. આ વખતે પાર્ટીને ફક્ત ૨૫ ટકા જ મત મળ્યા છે. તેની તુલનામાં કોંગ્રેસને મળેલા મતોના ટકા લગભગ અગાઉના સમયમાં મળેલા મતો જેટલા જ છે. બીજી તરફ આમ આદમી પાર્ટીને લગભગ ૨૩.૬ મતદાતાઓએ ચૂંટી છે. દેખીતી રીતે જનતાની વચ્ચે આમ આદમી પાર્ટીના વધતા ગ્રાફને કારણે સીધું નુકસાન સત્તાધારી ગઠબંધને ભોગવવું પડ્યું.

સિદ્ધુનું રાજકારણ : નવજોતસિંહ સિદ્ધુ પંજાબના લોકપ્રિય નેતાઓમાંના એક છે. પરંતુ બીજેપીએ એક લાંબા સમય સુધી તેમને હાંસિયે ધકેલી દીધા. જવાબમાં સિદ્ધુએ બાદલ પરિવારની વિરૂદ્ધ પ્રહારો કરવાની કોઈ તક ના છોડી. ચૂંટણીના થોડા સમય પહેલા સિદ્ધુ જ નહીં પરંતુ પૂર્વ હોકી ખેલાડી પરગટસિંહનું પણ કોંગ્રેસમાં સામેલ થવું એ બીજેપી-અકાલી દળ ગઠબંધનને ભારે પડ્યું.

પહેલે "આપ" પણ હવે બીજા ક્રમે

શા માટે પંજાબમાં આપ પાર્ટી બીજા ક્રમે ધકેલાઈ ગઈ.... ● પંજાબમાં આપની હાર માટે ખામીઓ ● મુખ્યમંત્રી માટે શીખ ચહેરો જાહેર ન કર્યો ● કટ્ટરવાદીઓનો સાથ લીધો ● પૂર્વ આપ નેતા સચ્ચાસિંગ છોટેપુર જેવા પ્રભાવશાળી નેતાની હકાલપટ્ટી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું પંજાબમાં ચૂંટણી જીતવાનું સ્વપ્ન ચકનાચુર થઈ ગયું. પાર્ટી ૨૦ બેઠકોની આસપાસ સમેટાઈ ગઈ અને બીજા નંબરે રહી. કેજરીવાલની પાર્ટી હવે પંજાબમાં વિપક્ષની ભૂમિકા ભજવશે. કેજરીવાલની પાર્ટી આમ આદમી પાર્ટીમાં ઘણા વિવાદો હતા. જેમાં કટ્ટરવાદીઓ સાથે આલિંગન, મુખ્યમંત્રી માટે કોઈ શીખ ચહેરો જાહેર ન કરવો તેમજ આપના પૂર્વ કન્વીનર સચ્ચાસિંગ છોટેપુરને ખોટા આરોપો મૂકી ચૂંટણી ટાણેજ પક્ષમાંથી હાંકી કાઢયા જે પક્ષને મોંઘું પડયું. ૨૦૧૪ના લોકસભાની ચૂંટણીમાં આપ ૩૩ વિધાનસભા મતવિસ્તારોમાં આગળ હતી પરંતુ તે મેળવી શકી નહીં. ૨૦૧૪માં આપનું પંજાબમાં કોઈ માળખું સંગઠન ન હોવા છતાં સારો દેખાવ કર્યો હતો. વિધાનસભાની ચૂંટણી પૂર્વે અરવિંદ કેજરીવાલે પંજાબમાં ડેટા જમાવી દરેક ગામ-કસ્બામાં કન્વીનરો નિમ્યા હતા અને સંખ્યાબંધ રેલીઓ યોજી હતી. ચૂંટણીના થોડાક દિવસો પૂર્વે અરવિંદ કેજરીવાલ એક પૂર્વ ઉગ્રવાદીના ઘરે મોઘેરા મહેમાન બન્યા હતા. તે સાથે જ મઉરમાં બોમ્બ ધડાકો થયો હતો જે પક્ષને મોટાપાયે નુકસાન થયું. પૂર્વ ડીજીપી કે.પી.એસ ગિલે પંજાબના લોકોને અપીલ કરી હતી કે જે પક્ષ કટ્ટરવાદી તત્ત્વોને સાથ આપે તેને મત આપશો નહીં. પંજાબના લોકો ખાસ કરીને શહેરીજનો કટ્ટરવાદી તાકાતોનું સમર્થન કરનારને પસંદ કરતા નથી. તેના બદલે તેમણે કોંગ્રેસને પસંદ કરી. આપ નેતાઓએ કટ્ટરવાદીઓનો ટેકો લીધો હતો. બીજી તરફ પંજાબમાં કોંગ્રેસે વજનદાર નેતા કેપ્ટન અમરિન્દરસિંગને મુખ્યમંત્રીના ઉમેદવાર જાહેર કરી બાજી મારી હતી. ટિકિટ ફાળવણીમાં ભારે કટકીનો આપ નેતાઓ સામે આરોપ મૂકાયો. જે પક્ષને નુકસાનકર્તા પૂરવાર થયો. ૧૮ વર્ષથી નીચેની વયના આમ આદમી પાર્ટીના ટેકેદારોની સંખ્યા મોટી હતી પરંતુ તેઓ મતદાર ન હતા. આપ નેતા સાંસદ ભગવંત માન ચૂંટણીમાં મોટાપાયે લોકોને એકઠા કરવામાં સફળ થયા હતા. છતાં અકાલી નેતા સુખબીર બાદલ સામે ૧૮ હજાર મતે હારી ગયા હતા. લોકોના ટોળાને મતમાં તબદીલ કરી શકયા નહીં. રોજ સોશિયલ મીડિયા પર દરેક વાદવિવાદ અંગે પ્રતિભાવ આપતા આપ નેતાઓ આજે પંજાબમાં ચૂંટણી હાર્યા બાદ શાંત બની ગયા હતા.

યુપીમાં ભાજપ સત્તા પર આવી, હવે થોડા સમયમાં રામ મંદિરનું નિર્માણ થશે તેવી આશા : શિવસેનાનો ટોણો

મુંબઈ તા. ૧૧

યુપીમાં શાનદાર જીત મેળવવા બદલ ભાજપને અભિનંદન આપતાં સાથે શિવસેનાએ એવી પણ આશા વ્યક્ત કરી કે યુપીમાં ભાજપ સત્તા પર આવી તેથી ટૂંક સમયમાં રામ મંદિરનું નિર્માણ થશે. સેનાના સાંસદ સંજય રાઉતે મુંબઈમાં પત્રકારને કહ્યું કે હવે રામના વનવાસનો અંત આવ્યો છે. અમને હવે એવી આશા છે કે અયોધ્યામા ટૂંક સમયમાં રામ મંદિરનું નિર્માણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે અમે ભાજપની જીતને આવકારીએ છીએ. અને જીત મેળવવા બદલ વડાપ્રધાન મોદી અને ભાજપને અભિનંદન પાઠવીએ છીએ. પંજાબમાં કોંગ્રેસની જીતનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે લોકોને જ્યારે જ્યારે પણ વિકલ્પ મળી રહ્યો છે ત્યારે ત્યારે તેમણે સત્તા પરિવર્તન કરી દેખાડ્યું છે. યુપીમાં ભૂંડા હાલે ચૂંટણી હારનાર સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસનો સ્પષ્ટ ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે જેઓ ચૂંટણી હારી ગયા છે તેમને હવે શિવસેનાના મહત્વ અને તેમણે જે રીતે મુંબઈમાં મોદી લહેરને આવતાં અટકાવી તેનો અહેસાસ થશે. જોકે ચૂંટણીના પરિણામોથી મહારાષ્ટ્રની રાજનીતિ પર કોઈ અસર પડવાની નથી. અને એક વાર યુપીમાં નવી સરકાર આવી જાય અને મોદી લહેર થોડી શાંત પડે ત્યાર બાદ અમે રાજ્યની રાજનીતિ વિશે વાતો કરીશું. ભાજપે યુપીમાં તેની મતદાનની ટકાવારીમાં બેવડો વધારો કર્યો છે.

પટિયાલા બેઠક પર અમરિંદરસિંહનો ભવ્ય વિજય, કેપ્ટનને જન્મદિનની યાદગાર ભેટ

(એજન્સી) છત્તીસગઢ, તા.૧૧

મુખ્યમંત્રી પદના કોંગ્રેસ ઉમેદવાર કેપ્ટન અમરિન્દરસિંહે પોતાના ગઢ પટિયાલા પર ૫૧૦૦૦ મતોની સરેરાશથી વિજય મેળવ્યો છે. સિંહને આજે ૭૫ વર્ષ પૂર્ણ થયા અને તેઓ પોતાનો જન્મદિવસ ૧૦ વર્ષ બાદ પંજાબમાં સત્તા પર આવીને ઉજવશે. અકાલી દળના બળવાખોર અને પૂર્વ સેના પ્રમુખ જેજે સિંહને માત આપી વિજયી બન્યા છે. રાજ્યમાં શાસક અકાલી દળ-ભાજપના ગઠબંધન, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે સત્તા મેળવવાનું જબરદસ્ત યુદ્ધ છેડાયેલું હતું. ૪ ફેબ્રુઆરીના રોજ પંજાબના ૧૧૭ ચૂંટણી ક્ષેત્રમાં થયેલા ૭૫ ટકા મતદાને રેકોર્ડ નોંધાવ્યો હતો.

કાકાનો ભત્રીજા પર પ્રહાર

આ સપાની નહીં, અહંકારની હાર છે : શિવપાલ યાદવ

(એજન્સી) તા.૧૧

ઉત્તરપ્રદેશ ચૂંટણીમાં ભાજપથી પાછળ રહી જતા જોઈને શિવપાલસિંહ યાદવે અખિલેશ યાદવ પર પ્રહારો કર્યા છે. શિવપાલ યાદવે કહ્યું કે આ હાર સમાજવાદીઓની નહીં પરંતુ તેમના અહંકારની હાર છે. તેમણે કહ્યું કે નેતાજીને હટાવીને તેમનું અને મારૂં અપમાન કરવામાં આવ્યું, અને જનતાએ એ જ અહંકારનો જવાબ આપ્યો છે. આ પહેલાં સવારે તેમણે કહ્યું હતું કે અમારો વિજય ભવ્ય હશે. જનતા રાહ જોઈ રહી છે. સરકાર અમારી બની રહી છે. ઈટાવા જસવંત નગર બેઠક પરથી સપા ઉમેદવાર, વરિષ્ઠ સપા નેતા શિવપાસિંહ યાદવ ચૂંટણી દરમ્યાન સપામાં થયેલા ઝઘડાને કારણે સૌથી વધારે ચર્ચામાં રહ્યા. ૪૦૩ બેઠકોનું પરિણામ આવી ચૂક્યું છે. ભાજપાએ ૩૦૬ બેઠકો પર જીત મેળવી છે. બીજી તરફ સપા-કોંગ્રેસ ગઠબંધન ૭૨ બેઠકો પર આગળ છે. જ્યારે બસપા ૧૬ બેઠકો પર અને અન્ય દળ ૯ બેઠકો પર આગળ છે.

લતા અને આશાએ પણ રાગ મોદી ગાયો

(એજન્સી) તા.૧૧

ચૂંટણીની મત ગણતરીના સમયે ઘણા બધા સેલિબ્રિટીઓએ ચૂંટણી પરિણામો અંગે પોતાની પ્રતિક્રિયા આપી છે. લતા મંગેશકર, આશા ભોંસલે અને અન્ય સેલિબ્રિટીઓએ સોશિયલ મીડિયા દ્વારા ચૂંટણી પરિણામો અંગે પોતાનો અભિપ્રાય જણાવ્યો છે. રસપ્રદ રીતે લતા મંગેશકર ૨૦૧૪ની ચૂંટણી પહેલાં એ જ મંચ પર નરેન્દ્ર મોદી સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મધુર ભંડારકર અને શેખર સુમને પણ સોશિયલ મીડિયા દ્વારા નરેન્દ્ર મોદીને ભવ્ય વિજય બદલ શુભકામનાઓ પાઠવી હતી. લતા મંગેશકરે સોશિયલ મીડિયા પર અમિતશાહ અને નરેન્દ્ર મોદીને ભવ્ય જીત બદલ શુભકામનાઓ પાઠવી હતી. મધુરભંડારકરે યુપી, ઉત્તરાખંડમાં ભાજપના વિજય બદલ નરેન્દ્ર મોદીને શુભકામનાઓ પાઠવીને કહ્યું છે કે લોકોએ તમારી ધારણા મુજબ ભાજપને મત આપ્યા છે. આશા ભોંસલેએ પણ ચૂંટણીના સમયે લોકશાહીનો ભાગ બનવા બદલ ગૌરવ અનુભવ્યો છે તેમ જણાવ્યું હતું. જ્યારે શેખર સુમને મોદી નંબર ૧ છે તેમ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું.

ગુજરાત ટુડે
ગ્રીવન્સીસ સેલ (લોક ફરિયાદ એકમ)

પીડિત અને આફતગ્રસ્ત લોકોની પડખે સદાયે ઉભા રહેતા દૈનિક 'ગુજરાત ટુડે' દ્વારા ''ગ્રીવેન્સીસ સેલ'' (લોક ફરિયાદ એકમ) શરૂ કરવામાં આવેલ છે; જેમાં જુદી જુદી કચેરીઓમાં ઘણા સમયથી પડતર હોય તેવી, નીચે મુજબની રજૂઆતો/ફરિયાદ અંગે માગદર્શન આપવામાં આવશે.

(૧) સામાન્ય લોકો/ સંસ્થાઓએ સરકારી/ અર્ધસરકારી કચેરીઓ/ બોર્ડ/ નિગમોમાં કરેલી જેન્યુઈન (યોગ્ય) રજૂઆતો.
(૨) શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાઓને લગતા પ્રશ્નો તથા લોન/સ્કોલરશીપને લગતી રજૂઆતો.
(૩) વકફના કબ્રસ્તાનો અને તેની મિલકતોને લગતી બાબતો.
(૪) ગરીબ/ મધ્યમ વર્ગના લોકોની ધંધા/ રોજગારને લગતી રજૂઆતો.
(૫) માનવ અધિકારના ઉલ્લંઘનને લગતી ફરિયાદો.
(૬) R.T.E. તથા R.T.I.ને લગતી બાબતો.
(૭) દેખીતો અન્યાય થયો હોય અને દાદ ન મળતી હોય તેવી ફરિયાદો.
(૮) જાહેર હિતની અરજીઓ/લીટીગેશન્સ.
(૯) બી.પી.એલ.કાર્ડ કાર્યવાહીની સમજ.
(૧૦) આધારકાર્ડ કાર્યવાહીની સમજ.

- ઉપરોક્ત બાબતો **ઉદાહરણ સ્વરૂપે** દર્શાવેલ છે. ઉપરાંત અન્ય એવી બાબતો કે જેમાં લોકોના/ સંસ્થાઓના પ્રશ્નોને વાચા આપી શકાય અને તેઓને થતા અન્યાય સામે લડવામાં મદદરૂપ થઈ શકાય, તે માટે માર્ગદર્શન/ સલાહ આપવામાં આવશે.
- આપના પ્રશ્નો અંગે માગદર્શન/ સલાહ/ મદદ મેળવવા માટે 'ગુજરાત ટુડે'ના ''ગ્રીવેન્સીસ સેલ''ને **પત્ર દ્વારા** આપની ફરિયાદ/ રજૂઆત જરૂરી સાધનિક પુરાવા (સપોર્ટિંગ ડોકયુમેન્ટસ) સહિત, દર્શાવેલ સરનામે મોકલી આપવી. જેમાં સંપર્ક નંબર અવશ્ય લખવો.

સમય : દર સોમ અને મંગળ ૧૧.૩૦થી ૧૩.૦૦ કલાક

સરનામુ : ગ્રીવન્સીસ સેલ

C\o ગુજરાત ટુડે, ૩૩/૧, **ગુજરાત ટુડે કંપાઉન્ડ, શાહે આલમ, અમદાવાદ**-380028. ફોન : (૦૭૯) ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧, ૨૫૩૨૮૮૨૫, ફેકસ : ૨૫૩૫૮૦૬૦, ૨૫૩૨૬૨૭૩ E-mail : gujarattodayadmin@gmail.com,

નોંધઃ (૧) ઈ મેઈલથી કરવામાં આવતી ફરિયાદો/ રજૂઆતોમાં મથાળે Attention to grievencies cell અચૂક લખવા વિનંતી છે.
(૨) સંપર્ક નંબર લખેલ નહીં હોય તો આપની રજૂઆત/ફરિયાદ ધ્યાને લેવામાં આવશે નહીં, જેની નોંધ લેવા વિનંતી છે.

લોકહિત મુવમેન્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત

ઉત્તરપ્રદેશના વિજયની ગુજરાતમાં ગુંજ, ઠેર-ઠેર વિજયોત્સવ ઊજવાયો

યુ.પી.માં ૩૦૦, તો ગુજરાતમાં ૧૫૦ આગામી ચૂંટણી માટે રૂપાણીનો લક્ષ્યાંક !

નોટબંધી વિપક્ષ માટે વોટબંધી બની; વહેલી ચૂંટણીની વાતને નકારતા મુખ્યમંત્રી

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૧

ઉત્તરપ્રદેશ સહિતના પાંચ રાજ્યોની ચૂંટણીઓના આજે પરિણામો જાહેર થતાં અને તેમાં પણ જ્યાં દેશભરની નજર હતી તે ઉત્તરપ્રદેશમાં ભાજપે ૩૦૦થી પણ વધુ બેઠકો સાથે ઐતિહાસિક વિજય મેળવતા ગુજરાતમાં ઠેર-ઠેર ભાજપના અગ્રણીઓ કાર્યકર્તાઓએ તેને વધાવી લીધો હતો. ફટાકડા ફોડી મીઠાઈઓ વહેંચી જશન મનાવવામાં આવી રહ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી સહિતનું મંત્રીમંડળ અને પ્રદેશ અધ્યક્ષ સહિતના હોદ્દેદારોએ પણ ભાજપની જીતનો ઉત્સવરૂપે ઉજવી એકબીજાના મોં મીઠા કરાવ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ યુ.પી.માં ૩૦૦ તો ગુજરાતમાં ૧૫૦ બેઠકો જીતવાનો દાવો કરતાં જણાવ્યું હતું કે, નોટબંધી વોટબંધી બનીને સામે આવી છે. પાંચ રાજ્યોના જાહેર થયેલ પરિણામોમાં ખાસ કરીને ઉત્તરપ્રદેશમાં જે રીતે ભાજપએ બાજી મારી છે તે ભાજપ માટે અપેક્ષા કરતાં પણ ભવ્ય અને ઐતિહાસિક વિજય સમાન છે જેના કારણે સમગ્ર રાજ્યમાં ઠેર-ઠેર ભાજપના આ વિજયને ઉત્સવરૂપે વધાવી લેવામાં આવ્યો હતો. અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, અમરેલી સહિત રાજ્યભરમાં ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા સંગઠનના હોદ્દેદારો તેમજ કાર્યકરોએ ફટાકડા ફોડી હોળી ટાણે દિવાળી ઉજવી હતી અને મીઠાઈઓ વહેંચી જશન મનાવ્યો હતો. અમદાવાદમાં ભાજપના ખાનપુર કાર્યાલયે તથા ગાંધીનગર પ્રદેશ કાર્યાલયે વિજયને વધાવ્યા બાદ મુખ્યમંત્રી રૂપાણી તથા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી સહિતના અગ્રણીઓએ એકબીજાના મોં મીઠા કરાવ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ગુજરાત ભાજપમાં ઉત્સાહનો માહોલ છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૦ બેઠકો જીતવાનો લક્ષ્ય છે. ''યુ.પી.માં ૩૦૦ તો ગુજરાતમાં ૧૫૦''નું સૂત્ર ચૂંટણી માટે ઉચ્ચારતા તેમણે કહ્યું કે, પ્રજાલક્ષી કામગીરી અને વિકાસ કરવાવાળી પાર્ટી પર લોકોને વિશ્વાસ છે. ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજવાની વાતને નકારી કાઢતા તેમણે ઉમેર્યું હતું કે, આ પરિણામો આખા દેશના મૂડને બતાવે છે. કેન્દ્રની ભાજપની સરકાર ગરીબોની સરકાર છે અને દેશની જનતાએ એમાં વિશ્વાસ મૂક્યો છે. નોટબંધીને વિરોધીઓએ મુદ્દો બનાવ્યો હતો પણ લોકોએ નોટબંધીનો જવાબ વોટબંધીથી આપ્યો છે. તેમણે કહ્યું કે, જાતિવાદની ગણતરી ખોટી પડી, વિકાસની રાજનીતિને જનતાએ પસંદ કરી છે. કોંગ્રેસ-સપાના જોડાણ અંગે રૂપાણીએ કહ્યું કે, કોંગ્રેસ સપાનું જોડાણ અનૈતિક હતું. કોંગ્રેસ ડૂબતી નાવ છે તે સાબિત થયું. વધુમાં રાહુલ ગાંધી પર બોલતા સીએમ કહ્યું કે, રાજીવ ગાંધી પાયલોટ હતા ત્યારે રાહુલ ગાંધી સાઈકલને ધક્કા મારવા નિકળ્યા છે.

યુપીનો વિજય નવી દિશા : ચુડાસમા

ગુજરાતમાં ચૂંટણી માટે ભાજપ તૈયાર

ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોના પરિણામો અંગે ઠેર-ઠેરથી પ્રિતભાવ આવી રહ્યા છે તેમાં રાજ્યના મહેસૂલ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ભાજપના વિજયને અસામાન્ય ગણાવતા કહ્યું હતું કે, ગુજરાતમાં ચૂંટણી માટે ભાજપ તૈયાર છે પરંતુ રાજયમાં ચૂંટણી સમય ઉપર જ થશે તેવી સ્પષ્ટતા પણ તેમણે કરી હતી. મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, યુપીનો વિજય દેશને નવી દિશા આપશે, ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ બેવડાયો છે. ગુજરાતમાં ચૂંટણી માટે અમે તૈયાર છીએ. એમ કહેતા ચુડાસમાએ જો કે રાજયમાં વહેલી ચૂંટણી નહીં યોજાય તેવી પણ ચોખવટ કરી હતી.

પંજાબમાં તેમજ ગોવા, મણિપુરમાં કોંગ્રેસ તરફી પરિણામો આવકારદાયક

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પંજાબવાળી થવાની આશા : કોંગ્રેસ

અમદાવાદ,તા.૧૧

પાંચ રાજ્યોની ચૂંટણીના પરિણામો બાદ પંજાબમાં કોંગ્રેસ પક્ષે ઐતિહાસિક જીત મેળવી છે જ્યારે ગોવા અને મણિપુરમાં કોંગ્રેસ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. ત્યારે કોંગ્રેસ પક્ષે ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ પક્ષ તરફી આવકારદાયક પરિણામ અંગે મતદારોનો આભાર માની ગુજરાતમાં પણ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં પંજાબવાળી થવાનો આશાવાદ વ્યકત કર્યો છે.

પંજાબમાં કોંગ્રેસ પક્ષે ઐતિહાસિક જીત મેળવી છે જ્યારે ભાજપ અકાલી દળના ભ્રષ્ટ શાસનનો કારમો પરાજય થયો છે. ગોવા અને મણિપુરમાં કોંગ્રેસ પક્ષ સિંગ્નલ લાર્જેસ્ટ પાર્ટી તરીકે વિજય મેળવીને સત્તા સુધી પહોંચી રહી છે. ત્યારે મતદાતાઓને અભિનંદન સાથે આભાર માનતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, જે રીતે ભાજપ અને તેના મુખ્ય નેતાઓની ભાષા વાણીવિલાસ અને ઝુમલાની રાજનીતિ સામે પંજાબ, ગોવા અને મણિપુરના મતદાતાઓએ કોઈ પણ ભ્રમમાં આવ્યા વિના મતદાન કર્યું છે. ખાસ કરીને પંજાબ અને ગોવામાં ભાજપ અને તેના ગઠબંધનના કારનામાં-જનવિરોધી, નીતિ ભ્રષ્ટ નીતિ સામે મત આપ્યા છે. તે જ રીતે ગુજરાતમાં પણ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં યુવા વિરોધી, ખેડૂત વિરોધી, દલિત વિરોધી આદિવાસી વિરોધી, મહિલા વિરોધી અને જનવિરોધી ભાજપ શાસન સામે મતદાન કરશે અને પ્રજાના જનસમર્થન-જન આશીર્વાદ કોંગ્રેસ પક્ષને મળશે.

પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામો : ભાજપ-કોંગ્રેસ દ્વારા જીતની ઉજવણી

દેશના પાંચ રાજ્યોની વિધાનસભાની યોજાયેલી ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંનેએ જીત હાંસલ કરી છે. ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં ભાજપે જીત મેળવી છે તો પંજાબમાં કોંગ્રેસે સ્પષ્ટ બહુમતિ સાથે સત્તા પ્રાપ્ત કરી છે. ઉપરાંત મણિપુર અને ગોવામાં કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે ઉપસી આવી છે. આથી આ જીતની ઉજવણી ભાજપ અને કોંગ્રેસ બંનેએ પોતપોતાના કાર્યકરો સાથે કરી હતી. ભાજપે ખાનપુર સ્થિત કાર્યાલય ખાતે અને કોંગ્રેસે પાલડી સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે જીતની ખુશી મનાવી ફટાકડા ફોડ્યા હતા.

ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં EVMમાં ચેડાં થયાના આક્ષેપો થતાં

ગુજરાતમાં EVMના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા એનસીપી હાઈકોર્ટના દ્વાર ખટખટાવશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણી બેલેટ પેપરથી કરાવવા માગણી કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૧

ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં ભાજપે જંગી બહુમતીથી મેળવેલી જીત એ વાસ્તવમાં ભાજપની નહીં પરંતુ ઈવીએમ મશીનની જીત છે. જેનો અમલ આવનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપ કરી શકે છે. આથી એનસીપીની પ્લાનિંગ કમિટીના ચેરમેન યુસુફ પરમારે ગુજરાતની ચૂંટણી ઈવીએમથી નહીં પરંતુ બેલેટ પેપરથી કરાવવા માગ કરી હાઈકોર્ટના દ્વાર ખટખટાવવા તૈયારી દર્શાવી છે.

તેમણે જણાવ્યું છે કે યુપીની ચૂંટણી દરમ્યાન અસંખ્ય મતદારોએ ઈવીએમમાં ગોટાળાના આક્ષેપો કર્યા હતા. વોટ કોંગ્રેસ-સપા કે બસપાને આપો પરંતુ મત ભાજપને જ પડે છે. તેવું મતદારોનું જણાવવું હતું જે પરિણામોએ સાબિત કરી આપ્યું છે. માયાવતીબહેને પણ બોલાવેલી પત્રકાર પરિષદમાં ઈવીએમમાં ચેડાંની વાત કરી હતી. લાલુપ્રસાદ યાદવે પણ ઈવીએમમાં ચેડાંના આક્ષેપો કર્યા છે. ત્યારે અમને શંકા છે કે યુપીની ચૂંટણી કોઈપણ ભોગે જીતવા મક્કમ ભાજપે શામ, દામ, દંડ કે ભેદની નીતિ અપનાવી હતી. એ માટે ગુજરાતમાંથી ઈવીએમ યુપીમાં મોકલાયા હોય તેવી અમને આશંકા છે કારણ કે યુપીની હાલની પરિસ્થિતિ અને મતદારોનો ઝોક જોતાં ભાજપને સીધેસીધી આટલી જંગી બહુમતી મળે તેવી કોઈ શકયતા જ નહતી. આથી ગુજરાતમાં પણ દર ચૂંટણીમાં બનતું આવ્યું છે તેમ ઈવીએમમાં ચેડાંની ફરિયાદો થતી આવી છે. ત્યારે આવનારી ૨૦૧૭ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પણ યુપીવાળી થતી અટકાવવા ઈવીએમથી મતદાન રદ કરી ચૂંટણીપંચે બેલેટ પેપરથી મતદાન કરાવવું જોઈએ. એમ જણાવી એનસીપીના પ્લાનિંગ કમિટીના ચેરમેન યુસુફ પરમારે ગુજરાતમાં બેલેટ પેપરથી ચૂંટણી કરાવવા હાઈકોર્ટના દ્વાર ખટખટાવવાની તૈયારી દર્શાવી છે.

જોઈએ છે Suffah English School જોઈએ છે

સુફ્ફા ઇંગ્લીશ સ્કુલ

ખાતે પ્રાથમિક ધોરણો માટે

શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી શિક્ષીકા.

ઈચ્છુક બહેનોએ તા. ૧૭-૩-૨૦૧૭ સુધીમાં પોતાનાં શૈક્ષણિક બાયોડેટા નીચેના સરનામે જમા કરાવવા.

જમીયતે ઉલમા એ અહમદાબાદ

(મી. અરશદ મદની)

ચારવાદ, દરિયાપુર, અહમદાબાદ.

ઓ. ૦૭૯ - ૨૨૧૬૯૨૦૦

ઝિયારત

જનાબ **મઝહરભાઈ હફીઝુદ્દીન કાદરી**નું લાંબી બીમારી બાદ શુક્રવાર સવારે શિકાગો (યુ.એસ.એ.) ખાતે ઈન્તકાલ થયેલ છે. ઈન્નાલિલ્લાહે... **મહૂમની ઝિયારત/કુર્આનખ્વાની તા.૧૨/૦૩/૨૦૧૭ રવિવારે ઈશાંની નમાઝ બાદ કોચરબ, કાગદીવાડની મસ્જિદમાં રાખેલ છે.**

લી. હફીઝુદ્દીન કાદરી ★ શકીલ કાદરી ★ મુખ્તિયાર કાદરી (મુન્નુભાઈ)

50 FAMILIES WILL CALL IT AS AN ADDRESS
AND THE REST WILL KNOW IT AS A LANDMARK.

Al aswad
4 BHK LUXURY BUNGALOWS

Developers: ELITE PROJECTS

Site: Al Aswad, 24 metre High Tension Road, Bh. Shree Hari Residency, Sun Pharma Road, New Tandalja, Vadodara - 390012

Call : 89807 75460, 89807 75461
Email: contact@eliteprojects.in
Web: www.eliteprojects.in

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily twitter.com/gujarattoday Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલોચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : એયુબ અલીભાઈ પટેલ એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS

ગુજરાત દૂત

મેઘધનુષ

રવિવાર તા.૧૨-૩-૨૦૧૭

મજબૂત લોકશાહીની સ્થાપના શાસકોની નીતિને પડકારવાથી જ થઈ શકે

રામજસ કૉલેજના વિદ્યાર્થીઓએ વિરોધકૂચ ABVPની હિંસા વિરુદ્ધ નવી દિલ્હીમાં ૨૮ ફેબ્રુઆરીએ નોર્થ કેમ્પસમાં યોજી હતી

પડકાર

- નીલાંજન મુખોપાધ્યાય

(લેખક દિલ્હિસ્થિત પત્રકાર છે, નરેન્દ્ર મોદી પર તેમણે પુસ્તક લખ્યું છે)

શાસકો તેમના ટેકેદારો દ્વારા વખતોવખત સામાન્ય રીતે સરકારની નીતિ અંગે પ્રશ્નો પૂછવામાં આવે છે. જેમાં પાડોશી દેશો સાથેની નીતિ અને આંતરિક સુરક્ષા અંગે પણ પ્રશ્નો ઉભા થાય. તેનો સંદર્ભ વૈશ્વિક હોય છે. જેમાં યુદ્ધ વિરોધી ચળવળો, તેમજ તે સંબંધી લાગણીઓ સંકળાયેલી હોય છે. દિલ્હી યુનિવર્સિટીમાં જે વિવાદ થયો, તે રામજસના અંગ્રેજી વિભાગ દ્વારા થયો, તેને કારણે વિદ્યાર્થી કાર્યકરોએ ઉમરખાલિદના એક સેમિનારમાં પ્રવચન આપવા બોલાવવામાં આવેલ. એબીવીપીના વિદ્યાર્થીઓએ તેનો વિરોધ કર્યો હતો. કારણ કે, આ પરિસંવાદનો વિષય હતો, ક્ષેત્રોમાં સંઘર્ષ અને સરકારની નીતિ. આ પરિસંવાદનો ઉગ્ર વિરોધ થયો અને વિરોધકર્તાઓ શેરીમાં ઉતરી આવ્યા. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ટેકેદારો ખાસ કરીને ગુરમેહર કૌરના સંદર્ભમાં વિરોધ વ્યક્ત કરતા હતા. તેમણે તેમને શાંતિની ચળવળના કાર્યકર તરીકે બિરદાવવામાં આવી તેનો વિરોધ કર્યો હતો. કૌર સામે જે હુમલો થયો તે સાવચેતી રાખવી પડે, તે કક્ષાએ પહોંચી ગયો અને તેનો આધાર શાંતિના ટેકેદારની બાબત પર થયો. જેનું કોઈ સામાજિક સ્તર નથી, અને શહીદ પિતાની પુત્રી છે, તે અંગે ટીકા ન થવી જોઈએ, પણ તે થઈ. કોઈ પણ વ્યક્તિ આવી બાબતનો વિરોધ કરી શકે છે અને આ બાબતે જે ઝૂંબેશ ચાલી, તે વિવાદમાં પરિણમી. કૌર હોય કે ખાલિદ કે ફિલ્મનિર્માતા સંજય કાક અને શૈક્ષણિક વિદ્વાન બિમલ ઓકીજામ આ તમામ લોકો રાષ્ટ્રવિરોધી હોવાનું કહેવાય છે.

હકીકતમાં એબીવીપીની ઝૂંબેશ દરેકને કાર્યક્રમો અને સંગઠન સંસ્થાની નીતિઓ સાથે અસંમતિ વ્યક્ત કરવા યોજાઈ હતી અને તેમણે અનેક વિષયો પર, નીતિઓ પર પ્રશ્નો ઉભા કર્યા છે. જે લોકોના પ્રવચન થયા, તેમની રજૂઆતની સામે પણ આવા સવાલો ઉભા થયા છે. તેમનું કહેવું હતું કે, અમને કહેવામાં આવ્યું કે, આશાજનક વાતાવરણ માટે અવકાશ છે. તે સામાજિક શાંતિ હોય કે પછી અન્ય કાર્યકરો માટેની હોય - તે અંગે વિચારણા કરવી જરૂરી છે, પણ નિષ્ણાતોની દૃષ્ટિએ લોકશાહીમાં આવું શક્ય બને કે કેમ તે પણ દેશના એક ખૂણામાં, જે નીતિ હોય તે વ્યાપક હોવી જોઈએ.

તમામ ગંભીર સામાજિક પ્રવચનો સામાજિક મીડિયા દ્વારા પ્રચારિત અને પ્રસારિત થાય છે. પરિણામે વિશ્વમાં એક જનમત તૈયાર થાય છે. તેની તરફેણમાં અને વિરોધમાં વિચારો વ્યક્ત થાય છે. તેમણે આ દિશામાં ઐતિહાસિક લોકશાહી દેશો તરફ દૃષ્ટિ કરવી જોઈએ. જ્યાં સરકારની નીતિઓ અંગે ચર્ચા-વિચારણાને અવકાશ હોય છે અને પ્રશ્નો પણ પૂછાતા હોય છે. આ પ્રજાનો વિશેષાધિકાર છે તે છિનવી લઈ શકાય નહીં.

મુખ્ય સૈધ્ધાંતિક આરોપ ગુલમેહર કૌર પર એ હતો કે તેનો સંપર્ક ભારત-પાકિસ્તાન ફ્રેમવર્ક સાથે છે. યુદ્ધ એક અલગ બાબત છે, તેની સાથે કોઈ પણ પ્રકારની સરખામણી થઈ શકે નહીં. યુદ્ધમાં શહીદ થવું ખરેખર એક કરુણ બાબત છે, પણ તેને પાછળથી વટાવવાનો પ્રયાસ ન થવો જોઈએ. આ અંગે વિવિધ પ્રકારના અભિપ્રાયો હોઈ શકે છે. પાકિસ્તાનના ટેકેદારોમાં પણ આવા અભિપ્રાયો હોય છે. તેઓ આતંકવાદીઓ સાથે સહમત છે, તેવું કહી શકાય નહીં, પણ અહીં દિલ્હીમાં બંને પક્ષ અને વિપક્ષમાં જોરદાર દેખાવો થયા, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં પણ ગયા વર્ષે આવું જ વાતાવરણ ઉભું થયું હતું.

આઝાદીના અનેક વર્ષો બાદ વિદેશ અને સંરક્ષણ નીતિઓ પવિત્ર ગાય સમાન છે. મીડિયામાં તેની ક્યારેય ટીકા થઈ નથી. લોકોએ પણ જાહેરમાં ક્યારેય ટીકા કરી નથી, પણ છેલ્લા વીસેક વર્ષથી ભારત સરકારે એક વલણ અપનાવ્યું છે અને તેણે પરિસ્થિતિને બદલી નાખી છે. રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશી નીતિ અંગે જાહેરમાં હવે ચર્ચાઓ થવા લાગી છે. જોકે હજુ સુધી મર્યાદિત છે. તેમ છતાં, એક વર્ગ એવો છે કે જે આવી ચર્ચાઓમાં ઉશ્કેરાટનું વાતાવરણ ઉભું કરે છે.

રાષ્ટ્રવાદની પરિભાષા સમજવાની જરૂર છે. વિવિધ વર્ગો દ્વારા તેની અલગ વ્યાખ્યા કરવામાં આવે છે. ભારતમાં શાંતિની સ્થાપનાને રાષ્ટ્રવાદ કહેવાય કે કેમ? અન્ય લોકશાહી વિશ્વમાં આવું થાય છે કે નહીં, તે જોવું જોઈએ. તમામ ભાગ લેનારાઓ વચ્ચે એક પ્રકારની સર્વસંમતિ હોવી જોઈએ કે નહીં, તે જાણવું જરૂરી છે. આપણે યુદ્ધ જેવી સ્થિતિમાં અત્યારે જીવી રહ્યા છીએ, જોકે ઈતિહાસ આપણને અનેક એવા દૃષ્ટાંતો પૂરા પાડે છે, કે આપણે તેનો ઉપાય શોધી શકીએ.

રોબર્ટ સાઉથીની એક કવિતા છે, આફ્ટર બ્લેન હેમ તેને યાદ કરીએ. બસ્સો વર્ષ પહેલાં ૧૭૮૬માં આ કવિતાની રચના થઈ હતી, તે વખતે બ્રિટન લડાઈના મેદાનમાં હતું અને યુદ્ધ વિરુદ્ધ સાહિત્ય તે વખતે લખાયું હતું અને આ કવિતામાં એક વૃદ્ધ વ્યક્તિ અને તેના પૌત્ર-પૌત્રીઓ વચ્ચે એક વાર્તાચીત આપવામાં આવી છે કે અઢારમી સદીમાં જે યુદ્ધો થયા, ખરેખર તેની જરૂર હતી કે નહીં ? તે વખતે બ્રિટીશ સરકારે આ અંગે ખાસ કોઈ પગલાં લીધા નહોતા. આ કવિતાની પંક્તિઓ યુદ્ધના સંદર્ભમાં અગત્યની છે.

"તે અંગ્રેજ હતા," કાસ્પરે જણાવ્યું.
તેમણે ફ્રેન્ચને બહાર કાઢવાના હતા.
કયા કારણસર એકબીજા વિરુદ્ધ લડ્યા?
હજી સુધી હું સમજી શક્યો નથી,
પણ સૌ કોઈએ કહ્યું કે,
કોનો ભવ્ય વિજય થયો ?
કોણે ગોળીબારો કર્યા ? તલવારો ઉગામી દેશમાં ચારેબાજુ...
કેટલું નકામું ત્યાં થયું, તેની કોઈને જાણ નથી.
અનેક નાના બાળકો
નવજાત શિશુઓ મરણ પામ્યા
પણ ચીજવસ્તુ એવી ને એવી રહી,
તમારે જાણવું જોઈએ કે,
દરેક ભવ્ય વિજય પાછળ
આ ગાથા હોય છે
તેમનું કહેવું છે કે, આઘાત લાગે તેવી બાબત હતી
યુદ્ધમાં વિજય થયો ત્યાર બાદ
અનેક હજાર મૃતક શરીરો
ધગધગતા તડકામાં પડ્યા રહ્યા
....પણ બાબત એવી જ રહી, તમે જાણો છો
ભવ્ય વિજયબાદ આવું થતું હોય છે.
સૌ કોઈએ ડ્યૂકની પ્રશંસાની કરી,
જેણે આ લડાઈ લડીને વિજય મેળવ્યો,
પણ છેલ્લે પરિણામ શું આવ્યું ?, સારું કે ખરાબ ?
હવે આપણે પીટર કીનનું કથન જોઈએ :
હું શા માટે કહી શકું તેમ નથી?
કારણ કે, તે ભવ્ય વિજય હતો...

દરેક અગત્યની લડાઈમાં અત્યારનો વૈશ્વિક ઈતિહાસ અને યુદ્ધ વિરોધી વિચાર ધરાવનાર લોબી સક્રિય હોય છે. જનજાગૃતિનો તેઓ હંમેશા પ્રયાસ કરતા હોય છે, જેમાં શૈક્ષણિક ક્ષેત્રના નિષ્ણાતો, કલાકારો, લેખકો, વૈજ્ઞાનિકો અને વેપારીઓ હોય છે. અમેરિકામાં યુદ્ધ વિરોધી લાગણી પણ નોંધપાત્ર કહી શકાય. કારણ કે નાગરિક ચળવળ પહેલાંની... બ્રિટીશરોના સામ્રાજ્યમાં પણ એક સમિતિની રચના યુદ્ધ બાદ કરવામાં આવી હતી. કલાકારો પણ એકત્ર થયા હતા. અને તેમણે પણ યુરોપમાં વિરોધ કર્યો હતો. ટૂંકમાં કહેવાનો અર્થ એ છે કે, યુદ્ધ થતાં હોય છે અને છતાં પણ તેનો વિરોધ થતો હોય છે, જે હિટલરે યુદ્ધ કર્યું, તે હિટલર અને સ્ટાલિન વચ્ચે સમજૂતિ પણ થઈ હતી.

યુદ્ધના નિષ્ણાતો હજી સુધી કોઈ પણ દેશમાં છેવટનો નિર્ણય લઈ શક્યા નથી. વારંવાર ચેતવણી આપવામાં આવે છે કે ભાવિ યુદ્ધોથી બચવાનો પ્રયાસ કરો. કારણ કે, લડાઈ બાદનો સમય કોઈપણ દેશ માટે સારો નથી હોતો. લડાઈ વખતની જે નીતિ હોય છે તે બદલવી પડતી હોય છે. ૧૯૬૦માં વિયેતનામ યુદ્ધમાં અમેરિકાએ વિરોધ કરેલો. ૧૯૭૦માં એવું જ થયું હતું. તે વખતે તેણે રાષ્ટ્રવાદને ટેકો આપ્યો ન હતો. ભારત હવે સામ્યવાદીઓ અને શહીદના પરિવારો સાથે એક અલગ પ્રકારની લાગણી ધરાવે છે. તેવી જ રીતે, વિયેતનામ યુદ્ધના વિરોધ વખતે પણ કાર્યકરોએ, ગૃહિણીઓએ અને માતાઓએ પણ આવી લાગણી વ્યક્ત કરી હતી. હજારો સૈનિકો શહીદ થયા હતા. અમેરિકાની નીતિનો વિરોધ કરવામાં આવ્યો હતો. તેમ છતાં, કોઈને રાષ્ટ્રવાદ અંગે કોઈ શંકા ન હતી.

ફ્રાન્સિસ કોપોલ્લાના પુસ્તક એપોકેલિપ્સ નાઉની કથા પર એક ફિલ્મ બની હતી, જેમાં વિયેતનામની વાત હતી અને અનેક શ્રેષ્ઠ ફિલ્મોમાં પણ તેની ગણના થાય છે. સંરક્ષણ વિભાગોએ આ ફિલ્મ અંગે નિરાશા વ્યક્ત કરી હતી. ભલે ફિલ્મ સફળ રહી હતી. તાજેતરના સમયમાં અફઘાનિસ્તાનની લડાઈ, ઈરાકની લડાઈ અને અમેરિકાના હુમલાઓ સામે પણ આવી જ લાગણી થઈ હતી. યુનાઈટેડ કિંગડમમાં લેબર પાર્ટી હજુ પણ બ્લેર સરકારના ગયા પછી ફરી ઉભી થઈ શકી નથી. કારણ કે તેને હથિયારોનો ઉપયોગ વધુ નડ્યો છે. એ જરૂરી નથી કે, વિશ્વાસપાત્ર રાષ્ટ્ર અથવા તેના નિવાસીઓ સરકારની નીતિઓનો સ્વીકાર કરે. ટીકાઓ થાય અને થવી જોઈએ. રાષ્ટ્રના હિતમાં ચર્ચા-વિચારણાઓ થતી હોય છે અને થવી જોઈએ. ભારતમાં શાસકોની નીતિ અમુક કાળમાં અમુક પ્રકારની રહી છે અને ફિલ્મ નિર્માતાઓને ફિલ્મ બનાવતા રોકી શકાયા નથી. એટલું કહી શકાય કે બૌદ્ધિકતાનો પરાજય થયો તો જ કારગિલ જેવા યુદ્ધો થાય. ભોપાલ ગેસ કાંડ થાય. કારણ કે આપણે આવી ઘટનાઓમાંથી શીખ્યા નથી. યુદ્ધનું સર્જનાત્મક અને વિદ્વત્તાપૂર્વકની સમજણ પણ યોગ્ય નથી. કારણ કે, વેદ-વ્યાસના શબ્દોમાં જોઈએ તો ખાસ કરીને તેમણે જે સંજયની વાણીમાં મુક્યા છે, તે જણાવે છે કે બંને પક્ષોની સેનાઓ પર નજર નાખો. બંને દેશ નિરાશા છે, ગૂંચવણભર્યો માહોલ છે, અને એક અલગ જ પ્રકારની ગેરસમજ ઉભી થઈ છે. મેં ખૂબ જ ધ્યાનપૂર્વક વેદવ્યાસના શબ્દો પર વિચાર કર્યો છે અને મને સમજાયું છે કે, યુદ્ધની ધૂળ સૂર્યાસ્ત પછી પણ ઉડતી રહે છે. યુદ્ધ પૂરું થયું હોય તેમ છતાં, કોલાહલ સંભળાતો રહે છે. શહીદ હોય તો તેની ચીસો આપણને સંભળાતી હોય છે. હાથી, ઘોડાનો વિનાશ થાય તો પણ તેના પડઘા પડતા હોય છે. કહેવાનો અર્થ એ છે કે, તાજેતરની જે ઘટનાઓ બની, અને વાત-વિવાદો થયા, તેના દુરગામી પરિણામો હશે, અને આ દિશામાં સૌ કોઈએ વિચાર કરવાની જરૂર છે.(સૌ: ધ વાયર)

ગઝલ

જોઈ શકે અગર તું જો કેવો અભાવ છે
તારા જ નામનો હજી પણ હૈયે ઘાવ છે

મારી મનોદશા વિશે હું શું કહું વધુ
તું અવગણે છે જેમ ત્યાં વધતો લગાવ છે

ખસતું નથી એ દૃશ્ય જ્યાં બેઉ મળ્યા હતા
એક જ એ યાદગાર જીવનનો બનાવ છે

વાંચી શકે ન કોઈ ભીતરના દુઃખો વિશે
એવો હથેળીએ પહેરેલો સ્વભાવ છે

'સર્જન' ત્યજીને હું બધું આવી ગયો પછી
બસ આ ગઝલ રૂપે હવે છેલ્લો પડાવ છે

- મહેબૂબ બોરસદી 'સર્જન'

છાંયડાના રૂપને ધારણ કરી, એક પડછાયો કરે છે છળકપટ !

દસ્તક

— હર્ષદ પંડ્યા

પ્રેમીઓને પ્રેમ જેવો કોઈ આશીર્વાદ નથી. પ્રાર્થના કરવાનું મન થાય તો કોઈકના નિર્દોષ પ્રેમને લાયક બનવાની પ્રાર્થના કરી. દુઆ કરવાનું મન થાય તો કોઈના પ્રેમને ભૂલથીય ભૂલી ના જઈએ એવી દુઆ કરો. જેણે પ્રેમ મેળવ્યો છે એ તો ધનવાનોમાંય કુબેરભંડારી કહેવાય. જેણે કોઈકનો પ્રેમ ગુમાવ્યો છે એ ભલે દુનિયાનો સર્વોત્તમ શ્રીમંત હોય, પણ એના જેવો ગરીબ બીજો કોઈ નથી.

માબાપ પોતાના સંતાનોને શિખામણ આપે છે, સલાહ આપે છે, ઠપકો આપે છે, પ્રોપર્ટી સંતાનોના નામે કરી આપે છે, પણ પ્રેમ નથી આપતા. સ્મિત નથી આપતા. બે ઘડીનો સહવાસ નથી આપતા. હૃદયનો સંવાદ નથી આપતા. હિંમત નથી આપતા. જિંદગીમાં ટકી રહેવા માટે સ્પર્ધાભાવ જગાડે છે, પણ શ્રદ્ધાભાવ નથી જગાડતા. આજના યુવાનોને અને આવતીકાલના સંતાનોને પ્રેમનો દુકાળ જોવો ન પડે એની જવાબદારી સરકારની નહીં, આપણા જ કૌટુંબિક અને સામાજિક સહકારની છે. પ્રેમ છે તો બધું જ છે, પ્રેમ નથી તો... કશુંય નથી, કશું જ નથી.

પ્રેમ વિશે પ્રવચનો કરવા અને પ્રેમ કરવો એ બે જુદી વાત છે. તમને પ્રેમના પાઠ ભણાવનારા ઘણા મળશે, પ્રેમ કરનાર કોઈ નહીં મળે. જે માણસ પ્રેમ નથી કરતો એ ઈશ્વરનું અપમાન કરે છે કારણ કે ઈશ્વરે જ તો પ્રેમને જન્મ આપ્યો છે. ઈશ્વર ખુદ પ્રેમનું રૂપ છે, પ્રેમનો પર્યાય છે. તમે તમારા પત્ની સાથે, સંતાનો સાથે, માબાપ સાથે, ભાઈ બહેન સાથે કે પડોશીઓ સાથે કંકાસ-ઝઘડા કરતા રહો અને દરરોજ પ્રાર્થના કે નમાઝ અદા કરવાના દાવા કરતા રહો તો માલિક સહેજપણ રાજી નથી થતો. પ્રાર્થના કે નમાઝ માત્ર ક્રિયા કે રૂટિન બની જાય છે ત્યારે એનુંસહેજપણ મૂલ્ય રહેતું નથી. ખુદને દુઃખી કરી, ખુદાની બંદગી કરવા જઈએ, જીવને કંકાસમાં નાખીને શિવની પૂજા કરવા જઈએ તો એની નોંધ દુનિયા ભલે લેતી હોય, ઈશ્વર કે અલ્લાહ એની નોંધ ક્યારેય લેતો નથી. એ તો તમારા પ્રેમની જ નોંધ લેતો હોય છે કે તમે કેટલાના આંસુ લૂછ્યાં, કેટલાંને સહાયરૂપ બન્યા, કેટલાંના દિલને ઠેસ નહીં પહોંચાડીને તમે એમના દિલ બચાવી લીધાં, અને કેટલાંને પથ્થરનો પ્રહાર કરવાને બદલે પ્રેમના મુલાયમ શબ્દગુચ્છોથી વધાવી લીધા - એ જ જુએ છે. મિત્રો સાચી પ્રાર્થના કે સાચી દુઆ એ જ છે કે તમે 'સ્વ'ને અને 'સર્વ'ને સાચો પ્રેમ કરો.

ગાંધીજીના ત્રણ વાંદરા પાસેથી અંગતપણે મને તો એટલું જ શીખવા મળે છે કે, પ્રેમ સિવાય હું કશું જ બોલીશ નહીં. પ્રેમ સિવાય હું કશું જ સાંભળીશ નહીં અને પ્રેમભર્યા દૃશ્યો સિવાય હું કશું જ જોઈશ નહીં. જ્યાં પ્રેમ છે ત્યાં જ જિંદગીનું 'જીવંત' પર્યાવરણ છે. જેમ કાળાં ચશ્માં પહેરવાથી જગત કાળું દેખાય, એમ પ્રેમનાં ચશ્માં પહેરવાથી આખું જગત તમને પ્રેમાળ-પ્રેમમય દેખાશે. વહેમ કે શંકા-કુશંકાનાં ચશ્માં પહેરવાથી તમને ચારે બાજુ વહેમના વાદળાં જ ઉમટી પડેલાં દેખાશે. નફરતના ચશ્માં પહેર્યાં હશે તો ચારે બાજુ નફરતના ન્હોર દેખાશે. જગતમાં તમામનો હિસાબ માંગવો કે આપવો પડતો હોય છે. પ્રેમમાં કોઈ જ હિસાબ ન હોય. તમારે બીજી બધી બાબતોના ખુલાસા કે પુરાવા, માંગવા કે આપવા પડે, પણ પ્રેમમાં ક્યારેય કોઈને ખુલાસા કે પ્રેમના પુરાવા માંગવા કે આપવા નથી પડતા. દુનિયાના મોટાભાગના પદાર્થોને કાં તો કાટ લાગતો હોય, કાંતો એ પદાર્થો વાસી થઈ જતા હોય, પ્રેમને નથી તો કાટ લાગતો કે નથી તો એ વાસી થતો. પ્રેમ પોતે તો નિત્યનૂતન હોય જ છે, એ મને, તમને, સૌને નિત્યનૂતન રાખે છે.

પ્રેમ અને મૈત્રીમાં એક ગુરુત્વાકર્ષણ હોય છે. આ ગુરુત્વાકર્ષણ બળ ન્યૂટનના ગુરુત્વાકર્ષણ બળ કરતાં સુક્ષ્મ. પણ શ્રેષ્ઠ હોય છે. ન્યૂટનના એ ગુરુત્વાકર્ષણના નિયમ પર હોય એના કરતાં પણ વધારે શ્રદ્ધા માણસને સ્વામીનારાયણ ભગવાનના નિયમ પર હોવી જોઈએ. સ્વામીનારાયણ ભગવાને કહ્યું છે : 'તું તારી જાતને કરે એટલો પ્રેમ જગતને કરજે. જીવ માત્રને તું તારા જીવ જેવો જ જાણજે.' આ નિયમ આજે તૂટતો ગયો છે, નંદવાતો ગયો છે. માતાજીની પૂજા કરનારો પરિવાર ઘરની કામવાળીને અપમાનિત કરી નાખે કે પછી બાળમજૂરી કરાવીને પૈસા કમાતો કોઈ શ્રીમંત બાળકૃષ્ણની આરતી ઉતારતો રહે ત્યારે પ્રેમનો નિયમ તૂટે છે. મંદિર માટે કરોડોનું દાન કરનારો દાનવીર, દહેજના કારણે પોતાની પુત્રવધૂને મૃત્યુને વહાલું કરવાની ફરજ પાડે કે મજબૂર કરે ત્યારે પ્રેમનો નિયમ તૂટે છે. પ્રેમનો નિયમ તૂટે છે ત્યારે પ્રભુ સાથેનો આપણો ભીતરનો સંબંધ પણ ખોરવાય છે અને તૂટે છે, કેમ કે પ્રભુ પોતે જ પ્રેમનો પર્યાય છે. પ્રેમનું અપમાન એટલે પ્રભુનું અપમાન. માતૃપ્રેમ, પિતૃપ્રેમ, ભ્રાતૃપ્રેમ, ભગિની પ્રેમ, સંતાનપ્રેમ, દાંપત્યપ્રેમ અને માનવપ્રેમ આ સાત પ્રકારના પ્રેમદર્શન છે. આમાંનું એકપણ દર્શન ધૂંધળું બને ત્યારે જિંદગીનો લય તૂટે છે અને જીવનનો શ્વાસ રૂંધાય છે.

આજે હોળીનો દિવસ છે,

તહેવારનો દિવસ ! આપણે ઈચ્છીએ તો જિંદગીના તમામ દિવસોને તહેવારમાં ફેરવી શકીએ. ત્રણસો પાંસઠ પાંસઠ દિવસને તહેવારમાં ફેરવતાં આવડે તો જિંદગી ખુદ એક તહેવાર એક ઉત્સવ, એક પર્વ બની જાય. તહેવાર સાથે મૈત્રી કેળવવી એટલે તહેવારના પ્રિય થઈ જવું. આપણને તો તહેવાર પ્રિય હોય, પણ તહેવારને આપણે પ્રિય છીએ કે નહીં, એ કોઈ વિચારતું જ નથી ! તહેવારને આપણે પ્રિય છીએ, એવું આપણને ત્યારે જ સમજાય કે પ્રત્યેક દિવસ-પ્રત્યેક તહેવાર આપણને પ્રેમ અને પ્રસન્નતાના પર્યાવરણમાં શ્વસતા અને અસ્તિત્વના ઉત્સવમાં હસતા કરી દે ! જીવાતા દરેક દિવસને આપણા અસ્તિત્વમાં વસતો, અને આપણા જીવનપ્રેમને દિવસની પ્રત્યેક ક્ષણોમાં શ્વસતો કરી દેવો એ જ આપણો જીવનમંત્ર બની જાય તો પ્રત્યેક મનુષ્યમાં આપણે ભગવાનનું દર્શન કરી શકીએ. માણસ-માણસ વચ્ચેનો પ્રેમ સેતુ જ દરેક દિવસને તહેવારમાં ફેરવી શકે.

કોયલના ટહુકામાં પણ આપણને કૃષ્ણમંત્રનો પડઘો સંભળાય તો સમજી લેવાનું કે પ્રકૃતિએ આપણને પ્રેમ કરવાનું માંડી નથી વાળ્યું. આપણે ભલે પ્રકૃતિથી દૂર થઈ ગયા, પણ પ્રકૃતિ આપણાથી દૂર નથી થઈ ગઈ. મા પોતાના સંતાનથી ક્યારેય દૂર નથી થતી. પ્રકૃતિ તો પૂરા વિશ્વની મા છે, એ વૈશ્વિક મા છે, કેટલાક લોકો ઉત્સવના પ્રેમી બનવાને બદલે કે ઉત્સવના જીવ બનવાને બદલે શ્રાદ્ધના કાગડા થઈને જીવે છે, જે પોતાની માને ભૂલી જાય છે, પણ માનું શ્રાદ્ધ બરાબર યાદ રાખે છે. પ્રેમનું દર્શન થાય, પ્રદર્શન નહીં. જ્યાં પ્રેમ છે ત્યાં જ ઉપરવાળાની રહેમ છે. પ્રેમ વગરનું ઘર ક્યારેક પડછાયાઓનું સંગ્રહસ્થાન લાગે છે. આજે મકાન બને છે, પણ મકાનમાં કે બંગલામાં કે ફ્લેટ કે ટાવરમાંથી 'ઘર' ગાયબ થઈ ગયાં છે. આજના કહેવાતાં ઘર તો માત્ર 'સરનામાં' જ બની ગયાં છે. મકાન જ્યારે 'ઘર' હોવાનો દેખાડો કરે ત્યારે છળકપટનો જન્મ થતો હોય છે, 'શબ્દપ્રીત' આ જ અર્થમાં કહે છે :

'છાંયડાના રૂપને ધારણ કરી,
એક પડછાયો કરે છે છળકપટ !

શબ્દ સંતૂર

— હનીફ સાહિલ

ડો. આફાક ફાખરી એવા કવિ અને સાહિત્યકારનું નામ છે. જેમને ડગલે અને પગલે નવા નવા અનુભવો દ્વારા જીવનને સંવાર્યું છે. એ જ કારણે તેમની કવિતામાં વર્તમાન સમયની તેજ રફ્તાર જિંદગીનું નિરુપણ જોવા મળે છે. તેમના જઝબાતની આંધી તેમને સચ્ચાઈની ગુફામાંથી તેમને કલ્પનાના સમુદ્રમાં મોતી શોધવા પ્રેરે છે. આફાક ફાખરીનો ગઝલ સંગ્રહ 'સુખન'ની ગઝલોની ભીતર પ્રવેશતા જીવનના અનુભવો સંબંધિત હકીકતોની અનુભૂતિ થાય છે. તેમના સંગ્રહમાંથી કેટલાક મોતી જેવા ચમકદાર શે'ર જોઈએ.

બિખરી બિખરી હો તેરે દામન પર
તેરી યાદોં કી કહકશાં જૈસે
મુઝે લગા લબે ઈઝાહાર ખોલતે ભી હૈં
કભી કભી દરો દીવાર બોલતે ભી હૈં
જહાં કોઈ ન હો મુઝસે મુખાતિબ
વહાં પર સિર્ફ તું હૈ ઔર મૈં હું
જિન કો રંગે ચમન કી ન પહચાન હો
હમ ઉન્હેં દે કે અપના લહૂ ક્યા કરેં
દશ્તેજાં મેં હૈ અજબ સન્નાટા
ઔર આંખોં મેં ખલા કા મંઝર
ઝૂટ પર જિન કી બાતોં કી બુનિયાદ હો
ઐસે લોંગોં સે હમ ગુફ્તગૂ ક્યા કરેં
સારે તારીખ કે નશીબો ફરાઝ
દફ્ન હાલાતો વાકિઆત મેં હૈ

ઉપરોક્ત શે'રમાં વર્તમાન અને ભૂતકાળના રહસ્યો ઉદ્‌ઘાટિત થાય છે. દા.ત. કવિ પોતાના એકાંતમાં એવું અનુભવે છે કે તેમના દરો દીવાર બોલે છે તે એક હકીકત છે જેને આત્માની ભીતરથી અનુભવી શકાય છે. આફાક ફાખરી કહે છે કે જો માણસ પોતાના ઘરમાં એકાંતની ક્ષણોમાં વિચારીને જૂએ તો બારીબારણાં તો શું ઘરની બારીઓ અને ઝરૂખા પણ બોલતા દેખાય છે.

ફિર વહી દશ્ત હૈ ફિર વહી પ્યાસ હૈ
કૌન જાને કોઈ કરબલા હી ન હો
ક્યા ભલા ક્યા બુરા દેખને કે લિયે
અપને કિરદાર કા આઈના હૈ બહુત
જો આ ગઈ હૈ અચાનક ઝમીં ગુલાબોં કી
ઉસે ભી આબલા પા ઈમ્તેહાન કહને લગે
હિસારે ઝાત મેં સબ મુતમઈન તો હૈં લેકિન
અના વજૂદ કા ઈન્કાર કરને વાલી હૈ
ઝૂક ગઈ હૈ શર્મ સે ઈન્સાનિયત
આજ મૌઝુઅ રહીમો રામ હૈ
અમ્ન કી શમ્આ જલાને વાલે
શહર કો રાખ બનાને વાલે

ડોક્ટર આફાક ફાખરી ગઝલ વિશે વાત કરતા કરતા ગઝલ સર્જનમાં ખૂબ આગળ નીકળી ગયા છે અને ખૂબ જ સાદગીપૂર્વક પોતાના વાચકો અને શ્રોતાઓને વિશ્વાસ આપવાનો પ્રયત્ન કરે છે કે તેઓ ગઝલના અવનવા સર્જનાત્મક રસ્તાઓ પરથી પસાર થઈ ઉર્દૂ ગઝલના વિકાસ અને પ્રસાર માટે દિનરાત કાર્યરત છે. તેમને વિશ્વાસ છે કે એક દિવસ ઉર્દૂ કવિતાનો પરચમ આકાશમાં ફરકશે. તેમણે લખેલી નાઅત અને હમ્દના કેટલાક શે'ર જોઈએ.

હૈં તેરી બારિશેં ફઝ્લોકરમ કા એક છીંટા
તમામ દજલ-ઓ-નીલો-કુર્આન અલ્લ હૂં
તુ લાશરિક હૈ તેરા કોઈ શરીરક નહીં
ફરેબ કારીએ લાતોમનાત અલ્લા હૂં
હમ ગુનાહગાર તીરા શબોં કે લિયે
સુબ્હ કી જૈસે પહલી અઝાં આપ હૈં
કમ નહીં હમ કો ઈક ઉમ્મતી કા શરફ
વરના હમ હૈં કહાં ઔર કહાં આપ હૈં
કિતના પામાલ નઝર આતા હૈ
અસરે હાજર મેં રિદા કા મંઝર
રોઝ કસીદે લિખના ઉસકી મિદહત કરના
ઈસ મન્સબ પર મેરા રહના મુશ્કિલ હૈ

અઘરા શબ્દોના અર્થ

ખલા=અવકાશ, આબલાપા=ઉઘાડા પગે, દજલ-ઓ-નીલ=બગદાદમાં વહેતી નદીઓ, તીરા શબ=અંધારી રાત, રિદા=ચાદર, મિદહત=પ્રશંસા.

'સ્વ'થી 'સર્વ' તરફનું પ્રયાણ...

વ્યથા તમારી-કલમ અમારી

— ડો. મહેરુન્નિસા દેસાઈ

મહેજબીનબેન
તમારા પત્ર બદલ આભાર.

જીવનના લગભગ બધા જ ભૌતિક સુખો તમને પ્રાપ્ત થયા છે. જે ખુદાની રહેમત ગણાય. આપણા સમાજના મોટાભાગના લોકોને જ્યારે જીવવા માટે ઝઝૂમવું પડતું હોય, ગરીબી, બેકારી જેવા પ્રશ્નોનો સામનો કરતા-કરતા કષ્ટમય જીવન પસાર કરતા હોય ત્યારે, તમારા જેવી નસીબવંતી બહેનો કે જેમને ખુદાએ બધું સુ:ખ આપ્યું છે. તેમણે સામાજિક ઉત્તરદાયિત્વ પણ સ્વીકારવું જ જોઈએ.

નવરાશના સમયે કોઈપણ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરી શકાય. જેમાં પેઈન્ટિંગ, ભરત-ગૂંથણ કે અન્ય કલા વિકસાવી ગણાય. વાંચનનો શોખ કેળવીને અનવું વાંચીને તેને આત્મસાત કરવાનો પ્રયત્ન હોઈ શકે. તે સૌથી મહત્ત્વની બાબત એ છે કે કચડાયેલા વર્ગો માટે કંઈક કરી શકાય.

આપણા ત્યાં ઘણીવાર એવું જોવા મળે છે કે આર્થિક-સામાજિક સદ્ધરતા પ્રાપ્ત કર્યા પછી, વ્યક્તિ પોતે માત્ર પોતાના માટે જ જીવે છે. પોતાના પાછળ રહી ગયેલા બંધુઓ પ્રત્યે કંઈક ઉદાસીનતાને કંઈક ઉપેક્ષાની ભાવના અનાયાસે આવી જાય તેવું પણ બને છે. અરે, કેટલીકવાર તો પોતાના સગાને ઓળખવામાં પણ નાનમ અનુભવાતી હોય છે. ત્યાં સમગ્ર સમાજની વચ્ચે જઈને તેમના સુ:ખ, દુ:ખમાં સહભાગી બનવાની વાત તો દૂર જ રહી જાય છે !

આથી તમે સાચા અર્થમાં ઈસ્લામિક રાહે ચાલીને સમાજ-ઉપયોગી કાર્યમાં જોડાઈ જાવ તો તે ખૂબ જ મોટું કાર્ય ગણાશે.

નવરાશનો સમય ટી.વી. જોવામાં કે આળસ કરવામાં પસાર કરવાથી આંખો બગડે, શરીર બગડે ને સાથે સાથે મગજ પણ બગડે. તેના બદલે આવા સદ્‌કાર્યથી આત્માસંતોષની સાથે સાથે સમાજ ઉપયોગી કાર્ય થઈ શકે.

સમાજની કેટલીય બહેનો પાસે કૌશલ્ય છે. તેમની પાસે ફાજલ સમય છે. તેઓને યોગ્ય માર્ગદર્શન આપી તેમની શક્તિઓને યોગ્ય માર્ગે વાળવાનું કાર્ય તમે ખૂબ જ સારી રીતે કરી શકો. પછાત વિસ્તારમાં સ્વચ્છતા અંગે, આરોગ્ય અંગે, કૌટુંબિક સમસ્યાઓ અંગે, બાળકોની કેળવણી અંગે તમે સભાનતા લાવવાનું કાર્ય કરી શકો. અનેક રાજ્ય સરકાર અને કેન્દ્રીય સરકારની યોજનાઓ અંગે અજ્ઞાનતા કે વહીવટી સામર્થ્યના અભાવને કારણે તેનો લાભ તેના સાચા હકદાર સુધી પહોંચતો નથી.

આથી તમારા જેવી બહેનો બહાર આવીને આ કાર્ય ઉપાડી લે. તો સમાજમાં ક્રાંતિ આપી શકે.

સામાજિક કાર્યો પ્રત્યેની આપણા સમાજની ઉદાસીનતાને કારણે ધંધાદારી સમાજ સેવકો કાર્યરત બને છે. તેથી જો સામાજિક અને આર્થિક રીતે સધ્ધર બેનો આ ક્ષેત્રે કાર્યરત બને તો સાચા અર્થમાં સેવાકીય કાર્યો થઈ શકે.

તમારી વાત સાચી છે કે આપણે ત્યાં સેવા કે જ્યોતિ સંઘ જેવી સંસ્થાઓ નથી પણ તેવી સંસ્થા જેવી સંસ્થા બનાવવા માટે શરૂઆત તો નાના પાયા પર જ થઈ શકે. ઈમારતની ઉપલી મંઝિલે પહોંચવા માટે પહેલા પગથિયેથી જ શરૂઆત થઈ શકે, 'અમવા' સંસ્થા દ્વારાએ શરૂઆત થઈ ચૂકી છે. કોઈ નાનું બાળક ચાલતા શીખતું હોય તેને કોઈ દોડવીર પહેલવાનનો દાખલો આપીને તેવું ન કહી શકાય કે 'આ દોડવીરની જેમ દોડવાની પ્રેરણા તને નથી મળતી ?'

પાણીમાં પડ્યા સિવાય કિનારે ઊભા-ઊભા તરવા અંગેના સલાહ-સૂચનો આપવા સહેલાં છે. ને ખરેખર કાર્ય કરવું મુશ્કેલ છે.

સમાજ માટે કંઈક કરવાની ભાવના સાથે 'સ્વ'માંથી 'સર્વ'ના કલ્યાણની સાચી ભાવના સાથેની થોડીક તમારા જેવી બહેનો હિંમતભેર કાર્ય કરવા બહાર આવે તો જ સાચા અર્થમાં સમાજની કાયાપલટ થઈ શકે. પછાત સમાજ અંગે ક્યારેક મીટિંગોમાં બોલાવાથી કે પ્રસંગોપાત્ર છાપામાં નિવેદન આપવાથી સમાજને ઉપયોગી નથી. થવાતું તેના માટે ખરેખર ઝૂંપડપટ્ટીમાં વસતા ગરીબ અજ્ઞાની બંધુઓને વચ્ચે જવું પડે છે. તેમના માટે કાર્ય કરવું પડે છે, તેઓ ના સમજ હોવાથી તમે તેમના હિતના કાર્ય કરતા હોવા છતાં કેટલાક દ્વારા ગાળો પણ ખાવી પડે છે. સમાજના વાંક દેખા આગેવાનોની ટીકાઓ પણ સહન કરવી પડે છે. ને ત્યારે, સાચા અર્થમાં સેવાકીય કાર્યો થઈ શકે છે. શરૂઆતમાં માત્ર શોખથી શરૂ કરેલ કાર્ય માટેની જવાબદારી પણ વહન કરવી પડે છે ને ત્યારે નવરાન ન હોય, અનુકૂળ ન હોય ત્યારે પણ આ કાર્ય કરવું પડે છે.

ખરેખર તો જકાતનો અર્થ વિશાળ અર્થમાં લઈએ તો નાણાં ઉપરાંત આપણી પાસે જે કાંઈ છે. તે બધા પર પછાત રહી ગયેલ આપણા ભાઈઓનો હક્ક છે. તેમના માટે આપણી પાસે જે કાંઈ જ્ઞાન કે જાણકારી હોય તેનો ઉપયોગ કરવો જોઈએ. તમે જો આ દિશામાં કાર્ય કરવા માંગો તો તે સમાજ માટે આશીર્વાદ રૂપ બની શકે.

તમે અમદાવાદમાં જ છો તો તમારી જાણકારી માટે જણાવું કે જો તમે કે તમારા જેવી અન્ય બહેનો સ્વૈચ્છિક સંસ્થામાં જોડાવા માંગતા હોય તો આજ હેતુ માટે કામ કરતી અમદાવાદ મુસ્લિમ વીમેન એસોસિએશન 'અમવા' જુહાપુરામાં આપને આમંત્રણ છે. તમે પોતે પણ આવી સંસ્થા શરૂ કરી શકો છો.

મિસાઈલમેન કલામ સાહેબની મનપસંદ ભેટ–સોગાદ

બાળવિભાગ

— કિસ્મત શેખ

મિસાઈલમેનના નામથી જાણીતા ભારતના ૧૧માં રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામને કોણ નથી ઓળખતું. તે પોતાના વ્યક્તિત્વથી આજે પણ બધા માટે પ્રેરણાના સ્રોત છે. તેમના જન્મદિવસને યુનાઈટેડ નેશન્સને વર્લ્ડ સ્ટુડેન્ટ્સ ડે તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. તેમની કેટલીક વાતો તો એકદમ અનોખી હતી.

અવુલ પાકિર જેનુલાબ્દીન અબ્દુલ કલામ એટલે એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મ ૧૯૩૧એ તામિલનાડુના રામેશ્વરમમાં થયો હતો. તે ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ (૨૦૦૨-૨૦૦૭) રહ્યા. કલામે ડીઆરડીઓ (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)માં કામ કર્યું. તે ભારતના સ્પેસ પ્રોગ્રામ અને મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામથી જોડાયેલા રહ્યા. તેમને મિસાઈલમેન પણ કહેવામાં આવતા. એક તરફ સાયન્સ અને ટેકનિક તેમને ઘણા પસંદ આવતા હતા. તો બીજી તરફ વીણા જેવા મુશ્કેલ ભારતીય વાદ્ય યંત્રને વગાડવામાં પણ તેઓને મહારત પ્રાપ્ત હતી. તેમનું નિધન ૨૭ જુલાઈ ૨૦૧૫ના રોજ થયું હતું. ભારતરત્ન કલામ વિશે ચાલો થોડીક બીજી વાતો પણ જાણીએ.

— પુસ્તકો સિવાય કલામ સાહેબ કોઈ ભેટ-સોગાદ સ્વીકારતા નહોતા, તે ગિફ્ટ રેપર ખોલાવીને જોતા હતા અને જો પુસ્તક ના હોય તો પરત કરી દેતા હતા. જો કોઈ ભેટ પાછી ના લે તો તે તેમની પાસે પણ રાખતા નહોતા.

— કલાક સાહેબને ટેકનિકથી પ્રેમ હતો. તેઓ ટેકનિકના ક્ષેત્રમાં શું નવું થઈ રહ્યું છે એની જાણકારી રેડિયોથી મેળવતા હતા અથવા અખબાર વાંચતા હતા. હા એ સાચું છે કે તેમની પાસે પોતાનું ટીવી નહોતું. નવી દિલ્હીના રાજાજી માર્ગ સ્થિત તેમના સરકારી નિવાસ પર જે ટીવી હતું તે તેમના સ્ટાફના પ્રયોગ માટે હતું.

— તેઓ પોતાના મોટાભાઈ મારેકર (૯૯ વર્ષ)થી ઘણો પ્રેમ કરતા હતા. તેઓના ૧૦૦મા જન્મદિવસને મનાવવા માટે ઘણા ઉત્સાહિત હતા, તેમને એ વાતથી ઘણો સંતોષ હતો કે પોતાના ભાઈ માટે તેમના પૈતૃક ઘરમાં સોલર પેનલ લગાવી જેની મદદથી ત્યાં હવે ૨૪ કલાક વીજળી મળતી રહે છે, તે સૂતા પહેલા પોતાના ભાઈથી ફોન પર વાત કરતા હતા.

— કલામ સાહેબની સંપત્તિ હતી. ૨૫૦૦ પુસ્તકો, એક ઘડિયાળ, ૬ શર્ટ, ૪ પેન્ટ, ૩ શૂટ અને એક જોડી પગરખાં આના સિવાય તેમની પાસે કોઈ સંપત્તિ નહોતી. ના તો ફ્રિજ, ટીવી, કાર અથવા એસી જેવી કોઈ ચીજ હતી.

— કલામ સંપન્ન પરિવારથી નહોતા. તેમના પિતા જેનુલાબ્દીન નાવ ચલાવતા હતા.

— કલામ સવારે ૪ વાગે ઉઠતા હતા. ન્હાતા હતા અને પછી મૈથ્સ ભણવા જતા હતા. તેમના ટીચર એકવારમાં માત્ર ૫ વિદ્યાર્થીઓને ભણાવતા હતા. ક્લાસમાં આવતા પહેલાં સ્નાન કરવું જરૂરી હતું. ૮ વર્ષની ઉંમરમાં સ્કૂલ જવાથી પહેલા તે પોતાના પિતાને મદદ કરવા માટે અખબાર વહેંચતા હતા.

— વિક્રમ સારાભાઈને તે પોતાના માર્ગદર્શક અને ગાંધીજીને પોતાની પ્રેરણા માનતા હતા.

— પક્ષીઓને વિમાનની જેમ ઉડતા જોવા તેમને ગમતું હતું, એટલે તેમણે આ નક્કી કર્યું તે પાયલોટ બનશે. સ્કૂલ ખતમ કર્યા બાદ તેમણે સેન્ટ જોસેફ કોલેજ, ત્રિચીમાં ફિઝિક્સ ભણવાનું શરૂ કર્યું. પણ ૩ વર્ષ બાદ તેમને આ વિષય સારો ના લાગ્યો અને પછી તેમણે એરોનોટિકલ એન્જિનિયરિંગ ભણવાનો નિર્ણય લીધો.

— જ્યારે તેમણે એમઆઈટી (મદ્રાસ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી)માં એડમિશન મળી રહ્યું હતું તે સમયે તેઓને ફી ભરવા માટે ૧,૦૦૦ રૂપિયાની જરૂરત હતી. આ રકમ તેમના પરિવાર પાસે નહોતી. તે સમયે તેમની બહેને પોતાની બંગડીઓ ગીરવે રાખીને આ પૈસાની સગવડ કરી આપી હતી.

— કલામ દુનિયા માટે મશાલ હતી. સ્વિટ્ઝર્લેન્ડ સરકારે વિજ્ઞાનમાં તેમના કામને જોતાં તેમને આમંત્રિત કર્યા હતા. જે દિવસે તે સ્વિટ્ઝર્લેન્ડ ગયા તે દિવસને ત્યાં સાયન્સ-ડે તરીકે મનાવવામાં આવ્યો.



.....જેથી પરીક્ષામાં કોઈ તણાવ ના રહે

કોઈપણ પરીક્ષા હોય, તણાવ થોડો તો રહે જ છે. જો પરીક્ષાઓ ૧૨ બોર્ડની હોય, ત્યારે વિદ્યાર્થીઓમાં તણાવ વધવાની સંભાવના પણ થોડી વધારે હોય છે. છતાં પણ દરેક વિદ્યાર્થીમાં તે ક્ષમતા છે, જેનાથી તે પોતાની બુદ્ધિ અને તણાવની સ્થિતિઓને સારી સમજથી પરિસ્થિતિને પોતાને અનુકૂળ બનાવી શકાય છે. - અભિષેક નાગર

પરીક્ષાની તૈયારીના સમયે

પહેલા જાણો કે તમે સિલેબસને લઈને કેટલા સ્પષ્ટ છો. અસમંજસની સ્થિતિ ન રહેવા દો. શિક્ષકને પૂછીને સ્પષ્ટ કરો કે આ પાઠથી શું-કાંઈ પૂછાઈ શકે છે.

★ જો તમે એ સમજી લો છો કે કયા પાઠથી કયા પ્રકારના સવાલ પૂછાઈ શકે છે, ત્યારે પરીક્ષા હોલમાં પ્રશ્નપત્ર હલ કરતા સમયે તમે પહેલાથી સારી તૈયારીની સાથે બેસી શકો છો.

★ ખરી પરીક્ષા જેવી સ્થિતિમાં અભ્યાસ કરો. આ ભલામણ આ વિચાર પર ટકેલો છે કે આપણે જાણકારીઓ ત્યારે સારી રીતે યાદ આવે છે, જ્યારે એમને હાલની સ્થિતિમાં યાદ (સમજી) કરી શકાય છે. પરીક્ષા હોલનું વાતાવરણ શાંત હોય છે તો આવી જ સ્થિતિમાં રહીને અભ્યાસ કરવાનો પ્રયાસ કરો.

★ ફક્ત પોતાની યાદદાસ્ત અને પાઠ્ય પુસ્તક પર જ ના ટકેલા રહો, ક્લાસ નોટ્સ પણ પોતાની સાથે રાખો. પરીક્ષાના તણાવ થતાં પહેલા તમે નોટ્સ જોઈ શકો છો. એનાથી ભૂલાઈ ગયેલા પાઠ યાદ આવી જશે.

★ પરીક્ષાની છેલ્લી મિનિટ સુધી અભ્યાસને ના ખેંચો. એનાથી જરૂર તણાવ હશે. તમે દિવસો અથવા સપ્તાહ પરના અભ્યાસની યોજના બનાવી શકો છો. યોજનામાં તૈયારીના નાના-નાના લક્ષ્યોને વહેંચી શકો છો. દિવસના એ સમયે જરૂર વાચો, જે સમયે તમે પરીક્ષા આપી રહ્યા હોય. આ પ્રકારે તમારું મગજ પરીક્ષા દરમ્યાન વધુ સજાગ બની રહેશે.

★ અભ્યાસ દરમ્યાન વચ્ચે-વચ્ચે આરામ જરૂર લો. એક અભ્યાસ અનુસાર મનુષ્યનું મગજ કોઈ એક વિષયમાં ફક્ત ૪૫ મિનિટ સુધી જ સારું ધ્યાન બનાવી રાખે છે.

★ અભ્યાસ સમયે શરીરમાં પાણીની ઉણપ ન થવા દો. પાણીની ઉણપ તમને સુસ્ત અને તણાવમાં લાવી શકે છે. નિયમિત કસરત કરો. ભરપૂર ઊંઘ લેવી ઘણી જરૂરી છે.

તણાવને પરીક્ષાખંડમાં કેવી રીતે દૂર કરશો

★ જો તમે પરીક્ષાના સમયે કોઈ સવાલ પર અટકી ગયા હોવ તો પરેશાન થવાને બદલે પછીના સવાલોના જવાબ લખવામાં લાગી જાવ. છેલ્લે આ સવાલનો જવાબ લખવા માટે છોડી દો.

★ જો કોઈ નિર્દેશ અથવા સવાલ સમજમાં ના આવે તો નિરીક્ષકને પૂછવામાં હિચકિચાટ ના રાખો. તે તમને સ્પષ્ટ રીતે ના પણ બતાવે, પરંતુ વાતચીતથી થોડો સંશય દૂર તો થઈ શકે છે.

★ જો તમને ગભરાટ કે ચિંતા થવા લાગે છે, જેનાથી મોં સુકાઈ જાય, ઝડપથી હૃદયના ધબકારા વધે, ધ્યાન લગાવવામાં મુશ્કેલી થાય, માથું દુ:ખે કે ઉલ્ટી જેવા લક્ષણો અનુભવવા લાગો તો આ પ્રકારના ઉપાયો અજમાવી શકો છો.

★ આંખો બંધ કરીને લાંબા શ્વાસ લઈ શકો છો.

★ નાનો બ્રેક લો, જેમ કે બોટલમાંથી પાણી પીવો અથવા પછી પગોને થોડા સ્ટ્રેચ કરી શકાય છે.

પરીક્ષાના દિવસે કેવી છે તમારી તૈયારી

એક સારા નાસ્તા બાદ જ પરીક્ષા સેન્ટર પહોંચો. એ સિવાય તમે જલ્દી તણાવ, સુસ્તી અને ચિંતાના શિકાર થઈ જશો. ઓટ્સ અથવા ઈંડા જેવા આહારથી ઊર્જા લાંબા સમય સુધી બની રહે છે.

★ શક્ય હોય તો પાણીની બોટલ પણ પરીક્ષાખંડમાં સાથે લઈ જાવો.

★ પરીક્ષાખંડમાં બેસતાં પહેલા વધારે કેફીનયુક્ત પીણું જેવું કે કોફી ના પીઓ.

એક તો તમે પરીક્ષાને લઈને ચિંતિત હોવ છો, ઉપરથી મોડા પહોંચવાથી તમારા તણાવને વધારશે, તેથી પરીક્ષાખંડ જલ્દી પહોંચો.

★ પ્રશ્નોના જવાબ લખતાં પહેલા આપવામાં આવેલી સૂચનાઓને ધ્યાનપૂર્વક વાંચો.

એક્સપર્ટ ઈન્ટરવ્યુ

હવે કોઈપણ પ્રકારના નકારાત્મક વિચાર મનમાં ના આવવા દો. જરૂર પડે તો કોઈ કાઉન્સિલરની મદદ લો. પોતાની જાતને કોઈની સાથે તુલના કરવાની બિલકુલ જરૂર નથી. અહીં માતા-પિતાએ પોતાના બાળકોને સપોર્ટ કરવા જોઈએ. તણાવથી બચવા માટે ઘરથી બહારની ગતિવિધિઓમાં સામેલ રહો. કોઈની સાથે પણ વાત કરવી જરૂરી છે. એનાથી મનનો ભય જતો રહેશે. પરીક્ષાના દિવસે વિષય વિશે મિત્રો સાથે વાત કરવાની જરૂર નથી. પરીક્ષાના છેલ્લા સમયે ના વાંચો. પોતાના પર વિશ્વાસ કરો.

- ડોક્ટર સમીર પારીખ

શબ્દ ટુડે-(૩)-૬૨૩



આડી ચાવી

(૧) સ્વામીભક્ત, વિશ્વાસુ (૪)
(૪) વચ્ચે દખલ કરવી, વચ્ચે હાથ નાખવો તે (૪)
(૮) રવિ, સૂર્ય (૩)
(૧૦) 'પહોર' આડુંઅવળું થયું (૩)
(૧૧) સાર, સત્વ (૨)
(૧૨) કીડીથી મોટું એક જંતુ (૩)
(૧૪) મોર પીંછા ફેલાવી.....કરે (૨)
(૧૫) .....ની ગાયના દાંત જોવાય (૨)
(૧૬) ઉપાધિ, બલા (૨)
(૧૮) નિશાન, લક્ષ (૨)
(૧૯) માર્ગ, પથ (૨)
(૨૧) ધર્મપ્રમાણેનું આચરણ (૨)
(૨૩) ક્ષુધા (૨)
(૨૫) ઉકળતાં..... જેવી સ્થિતિ (૨)
(૨૭) મજનૂની પ્રેમિકા (૩)
(૨૯) પૂરવું, જરૂર જેટલું (જો.છૂ.) (૨)
(૩૦) 'ભરમ' આડું અવળું (૩)
(૩૨) જગતનો લય, વિનાશ (૩)
(૩૩) જીવતા કરાતું કારજ (૪)
(૩૪) નાજુકાઈ, લખનૌની કહેવાય (૪)

ઊભી ચાવી

(૧) ગાય-ભેંસ દૂધ દેતી બંધ થવી (૪)
(૨) ઈરાનનું જૂનું નામ, હસવા જેવું કાર્ય (૩)
(૩) અનુકંપા, ચીડ (જો.છૂ.) (૨)
(૫) થર, પડ (૨)
(૬) પાછળથી ઉમેરેલું, ઘૂસાડેલું (૩)
(૭) મોકળાશ, ખૂલતું (૪)
(૮) તોર, અભિમાન (૨)
(૧૨) છૂપી વાત, ભેદ (૨)
(૧૩) બાલદી (૨)
(૧૫) શુદ્ધ લોહીની નસ (૩)
(૧૭) પરખવું તે, કસોટી (૩)
(૨૦) આશ્ચર્ય, નવાઈ (૪)
(૨૨) ચામડી ઉપરનો કાળો ડાઘ (૨)
(૨૩) 'સુબ્હ કા.....શામ કો ઘર લૌટે (૨)
(૨૪) અધિકારી આગળ રજૂ કરાતી હકીકત (૪)
(૨૬) 'ગભરૂં'નું શિર્ષાસન (૩)
(૨૮) હવન, હોમ (૨)
(૨૯) કાળાપણું, કાળપ (૩)
(૩૧) બુદ્ધિ (૨)
(૩૨) જનતા, લોક સમૂહ (૨)

-એમ.એફ. મુન્શી

‘રોજેરોજ એ લોકો મોત માગતા!’

ગુજરાતના રમખાણ-પુનર્વસન કેમ્પોમાં બાળકોનો સંઘર્ષ

“પાંચ મહિનાથી મેં પાણી પીધું નથી!” જાવેદ શેખ નામનો છોકરો કહે છે. તેની આગળ તેની પત્નીએ મૂકેલી કેરીનો જ્યુસ ભરેલી ગ્લાસમાં તે બધો રસ પાછો કાઢી નાખે છે, તેના હાથ ધ્રુજારી અનુભવે છે અને અવાજ અસ્પષ્ટ જણાય છે. આજથી ૧૫ વર્ષ પહેલાં તેણે જોયું હતું મોતનું તાંડવ અને તે બચી ગયો હતો. એ વખતે જાવેદ શેખની ઉંમર ૧૪ વર્ષની હતી અને તેણે ગુજરાતમાં ૨૦૦૨નાં રમખાણોમાં સગી આંખે જોયું કે હિન્દુઓનું એક ટોળું ઘસી આવે છે અને મુસ્લિમ સગર્ભા મહિલા ઉપર બળાત્કાર કરે છે અને તેને જીવતી સળગાવી દે છે.

એ દિવસે મૃતદેહોના ઢગલા પાછળ સંતાઈ ગયેલા જાવેદે તેનાં માતા-પિતા અને તેની મોટી બહેનની હત્યા જોઈ હતી. ત્યારથી તેણે આ વાત અદાલતોને, રાજકારણીઓને, અસંખ્ય પત્રકારોને જણાવી હતી, પરંતુ પોતે એક બાળક તરીકે જે જોયું તેની વાત કદી કોઈ કાઉન્સીલર (સલાહકાર)ને અથવા કોઈ મનોચિકિત્સકને જણાવી નહોતી. ૨૦૦૨થી શાંતિ માટે તે જુદી જુદી જગ્યાએ ભટકતો રહ્યો, પણ દર વખતે અમદાવાદ પાછો આવી ગયો.

એ રમખાણોમાં કેટલાં બાળકો અનાથ બન્યાં તેની આજે ૧૫ વર્ષ પછી પણ કોઈ ગણતરી નથી. શેખ જેવાં જે બાળકો જીવતાં રહી ગયાં હતાં તેઓ તો, ‘જનવિકાસ’ નામની સ્વૈચ્છિક સંસ્થાના નેજા હેઠળ સમાજસેવા કરતા હોફેઝા ઉજ્જૈનીના મતે, “રોજેરોજ મોત જ માગતાં હતાં, કેમ કે, તેઓ દરરોજ ધીમેધીમે મૃત્યુ તરફ જ ગતિ કરી રહ્યાં હતાં!” ઉજ્જૈની રમખાણગ્રસ્ત લોકો માટે કાર્ય કરી રહ્યા છે. જે બાળકો બચી ગયાં છે તેમને આ બધા અત્યાચારો દુ:સ્વપ્નની જેમ ઊંઘવા દેતા નથી. તા. ૨૮ ફેબ્રુઆરી અને ૨ માર્ચ-૨૦૦૨ની વચ્ચે ગુજરાતભરમાં ત્રણ દિવસ જેટલી ચાલેલી હિંસાની હોળીમાં હજારોનાં મોત થયાં અને ૯૮૦૦૦ લોકો બેઘર બની ગયા, જેમાં રાજ્ય સરકારના રૂઢિવાદી અંદાજ પણ આવી જાય છે. સરકાર તો કહે છે કે તેણે સક્રિયતા દાખવી હતી, પણ રમખાણગ્રસ્ત લોકોને સમયસર પુનર્વસન કેન્દ્રોમાં મોકલવામાં આવ્યાં હતાં. આવાં કેન્દ્રોને આમ તો કામચલાઉ ધોરણે ઊભાં કરાયાં હતાં, પણ મોટા ભાગના બચી ગયેલા લોકો માટે તે ઘર બની ગયાં. જેમને પણ એ રમખાણો યાદ છે તેઓ આજેય સુનમુન, ઉપેક્ષિત, વિસ્થાપિત અને નજરઅંદાજ કરાતા હોય તેવી સ્થિતિમાં જીવી રહ્યા છે. સિટિઝન નગર નામના આવા જ એક કેમ્પના રહીશો પણ કાગડોળે રાહ જોઈને બેઠા છે કે તેમને આ દેશના વાસ્તવિક નાગરિક (સિટિઝન) તરીકે ક્યારે જોવામાં આવશે. તેમનાં બાળકો આજે પણ એ આંખે જોયું કે હિન્દુઓનું એક ટોળું ઘસી આવે છે અને મુસ્લિમ સગર્ભા મહિલા ઉપર બળાત્કાર કરે છે અને તેને જીવતી સળગાવી દે છે.

એ દિવસે મૃતદેહોના ઢગલા પાછળ સંતાઈ ગયેલા જાવેદે તેનાં માતા-પિતા અને તેની મોટી બહેનની હત્યા જોઈ હતી. ત્યારથી તેણે આ વાત અદાલતોને, રાજકારણીઓને, અસંખ્ય પત્રકારોને જણાવી હતી, પરંતુ પોતે એક બાળક તરીકે જે જોયું તેની વાત કદી કોઈ કાઉન્સીલર (સલાહકાર)ને અથવા કોઈ મનોચિકિત્સકને જણાવી નહોતી. ૨૦૦૨થી શાંતિ માટે તે જુદી જુદી જગ્યાએ ભટકતો રહ્યો, પણ દર વખતે અમદાવાદ પાછો આવી ગયો.

એ રમખાણોમાં કેટલાં બાળકો અનાથ બન્યાં તેની આજે ૧૫ વર્ષ પછી પણ કોઈ ગણતરી નથી. શેખ જેવાં જે બાળકો જીવતાં રહી ગયાં હતાં તેઓ તો, ‘જનવિકાસ’ નામની સ્વૈચ્છિક સંસ્થાના નેજા હેઠળ સમાજસેવા કરતા હોફેઝા ઉજ્જૈનીના મતે, “રોજેરોજ મોત જ માગતાં હતાં, કેમ કે, તેઓ દરરોજ ધીમેધીમે મૃત્યુ તરફ જ ગતિ કરી રહ્યાં હતાં!” ઉજ્જૈની રમખાણગ્રસ્ત લોકો માટે કાર્ય કરી રહ્યા છે. જે બાળકો બચી ગયાં છે તેમને આ બધા અત્યાચારો દુ:સ્વપ્નની જેમ ઊંઘવા દેતા નથી. તા. ૨૮ ફેબ્રુઆરી અને ૨ માર્ચ-૨૦૦૨ની વચ્ચે ગુજરાતભરમાં ત્રણ દિવસ જેટલી ચાલેલી હિંસાની હોળીમાં હજારોનાં મોત થયાં અને ૯૮૦૦૦ લોકો બેઘર બની ગયા, જેમાં રાજ્ય સરકારના રૂઢિવાદી અંદાજ પણ આવી જાય છે. સરકાર તો કહે છે કે તેણે સક્રિયતા દાખવી હતી, પણ રમખાણગ્રસ્ત લોકોને સમયસર પુનર્વસન અત્યાચારોની માનસિક અને શારીરિક અસરોમાંથી મુક્ત થયાં નથી અને વહીવટીતંત્રમાં કોઈએ આ સમજવા મથામણ કરી નથી, તેઓ જાતે જ સુધરી જશે. કૌસર બાનો જેવા કેટલાક ટ્રાયલ-કેસો જેમાં શેખ સાક્ષી છે, તેનો ૨૦૧૨માં અંત આવી ગયો. ગુજરાતની એક અદાલતે કહ્યું કે કૌસરને તલવાર વડે બાબુ બજરંગીએ મારી હતી. જજ જ્યોત્સ્ના યાજ્ઞિકે જોકે એમ જણાવ્યું કે, એ વખતે શેખ ખૂબ જ નાની વયનો હતો અને તેને ખબર ન પડે કે સગર્ભા મહિલાના ગર્ભને ખરેખર ચીરી નાખવામાં આવ્યો હતો કે કેમ. નરોડા પાટિયા હત્યાકાંડ સાથે સંકળાયેલ અન્ય કેસોની સાથોસાથ આ કેસ, જેમાં શેખ પકડાયો હતો, તે પણ હજી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ છે.

નવા સાધારણ જીવનની તલાશ

ગુજરાતમાં સિટિઝન નગર, વટવા તથા અન્ય ૬૭ સ્થળોમાં પીવાનું પાણી, વીજળી તથા કચરાના નિકાલ જેવી પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળે છે. સિટિઝન નગરમાં રહેતા ૧૩૦ પરિવારોને દૈનિક ધોરણે પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે એક જ ટૅન્કર ઉપર આધારિત રહેવું પડે છે. રસ્તાઓ સારા નથી, અને પાણી તો બિલકુલ સારું નથી. કચરાના ઢગલા ખડકાયા છે. અમદાવાદ આખાનો કચરો દાયકાઓથી અહીં ઠલવાય છે. કાળા ધુમાડા બાજુની એલ્યુમિનિયમ ફૅક્ટરીમાંથી આવતા રહે છે, જેનાથી અહીંનું આકાશ તો કાળુંમેશ થઈ જાય છે પણ સાથોસાથ હવાનું પણ ભારે પ્રદૂષણ થાય છે. અમદાવાદના રમખાણપીડિતોને ખૂબ જ સાવચેતીપૂર્વક જાણીજોઈને અમદાવાદની બહાર સ્થાપિત કરાયા છે, જ્યાં તેમનો અવાજ કોઈ ન સાંભળે. મોઈનુદ્દીન શેખ નામના અન્ય એક સર્વાઇવર (તોફાનોમાં બચી ગયેલા) અને નરોડા પાટિયા હત્યાકાંડના સાક્ષી કહે છે: “અનેક લોકો મરી ગયા...! અમે પણ અહીં શ્વાસના દર્દી બની ગયા છીએ...અમે અહીં ૨૦૦૨માં આવ્યા ત્યાર પછી હાર્ટ-પેશન્ટોની સંખ્યા વધી ગઈ છે.”

રમખાણો વખતે મોઈનુદ્દીન શેખ પોલીસ વિભાગમાં નોકરી કરતા હતા. તેમણે તે પછી નોકરી છોડી દીધી. રમખાણો વખતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના જે લોકોએ હિંસા આચરી હતી તેમને શેખે સગી આંખે જોયા હતા અને તેમણે તે લોકોને અદાલતમાં ઓળખી બતાવ્યા હતા, પણ તેઓ મજબૂરી અનુભવતા હતા. “આ લોકોને અટકાવવાનો કોઈ આદેશ કમિશ્નર તરફથી અપાયો નહોતો! સૌપ્રથમ તો પોલીસ જ નાસી ગઈ હતી, કેમ કે પોતાનો જ જીવ બચાવવાનો હતો!” એમ શેખે જણાવ્યું. એક જ માળના પોતાના ઘર બહાર બેસીને શેખ એ દિવસોને યાદ કરે છે જ્યારે તોફાનો બાદનાં પ્રથમ પાંચ વર્ષ વિતાવવાનો સંઘર્ષ કરવાનો હતો. આ એક પરીક્ષા હતી જેનો હજી અંત આવ્યો નહોતો. શેખને બે દીકરા અને એક દીકરી છે, તોફાનો બાદ તે પૈકીનું કોઈ સ્કૂલે ગયું નથી. પૂર્વ પોલીસ કર્મચારી અને સ્નાતક સુધી ભણેલા શેખની ઇચ્છા હતી કે, તેમનાં બાળકો ભણેગણે અને સરકારી નોકરી મેળવે, પરંતુ ૨૦૦૨ પછી તે શક્ય નહોતું. બાળકો રમખાણોથી એટલાં બધાં ડઘાઈ ગયાં હતાં, ગભરાઈ ગયાં હતાં કે તેઓ સ્કૂલમાં ધ્યાન આપી શકે તેમ નહોતાં.

“પ્રથમ પાંચ વર્ષ સુધી તેઓ ભાનમાં જ નહોતાં, કહી શકો કે કોમામાં હતાં! તેઓ કશું કરતાં જ નહીં. ઊંઘમાં પણ તેઓ ચીસ પાડી ઊઠતાં ને બોલતાં: અબ્બા, ટોળું આવે છે આપણને મારવા... અબ્બા, ટોળું આપણને સળગાવી દેશે! તેમણે નજરોનજર જે જોયું તે તેમના મનમાં ઘર કરી ગયું છે.” આ અને આવાં હજારો બાળકોએ જે ક્રૂર હિંસા જોઈ છે તેમને હજી કોઈ કાઉન્સેલિંગ કે માનસ ચિકિત્સા મળી નથી. હોફેઝા કહે છે: “તોફાનોમાં બચી ગયેલા કહે છે કે ક્યાં સુધી અમે આ રીતે ભોગ બનતા રહીશું?” જનવિકાસ સંસ્થા દ્વારા આ લોકો સાથે સમાજસેવા કરનાર હોફેઝાને આશ્ચર્ય છે કે અત્યાર સુધી રાજ્ય સરકારે આ લોકોની સ્થિતિમાં કેમ દરમિયાનગીરી કરી નથી. “તાતાને તેમની ફૅક્ટરી મહિનામાં જ મળી ગઈ! આ સર્વાઇવરોને ઘરબાર વિના, પાણી વિના અને અન્ય સવલતો વિના જ ૧૫ વર્ષથી જીવવું પડે છે. તમે એમ કહી ન શકો કે તેનું કારણ સરકાર સક્રિયતામાં ઢીલી છે, તે છે. શેખે પોતાનાં બાળકો માટેની લડાઈ બંધ કરી દીધી છે, તેમની પુત્રી ૧૮ વર્ષની થતાં તેને પરણાવી દીધી. તેમના પુત્રો દિવસે મજૂરી કરે છે, અને પોતે રિક્શા ચલાવે છે. સિટિઝન નગરમાં પ્રથમ કેટલાંક વર્ષ કેવી રીતે વિતાવ્યાં તે યાદ કરીને તેમના મો ઉપર એક પ્રકારનો પસ્તાવો પથરાઈ જાય છે. તેમણે કહ્યું, “અમે અહીં કાઉન્સેલરો પાસે ગયા, ધારાસભ્યો પાસે પણ ગયા, સરકારી હોસ્પિટલ, સ્કૂલમાં પણ ગયા અને પાણી માટે વિનંતી કરી પણ કોઈએ કાને ધરી નહીં.” રમખાણો બાદ આ કેમ્પમાં નવી જન્મેલી પેઢી તેમનાં બાળકો જેવું જ વેઠશે. તે કહે છે: “અહીંથી સ્કૂલ ખૂબ દૂર છે, બાળકોને મોકલવાં ખૂબ જ ખર્ચાળ છે! તાજેતરમાં એક અકસ્માત થયો હતો અને કૉલોનીનાં કેટલાંક બાળકો સ્કૂલે જતાં હતાં તે તેમાં માર્યા ગયાં હતાં. એટલે માતા-પિતા હવે ડરે છે બાળકોને સ્કૂલે મોકલતાં. રમખાણોમાં બચી ગયેલ અને હવે જનવિકાસ સંસ્થામાં જોડાઈને સમાજસેવા કરી રહેલ રાશીદા અન્સારીએ જણાવ્યું કે, આ બાળકો કોઈને યાદ આવતાં નથી, સરકારે તેમની ભારે ઉપેક્ષા કરી છે. અન્સારી સિટિઝન નગરમાં સેવા આપે છે. તેમના જેવા કાર્યકરોએ જાતે જ કાઉન્સેલિંગની રીતભાત શીખી લીધી છે, અને તેથી તેઓ રમખાણગ્રસ્ત લોકોને તે પછી થયેલી માનસિક આઘાતની સ્થિતિમાં સારી સારવાર આપી શકે છે. આવી માનસિક તકલીફ પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસોર્ડર કહેવાય છે. અન્સારીને તેમની તાલીમ એક્શન એઇડ નામના એક એનજીઓ પાસેથી મળી. આ એનજીઓએ ૨૦૦૨થી રમખાણગ્રસ્ત મહિલાઓ અને બાળકો સાથે કામ કર્યું છે. પણ ઔપચારિક શિક્ષણ સિવાય ઘણું બધું તે કરી શકે છે. તે કહે છે: હમ બાતે સુનતે હૈં. અન્સારીને પણ એ વાતની નવાઈ છે કે, સરકારે આવાં અસરગ્રસ્ત બાળકો માટે કોઈ અલગ અને સલામત સ્થળની વ્યવસ્થા અંગે કેમ કંઈ ન કર્યું. “જો સરકારે એક અનાથાશ્રમ પણ બનાવ્યું હોત કે જેમાં આ બાળકો રહી શકે અને જ્યાં તેમનું પુનઃસ્થાપન થઈ શકે, તો આજે આ બાળકો કંઈ ઓર જ હોત!”

બહાર જવાનો કોઈ માર્ગ નથી!

રમખાણગ્રસ્ત બાળકોના શિક્ષણ અને તેમના પુનઃવસનનો મુદ્દો આજે વ્યક્તિગત અને નસીબની વાત જેવો સંજોગો પર આધારિત થઈ ગયો છે. શેખ સાહિર સાબીર હુસૈન ૧૬ વર્ષનો છોકરો છે અને જ્યારે રમખાણો થયાં ત્યારે તેની ઉંમર સાત મહિનાની હતી. સિટિઝન નગરમાં તે પોતાનાં માતા-પિતા અને બે ભાઈઓ સાથે રહે છે. તેના ભાઈઓની ઉંમર ૩૦ અને ૨૫ વર્ષની છે, અને તે બંનેએ પાંચમા ધોરણ પછી સ્કૂલ છોડી દીધી. હુસૈન દરરોજ આઈરિશ પ્રિસ્બેટેરિયન મિશન હાઈસ્કૂલ, રાયખડ જવા માટે ખૂબ પ્રવાસ કરે છે, જ્યાં તે ભણે છે. ધો. ૧૦ સુધી તે ખાનગી સ્કૂલમાં ગયો, પણ તેને બહાર નીકળી જવું પડ્યું, કેમ કે, ત્યાં આગળના ક્લાસ માટે કોઈ સુવિધા નહોતી. તેણે કહ્યું, “મારે ભણવું છે અને કંઈક બનવું છે!” હુસૈનનો મિત્ર યાકૂબ ૧૬ વર્ષનો છે. તેણે પણ ધો. ૮ પછી સ્કૂલ છોડી દીધી. આ બે છોકરાઓ સાંજે ભેગા થાય છે, પણ સવારના સમયે તો હુસૈન સ્કૂલમાં હોય છે. યાકૂબ ફર્નિચર બનાવે છે. તે કહે છે: “મેરી મજબૂરી થી!” એ વખતના સંજોગોના લીધે તે વધારે અભ્યાસ કરી ન શક્યો તેમ તેનો કહેવાનો અર્થ હતો. પાંચ દીકરાઓવાળા ઘરમાં યાકૂબ એકમાત્ર કમાતો સભ્ય છે. તેણે સ્કૂલ છોડી દીધી ત્યારે તેનાં માતા-પિતાએ તેને રોક્યો નહીં. પાંચ કિલોમીટરનું અંતર અને ઘરમાં આઠ આઠ સભ્યો ખાનારા, અને વળી કેટલીય ચોપડીઓ ભણવાની અને રિક્શા ચલાવવાથી જ ઘર ચાલી શકે. સિટિઝન નગરમાં શિક્ષણના અભાવની સ્થિતિ વધતી જતી કટોકટી છે, તે પારખી જઈને કેટલાક યુવાનોએ સ્કૂલે ન જતાં બાળકો માટે એક ક્લાકના ટ્યૂશન ક્લાસ શરૂ કર્યા છે. મોટા ભાગે વિદ્યાર્થીઓ પાયાનું શિક્ષણ લેવા આવે છે, તેમને પોતાનું નામ લખતાં આવડે, લખેલું વાંચતાં આવડે અને સરળ ગણિત આવડે તેવો પ્રયાસ કરાય છે. કૉલેજમાં જતા યુવાનો સમય ફાળવીને આ રીતે પડોશીઓનાં છોકરાંને મદદરૂપ થતા હોય છે.

છોકરીઓની હાલત વધારે ભૂંડી છે. મોટા ભાગની છોકરીઓને આઠમા ધોરણ બાદ સ્કૂલોમાંથી ઉઠાડી લેવામાં આવી છે. તેમનાં ઘરના લોકો એ માટે વિવિધ સામાજિક કારણ આપે છે. હાઈસ્કૂલો પાસેના વિસ્તારોમાં રહેતા હિન્દુઓના ડરનું એક કારણ છે. મોટા ભાગની છોકરીઓ ૧૮ વર્ષની થાય તે પહેલાં તેમને પરણાવી દેવામાં આવી છે. તેમને કોઈ ક્ષેત્રમાં પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાની તક અપાતી નથી. વટવામાં કેટલીક છોકરીઓએ આ બાબતે અસંમતિ દર્શાવી, પણ તેમને આ એકમાત્ર ઉપાય હોવાનું કહીને શાંત કરી દેવાઈ હતી. તે પૈકીની કોઈ પણ છોકરી પોતાની ઓળખ છતી કરવા તૈયાર નથી, તેમનાં માતા-પિતાને પણ ઘરમાં મોટી સમસ્યાઓ હતી, એમ તેમણે કહ્યું. **(સૌ : સ્કોલ-ઈન)**

તડ ને ફડ

- અવંતિકા મહેતા

ઉત્તરપ્રદેશમાં મોદીના રોડ-શોમાં BHUના ઉપકુલપતિની શું જરૂર હતી ?

ઉપકુલપતિઓ જાહેર નોકર હોય છે અને તેથી તેઓ રાજકારણમાં ભાગ લઈ શકતા નથી, પણ જ્યારે વારાણસી જેવી ઘટનાઓ નજરે પડે છે ત્યારે તેમના પ્રત્યે એક સહાનુભૂતિ ઉપજે છે

વારાણસીમાં તાજેતરમાં ચૂંટણીપ્રચારમાં અનેક પ્રકારના કાર્યક્રમો યોજાયા. નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી અને અખિલેશ યાદવના રોડ-શો પણ યોજાયા. ગિરીશચંદ્ર ત્રિપાઠીએ મોદીની રેલીમાં ભાગ પણ લીધો હતો.

ત્રિપાઠી બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ છે. તાજેતરમાં તેમણે ટીવી ચેનલને જણાવ્યું હતું કે, તેઓ આરએસએસ સાથે સંકળાયેલા છે અને તેનો તેમને ગર્વ છે. તેઓ મોદી સાથે પાંચ કિલોમીટર જેટલું ચાલ્યા હતા. આ વાત બીએચયુના અન્ય પ્રાધ્યાપકોએ કહી છે. કેટલાક પ્રાધ્યાપકોના જણાવ્યા મુજબ ઉપકુલપતિનું આવું વર્તન માનદંડોની વિરુદ્ધ છે. તેમનાથી રાજકારણમાં ભાગ લેવાય જ નહીં. એક પ્રાધ્યાપકે નામ નહીં જણાવવાની શરતે કહ્યું હતું કે, સંઘ પરિવારનું આધિપત્ય ધીમે ધીમે યુનિવર્સિટી પર થઈ રહ્યું છે. જે યોગ્ય જણાતું નથી. મુક્ત અને સ્વતંત્ર વાતાવરણ હવે બદલાઈ રહ્યું છે. ત્રિપાઠીએ જે ભાગ લીધો, તે કેન્દ્ર સરકારના કર્મચારીઓને લાગુ પડતા નિયમોની ઉપેક્ષા કરે છે કારણ કે સરકારી નોકર આવા કોઈ કાર્યક્રમોમાં ભાગ લઈ શકતો નથી. ભૂતપૂર્વ ચૂંટણી કમિશનર કુરેશીએ પણ જણાવ્યું હતું કે, ચૂંટણી અંગેની ફરજ સોંપવામાં આવી હોય તે સિવાય કોઈ પણ સરકારી કર્મચારી આવી રીતે ભાગ લઈ શકે નહીં.

૧૯૫૧ના જનપ્રતિનિધિત્વ કાયદા હેઠળ ગેઝેટેડ ઓફિસર સરકારી વ્યક્તિ હોવાથી ચૂંટણી એજન્ટ બની શકતો નથી અને તે કોઈ પણ ઉમેદવારને ચૂંટણીલક્ષી મદદ કરી શકતો નથી. કોઈ પણ ચૂંટણીસભામાં તેને ભાગ પણ ન લેવો જોઈએ. રૂલ્સ-૨૩(૧) આ કાયદામાં જણાવે છે કે સરકારી કર્મચારી જો વારંવાર આવું કરે અને રાષ્ટ્રીય પક્ષના કાર્યકર તરીકે વર્તે તો તે જે તે હોદ્દા માટે પાત્ર રહેતો નથી. ઉપકુલપતિએ ભાગ લીધો તેનાથી આઘાત પામેલા વરિષ્ઠ પત્રકાર રાજદીપ સરદેસાઈએ ટ્વિટર પર જણાવ્યું હતું :

રાજદીપ સરદેસાઈ :

આંચકો : બીએચયુના ઉપકુલપતિ ત્રિપાઠીએ ભારતના વડા પ્રધાનના રાજકીય રોડ-શોમાં જોડાઈને અને કાશી વિશ્વનાથ મંદિરમાં તેમની સાથે રહીને શું સાબિત કરવાનો પ્રયાસ કર્યો છે ? ૪ માર્ચ, ૨૦૧૭ના રોજ બપોરે ૧-૩૦ વાગ્યે નોઈડામાં પણ એક રોડ-શો યોજાયો હતો.

બીએચયુના ચાર મહિલા વિદ્યાર્થીઓ તે અંગે વાતચીત કરતા હતા. જેમાં સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદની વાત હતી. હિંદુ જમણેરી પાંખના વિદ્યાર્થીઓ આવા કોઈ નિયંત્રણના મતના ન હતા. ખાસ કરીને ત્રિપાઠીના વહીવટીતંત્રમાં... !

યુનિવર્સિટીના એક વરિષ્ઠ પ્રાધ્યાપકે ટ્વિટર પર જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ ખૂબ જ સાહસનું પ્રદર્શન કરીને નહીં લખેલા નિયમનું પાલન કર્યું છે અને તેઓ મીડિયા સમક્ષ એક શબ્દ બોલ્યા નથી. ત્રિપાઠીએ જે કંઈ અત્યાર સુધી સમયગાળો પસાર કર્યો છે, તેમાં અનેક વખત પ્રવચનો થયા છે, અને એવું જણાયું છે કે બીએચયુમાં સઘ પરિવારની પકડ વધતી જાય છે.

કોઈ પણ ગંભીર પ્રવચન ભલે શૈક્ષણિક હેતુ માટે હોય, તેને સામાન્ય રીતે મંજૂરી અપાતી નથી.

એક તબક્કે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, જે સંઘની વિદ્યાર્થી પાંખ છે. તે કેમ્પસમાં આવી રેલીઓ અંગે મંજૂરી લેવાની પણ દરકાર કરતી નથી. ગમે ત્યાં, ગમે ત્યારે સરકારી નીતિઓ અંગે તેઓ સભા કરે છે. આ તમામ બાબતો રેકર્ડ પર છે અને ખરેખર તેમને સજા થઈ શકે તેમ છે.

એક અન્ય પ્રાધ્યાપકનું કહેવું છે કે, ચાર વિદ્યાર્થીઓએ કેમ્પસમાં સ્ત્રી-પુરુષ ભેદ વિશે જે કહ્યું, તે વહીવટીતંત્રની સમગ્ર પ્રક્રિયા પર પ્રકાશ ફેંકે છે. તેની વિરુદ્ધમાં એબીવીપીએ કેમ્પસમાં ફ્લેગમાર્ચનું આયોજન કર્યું હતું અને તે માટે પણ તેમણે પરવાનગી લીધી ન હતી.

એક અન્ય પ્રાધ્યાપક કહે છે કે, સંઘ પરિવાર મદન મોહન માલવિયા એટલે કે યુનિવર્સિટીના સંસ્થાપકની ગરિમાનું ગૌરવ વધારે છે. તેમના મૂલ્યો અને આદર્શો આજના સમયમાં દર્શાવે છે, પણ તે ખરેખર યોગ્ય નથી. તેઓ હિંદુ મૂલ્યોમાં માનતા હતા, પણ બિનલોકશાહી મૂલ્યોમાં નહીં. આજે યુનિવર્સિટીમાં સંઘ જે કહે, તે જ બ્રહ્મવાક્ય માનવામાં આવે છે. તેમાં લોકતંત્ર તરફી કે વિરોધી જોવાતું નથી. યુનિવર્સિટીની સ્થાપના શેના માટે થાય છે, વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ આપવા માટે. નહીં કે આવી બધી બાબતો માટે. તેમણે એવો પણ આરોપ મૂક્યો હતો કે છેલ્લા ત્રણ મહિના દરમ્યાન ચાર શિક્ષકોને તેમના પ્રવચન માટે સ્પષ્ટતા કરવા નોટિસો મોકલવામાં આવેલી.

અલ્લાહાબાદ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના ભૂતપૂર્વ પ્રાધ્યાપક ત્રિપાઠીની નિમણૂક ૨૦૧૪માં થઈ છે એટલે કે ભાજપ સત્તામાં આવ્યું ત્યારબાદ. ત્યારથી આજ સુધી તેણે રાજકીય દરબારમાં સતત હાજરી આપી છે, જે યોગ્ય નથી. તેમણે કેમ્પસમાં સેક્સસંબંધી નીતિ-નિયમોને ટેકો આપ્યો છે. તેમનું કહેવું છે કે વિદ્યાર્થીઓ પર બળાત્કાર કેમ થતો નથી? ફક્ત યુવતીઓ પર બળાત્કાર કેમ થાય છે ?

જાન્યુઆરી-૨૦૧૬થી તેમણે રહેમન મેગેસેસે એવોર્ડ વિજેતા અને સામાજિક કાર્યકર સંદીપ પાંડેને યુનિવર્સિટીમાંથી કાઢી મૂક્યા હતા. તેના પર આરોપ હતો કે, તેણે રાષ્ટ્રવિરોધી પરિબળો અને નકસલવાદીઓ સાથે સંપર્કો રાખ્યા છે. જોકે પાછળથી સંદીપ પાંડેએ આવા તમામ આરોપોનો રદિયો આપ્યો હતો, પણ કારણ કે તેમણે સંઘની વિચારધારાની વિરુદ્ધ વર્તન કર્યું, તેથી તેમની સામે પગલાં લેવામાં આવ્યા હતા.

પાંડેને કાઢી મૂકવામાં આવ્યા. તેઓએ એક ગાંધીવાદી કાર્યકર છે અને કેમ્પસમાં તેમના જેવા જ અન્ય સાથીઓ સાથે આવ્યા હતા અને માનવ અધિકારીની ઉપેક્ષા થતી હોવાની વાત તેમણે કરી હતી. ત્યાર બાદ તૂર્ત જ ત્રિપાઠીએ જાહેર કર્યું હતું કે, સરકાર આરએસએસની છે, આ શબ્દોનો ખૂબ મોટો વિરોધ શૈક્ષણિક સમુદાયમાં અને સામાજિક સ્તરે થયો હતો.

આ રીતે ઉત્તર પ્રદેશમાં ચૂંટણી પ્રચાર થયો છે, જેમાં ત્રિપાઠીએ મોદીની રેલીમાં ભાગ લીધો છે, ખરેખર આ યોગ્ય હતું કે કેમ? તે સહુ કોઈએ વિચારવાની જરૂર છે. **(સૌ : ધ વાયર)**

ભારતની સૌથી મોટી ડેબિટકાર્ડ છેતરપિંડી : સાવચેત રહો, આ હજુ શરૂઆત છે

તાજેતરમાં ૩૨ લાખ ડેબિટકાર્ડની છેતરપિંડી હેકરોએ કરી હોવાનું બહાર આવ્યું છે. અને તેની સાથે તમારો શું સંબંધ છે ? તે આગામી દિવસોમાં જાણવા મળશે.

એટીએમ મશીનની સર્વિસ અને મેઈન્ટેનન્સ હિટાચી પેમેન્ટ સિસ્ટમ મારફતે થાય છે અને દેશમાં ૫૦ એટીએમથી વધુ સંખ્યામાં તેના એટીએમ છે. પરિણામે એચડીએફસી, આઈસીઆઈસીઆઈ અને એક્સિસ બેંકમાં આવી છેતરપિંડીને પૂરતો અવકાશ રહે છે.

રાષ્ટ્રવ્યાપી તેની અસર કેમ રહે છે, તે જોવાનું છે. હાલની ડિજિટલ સિક્યોરિટીની યોજના દરમ્યાન ઝડપથી આપણે કેટલાક એવા પગલાં શોધી કાઢવા પડશે, કે જે આવી છેતરપિંડીથી આપણને બચાવે. ભારત ધીમે ધીમે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમની દિશામાં આગળ વધી રહ્યું છે. સાયબર એક્સપર્ટો આવી ઘટનાઓ ટાળવા પ્રયાસ કરી રહ્યા છે. બેંકો પણ પોતાની રીતે ભૂમિકા ભજવી રહી છે. ૨૦૧૮ સુધીમાં કહેવાય છે કે, આપણા એટીએમ મશીન ચુસ્ત બનશે. જોકે અત્યારે આઉટડેટેડ વિન્ડોઝ એક્સપીની પ્રથા પર ચાલે છે. પરિણામે આપણે કોઈને દોષ દઈ શકીએ તેમ નથી.

ભારતમાં જે એટીએમ છે, તેમાં ૨ લાખમાંથી ૭૦ ટકા માઈક્રોસોફ્ટની વિન્ડોઝ એક્સપી ઓપરેટિંગ સિસ્ટમથી ચાલે છે.

બેંકોમાં છેતરપિંડી વિવિધ સ્તરે થઈ શકે છે. જેમ કે, એટીએમમાં, ડેટા સેન્ટરમાં, સર્વર નેટવર્કમાં અને મોબાઈલ બેંકિંગમાં, આજે હેકરો માટે છેતરપિંડીના સાધન તરીકે એટીએમ સરળ અને સુલભ છે.

- આનંદ રામમૂર્તિ મેનેજિંગ ડાયરેક્ટર ઈન્ટેલ સિક્યુરિટી સાઉથ એશિયા

એટીએમની સુરક્ષા પૂરતી નથી. વખતોવખત આ બાબત કહેવાઈ છે. તેમ છતાં, તે દિશામાં એવું કંઈ થયું નથી કે આપણામાં વિશ્વાસ જાગૃત થાય અને બેંકોમાં જે આપણા નાણા પડ્યા છે, તે અંગે આપણે રાહત અનુભવી શકીએ.

સાવધાન

- એસ. આદિત્ય

છેલ્લા એકાદ-બે વર્ષમાં છેતરપિંડી કરનારાઓની સંખ્યા વધી ગઈ છે અને ખૂબ જ ઝડપથી તેઓ પોતાનું કામ પાર પાડી શકે છે. બેંકો તેના ઉકેલમાં નિષ્ફળ ગઈ છે.

- નિલેશ જૈન, કન્ટ્રી મેનેજર, ઈન્ડિયા એન્ડ સાર્ક ટ્રેન્ડ માઈક્રો.

કોને દોષ આપી શકાય ?

ડેબિટકાર્ડ છેતરપિંડીના કિસ્સામાં આપણે દોષ કોને આપી શકીએ? દોષ બેંકને જ આપીએ છીએ. કારણ કે આવી ઘટનાઓ વારંવાર બને છે, અને બેંક તેને નિવારવા માટે કોઈ પ્રયાસ કરતી નથી. ખાસ કરીને યસ બેંકે તેની મુખ્ય આરોપી છે.

યસ બેંક છેતરપિંડીના કિસ્સામાં મુખ્ય ગુનેગાર છે. જેના મશીનો હિટાચી પેમેન્ટ સર્વિસ દ્વારા સારસંભાળ લેવાયા નથી. તેની સર્વિસ પણ થઈ નથી. મેઈન્ટેનન્સ પણ થયું નથી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને આ બેંકે આ અંગે જવાબ આપવો જોઈએ.

નૈતિક સાયબર નિષ્ણાત :

તેમનું કહેવું એવું છે કે, મોટી બેંકિંગ સંસ્થામાં આવી છેતરપિંડીની શક્યતાઓ હોય છે. કારણ કે, લોકો ધીમે ધીમે ડિજિટલ પ્રથા તરફ આગળ વધી રહ્યા છે. મૂળ હુમલો એટીએમ મશીન પર થાય છે. ખાસ કરીને યસ બેંકના મશીનો પર અને મોટી સંખ્યામાં ડેબિટકાર્ડ એટલે કે ૩૨ લાખ કાર્ડનો ઉપયોગ થાય છે. અને જે નુકસાન થાય છે, તે મોટા પ્રમાણમાં હોય છે.

સાયબર હુમલો આંતરિક પ્રણાલીને કારણે થતો હોય છે. ખરેખર જેણે ઈ-મેઈલ ખોલ્યો હોય, અને તે પણ એટેચમેન્ટ સાથેનો હોય તો તૂર્ત જ તેને જો નિષ્ણાત હોય તો જાણ થઈ જાય છે.

કાર્તિક શિંદે, પાર્ટનર અર્નેસ્ટ એન્ડ યંગ

શિંદે એવું માને છે કે બેંકે આવા હુમલાઓ સામે કડક નીતિઓ અપનાવવી જોઈએ અને તેમણે સમગ્ર ધ્યાન તમામ પક્ષો પર આપવું જોઈએ અને થર્ડ-પાર્ટી કંપનીઓ પરના પ્રતિબંધ અથવા નિયંત્રણના ઉપાયો અજમાવવા જોઈએ. જેમ કે, હિટાચી પેમેન્ટ સર્વિસ, જેવી સંસ્થાઓ પર ધ્યાન આપવાની જરૂર છે. વૈશ્વિક સ્તરે મોટા પાયે આપણી પાસે આવી પ્રણાલી છે. અત્યાર સુધીમાં એવું કહી શકાય કે ૮ કરોડ ડોલરથી વધુ રકમ બાંગ્લાદેશ બેંકમાંથી કમ્પ્યૂટર મારફતે ચોરી લેવાઈ છે. વર્લ્ડ વાઈડ ઈન્ટર બેંક ફાઈનાન્સિયલ ટેલિકોમ્યુનિકેશનની મારફતે મોટી ચૂકવણીઓ બારોબાર કબજે કરી લેવામાં આવી રહી છે.

અગાઉ પણ આવા બનાવો બન્યા છે અને ભવિષ્યમાં પણ આવા બનાવો બનવાના છે. કારણ કે આપણા દેશમાં આપણે મોબાઈલ બેન્કિંગ ઝડપથી વધારી રહ્યા છીએ. ઈન્ટરનેટનો ઉપયોગ ચૂકવણીમાં કરી રહ્યા છીએ. તેથી જેમ બને તેમ જલ્દી સિક્યુરિટીના પગલાં લેવા જરૂરી છે.

કાર્તિક શિંદે, પાર્ટનર અર્નેસ્ટ એન્ડ યંગ

આ તમામ બાબતો શું સૂચવે છે ?

પણ આપણે એ રીતે વિચારીએ કે, બેંકોની ભૂમિકા હવે વિશિષ્ટ બની ગઈ છે. તેમણે છેતરપિંડી શોધવા માટે અને તેનો ઉપાય કરવા માટેની પ્રથા ઝડપથી સુધારવી જરૂરી છે. જેથી નાણાકીય મુશ્કેલી ન સર્જાય અને વૈશ્વિક અસર ઓછી થાય.**(સૌ : ધ ક્વિન્ટ.કોમ)**

પ્લાસ્ટિક આરોગ્ય માટે કેટલું હાનિકારક છે ?

ફ્રાન્સમાં પ્લાસ્ટિકના ડિસ્પોઝેબલ કપ-પ્લેટના ઉપયોગ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. કેટલાક બીજા યુરોપીય દેશ પણ એવું જ આયોજન કરી રહ્યા છે. ખાવા-પીવાની ચીજો હોય અથવા પછી કોઈ બીજી વસ્તુ, આજકાલ મોટાભાગની ચીજો પ્લાસ્ટિક પેકેજમાં આવે છે. લંચ બોક્સથી લઈને ઘરેલુ ઉપયોગના તમામ વાસણો સુધી પ્લાસ્ટિકના હોય છે. પ્રશ્ન એ છે કે શું પ્લાસ્ટિક આ બધા દ્વારા આપણા આરોગ્ય પર હુમલો કરી રહ્યો છે ?

અમેરિકાએ એક બ્રાન્ડેડ રિટેલ શોપથી સ્માર્ટ્સ ખરીદ્યું જે ટ્રાન્સપેરન્ટ પ્લાસ્ટિક થેલીમાં બહુ સુંદરથી પેક હતું. પ્રખરે એક જાણીતી આયુર્વેદિક કંપનીનું એલોવેરાનું જ્યૂસ લીધું. તે પણ પ્લાસ્ટિકની બોટલમાં હતું. સ્વાતિ મસાલાદાર છાશનું પેકેટ લાવી. તે પણ પ્લાસ્ટિક પેકમાં હતું. આ બધા લોકોનો હેતુ એક હતો... આરોગ્ય બનાવનારી ચીજોનું સેવન, પરંતુ બધાના મનમાં સવાલ પણ એક જ હતો કે આરોગ્યનો ખજાનો માનવામાં આવતી આ ચીજો કેટલીક ચીજો પ્લાસ્ટિકમાં પેક કરેલી હોવાના કારણે નુકસાનકારક તો થઈ જતી નથી ? રોહન હંમેશા ગાડીમાં પોતાની પાણીની બોટલ છોડીને નીકળી જાય છે અને કલાકો તાપમાં પડી રહેલી કારમાં રહેલ બોટલમાંથી પાણી પી લે છે. હવે તે પાણી ક્યાંક આપણા માટે ખતરનાક તો સાબિત નથી થઈ રહ્યું. આ ઘણો મહત્ત્વનો સવાલ છે. આ રીતે માઈક્રોવેવમાં ખાવાનું ગરમ કરવા માટે લોકો પ્લાસ્ટિકના વાસણનો ઘણો ઉપયોગ કરે છે, પરંતુ સોશિયલ મીડિયામાં આ આરોગ્ય માટે સૌથી ખરાબ બતાવનારી પોસ્ટોની ભરમાર છે. ખરેખર, આપણી લાઈફમાં દરેક જગ્યા પ્લાસ્ટિકની ઘૂસણખોરી છે. ફક્ત કિચનની વાત કરીએ તો મીઠું, ઘી, તેલ, લોટ, ખાંડ, બ્રેડ, બટર, જામ, સોસ... ઘણું બધું પ્લાસ્ટિકમાં પેક થાય છે. તમામ ચીજોને આપણે લોકો કિચનમાં રાખતા પણ પ્લાસ્ટિકના કન્ટેનરોમાં જ છે. સસસ્તા, હલકા, લાવવા લઈ જવામાં સરળ હોવાને કારણે લોકો પ્લાસ્ટિક કન્ટેનર્સની પસંદગી કરે છે. આવામાં ખાવા-પીવાથી જોડાયેલી ચીજોમાં ઉપયોગ થનાર પ્લાસ્ટિકથી થનાર નુકસાન વિશે જાણવું બહુ જરૂરી છે.

શુદ્ધ પ્લાસ્ટિક ઓછું ખતરનાક :

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટોક્સિકોલજી રિસર્ચ, લખનૌના એક વૈજ્ઞાનિકના જણાવ્યા પ્રમાણે પાણીમાં ના ઓગોળી જાય અને બાયોકેમિકલી એક્ટિવ ન હોવાના કારણથી શુદ્ધ પ્લાસ્ટિક બહુ ઓછું ઝેરીલું હોય છે. પરંતુ જ્યારે આમાં બીજી બાજુના પ્લાસ્ટિક અને કલર વગેરે ભળી જાય છે તો આ નુકસાનકારક સાબિત થઈ શકે છે. આ કેમિકલ રમકડા અથવા બીજા પ્રોજેક્ટસમાંથી

પર્યાવરણ

– પ્રિયંકાસિંહ

ગરમીના કારણે ઓગળીને બહાર આવી શકે છે. આ ખતરાને ધ્યાનમાં રાખતા અમેરિકાએ

બાળકોના રમકડા અને ચાઈલ્ડ કેર પ્રોડક્ટસમાં આ પ્રકારના પ્લાસ્ટિકના ઉપયોગને સીમિત કરી દીધો છે. યુરોપે ૨૦૦૫માં જ આની ઉપર પ્રતિબંધ લગાવી દીધો હતો. તો જાપાન સહિત નવ બીજા દેશોએ પણ બાદમાં આના પર પ્રતિબંધ લગાવી દીધો.

પ્લાસ્ટિક ફૂડ કન્ટેનર્સને નુકસાન :

– પ્લાસ્ટિકની થેલીઓ અને સ્ટોરેજ કન્ટેનર્સ ખાવા-પીવાની ચીજોમાં કેમિકલ છોડે છે. એનો ખતરો ટાઈપ-૩ અને ૭ અથવા કોઈ હાર્ડ પ્લાસ્ટિકથી બનેલ કન્ટેનર્સમાં વધુ હોય છે. આ પ્લાસ્ટિકમાં બાયસ્ફેનોલએ (બીપીએ) નામનું કેમિકલ હોય છે. પ્લાસ્ટિક આઈટમોમાં બીપીએ બાદ સૌથી વધુ ઉપયોગ થનારું કેમિકલ છે ફ્થાલેટ્સ. આ પ્લાસ્ટિકને લચકદાર બનાવે છે. આ કેમિકલ આપણાં શરીરના હોર્મોન્સને પ્રભાવિત કરે છે.

– દેશ અને વિશ્વના મુખ્ય રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં થયેલ અભ્યાસ મુજબ, આ પ્રકારના કેમિકલ્સથી બ્રેસ્ટ કેન્સરનો ખતરો રહે છે. એટલું જ નહીં, પુરુષોમાં સ્પર્મ કાઉન્ટ ઘટવાનું જોખમ હોય છે. પ્રેગ્નેન્ટ મહિલાઓ અને બાળકો માટે આ વધુ નુકસાનકારક હોય છે.

– અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન આ વાતને માને છે કે બધા પ્રકારના પ્લાસ્ટિક એક સમય બાદ કેમિકલ છોડવા લાગે છે. જો પ્લાસ્ટિક કન્ટેનરને વારંવાર ગરમ કરવામાં આવે છે તો તે વધુ ખતરનાક હોય છે. તમે એવું સમજી શકો છો કે વારંવાર ગરમ કરવાથી પ્લાસ્ટિક કેમિકલ્સ તૂટવાનું ચાલુ થઈ જાય છે અને પછી આ ખાવા-પીવાની ચીજોમાં મિક્સ થઈ જાય છે. પરિણામે ગંભીર બીમારીઓનો ખતરો વધી જાય છે.

પોલિથીનમાં ચા ના પીઓ :

હંમેશા જોવા મળ્યું છે કે પોલિથીન થેલીઓમાં લોકો ગરમ ચા લઈ જાય છે. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે આ રીત ઘણી નુકસાનકારક છે. તરત તો કોઈ ખ્યાલ આવતો નથી, પરંતુ લાંબા સમય સુધી ઉપયોગ કરવાથી એ કેન્સરનું કારણ બની શકે છે. જો કે, બહુ ગરમ ચીજોની સાથે પ્લાસ્ટિકનું રિએક્શન થાય છે તો કેન્સરકારક તત્ત્વ પેદા થાય છે. આવી રીતે ખાવાની બીજી ચીજોને પણ ગરમ-ગરમ પ્લાસ્ટિક કન્ટેનરમાં ના રાખો.

નંબરથી કેવી રીતે ઓળખશો પ્લાસ્ટિક

તમે પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ કરી રહ્યા હોય કે કોઈ પ્લાસ્ટિક કન્ટેનર, ખાસ કરીને એના નીચેનો ભાગ અને બહારના પેકિંગ પર પણ કેટલાક નિશાન બનેલા હોય છે. આ નિશાન બતાવે છે કે પ્લાસ્ટિક કઈ ક્વોલિટીનું છે. આવો જાણીએ ક્યાં નિશાનનો શો અર્થ છે.

(૧) PET એટલે પોલિથીલીન -ટેરેફથાલેટથી બનેલ છે આ પ્રોડક્ટ.
ઉપયોગ : સોફ્ટ ડ્રિન્ક્સ, વોટર, કેચપ, અથાણું, જેલી, પીનટ બટર વગેરેમાં.
ખૂબી : આ ઉત્તમ પ્લાસ્ટિક છે. PET પોતાની પેકેજિંગમાં રાખેલ સામાનનને સુરક્ષિત રાખે છે. અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)એ ખાવા-પીવાની ચીજોના પેકેજિંગ માટે સેફ બતાવે છે.

(૨) HDPE એટલે કે આ પ્રોડક્ટ હાઈ-ડેસિટી પોલિથીલીનથી બનેલ છે. દૂધ, પાણી, જ્યૂસ વગેરે બોટલ્સ, યોગર્ટની પેકેજિંગ, રિટેલ બેગ્સ વગેરે બનાવવામાં આનો ઉપયોગ કરવામાં આવે છે.
ખૂબી : HDPE પ્લાસ્ટિક્સને ખાવા-પીવાની ચીજોમાં મિક્સ થવાથી કેન્સર અથવા હોર્મોન્સને નુકસાન થવાની આશંકા ના બરાબર રહે છે. હલકું વજન અને ટકાઉ હોવાના કારણે તે ઘણું પ્રખ્યાત છે.

(૩) PVDC એટલે કે પોલિવિનાઈલીડીન ક્લોરાઈડથી બનેલ પ્રોડક્ટ. PVDC નો ઉપયોગ કન્ફેક્શનરી પ્રોડક્ટસ, ડેરી પ્રોડક્ટસ, સોસ, મટન, હર્બલ પ્રોડક્ટસ, મસાલા, ચા અને કોફી વગેરેના પેકિંગમાં થાય છે.
ખૂબી : શાનદાર બેરિયર પ્રોપર્ટીઝના કારણથી આમાં ફૂડ પેકેજિંગ કરવામાં આવે છે. જો કે એને સારી ક્વોલિટી માનવામાં આવતી નથી.

(૪) LDPE એટલે કે લો-ડેસિટી-પોલિથીલીનથી પ્રોડક્ટસ બનેલ હોય છે. એનાથી આઉટડોર ફર્નિચર, સાઈડિંગ, ફ્લોર ટાઈલ્સ, શોવર કર્ટેન વગેરે બને છે. એનાથી LLDPE બને છે, જેને ફૂડ પેકેજિંગ માટે સારું માનવામાં આવે છે.
ખૂબી : આ નોન-ટોક્સિક મટિરિયલ છે. એનાથી આરોગ્યનું કોઈ નુકસાન સામે આવ્યું નથી.

(૫) PP એટલે કે પોલિપ્રોપાયલીનથી બનેલ છે. PP થી બોટલ કેપ, ડ્રિન્કિંગ સ્ટ્રો, યોગર્ટ કન્ટેનર, પ્લાસ્ટિક પ્રેશર પાઈપ સિસ્ટમ વગેરે બને છે.
ખૂબી : કેમિકલ રેજિસ્ટેન્સ એની ખૂબી છે. એસિડ એની સાથે રિએક્ટ કરતું નથી, તેથી એને ક્લિનિંગ એજેન્ટસ, ફર્સ્ટ એડ પ્રોડક્ટસ વગેરેનો પેકેજિંગ માટે પણ ઉપયોગ કરવામાં આવે છે.

(૬) PS એટલે પોલિસ્ટરીનથી બનેલ પ્રોડક્ટ છે. એનાથી પ્રોડક્ટસ પર ૬ નંબર નોંધાયેલ રહે છે.
ઉપયોગ : ફોમ પેકેજિંગ, ફૂડ કન્ટેનર્સ, પ્લાસ્ટિક ટેબલવેયર, ડિસ્પોઝેબલ કપ-પ્લેટ્સ, કટલરી, સીડી કેસેટ બોક્સ વગેરેમાં.
ખૂબી : આમાં ફૂડ પેકેજિંગ કરવામાં આવે છે પરંતુ એને રિ-સાઈકલ કરવું મુશ્કેલ છે અને ગરમ કરવા દરમિયાન આમાં કેટલાક ગેસો નીકળે છે. આવામાં એના વધુ ઉપયોગથી બચો.

(૭) O એટલે otherથી આ પ્રોડક્ટ બનેલ છે. આ ઘણા પ્રકારના પ્લાસ્ટિકનું મિશ્રણ હોય છે. આમાં ખાસ કરીને પોલીકાર્બોનેટ (પીસી) હોય છે. એનાથી સીડી, સિપર, સનગ્લાસ, કેચપ કન્ટેનર્સ વગેરે બને છે.
ખૂબી : આ ઘણું મજબૂત હોય છે. જો કે કેટલાક નિષ્ણાતો કહે છે કે આમાં ઘણી વખત હોર્મોન્સ પર અસર કરનારા બીપીએની હાજરી હોય છે, તેથી આનો ઉપયોગ ના કરો.

બાળકોને પ્લાસ્ટિકથી બચાવો

પાણીની બોટલને ગરમ થવાથી બચાવો :

પેકેજ બોટલમાં પાણીની ક્વોલિટી માટે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટેન્ડર્સ (બીઆઈએસ)એ આઈએસ ૧૪૫૪૩ (પેકેજ વોટર) અથવા આઈએસ ૧૩૪૨૮ (મિનરલ વોટર) અને બોટલની ક્વોલિટી માટે આઈએસ ૧૫૪૧૦ સ્ટાન્ડર્ડ જાહેર કર્યું છે. આ પાણીની ક્વોલિટી અને પેકેજિંગ યોગ્ય છે, આ વાતની ગેરેન્ટી કરે છે. બીઆઈએસના નિયમો અનુસાર પેકિંગ ઉપર કન્ટેનરના મટિરિયલ, (પીઈટી/પીપી/પીએસ વગેર), કન્ટેનર ટાઈપ (બોટલ, કપ વગેરે), કન્ટેનરની કેપેસિટી વગેરેની જાણકારી હોવી જરૂરી છે. પાણીની બોટલો અને કપોને એક વખત ઉપયોગ કર્યા બાદ કશ કરીને તોડી નાખવા જોઈએ, જ્યારે જારને ફરીથી ઉપયોગ કરી શકાય છે અને કાચની બોટલને પણ સ્ટરલાઈઝ કરીને ફરીથી ઉપયોગ કરી શકાય છે. પાણીની બોટલ પર એક બીજી ચીજનું ધ્યાન રાખવું જરૂરી છે. ખાસ કરીને આપણે પ્લાસ્ટિક બોટલને બહુ તાપમાં ઊભેલી કારમાં રાખીને છોડી દઈએ છીએ. ગરમ થઈને આ પ્લાસ્ટિક બોટલથી કેમિકલ નીકળીને પાણી માટે રિએક્ટ કરી શકે છે. આવું પાણી અથવા સોફ્ટ ડ્રિંક્સ વગેરેને ના પીઓ. અહીં સુધી કે ઘરોની દીવાલો પર પાણીની ટાંકીઓમાં બહુ ગરમીમાં થનારા રિએક્શનને લઈને પણ ખતરો બતાવવામાં આવી રહ્યો છે. આને લઈને અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. પરંતુ હજુ ખાતરીપૂર્વક કહી શકાય નહીં. સાવધાની તરીકે ટાંકીની ઉપર શેડ બનાવી શકાય છે.

બાળકોને પ્લાસ્ટિકથી બચાવો :

– બાળકોને ફીડ કરવા માટે પ્લાસ્ટીક બોટલનો ઉપયોગ ના કરો. એની જગ્યાએ સ્ટીલ અથવા કાચની બોટલનો ઉપયોગ કરો. જો પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ કરવો જ હોય તો સારી ક્વોલિટીની લો. બોટલની ઉપર બીએફએ ફ્રી અથવા બીએફઆર ફ્રી અથવા Lead Free વગેરે લખેલું હોય તો સારું છે.

– પ્લાસ્ટિક બોટલને માઈક્રોવેવ અથવા ગેસ પર પાણીમાં બિલકુલ ના ઉકાળો. બોટલને ગરમ પાણીથી સાફ કરવી જરૂરી છે અથવા ક્લોરીન સોલ્યુશનથી સાફ કરી શકાય છે. એનાથી બધા બેક્ટેરિયા નીકળી જાય છે.

– સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટના એક અભ્યાસમાં કહેવામાં અવાયું છેકે બાળકોને દાંત નીકળતા સમયે એને જે રમકડાં આપવામાં આવે છે, એમાં ખતરનાક કેમિકલ જોવા મળે છે. બાળકોને પ્લાસ્ટિકના ટીથર આપવાના બદલે ખીરે અથવા ગાજરના મોટા ટુકડા અથવા મૂળાના મોટા ટુકડા (નાના ટુકડા ગળામાં ફસાઈ શકે છે) આપી શકો છો.

'માઈક્રોવેવ સેફ'નો ખરો અર્થ :

માઈક્રોવેવમાં રાંધવા અથવા ખાવાનું ગરમ કરવાથી કોઈ પ્રકારનું નુકસાનની હજુ સુધી કોઈ સાબિતી મળી નથી. હા, એમાં ઉપયોગ થનારા કન્ટેનર પર જરૂરી ધ્યાન આપો. હંમેશા આપણે દુકાનદારથી માઈક્રોવેવ સેફ ટિફિન બોક્સ અથવા ફૂડ કન્ટેનર માગીએ છીએ. તે આપણને વાસણ ઉપર લખેલું જોવા મળશે. માઈક્રોવેવ સેફ. એનો મતલબ એ નથી કે આમાં ખોરાક ગરમ કરવાથી આરોગ્યને કોઈ નુકસાન નહીં થાય. એનો અર્થ માત્ર એટલો છે કે એને તમે માઈક્રોવેવમાં રાખીને ગરમ કરશો તો તે ઓગળીને વાંકુંચૂકું નહીં થાય. ખરું જોતા, પ્લાસ્ટિક કન્ટેનરને માઈક્રોવેવમાં ગરમના કરવું જોઈએ અહીં સુધી કે થોડા સમય માટે પણ નહીં. ક્યારેક મજબૂરીમાં કરવું જ હોય તો એ કન્ટેનરનો ઉપયોગ કરો, જેના પર માઈક્રોવેવ સેફનું સિમ્બોલ હોય. સાથે જ એમાં એવી ચીજો બહુ થોડી માત્રામાં ગરમ ન કરો, જેમાં ફેટ અથવા શુગરની માત્રા વધુ હોય.

માઈક્રોવેવમાં કાચ, પાઈરેક્સ અથવા ચીનાઈ માટીના કન્ટેનનો ઉપયોગ ના કરો. એ જોવામાં પણ સારા લાગે છે. માઈક્રોવેવમાં પોપકોર્ન વગેરે પણ ઓછા રાંધો કારણ કે એના પેકેજિંગ માટે જે મટિરિયલનો ઉપયોગ કરવામાં આવે છે, એની ક્વોલિટીને લઈને પણ ખાતરીપૂર્વક નિશ્ચિંત થઈ શક્યું નથી.

નોન-પ્લાસ્ટિકમાં સાવધાની વર્તો :

– નોન-સ્ટિક વાસણોની કોટિંગમાં ઉપયોગ થનારા ટેફ્લોન આરોગ્ય માટે કેટલું નુકસાનકારક છે, આ વિષયમાં ખાતરીપૂર્વક કહી શકાય નહીં પરંતુ અત્યારસુધી કરવામાં આવેલ અભ્યાસમાં નોન-સ્ટિકનો મોટા પ્રમાણમાં ઉપયોગથી ડાયાબિટીસની સાથે કનેક્શન નજર આવી રહ્યા છે. આશંકા છે કે આ બીજી બીમારીઓનું પણ કારણ બની શકે છે. પ્રયત્નો કરો કે દિવસમાં એકાદ ચીજ જ એમાં રાંધો, દા.ત. આમલેટ વગેરે. બાકી માટે સ્ટીલ, લોખંડ, હેન્ડોલિયમ વગેરે વાસણોનો ઉપયોગ કરો.

– ફાઈંગ-પેન અથવા કુકવેરને ખોલ્યા વગરની ચીજો નાખી મોટી આંચ પર ગરમ ન કરો. એને વધુ ગરમ કરવાથી બચો. આમાં કુકિંગ મીડિયમ આંચ પર જ કરો. વધુ ગરમ કરવાથી કોટિંગ ખરાબ થઈ જાય છે, જે નીકળીને ખોરાકમાં ભળી જાય છે. જો વાસણનું કોટિંગ નીકળતું હોય અથવા ક્યાંકથી તૂટેલું નજરે પડે તો એનો બિલકુલ ઉપયોગ ન કરો.

– એલ્યુમિનિયમમાં ટામેટા, આંબલી, લીંબુ અથવા અથાણા જેવી ખાટી ચીજ રાખવા અથવા રાંધવાથી બચો. એલ્યુમિનિયમ ખાટી ચીજોની સાથે રિએક્ટ કરે છે અને એનાથી અલ્ટશાઈમર્જનું જોખમ વધી શકે છે.

– ટેટ્રાપેક, થર્મોકોલ વગેરેનો પણ ઉપયોગ ઓછામાં ઓછો કરવો જોઈએ. થર્મોકોલમાં ગરમ ખોરાક રાખવો ન તો આરોગ્ય માટે હાનિકારક છે, પરંતુ એને રિસાઈકલ કરવું પણ મુશ્કેલ છે. જે થોડું ઘણું રિસાઈકલ કરવામાં આવે છે, તે પણ ખુલ્લામાં જેથી આરોગ્યની સાથે સાથે એનવાઈરનમેન્ટ માટે પણ ખતરો છે.

પ્લાસ્ટિકમાં સાવધાની :

(૧) બોટલ, લંચ બોક્સ અથવા ફરી સ્ટોરેજ કન્ટેનરનો ખાસ કરીને પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરો. ઉપયોગ કરવો જ હોય તો સારી ક્વોલિટીનો ઉપયોગ કરો. એના પર નંબરો સિવાય બીએફએ ફ્રી અથવા બીએફઆર ફ્રી અથવા લીડ ફ્રી વગેરે લખેલું હોય તો સારું છે.

(૨) બે ત્રણ વર્ષમાં પ્લાસ્ટિક વાસણો અને બોટલ વગેરે બદલી નાખો. જો કે આ વિષયમાં પાકી રીતે પણ કશું કહી શકાય નહીં પરંતુ માનવામાં આવે છે કે લાંબો સમય ઉપયોગ કરવાથી આ પ્રકારના પ્લાસ્ટિક ખાવામાં ખતરનાક કેમિકલ છોડવા લાગે છે.

(૩) કાચ અથવા સ્ટીલની બોટલનો વધુ ઉપયોગ કરો. બહાર પ્લાસ્ટિકની બોટલ લઈ જાવ છો તો ઘરમાં કાચની બોટલનો ઉપયોગ કરો. ટિન અથવા કાચના લંચ બોક્સનો ઉપયોગ કરો. જો પ્લાસ્ટિક લંચ બોક્સ ઉપયોગ કરવો જ હોય તો એમાં ગરમ ખોરાક ના રાખો. પ્રવાહી અથવા ખાટી ચીજો (સોસ, અથાણું વગેરે) તો બિલકુલ ના રાખો. કોઈપણ વસ્તુને નોર્મલ તાપમાન પર જ પ્લાસ્ટિકના કન્ટેનરમાં રાખો.

(૪) તેલ વગેરેના પ્લાસ્ટિકના કેન્ટેનરને ગેસની પાસે ન રાખો. ગરમીથી એમાં કેમિકલ રિએક્શન થઈ શકે છે.

(૫) સિલ્વર ફોઈલમાં બહુ ગરમ ખોરાક ન રાખો. ન જ એમાં રાખીને ખોરાક માઈક્રોવેવમાં ગરમ કરો.

(૬) થર્મોકોલના ગ્લાસ અથવા બાઉલ વગેરેમાં ગરમ ખાવાનું રાખો. આમાં સોફ્ટડ્રિંક વગેરે રાખવાથી બચો. **– પવન તિવારી**

જ્યારે સ્વતંત્ર ભારતે ૬૬ વર્ષ પહેલાં એશિયન રમતોત્સવનું સફળ આયોજન કર્યું

IMPORTANT LANDMARK IN RE-AWAKENING OF ASIA

President Inaugurates First Asian Games

NEW DELHI, March 4.

PRESIDENT RAJENDRA PRASAD declared open the First Asian Games at the newly-built National Stadium at 4-15 p.m. today.

O.G.L. FOR STEEL

પ્રથમ એશિયન રમતોત્સવ નવી દિલ્હીમાં ૪ માર્ચ, ૧૯૫૧ના રોજ યોજાયો હતો એટલે કે આશરે ૬૦ વર્ષ પહેલાં ! ૧૧ દેશોએ તેમાં ભાગ લીધો હતો. આ રમતોત્સવ એક અઠવાડિયા સુધી ચાલ્યો હતો. ૪૮૯ ખેલાડીઓએ ૫૭ રમતોમાં ભાગ લીધો હતો. જેમાં ૮ રમતો સ્પોર્ટ્સ કહી શકાય. ત્યાર બાદ ભારતે કેમ આ ક્વાયત બંધ કરી ? તેનો ખ્યાલ ન આવ્યો. ભારત ૧૯૪૭માં આઝાદ થયું અને ચાર વર્ષ બાદ જ તેણે આ રમતોત્સવનું આયોજન કર્યું હતું. આઝાદીના ૬ વર્ષ બાદ તેને બીજા વિશ્વયુદ્ધમાં સામેલ થવું પડ્યું. આ સરળ બાબત ન હતી. શરણાર્થીઓનો પ્રશ્ન દેશના વિભાજન બાદ વિકટ બન્યો હતો. મહાત્મા ગાંધીના નિર્દેશો વડા પ્રધાન જવાહરલાલ નહેરુના એવા હતા કે ભારતે પાકિસ્તાનને નાણાકીય રીતે મદદ કરવી. પરિણામે ભારતનું અર્થતંત્ર પ્રતિકૂળ બન્યું હતું.

આ બાબતે કેટલાક લેખોના અંશો જોઈએ :

પંડિત નેહરુજીની એક પ્રતિષ્ઠા હતી. તેઓ ગાંધીજીના શિષ્ય હતા. તેમણે વિશ્વમાં જાહેર કર્યું હતું કે ભારત આત્મ-નિર્ભર બનશે અને દેશને ખૂબ જ ઉંચો લાવશે. તેમજ એશિયામાં વિવિધ દેશોનો સંઘ બનાવશે અને સૌને સાથે રાખીને આગળ વધશે.

સંયુક્ત એશિયાનો વિચાર :

રાષ્ટ્રવાદી ભારતે એક વિચાર કર્યો કે, એશિયાના દેશોનો એક સંઘ બનાવવો. ૧૯૨૦ સુધીમાં ભારત સરકારે આ અંગે એક ઠરાવ પણ પસાર કર્યો કે, એશિયન ફેડરેશનની રચના કરવી અને ભારત તેનું નેતૃત્વ કરે. બીજા વિશ્વયુદ્ધના સમાપન બાદ ઝડપથી પગલા લેવાયા અને ભારતે તેમાં અહમ ભૂમિકા ભજવી. નેહરુજીની આંતરરાષ્ટ્રીય પ્રતિભાને વધુ પ્રોત્સાહન મળ્યું.

હકીકતમાં એશિયન ગેમ્સનો વિચાર તે જ વખતે આવ્યો હતો. નેહરુએ એશિયન રિલેશન કોન્ફરન્સ નવી દિલ્હીમાં યોજાઈ ત્યારે આ વાત કરી હતી. પ્રો. જી.ડી. સોંધી રમતગમત ક્ષેત્રે નિષ્ણાત હતા અને તેમણે ૨૫ દેશો માટે આવી સ્પર્ધાનું સૂચન કર્યું હતું.

લાહોરના પંજાબી પ્રોફેસર સોંધી તે વખતે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સંઘના સભ્ય હતા અને તેમણે ૧૯૪૮માં લંડન ઓલિમ્પિક ખાતે આ વિચાર વ્યક્ત કર્યો હતો. એશિયન ગેમ્સનો વિચાર પણ તેમનો પોતાનો હતો. ૧૩ એશિયન દેશોના સંઘની પણ તેમણે વાત કરી હતી. આવો રમતોત્સવ દર ચાર વર્ષે યોજાય, તેવું તેમણે સૂચન કર્યું હતું અને ૧૯૫૦માં પહેલો એશિયન રમતોત્સવ દિલ્હીમાં યોજાયો. ભારતીય રમતગમત ક્ષેત્રે કેવા પ્રકારની સિધ્ધિ મળી ? ૪ માર્ચ, ૧૯૫૧ના રોજ એક અવસર એવો હતો કે જ્યારે આ બાબત કોઈને ખ્યાલ ન હતી. ભારત માટે ઐતિહાસિક દિવસ હતો કે તેને આંગણે રમતોત્સવ યોજાયો હતો અને એશિયાના તમામ દેશોના ખેલાડીઓ તેમાં ભાગ લેવા આવ્યા હતા. આ આયોજનથી એશિયાના દેશો પરસ્પર નજીક આવ્યા તે આવકારદાયક માનવામાં આવ્યું.

જે કરવામાં આવ્યું તેના કરતાં સરળ હતું.

સામાન્ય રીતે ભારત સરકાર આવા આયોજનો કરે છે. અને તેમાં રમતોત્સવ વગેરેને ખાસ મદદ કરતી નથી અને તે વખતે દેશ વિભાજન બાદ બેઠો થયો હતો. તે વખતે રમત મંત્રાલય ન હતું અને કોઈ નાણાકીય ભંડોળ

ભવ્ય ભૂતકાળ

- પલ્લવી પ્રસાદ

રમતગમતને ફાળવવામાં આવી ન હતી. આવી પરિસ્થિતિમાં દેશના ખેલાડીઓએ રમત-ગમતની તૈયારીઓ કરી અને ભાગ લીધો.

૧૯૪૯માં આમંત્રણો મોકલવામાં આવ્યા, પણ દિલ્હીમાં ખાસ ઉત્સાહ ન હતો. નેશનલ સ્ટેડિયમનું સમારકામ ચાલુ હતું. તેનું બાંધકામ નબળું હતું. રાત-દિવસ કામ કરી રમતોત્સવને

લાયક બનાવાયું. પ્રો. સોંધીને પણ એવું લાગ્યું કે, આવી પરિસ્થિતિમાં રમતોત્સવનું આયોજન નહીં થઈ શકે. વિદેશી રમતોત્સવનું સ્વાગત રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે કર્યું.

સમય મુજબ બધું થયું :

તે વખતે ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સંસ્થાપક અને અધ્યક્ષ એન્થોની ડિમેલો હતા. જેને આજે બીસીસીઆઈ કહેવાય છે. તેમણે ૧૯૩૩માં નેશનલ સ્ટેડિયમની ડિઝાઈન તૈયાર કરી હતી અને ડિઝાઈન એવી હતી કે તમામ પ્રકારની રમતો ત્યાં રમાઈ શકે. તેમણે એનજીઓનો સંપર્ક સ્થાપ્યો. જેમાં મુંબઈની બે ક્લબો હતી. નેશનલ સ્પોર્ટ્સ ક્લબ ઓફ ઈન્ડિયાએ રૂ. ૧ લાખની લોન આપી અને પ્રારંભિક ભંડોળ ક્રિકેટ ક્લબે આપ્યું.

ડિમેલોએ બીજું મહત્ત્વનું એક પગલું એ લીધું કે ૧૮ સભ્યોની આયોજન સમિતિ બનાવી અને આ સમિતિમાં શક્તિશાળી તેમજ સંસાધન ધરાવતા લોકોને સામેલ કર્યા. દેશના ઉદ્યોગોને ખાસ સ્થાન આપવામાં આવ્યું અને તેનું નેતૃત્વ પતિયાલાના મહારાજા યાદવેન્દ્રને સોંપવામાં આવ્યું. તેમના કર્મચારીઓએ જહેમત ઉઠાવી રમતોત્સવનું બીડું ઝડપ્યું અને તેને એશિયન ગેમ્સ ૧૯૫૧ કહેવામાં આવી. નેહરુ સરકારને શક્ય હોય ત્યાં સુધી દૂર રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આઝાદ ભારતમાં સ્વતંત્ર રીતે તમામ પ્રકારના આયોજનનો પ્રયાસ થયો.

આંતરરાષ્ટ્રીય માળખા માટે જગ્યાઓ શોધવામાં આવી :

ઈરવિન એમ્ફિથિયેટર મલ્ટિ પર્પસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જૂના કિલ્લા પાસે હતી. તેને નેશનલ સ્ટેડિયમનું નામ આપવામાં આવ્યું અને ૨૫૦૦૦ લોકોનો સમાવેશ થઈ શકે તે રીતે જ તેનું બાંધકામ કરવામાં આવ્યું. ત્યારબાદ તેનું વિસ્તરણ કરી ૪૦,૦૦૦ પ્રેક્ષકો માટેની જગ્યા ઉભી કરવામાં આવી. જરૂર પડે ત્યાં ઘાસ ઉગાડવામાં આવ્યું.

તમામ પ્રોગ્રામ એક જ સ્ટેડિયમમાં યોજવામાં આવી. ફક્ત તરણ સ્પર્ધાઓ સ્વિમિંગ પુલમાં યોજવામાં આવી, કારણ કે સ્ટેડિયમમાં તે બનાવાયા ન હતા. ૧૯૫૦ના મધ્યમાં ખાસ કોઈ આયોજન ન હતું. તેમ છતાં, રમતવીરોનું એક ગામ વસાવવામાં આવ્યું. ત્યાં હોસ્ટેલ વગેરે હોટલ જેવી બનાવવામાં આવી અને વિદેશથી આવેલા આશરે ૧૦૦૦ ખેલાડીઓને ત્યાં રહેવા-જમવા વગેરેની વ્યવસ્થા કરવામાં આવી. તે વખતના લશ્કરી વડા જનરલ કે.એમ. કરીપ્પાએ બે લશ્કરી બિલ્ડિંગો પણ સ્ટેડિયમ સાથે આપ્યા.

ભારતનો દેખાવ :

આ રમતોત્સવમાં ભારતને ૧૫ સુવર્ણચંદ્રક સહિત ૫૧ મેડલ મળ્યા હતા. મેડલોની દૃષ્ટિએ જાપાન બાદ ભારતનો બીજો નંબર હતો. આઠ દેશોએ ભાગ લીધેલો. જાપાનને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું, પણ લંડનની ૧૯૪૮ની બેઠકમાં તે હાજર હતું, તેથી તેની સામે વાંધો લેવામાં આવ્યો ન હતો. ૧૯૪૯માં પટિયાલા હાઉસમાં જે બેઠક થઈ, તેમાં પણ તેની હાજરી હતી. ભારતીય ખેલાડીઓ વિશે અનેક પ્રકારની બાબતો કહેવામાં આવી. ભારતે સુવર્ણચંદ્રક જીત્યો, અને તે પણ ઉઘાડા પગે. તેઓ ફૂટબોલ રમ્યા, હેવી વેઈટ સ્પર્ધામાં ભાગ લીધો, પણ તે અંગેના સાધનસામગ્રી વિના. આમ, તે વખતે ભારતીયો ખડતલ હતા, તેવું ચારેય બાજુ કહેવાયું. મિ. એશિયા ૧૯૫૧ પરિમલ રોય પણ ત્યાંથી જ પસંદ કરવામાં આવ્યા હતા.

સમગ્ર વિશ્વ અને એશિયાએ લક્ષ્ય મેળવ્યાનું અનુભવ્યું અને ત્યાર બાદ વ્યવસ્થિત રીતે બંધારણ બનાવી રમત-ગમત ક્ષેત્રે વિકાસ થયો. એશિયન ગેમ્સ ફેડરેશનનો મોટો એ છે, પંડિત નહેરુના શબ્દોમાં, 'એવર ઓનવર્ડ્સ' કારણ કે, એક નવજાત ભારતે સફળતાપૂર્વક મિની ઓલિમ્પિકનું આયોજન કર્યું. જાહુ તમારો છે, (અમારા સુપ્રીમ કેપ્ટન હેઠળ અને મેં મારાથી જે કંઈ શક્ય બન્યું, અને મેં જે એશિયામાં જોયું તે પુસ્તકમાં વર્ણવ્યું છે. કોઈ શંકાને સ્થાન નથી કે, એશિયામાં ભારતે જન્મની સાથે જ મોટી સિધ્ધિ મેળવી. યુવા ખેલાડીઓ પોતપોતાના ઘેર ગયા, પણ તેઓ એક જાદુઈ અનુભવ મેળવીને ગયા.

(એન્ટોની ડિમેલોના પંડિત નેહરુને લખેલા પત્રોમાંથી કેટલાક અંશો)(સૌ : ધ ક્વિન્ટ.કોમ)

સફળતા કે નિષ્ફળતા શાના પર આધારિત છે ?

કેટલાક લોકો સફળતા અને નિષ્ફળતાનો બધો ભાર કિસ્મત-નસીબ, ભાગ્ય કે દુર્ભાગ્ય કે પછી ગ્રહદશા વગેરે પર ઢોળી દેતા હોય છે. કેટલાક વળી એવી માન્યતા ધરાવે છે કે જીવનમાં નસીબ કે કમનસીબી જેવું કશું જ હોતું નથી. આ તો બધી મનમાં ઉપજાવી કાઢેલી કલ્પનાઓ છે – તરંગો છે. સફળતાનો આધાર તો નસીબ પર નહીં પણ પુરુષાર્થ, સાહસ, જોખમ પર અવલંબે છે. સફળતાનો આધાર નસીબ પર હોય કે સાહસ પર – બંને બાબતો ઘણી વખત સાચી ઠરતી લાગે છે. સફળ થનારા લોકો સોનાનો ચમચો લઈને જન્મે છે અને નિષ્ફળતાને વરનારા લોકો લોખંડનો ચમચો લઈને અવતરે છે એવી લોકવાયકા જમાનાઓથી ચાલી આવે છે.

તમારે સફળ થવું હોય તો પ્રથમ કોઈ બાબતમાં નિષ્ફળ થવું પડે એવું અનુભવી વડીલો કહી ગયા છે – કહે છે. વેપાર-ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો એવી ચર્ચા કરતા હોય છે કે નિષ્ફળ વેપારી-ઉદ્યોગપતિ સારો સલાહકાર બની શકતો હોય છે. કારણ કે તેની પાસે સારા-નરસા અનુભવોનો બ્હોળો ખજાનો હોય છે. નિષ્ફળતામાંથી ઘણું શીખવા મળે છે તે વાત સો ટકા સાચી છે. માણસ જ્યારે તેના કામમાં સરિયામ નિષ્ફળતા મેળવે છે ત્યારે તે ઝડપથી જાણી શકતો હોય છે કે તે શા માટે નિષ્ફળ ગયો ? જો તે નિષ્ફળતાના કારણો શોધી લે તો પછીના તબક્કામાં તેના જે તે કાર્યમાં ઝાઝી સફળતા મળતી હોય છે. નિષ્ફળ થયા વગર સફળતા મળી હોય તેવા કિસ્સા દુનિયામાં સાવ ઓછા છે અને તે વિશે ખાસ કોઈ નોંધ પણ લેતું નથી. જેને જીવનમાં ઝાઝેરી નિષ્ફળતા મળી હોય તે વ્હેલા-મોડા સફળતા મેળવીને જંપતા હોય છે. માણસને નિષ્ફળતા મળે તેમાં કશું ખોટું નથી. કારણ કે સફળતા કરતા નિષ્ફળતામાંથી વધુ સારા પાઠ શીખવા મળતા હોય છે.

જોન વ્હીટલર નામના વિચારકે લખ્યું છે કે સફળતાના શિખરે પહોંચેલાઓ ઓચિંતો કૂદકો મારીને ત્યાં પહોંચી ગયા નથી. પણ તેમના

ઝાકળની પ્યાલી

– ડો. એસ.એસ. રાહી

સાથીઓ જ્યારે રાત વેળા ઊંઘતા હતા ત્યારે તેઓ દમ તોડી આગેકૂચ કરતા હતા. વળી કોઈ સાહિત્યકારે એવી નોંધ લખી છે કે સફળતા માટેની મોટામાં મોટી તકલીફ એ છે કે તમારે સફળ થયા જ કરવું પડે છે. સફળતા એવો નશો છે જે માણસને વધુ સભાનતા તરફ દોરી જાય છે. માણસે સફળ થવા માટે દૃઢ, નિશ્ચિત અને પ્રતિબદ્ધ થવું પડે છે. શિખર પર પહોંચવા માટે માણસ કદાચ પડે, લપસે છતાં ફરીથી તે ઊભો થતો હોય છે, ફરીથી ધૂળ ખંખેરી ચઢવા માટે તે તૈયાર થતો હોય છે.

કેટલાક લોકો દૂરનું નજીક જોઈ શકતા હોય છે. તેઓને કોઈ પણ પ્રકારના દૂરના ચશ્મા કે દૂરબીનની જરૂર પડતી નથી. પરંતુ જેઓ નજીકની ચીજવસ્તુ જોઈ શકતા નથી તેઓ જિંદગીમાં કેવી રીતે આગળ વધી શકે ? જેઓ ખુલ્લી આંખે સ્વપ્ના સેવતા હોય છે અને સ્વપ્નલોકમાં થોડી લટાર મારતા હોય છે તેઓ તરત જ ફરી પાછા હકીકતની દુનિયામાં આવી જતા હોય છે. પછી સ્વપ્ન સાકાર કરવા નકશો તૈયાર કરી ચોક્કસ દિશામાં પ્રયાણ કરતા હોય છે. કોઈને પછાડીને, વિશ્વાસઘાત કરીને, છળકપટ આદરીને આગળ વધવાનું ખરાબ કામ જે કરતા નથી તેવા લોકો જ સફળતાના આકાશને આંબી જતા હોય છે.

આ પ્રકારની જમાતના લોકોને ધૂની, પાગલ, ગાંડા, મિજાજી, મૂર્ખ કહીને તેની મજાક-મશ્કરી કરી ઠેકડી ઉડાડતા હોય છે. આ પ્રકારના માનવ કવિ, કલાકાર, શિલ્પી, સ્થપતિ, સંગીતકાર, ચિત્રકાર, સંશોધક, વૈજ્ઞાનિક કે ઈજનેર-કોઈપણ હોઈ શકે છે. પોતાના સ્વપ્નો પૂરા કરવા અને સફળ થવા માટે સ્પષ્ટ ધ્યેયને ઓળખી લેવું જરૂરી છે. જો તમે કોઈ કામમાં નિષ્ફળ જાવ તો સમજવું કે હવે પછી સફળતા તમારા કદમ ચૂમવા જરૂર પધારવાની જ છે. સફળ થવા માંગતી વ્યક્તિમાં કમસે કમ આટલી શ્રદ્ધા હોવી જરૂરી છે.

મધુવન :

સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી

– બરકત વીરાણી 'બેફામ'

ગુરમહેર કૌરનો આખરી પ્રશ્ન આ દેશમાં શું થઈ રહ્યું છે ?

પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા આ દેશમાં શું આવી ઘટનાઓનો ઉકેલ નથી

એક મિત્રની હત્યા બાદ બીજા દિવસે તેમની સ્મૃતિમાં એક સભા યોજાઈ હતી. જેમાં ઈજાઓ પણ થઈ હતી અને હીરો તરીકે તેનું ચિત્રણ થયું હતું, આલોક મદાસાનીના આ શબ્દો છે, "વ્યક્તિગત દૃષ્ટિએ એક મિત્રની હત્યા એક મિત્રએ કરી છે, જે યોગ્ય નથી."

મૃતક મિત્ર શ્રીનિવાસ કુચ્ચીબોટલા હતો. તેને હીરો બનાવાયો, ઈયાન ગ્રિલોટ પણ ત્યાં હતો. આદમ પ્યુરિન્ટન પણ હતો. તેની ધરપકડ પણ થઈ છે. તેમના પર હુમલાના આરોપો છે.

મદાસાનીને વારંવાર આવા ભયજનક અનુભવો થયા હતા. તેની લાગણીને હંમેશા દુભાવવામાં આવી હતી. અમેરિકામાં પણ તેનો અનુભવ સારો ન હતો. તેનો મિત્ર માર્યો ગયો અને તેની ગંભીર ઈજાઓ થઈ હતી. દેશ છોડવા માટે મજબૂર થવું પડ્યું હતું. શું હવે આવી વ્યક્તિ ભારત પાછી આવી શકે ? તેને બિનસલામતીનો અનુભવ થાય છે. જે યોગ્ય નથી. અમેરિકામાં પણ આવી પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.

એકથી વધુ વખત મદાસાનીએ આવા મુદ્દાઓ પર પ્રવચનો કર્યા છે અને તે જ વખતે તેણે દૃષ્ટાંત તરીકે અનેક બાબતો ટાંકી છે, પણ તેની સાથે શું થયું ? કન્સાસના પ્રતિભાવો કેવા પડ્યા ? અમેરિકા અને મિડવેસ્ટમાં કેવી અસરો થઈ ? તે અંગે તેણે વારંવાર જાહેરમાં વાત કરી છે. તેનું કહેવું એવું છે કે, અમેરિકાએ શ્રીનિવાસની હત્યા કરી છે. સમગ્ર દેશમાં નફરતનું વાતાવરણ છે.

પ્રશ્નાર્થ

- દિલીપ ડિ'સોઝા

અમેરિકામાં નફરત દૂર કરીને સારી લાગણી ધરાવતું વાતાવરણ તૈયાર થઈ શકે તેમ છે. મદાસાનીને ટેકો આપવાની જરૂર છે. કૂચીબોટલા અને ગ્રિલોટ પણ તેના હકદાર છે. હિલેરી ક્લિન્ટનનો પ્રચાર થયો ત્યારે અને ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં પહોંચ્યા ત્યારે બંને અવસરની પરિસ્થિતિ જુદી હતી. આ બંને પરિસ્થિતિ એક સત્યનું વર્ણન કરે છે. નફરત અને ગુનાઓ વધ્યા છે. આ બધી બાબતો એક હકીકત જણાવે છે કે નફરત અને ગુનાઓ વધવા છતાં સમગ્ર દેશને હત્યારો અને હુમલાખોર કહી શકાય નહીં. કારણ કે તેનાથી ફક્ત મૂર્ખતાભરી પરિસ્થિતિનો પ્રત્યાઘાત જ પડશે.

અલોક મદાસાની એક બીજો માર્ગ સૂચવે છે :

પ્રાચીન સંદર્ભમાં :

કુદરતી રીતે એક મુદ્દો છે, ગુરમેહર કૌરનું એક નિવેદન કે પાકિસ્તાને તેના પિતાની હત્યા કરી નથી. તેના પિતા યુદ્ધમાં માર્યા ગયા છે. આ એક જ વાક્યથી રોષ કેમ ફેલાયો ? રાષ્ટ્રવાદીઓ કેમ નારાજ થયા ? નફરતનું વાતાવરણ કેમ ઉભું થયું ? તે જાણવું જરૂરી છે. રોજે રોજ આપણા દેશમાં આવી પરિસ્થિતિ પ્રવર્તે છે. આ યુવાન મહિલાએ લાંબી દૃષ્ટિથી આ તમામ બાબતને જોવાનો પ્રયાસ કર્યો છે. પરિણામે તેના પર બળાત્કારની ધમકીઓ આપવામાં આવી છે. પ્રધાનો પણ તેના મગજને પ્રદૂષિત કહે છે. ખરેખર આવું હોઈ શકે ?

મને એક વાત નજરે પડે છે કે તમામ પ્રકારની કોમેન્ટો સંયુક્ત રીતે સમજી વિચારીને થઈ રહી છે. તેમાં એક રોષની લાગણી છે. સ્વાભાવિક છે, રોષ હોઈ શકે, પણ અમેરિકા અને પાકિસ્તાનની તુલના ન થઈ શકે. તેવી જ રીતે પાકિસ્તાન અને ભારતની તુલના ન થઈ શકે. સૌ કોઈ જાણે છે કે પાકિસ્તાનમાં દૂષણ છે. પણ એક દેશની બીજા દેશ સાથે તુલના કરવી યોગ્ય નથી. ખાસ કરીને પાડોશીઓનો આદર જળવાવો જોઈએ. આપણી સેના અને સૈનિકોનું સન્માન કરવું જોઈએ, કારણ કે, સરહદનું રક્ષણ કરે છે. ટૂંકમાં, આપણે પાકિસ્તાન પ્રત્યે નફરત ધરાવીએ છીએ, અને ક્યારેક તેને પ્રેમ પણ કરીએ છીએ. આ યોગ્ય નથી.

ખરેખર શું થઈ રહ્યું છે ? તે વિચારવાનું છે. પ્રાચીન સંદર્ભમાં જોઈએ તો રાષ્ટ્રની રચના કઈ રીતે છે ? એક જવાબ એ છે કે, જે કોઈ સરહદ પર રહેતા હતા તેમનું વિભાજન થયું, અને અસંતોષ ફેલાયો. જે આજ સુધી ચાલ્યો આવે છે. બીજો જવાબ એ છે કે, જમીન વહેંચાઈ ગઈ. પરિણામે લોકોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. આ બે જવાબમાં ક્યો જવાબ સાચો માનવો ? તે વિચારવાનું છે. હું એવું માનું છું કે આવી બાબતોમાં પ્રાચીન ઈતિહાસની જરૂર નથી. દુનિયાના એક ભાગ સ્વરૂપે આપણે રાષ્ટ્રવાદી છીએ, સૌ કોઈ પોતપોતાના દેશમાં રાષ્ટ્રવાદી જ હોય છે. તેમ છતાં, દૂષણો દરેક સ્થળે હોય છે. જ્યાં સુધી જમીનની વહેંચણીનો પ્રશ્ન છે, તેને આવી ઘટનાઓ સાથે કોઈ સંબંધ નથી હોતો.

પણ બે વિચારો એક સાથે આપણે લઈને ચાલી શકતા નથી. એક : સામાન્ય શીર્ષક ધરાવતું એક પુસ્તક ૧૯૯૬ના ક્રિકેટ વર્લ્ડ કપ પર પત્રકાર માઈક માર્ક્યૂસીએ લખ્યું છે. જેમાં, વિશ્વના અનેક દેશોએ ભાગ લીધો હતો. આજે પણ એ લડાઈ ચાલુ છે. તેને યુદ્ધ જેવી લડાઈઓ માનીએ છીએ. રમતગમતમાં મેચ અલગ લાગણી અને ભાવનાથી રમાતી હોય છે. તેમાં તંગદિલીને કોઈ સ્થાન હોતું નથી. રાષ્ટ્રવાદ તો દરેક ખેલાડીમાં હોય છે, પણ રમતનું મેદાન અભિવ્યક્તિનું માધ્યમ નથી. તંગદિલી હોય કે ન હોય, આ ફક્ત ક્રિકેટ મેચ છે, એક કારણ છે કે આ પુસ્તકમાં જણાવાયું છે કે, યુદ્ધ જેવી પરિસ્થિતિ મેદાનમાં હતી. આવી જ વાતો ગુરમેહર કૌરના પિતાના મૃત્યુ અંગે કહેવામાં આવે છે.

બે : આલોક મદાસાનીની ફરી વાત કરીએ, એ જ સ્મારક પર જ્યાં તેમનું મૃત્યુ થયું, તે તેમના વિચાર મુજબનું હતું. તેમણે જણાવેલું કે સહિષ્ણુતા વિશે વિચાર કરીએ, માનવતા વિશે વિચાર કરીએ. ખરેખર આપણે આવી વિચારસરણી તરફ આગળ વધવું જોઈએ. **(સૌ : સ્ક્રોલ.ઈન)**

હાર્વર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીનો મોદીને પત્ર

પ્રિય વડા પ્રધાન નરેન્દ્ર મોદી, તમારે હાર્વર્ડ પાસેથી હજી ઘણું શીખવાનું છે

પ્રિય વડા પ્રધાન મોદી, હાલ હું હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી પબ્લિક પોલિસી પર અનુસ્નાતક સ્તરે અભ્યાસ કરી રહ્યો છું. હું મધ્યમ વર્ગીય પરિવારનો છું. મારા પિતાશ્રી તમારી જેમ છેલ્લા કેટલાક વર્ષોથી પબ્લિક સર્વન્ટ છે. આ પહેલાં હું છ વર્ષ માટે ભારતમાં શિક્ષણપ્રથાને સુધારવા એક શિક્ષક તરીકે મ્યુનિસિપલ સ્કૂલમાં હતો તેમજ વિવિધ નીતિઓનો અમલ નફો નહીં કરતી સંસ્થાઓમાં કરવામાં વ્યસ્ત હતો. મને આશા છે કે, તમે હવે સમજી શકશો કે હાર્વર્ડનો વિદ્યાર્થી કેટલો રાષ્ટ્રવાદી હોઈ શકે.

તમે મહારાજગંજમાં એક ચૂંટણીસભામાં એવું કહ્યું હતું કે, હાર્વર્ડ કરતાં હાર્ડવર્ક વધુ શક્તિશાળી હોય છે. ખરેખર ચૂંટણીપ્રચારમાં લોકોની સમક્ષ તમે હાર્વર્ડનો ઉલ્લેખ કર્યો, તેઓ નિરક્ષર છે. તેમને હાર્વર્ડ શું છે તે જ ખબર નથી. તેમ છતાં, તમે વિશ્વના આર્થિક જગતને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો છે.

મને કહેવા દો કે, આ યુનિવર્સિટીમાં અમે કેટલીક એવી બાબતો શીખીએ છીએ, જે ખૂબ જ ઉપયોગી હોય છે. અમે જે કંઈ શીખીએ છીએ, તેના પુરાવા હોય છે. અમારો અભિગમ જ એવી તાલીમ લેવાનો હોય છે. જે નીતિઓના અસરકારક અમલમાં અમને લાભકારક નીવડે. શક્ય હોય ત્યાં સુધી અમે એવા દેખાવોને ટાળીએ છીએ, જેનાથી કોઈ મુશ્કેલી સર્જાય. અમે કોઈ પણ નીતિના લાભ અને નુકસાન બંનેનો અગાઉથી અભ્યાસ કરીએ છીએ અને અમલ કરતી વખતે ઓછામાં ઓછી અડચણ નડે અને

યુનિવર્સિટીઓનો આવો ઉપયોગ ભારતને અલગ પાડી દેશે અર્થશાસ્ત્રની દૃષ્ટિએ અથવા તો પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓનો આવો ઉપયોગ આપણને વિશ્વ સાથે અલગ પાડી દેશે

પરિણામ વધુમાં વધુ સારું આવે તેઓ અમારો પ્રયાસ હોય છે. આ અભિગમથી તમારો નોટબંધીનો કાર્યક્રમ સફળ થઈ શકત.

અમને એ પણ શીખવાડવામાં આવે છે કે અમારે જો રાજનીતિજ્ઞ થવું હોય તો તે કેવી રીતે થવાય. સૌ પ્રથમ ચરિત્ર નિર્માણ અને ત્યાર બાદ પરસ્પર ભાગીદારી બહુ જરૂરી છે. એકહથ્થુ સત્તા ન ચાલે. જે લોકો આપણી સાથે સંમત નથી થતા, તેમનું પણ સન્માન કરવું જોઈએ. એકબીજાના આદર્શો, સિદ્ધાંતો, મૂલ્યો અલગ હોઈ શકે, પણ તે પરસ્પર દુશ્મન ન હોઈ શકે. અમારા પ્રાધ્યાપકોએ અમને હંમેશા કહ્યું છે, કે કોઈ પણ ઝૂંબેશમાં સૌને સાથે લઈને ચાલો. અમલ કરતાં પહેલાં ચર્ચા-વિચારણા કરવી બહુ જરૂરી છે. ભારતમાં જે રાજકીય પ્રવચનો થાય છે, તે સંદર્ભમાં આ વાતનો ખ્યાલ રાખવો બહુ જરૂરી છે.

તમે જ્યારે ઉત્તર પ્રદેશમાં આવા શબ્દો ટાંકો છો, ત્યારે પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રાજ્યપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન હાર્વર્ડમાં પ્રવચન કરી રહ્યા હતા અને તેમણે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રશ્નો પણ પૂછ્યા હતા અને ખાસ કરીને તમારી સરકાર સાથે વિદ્યાર્થીઓની ભૂમિકા કેવી છે ? તમારા પક્ષના બીજા એક વરિષ્ઠ સભ્ય અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયના રાજ્યકક્ષાના પ્રધાન જયંતસિંહા પણ સાથે હતા. તેમણે હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી ડિગ્રી મેળવી છે. વડા પ્રધાનની કચેરીના અધિકારીઓ જે સ્પેશિયલ ડ્યૂટી પર છે તેઓ પણ હાર્વર્ડ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ રહી ચૂક્યા છે. મને ખાતરી છે કે, તમારા આ શબ્દો આ તમામ માટે એક આશ્ચર્યકારક ઉદ્‌ગાર સાબિત થયા હશે. ભારત જેવા દેશને સૌથી અલગ પ્રતિષ્ઠા ધરાવતો બનાવવો હોય તો તેના માટે વિવિધ પ્રકારના લોકોના સહકારની જરૂર પડશે. આર્થિક ક્ષેત્રે કે શૈક્ષણિક ક્ષેત્રે કે એવી સંસ્થાઓને ઉપયોગમાં લેવાની જરૂર નથી. નહીં તો ભારત અલગ પડી જશે. મારા જેવા લોકો સ્નાતક બન્યા પછી ભારત આવવાના છે. દેશના તમારા વિકાસમાં સામેલ થવાના છે, પણ તમારી અભિવ્યક્તિ અમને દૂર રાખશે. અત્યારે એવું જણાય છે કે ઈતિહાસ તમારા માટે ખૂબ જ પ્રાથમિક તબક્કામાં છે તેનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ જરૂરી છે.

જયહિંદ.

પ્રતિક કંવલ (સૌ : સબરંગ ઈન્ડિયા)





એક નવા પુસ્તકમાં, ઔરંગઝેબની તરફેણ કરવામાં આવી છે, જેને મોટા ભાગનું ભારત પસંદ કરતું નથી

"ઔરંગઝેબે અનેક હિંદુ મંદિરોનું રક્ષણ કર્યું, તેમણે સામ્રાજ્યના વહીવટમાં મુગલોથી વધુ હિંદુઓનો સમાવેશ કર્યો હતો અને ખૂબ જ સારી રીતે સંચાલન કર્યું હતું" - ટ્રુસ્કે કહે છે

અતીત

- ટ્રુસ્કે

ઔરંગઝેબ વિશે એમાં કોઈ શંકા નથી કે, તે શક્તિશાળી અને સમૃદ્ધ શાસક હતો. તેને ૫૦ વર્ષ સુધી એટલે કે ૧૬૫૮થી ૧૭૦૭ સુધી શાસન કર્યું અને ભારતના રાજકીય ઈતિહાસ પર તે તેની છાપ છોડી ગયો. તેને જે કંઈ કહ્યું અને કર્યું, તે તેની કલ્પના મુજબનું હતું. ભારતને અને પાકિસ્તાનને ગમે કે ન ગમે તેવું વલણ તેનું હતું.

મુગલ સામ્રાજ્ય વિશે આપણે અમુક વલણ વાંચવા ટેવાયેલા નથી, પણ ઈતિહાસકાર અવ્રે ટુસ્કેએ તેના નવા પુસ્તકમાં બાબર પછીના શાસકોની વાત કરી છે. આ મહિલા લેખિકાએ એવું લખ્યું છે કે, ભારતના સૌથી વધુ વિવાદાસ્પદ રાજા ઔરંગઝેબ હતા. ભારતીયો માટે તે ક્યારેક સારો હતો, બાકી મોટા ભાગે તે ઘૃણાને પાત્ર હતો. તેનું વ્યક્તિત્વ, તેના શાસન દરમ્યાન ક્યારેક નિર્દયી, ઘાતકી જણાયું હતું. રાજકીય ક્ષેત્રે તેને અમિટ છાપ છોડી છે અને એવું કહી શકાય કે મુગલ શાસકોમાં તે સૌથી વધુ અપ્રિય હતા.

ખરેખર ઔરંગઝેબ ધાર્મિક રીતે કટ્ટર હતો ? જો નહીં તો તેની ધાર્મિક નીતિઓ જે પુસ્તકમાં આપવામાં આવી છે તેનું વિશ્લેષણ કરીએ.

અત્યારની વ્યાખ્યા મુજબ ઔરંગઝેબ ધાર્મિક રીતે કટ્ટર હતો, પણ તેણે એવા પણ કાર્યો કર્યા છે, જે આધુનિક સંદર્ભમાં સારા કહી શકાય. તેનામાં

સહિષ્ણુતા હતી. ઔરંગઝેબ આધુનિક પુરુષ ન હતો અને તેથી તેની આસપાસ અપેક્ષા ન રખાય કે આધુનિક માનદંડોને તે અપનાવે, પણ ઈતિહાસ કહે છે કે આ મુગલ રાજાએ બીજી દિશા પણ પકડી હતી. મારું કહેવું એ છે કે, વિશ્વમાં ઔરંગઝેબ એક ચર્ચાસ્પદ રાજા તો હતો, આપણે તેના કાર્યોનું વિશ્લેષણ કરીએ, તેની નીતિઓ જોઈએ તો જણાશે કે તેણે પોતાના મૂલ્યોની સાચવણી કરી છે. ન્યાયની દૃષ્ટિએ પણ તે પોતે જે માનતો હતો, તે રીતે તેણે વર્તન કર્યું છે.

શું તમે કેટલાક દૃષ્ટાંતો આપી શકશો, કે જ્યારે ઔરંગઝેબ ધાર્મિક રીતે કટ્ટર નથી, તેવું વલણ અપનાવ્યું હતું ?

ઔરંગઝેબે અનેક હિંદુ મંદિરોનું રક્ષણ કર્યું હતું તેણે પોતાના વહીવટીતંત્રમાં હિંદુઓને મોટી સંખ્યામાં નિયુક્ત કર્યા હતા. અગાઉના કોઈ મુગલ શાસકે આવું કર્યું ન હતું. (અકબરે પોતાના દરબારમાં ૫૦ ટકા હિન્દુઓ રાખ્યા હતા.) ઔરંગઝેબે હિંદુ હકીમો અને જ્યોતિષીઓ પાસેથી સમગ્ર જીવન જીવવાની સલાહ મેળવી હતી. છેવટના વર્ષોમાં તે તેમના પર જ નિર્ભર હતો. તેણે મંદિરોનો વિનાશ કર્યો, પણ તે જ સમયે જિજિયાકર અંગે પણ નિર્ણય લીધો હતો. મરાઠાઓ સાથે તેણે મધ્ય અને દક્ષિણ ભારતમાં લડાઈ કરી હતી. તેનું લક્ષ્ય એવું હતું કે, ઔરંગઝેબ એકમાત્ર અલગ છાપ ઉપસાવી શકે, તેવો રાજા બને.

ઔરંગઝેબ મોર્ડન વ્યક્તિ ન હતો, અને તેથી તેણે કટ્ટરતાના કોઈ આધુનિક માનદંડો અપનાવ્યા ન હતા. મુગલ શાસકને સમજવા માટે આવી બાબતો જાણવી જરૂરી છે. (એન્ડ્રુ સ્ટુસ્કે સ્રોત:વીકીમીડિયા કોમન)

કેવી રીતે ઉપનિવેષવાદી ઈતિહાસે ઔરંગઝેબની પ્રતિભાને નુકસાન પહોંચાડ્યું છે? કેટલાક સ્પષ્ટ દૃષ્ટાંતો આપો, જે તમે ઐતિહાસિક પુસ્તકમાં લખ્યા છે.

બ્રિટિશ ઉપનિવેષવાદીઓએ મુગલ રાજાઓની હંમેશા ટીકા કરી છે ખાસ કરીને ઔરંગઝેબની. બ્રિટીશરોએ તેની સામે જે કંઈ થઈ શકતું હતું તે બધુ કહ્યું છે. હિસ્ટ્રી ઓફ ઈન્ડિયા, ઈલિયડ અને ડાઉસને લખી છે અને તેમાં કહેવાયું છે કે, ઈસ્લામિક ધાર્મિક પુસ્તકોનું તેણે અનુવાદ કરાવ્યો હતો. તેની વિચારસરણી સ્પષ્ટ હતી. તેના લક્ષ્ય નક્કી હતા. તે જાણતો હતો કે તેણે શું કરવાનું છે અને શું નથી કરવાનું ?

બ્રિટીશરોને તેણે કરેલા કાર્યોની સામે ઘણું કરવું પડ્યું. લેખકોનું કહેવું છે કે, જે અનુવાદ કરવામાં આવ્યો, તેમાં તેણે મુસ્લિમ પરિબળને સર્વોચ્ચતા આપી. આજે પણ અનેક લોકો તેનું દૃષ્ટાંત આપે છે.

શું તમે જણાવશો કે રાજકીય ક્ષેત્રે લાભ મેળવવા ઔરંગઝેબ શું કરતો હતો ?

બ્રિટીશ ઉપનિવેષવાદીઓએ ભારતમાં કેટલાક એવા પરિબળો છોડ્યા છે, જેઓ ઔરંગઝેબની તરફેણમાં બોલે છે. હિંદુ રાષ્ટ્રવાદીઓ પહેલેથી મુગલ સામ્રાજ્યના વિરોધી રહ્યા છે. સૌથી વધુ નફરતનું કેન્દ્ર ઔરંગઝેબ રહ્યો છે અને મુસ્લિમ વિરોધી લાગણીઓમાં તેની મુખ્ય ભૂમિકા માનવામાં આવી છે. ઉપનિવેષવાદની કેટલીક બાબતો તેણે હિંદુરાષ્ટ્રવાદની સામે ઉપયોગમાં લીધી હતી, પણ ઊંડાણમાં જઈને જોઈએ તો ભારતને ધર્મનિરપેક્ષ રાજ્ય રાખવા માટે તેણે ભૂમિકા ભજવી હતી.

ઔરંગઝેબ સીટેડ ઓન ધ પીકોક થ્રોન (મયૂરાસન પર તે વિરાજતા હતા) (સૂત્ર : વિકીમીડિયા)

ઔરંગઝેબ શા માટે અકબરનો વિરોધ કર્યો ? બંને અલગ અલગ દિશાના છેડા રાજકીય ક્ષેત્રે કેમ જણાયા ? એક સર્વોત્તમ મુગલ શાસક હતો અને બીજો અધમ મુગલ શાસક હતો.

અકબર અને ઔરંગઝેબની તુલના કરીએ તો હું માનું છું કે અનેક લોકોએ ઈન્ડો-મુસ્લિમ હિસ્ટ્રીની સમીક્ષા કરી છે અને તેમની દૃષ્ટિએ મુસ્લિમ રાજાઓ ખરેખર એક મૂલ્યને વરેલા હતા. જેમાં અકબરે તમામ પ્રકારના મૂલ્યો સાચવ્યા છે. જેમાં ભારતીય અને હિંદુવાદી મૂલ્યો પણ સામેલ હતા. તે મુસ્લિમોની તરફેણ કરતો હતો, પણ તે સાથે તેણે અન્યની ઉપેક્ષા કરી ન હતી. બીજી બાજુ ઔરંગઝેબ જરૂર પડે ત્યારે મુસ્લિમો સિવાયની ઉપેક્ષા કરતો હતો. હું માનું છું કે, આ એક જ બાબત પૂરતી છે.

તમારા પુસ્તક પર જો સંશોધન કરવામાં આવે તો ઔરંગઝેબ વિશે શું મળી શકે તેમ છે ?

ઔરંગઝેબ અવગણી ન શકાય તેવા મુગલ શાસક હતા. ખાસ કરીને તે તેમના પુત્રો પર નિયંત્રણ રાખી ન શક્યા. તમામ રાજકુમારો તેમના વિરોધી હતા. પરિણામે મુગલ સામ્રાજ્ય ઔરંગઝેબ બાદ નબળું પડ્યું. મને આશ્ચર્ય થાય છે કે, ઔરંગઝેબ જેવા કુશળ શાસક આ દિશામાં કેમ નિષ્ફળ ગયા ? તેમણે શહેજાદાઓની વચ્ચે સ્પર્ધા કેમ ન ટાળી ? **(સૌ : ઈન્ડિયન એકસપ્રેસ)**

ગુમનામ ગામથી સંસદ સુધીની સફર

જન્મના તરત બાદ માતાએ તડકામાં મરવા માટે છોડી દીધી. પરંતુ મને અલ્લાહે બચાવી લીધી. ભણવા માટે શાળાએ ગઈ તો ત્યાં તાલિબાનએ હુમલો કરી દીધો. ડોક્ટર બનવાની ઈચ્છા હતી પરંતુ રાજકારણમાં આવી કારણ કે સ્ત્રીઓને તેમના હક અપાવી શકું.

રૂબરૂ

— મીના ત્રિવેદી

ફાવજિયાનો જન્મ અફઘાનિસ્તાનના એક રાજકીય પરિવારમાં થયો હતો. એમના પિતાની સાત પત્નીઓ હતી. કુટુંબમાં પહેલાંથી જ ૧૮ બાળકો હતા પરંતુ પિતા સંતુષ્ટ નહોતા. તેઓ ઘરમાં એક વધુ દીકરી જન્મે લે, એવું ઈચ્છતા હતા. એવામાં ફાવજિયાનો જન્મ થયો. તેઓ કુટુંબની ૧૯મી સંતાન હતી. માતાને ખબર પડી કે તેણે દીકરીને જન્મ આપ્યો છે, તો એ ડરી ગઈ. એમને લાગ્યું કે પતિને આ વાત ગમશે નહીં. એટલે નવજાત બાળકીને ઘરની બહાર બળબળતા તડકામાં મરવા માટે તરછોડી દીધી. પરંતુ અલ્લાહનો કંઈક બીજી જ મરજી હતી. થોડા કલાકો પછી જોયું તો બાળકી જીવિત હતી. માનું હૃદય હચમચી ગયું. બાળકીને હૈયાસરસી ચાંપી દીધી અને મનોમન નક્કી કર્યું કે હવે ગમે તે સંજોગો ઊભા થાય હું આ બાળકીનું પાલનપોષણ કરીશ જ.

એમનો પરિવાર બદખ્શાના એક નાનકડા ગામમાં રહેતો હતો. પિતા સાંસદ હતા. વિસ્તારમાં એમનો એક ખાસ મોભો હતો. રાજકારણનાં કામો સર અવરનવાર તેમને ગામથી બહાર જવું પડતું. નાનકડી ફવજિયાને ક્યારેય પિતા પાસે બેસવાનો કે વાતચીત કરવાનો મોકો મળ્યો નહીં. એ દિવસોમાં રૂઢિવાદી અફઘાનમાં દીકરીઓને પ્રેમ કરવાનો રિવાજ નહોતો. ઘરની દરેક મહિલાઓ, પછી તે કોઈપણ વયની હોય, પડદા પાછળ જ રહેતી. દીકરીઓને શાળાએ મોકલવામાં આવતી નહોતી. સમજણી થતાં જ તેમના લગ્ન કરાવી દેવામાં આવતા. ફાવજિયા જણાવે છે કે પિતાજીએ ગામમાં એક શાળા બંધાવી હતી. એ અમારા ગામની પ્રથમ શાળા હતી. પરંતુ એ શાળામાં ફક્ત છોકરાઓને જ ભણવાની પરવાનગી હતી. એટલે સુધી કે એમણે પોતાના ઘરની દીકરીઓને પણ સ્કૂલમાં જવાની તક નહોતી આપી કારણ કે દીકરીઓનું ઘરની બહાર નીકળવું ઘણું ખરાબ મનાતું હતી.

એમના પિતા ૨૫ વર્ષો સુધી સાંસદ રહ્યા. આ ૮૦ના દશકની વાત છે. દેશની આંતરિક હાલત બહુ બગડી ચૂકી હતી. અફઘાનિસ્તાન યુદ્ધ દરમિયાન મુજાહિદ્દીને એમની હત્યા કરી નાખી. પિતાજીના મૃત્યુ પછી પરિવાર વિખરાઈ ગયું. માતાએ બાળકો સહિત ગામ છોડીને રાજધાની કાબૂલ જવાનો નિર્ણય કર્યો. શહેરનું વાતાવરણ ગામડાથી ખૂબ જ અલગ હતું. કાબૂલમાં સ્કુલ અને અસ્પતાલ હતા. ફાવજિયા ત્યારે માત્ર ૧૦ વર્ષની હતી. માતાએ એને શાળા મોકલવાનો નિર્ણય કર્યો. આ સાંભળતાં જ પરિવારજનો ચકીત થઈ ગયા, અહીંયા સુધી કે ફાવજિયાના ભાઈઓ પણ એમ નહોતા ઈચ્છતા કે એ શાળાએ જાય. પ્રશ્ન એ હતો કે આજ સુધી પરિવારની કોઈ દીકરી શાળાએ નથી ગઈ તો પછી ફાવજિયાને આ મોકો કેમ ? પરંતુ મા સામે કોઈ ફાવ્યું નહીં. થોડા સમય તો ઠીક ચાલ્યું પણ પછીથી કાબૂલના સંજોગો પણ બગાડવા લાગ્યા. તાલિબાનની દખલગીરી વધવા માંડી હતી. ઘરથી બહાર નીકળવામાં જાનનું જોખમ હતું. કોઈપણ સમયે કોઈપણ જગ્યાએ અચાનક ગોળીબાર ચાલુ થઈ જતો. પરંતુ સ્કૂલ જવાનું ચાલું રહ્યું. જ્યાં સુધી એ શાળાએથી પાછી ન આવતી ત્યાં સુધી માતા બારણા પાસે ઊભી રહી તેની પ્રતિક્ષા કરતી. ફાવજિયા જણાવે છે કે અમારા ગામમાં કોઈને ડોક્ટર પાસે જવાની પણ પરવાનગી નહોતી. લોકો કહેતા કે અરે ! એક સ્ત્રી કેવી રીતે કોઈ પુરુષ ડોક્ટર પાસે પોતાનોઈલાજ કરાવી શકે ? એટલે મેં ડોક્ટર બનવાનો નિર્ણય કર્યો. પરંતુ આ સ્વપ્ન ટૂટી ગયું.

એ દિવસોમાં ડોક્ટરનું ભણતી હતી. તાલિબાને કાબૂલ પર હુમલો કરી દીધો હતો. કાબૂલ છોડીને ભાગવું પડ્યું. પરિવાર સહિત ફાવજિયા ફરીથી ગામડે પાછી ફરી. એમણે ગામમાં આવીને શાળા ખોલી અને છોકરીઓને ભણાવવાનું શરૂ કર્યું એ વાત તાલિબાનીઓને ગમી નહીં. આ દરમિયાન એમના લગ્ન થઈ ગયા. પતિ રસાયણશાસ્ત્રના શિક્ષક હતા. પરંતુ મુસીબતોનો સામનો કરવાનું હજુ બાકી હતું. લગ્નના દસ દિવસ બાદ તરત જ તેમના પતિને ગિરફતાર કરી જેલમાં મોકલી દેવાયા. ફાવજિયા જણાવે છે, મારા હાથોની મહેંદીનો રંગ પણ સૂકાયો નહોતો અને તાલિબાનોએ મારા પતિને પકડીને જેલમાં પુરી દીધા. એમનો ગુનો ફક્ત એ હતો કે એમણે મારી સાથે લગ્ન કર્યા હતા. જેલમાં એમને ખૂબ સતાડવામાં આવ્યા. ત્યાં એમને ટીબીની બીમારી લાગુ થઈ. થોડા સમય પછી તેઓ ઘરે પાછા ફર્યા પરંતુ ત્યાં સુધીમાં ટીબીની બીમારીએ ગંભીર સ્વરૂપ પકડી લીધું હતું. થોડા દિવસો બાદ જ તેઓ મૃત્યુ પામ્યા.

પતિના મોતથી ફાવજિયા ગહન શોકમાં ડૂબી ગઈ. પણ હવે એમના ઈરાદા મજબૂત થઈ ચૂક્યા હતા. નક્કી કર્યું કે હવે એ તાલિબાનીઓના જુલમ સહન નહીં કરે. વર્ષ ૨૦૦૧માં તેમણે છોકરીઓને શાળામાં મોકલવા માટેનું અભિયાન 'બેક ટુ સ્કૂલ ચલાવ્યું. આ અભિયાનથી અફઘાનિસ્તાનની મહિલાઓમાં નવી શક્તિનો સંચાર થયો. વર્ષ ૨૦૦૫માં એમણે પહેલી વખત ચૂંટણીમાં ઝંપલાવ્યું. તેઓ અફઘાનિસ્તાનની પ્રથમ મહિલા સ્પીકર બની. ફાવજિયા જણાવે છે, મેં ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો જેથી લોકોને ન્યાય અપાવી શકું. હું જાણતી હતી કે સત્તા વિના સમાજ માટે હું કંઈપણ કરી શકીશ નહીં. ૨૦૧૦માં લોકોએ એમને ફરી ચૂંટ્યા. ૨૦૦૯માં એમણે મહિલાઓ પર થતી હિંસા રોકવા માટેનો બિલ પાસ કરાવ્યું. પરંતુ પુરુષ સાંસદોએ એ બિલ પાસ થવા દીધું નહીં. જો કે ત્યારબાદ બધા જ પ્રાંતોમાં એને લાગુ કરવામાં આવ્યું. આ દરમિયાન કેટલીય વખત એમને મારી નાખવાના પ્રયાસો થયા. ૨૦૧૪માં એ ત્રીજીવાર સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા. હાલમાં તેઓ અફઘાનિસ્તાન વૂમન, સિવિલ સોસાયટી અને હ્યુમન રાઈટ્સની અધ્યક્ષ છે.

શા માટે મોદી અને ભાજપ વારાણસીથી ડરે છે?

વાસ્તવિકતા

- જ્યોતિ મલ્હોત્રા

(લેખિકા પત્રકાર છે, અને સ્વદેશી તેમજ વિદેશી બાબતો અંગે લખે છે)

આઝાદીના લડવૈયાઓ અને હિંદુત્વના નેતા મદન મોહન માલવિયાની પ્રતિમાની ચારેય બાજુ બનારસ હિંદુ યુનિવર્સિટીના કેમ્પસમાં કેસરિયા રંગમાં રંગાયેલી સેના નજરે પડતી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરમાં ત્યાંના પ્રવાસે હતા.

ત્યાંથી તેમણે રોડ-શો શરૂ કર્યા હતા. ગંગા નદીનું આ પ્રાચીન શહેર વડા પ્રધાનનો આ મતદાર વિસ્તાર છે. લંકાથી અસીઘાટ સુધી મુસ્લિમ બહુમતીના વિસ્તાર મદનપુરા અને સોનપુરા છે. ગોદોલિયા ચોક સુધી હિંદુ મંદિરો છે. પ્રસિદ્ધ વિશ્વમંદિર કાશી વિશ્વનાથનું મંદિર ત્યાં છે. એક કલાક સુધી મોદી એક ભક્ત રહ્યા. ભાજપના નેતા રહ્યા અને તેમણે ભગવાન શિવની પૂજા-અર્ચના કરી. હિંદુ શબ્દ છે દર્શન. જેનો તેમણે લાભ લીધો. પૂછવાનું મન થાય કે, વડા પ્રધાને પ્રાર્થનામાં શું કહ્યું ? તેનું કારણ શું હતું ? ચારેય બાજુનું વાતાવરણ કેવું હતું ? છેલ્લી ઘડી સુધી વારાણસીનો જનપ્રવાહ શું કહેતો હતો, શું આ બધા પરિબળો ભાજપતરફી મતદારોની સંખ્યા વધારવા માટે પૂરતા હતા ?

કાશી વિશ્વનાથ મંદિરમાંથી મોદી જ્યારે બહાર આવ્યા, ત્યારે તેમના મસ્તક પર પૂરેપૂરું તિલક હતું, આ અંગે શું કહેવું ? જો કાટે કી ટક્કર હોય વારાણસીના અલગ અલગ ભાગોમાં, તો ભાજપ અને સમાજવાદી પાર્ટીના ઉમેદવારો કોંગ્રેસ સાથે ગઠબંધનના ઉમેદવારો વચ્ચે હોય તો શું કહેવું ? વડા પ્રધાન લોકપ્રિય છે, અને રહેશે?

જે પરિસ્થિતિ હતી, તે અંગે ભાજપ કાર્યકરો બોલ્યા પણ હતા.

વડા પ્રધાન ભાજપના શસ્ત્ર છે કે પસંદગી ? છેલ્લા અઠવાડિયા દરમ્યાન એવું જોવા મળ્યું છે કે, વડા પ્રધાન મોદી અને તેમની સમગ્ર સરકાર વારાણસી પહોંચી ગઈ છે. સ્પષ્ટ રીતે એવું કહી શકાય કે, બાકીનો દેશ વારાણસીમાં ભાજપને વિજય મળે તેવી આશા-અપેક્ષા રાખી રહ્યો છે.

વારાણસીમાં પ્રધાન મંડળની શિબિરો :

ભાજપના નેતાઓની હાજરી મોટા પ્રમાણમાં વારાણસીમાં છે. ભાજપપ્રમુખ અમિત શાહ નિયમીત રીતે તેમની હાજરી લેતા હોય, તેવું જણાય છે. તેઓ પોતે અમેઠી કોઠીમાં છે. એક અઠવાડિયું ત્યાં રહ્યા. તેમના વિશ્વાસુ સુનીલ બંસલ ઉત્તર પ્રદેશની ચૂંટણીના સંચાલક બન્યા. તે ઉપરાંત ગૃહપ્રધાન રાજનાથસિંહ, નાણાપ્રધાન અરુણ જેટલી, કાપડપ્રધાન સ્મૃતિ ઈરાની, ભાજપ જનરલ સેક્રેટરી કૈલાસ વિજય વારિગ્યા રાજ્યસભાના સાંસદ, અને અમિત શાહના વિશ્વાસુ ભૂપેન્દ્ર યાદવ, પ્રવકતા વિજય સોનકર શાસ્ત્રી અને શ્રીકાંત શર્મા અને જુનિયર પ્રધાનો કૃષ્ણરાજ વગેરે ત્યાં છેલ્લા કેટલાક દિવસથી ધામા નાખેલ એવું કહી શકાય કે, સમગ્ર દેશમાંથી લગભગ ૧૦૦ સાંસદો કામે લાગ્યા હતા. સૌથી રસપ્રદ બાબત એ છે કે, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના નેતાઓ કૃષ્ણ ગોપાલ અને ઈન્દ્રેશકુમાર પણ ચૂંટણીપ્રચારમાં જોડાયા હતા. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમના કાર્યકરો છેલ્લે સુધી મતદાન કેન્દ્રો વગેરે પર નજર રાખી રહ્યા હતા, પણ એવું કહેવાય છે કે સંઘને ચિંતા નથી. સંખ્યા ભલે ઓછી થાય, પણ મતદાર ચોક્કસ ભાજપ તરફી હશે. તેથી ભાજપે આ પ્રાચીન શહેરમાં ભય શા માટે અનુભવવો જોઈએ ?

હકીકત એ છે કે, પક્ષ અસમંજસમાં છે. વારાણસીમાં માની શકાય છે કે, હિંદુત્વ સર્વોચ્ચ સ્થાને છે અને તેના આધારે ચૂંટણી લડાઈ વિશ્વંભરનાથ મિશ્રા સંકટમોચન હનુમાન મંદિરના મહંત છે અને બીએચયુમાં ઈલેક્ટ્રોનિકના પ્રાધ્યાપક છે. તેમણે જણાવ્યું હતું કે, તમે બનારસને સમજો. મોટા ભાગના વિસ્તારો બાબતપુર વિમાનીમથક પર આવે છે. અને કેટલાક કલાક બનારસ જોવામાં પસાર કરીને જતા રહે છે. મહંત સ્પષ્ટવક્તા છે અને તેમને કંઈ પણ કહેવામાં કોઈ વાંધો નથી. તેમણે ગંગા સ્વચ્છતા ઝૂંબેશની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું કે આ સારી બાબત છે. ઉમા ભારતી આ વિષયના પ્રધાન છે, છતાં હજુ સુધી જે થવું જોઈએ, તે થઈ શક્યું નથી.

યહ શહર સબ સમજતા હૈ, દરેક સમયે શહેરને સમજવામાં આવે છે અને તેના પ્રત્યાઘાત પણ તમારી પાસે આવે છે. તમારે બનારસને સ્માર્ટ સિટી બનાવવું છે, પણ છેલ્લી મિનિટે વિચારવાની પરંપરા ન રાખવી જોઈએ. આ એક લાંબી પ્રક્રિયા છે અને લાંબા સમય સુધી આ દિશામાં પગલાં લેવાવા જોઈએ.

વિશ્વંભરનાથ મિશ્રા

મિશ્રાના ઘર પાસેથી જમણી બાજુ તુલસીઘાટ છે. ગંગા નદીનું એક દૃશ્ય ત્યાંથી જોવા મળે છે, પણ મહંતનું કહેવું છે કે, સાડા ત્રણસો ટન ગટરનું પાણી ત્યાં ગંગામાં ભળે છે. નનામી ગંગા પ્રોજેક્ટ પણ આ વિસ્તારમાં સફળ થઈ શક્યો નથી.

ગંગા નદીના પ્રદૂષણ માટે વિજ્ઞાનનો ઉપયોગ કરવાની જરૂર નથી. વડા પ્રધાન ગયા ત્યાર બાદ તપસ્વીની કાર્યશિબિર યોજાઈ, સૌ કોઈએ ગંગા નદીની સફાઈની વાતચીત કરી અને સૌ કોઈ છૂટા પડ્યા.

ભાજપ અને વિશ્વાસ માટેના મુદ્દાઓ :

એક મોટી સમસ્યા ભાજપની સામે વિશ્વાસની છે. થોડુંક પણ કામ હજી સુધી થયું ન હોવાથી અહીંથી ચૂંટાયેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યેની આસ્થા લોકોની ઓછી થતી જાય છે. હવે ધીરજનું વાતાવરણ નથી. ધીમે ધીમે અસંતોષની લાગણી પ્રવર્તે છે. ગંગા નદી પરના જે ઘાટ છે, તેની થોડીક સાફ-સફાઈ થઈ છે, પણ ગાય કે બકરાને તેમ જ અન્ય પશુઓને ઘાટ પર આવતા-જોતા કોણ રોકી શકશે ? તેવી જ રીતે આજુબાજુ શેરીઓમાં તેમની જે અવરજવર રહે છે, જે વેપારીઓને નડે છે. તેને પણ કોણ રોકી શકે ?

હવે વિશ્વાસનો ભંગ થયો હોય એવું લાગે છે. લોકો અંદરોઅંદર વાત કરતા હોય છે કે ઉમેદવારની પસંદગી યોગ્ય ન હતી. વંશીય રાજકારણ દૂર કરવા માટે પ્રયાસ થયો, પણ તેમાં સફળતા મળી નથી લાગતી. વારાણસી કેન્ટના ઉમેદવાર સૌરભ શ્રીવાસ્તવ ધારાસભ્ય હોવા છતાં તેઓ આશીર્વાદ લેવા આવ્યા નહોતા. દરમ્યાન લોકપ્રિય શ્યામદેવ રાય ચૌધરી જેઓ બનારસની દક્ષિણ બેઠક પરથી સાત વખત જીત્યા હતા. અને તેમણે ઓછા જાણીતા નિલકંઠ તિવારી માટે જગ્યા કરી આપી હતી. અનેક લોકો દાદાને પ્રેમ કરે છે. તેઓ આ નિર્ણયથી નાખુશ છે અને સ્વાભાવિક છે કે સાત વખત જેને વિજય મળ્યો છે તેને ચૂંટણીમાં ઉભા ન રાખીને તદ્દન નવી વ્યક્તિને ટિકિટ શા માટે આપવામાં આવી ? બનારસને મોદીનું આ વલણ પસંદ પડ્યું નથી. અનેક બનારસીઓ વડા પ્રધાનને પસંદ કરે છે, પણ એમની જે એકહથ્થુ નિર્ણય લેવાની વાત છે, તે તેમને ગમતી નથી. ભગવતી ગંગા અને શિવ બંનેનો ભય લાગતો હોય તેવું જણાય છે. આ લખાઈ રહ્યું ત્યાં સુધી હવે ભય એ છે કે વારાણસી વડા પ્રધાન તરફથી મોહું ફેરવી લેશે અને ફરી એકવાર અખિલેશ યાદવની તરફેણ કરશે. તેમણે ખૂબ જ સારું કામ કર્યું છે. તેમના વિચારો પણ ઘણા ઉમદા છે અને તેઓ ભાજપની આ ભયની લાગણીનો લાભ લેવા ઇચ્છે છે.

રંગનાથ પ્રજાપતિ એક પેઈન્ટર

રસપ્રદ વાત એ છે કે અખિલેશ યાદવ અને રાહુલ ગાંધી બંનેએ આ શહેરમાં રોડ-શો કર્યા, અને તેમણે બનારસના મતદારોને મત આપવા છેલ્લી અપીલ કરી. દરમ્યાન કાશી વિશ્વનાથ મંદિરમાંથી વડા પ્રધાને કાલ ભૈરવ મંદિર તરફ પ્રયાણ કર્યું. તેમણે કોઈ અવસર ગુમાવ્યો નહીં. દરેક ભગવાનના આશીર્વાદ લીધા, પણ તેઓ સમજી ગયા છે કે, જેટલો સરળ દિલ્હી વિજય હતો તેટલો વારાણસીમાં વિજય નથી. અને આ કારણસર વારાણસીમાં વાતાવરણ ઉત્તેજનાસભર રહ્યો, કારણ કે, વડા પ્રધાન વારાણસીમાંથી ચૂંટાયા છે અને હાલ મોટા ભાગના ભાજપનો અહીં સ્થાયી નિવાસ છે. **(સૌ : ધ ક્વિન્ટ.કોમ)**

લેનનના 'ઈમેજિન'ના ગાલ પર ગુલાલ : ABVP વિરોધી કૂચની વિશિષ્ટતા



અભિવ્યક્તિ

- મેઘનાદ બોસ

શેહલા રશીદ જહોન લેનનની 'ઈમેજિન' ગાતા હતા. લોકો તેમના ગાલ પર ગુલાલ લગાવતા હતા. વિરોધમાં દેખાવો પણ થતા હતા. સાબુના પરપોટા પણ ઊડતા હતા. અને એવા સૂત્રો પોકારાતા હતા, કે આવો આપણે આનંદ કરીએ. કેટલાક સૂત્રોલખેલા પ્લેકાર્ડ પણ ચારેબાજુ દેખાતા હતા. તેમાં લખેલું એબીવીપી ગો-બેક અને હમ ક્યોં ચાહતે આઝાદી ?, ટૂંકમાં, એબીવીપીનો વિરોધ કરવામાં આવી રહ્યો હતો.

લેનનની ઈમેજિન દ્વારા વિરોધી સૂરની નોંધ :

એબીવીપીનો વિરોધ ૨ માર્ચના રોજ થયો. રાષ્ટ્રવિરોધી પરિબળોથી બીયુને બચાવો. તેના પ્રત્યાઘાત સ્વરૂપે એઆઈએસએના શેહલ રશીદે જહોન લેનિનું ઈમેજિન ગાયું. અને રાષ્ટ્રવાદની બ્રાન્ડ એબીવીપી છે કે નહીં, તેવું વ્યક્ત કર્યું.

ઈમેજિનમાં કહેવામાં આવ્યું છે કે, એવો કોઈ દેશ નથી કે જ્યાં ધર્મ ન હોય. હત્યા ન હોય, ઈમેજિન પણ આવા વાતાવરણમાં શાંતિમય જીવનની અપેક્ષા વ્યક્ત કરે છે.

જહોન લેનનનું ઈમેજિન

આપણે અહીં શા માટે ? આપણે આનંદ માણવા માટે.

આપણે એબીવીપીને પૂછવું છે, કે તે પણ આપણી સાથે વાતાવરણનો આનંદ લે. જ્યારે કોઈ કારણ નથી ત્યારે તેણે હિંસક શા માટે થવું જોઈએ ? આ વાક્યો સાથે સાબુના પરપોટા હવામાં ઉડાડવામાં આવતા હતા.

આવો સંઘર્ષ શા માટે ? આપણે સહુ કોઈ હિંસાનો વિરોધ કરીએ છીએ. એબીવીપી પણ આપણી સાથે જોડાય, તેવું આપણે ઈચ્છીએ છીએ. સાબુના પરપોટા ઉડાડીને આપણે આપણી લાગણી વ્યક્ત કરીએ છીએ. મારા પ્રાધ્યાપક પણ રામજસ હિંસામાં ભોગ બન્યા છે અને તેથી વાતાવરણને ઠંડું કરી તેનો આનંદ માણીએ.

ડીયુના અંગ્રેજી વિભાગનો એમ.ફિલ વિદ્યાર્થી વિરોધીઓની વહેલી હોળી : ગુલાલ હિંસાના પ્રત્યાઘાતરૂપે

જ્યારે તેમણે પથ્થર ફેંક્યા, કાચની બોટલો ફેંકી, બૂટ ફેંક્યા, ત્યારે આપણે તેમણે આ જવાબ આપીએ છીએ, કારણ કે આપણે વાતચીતમાં માનીએ છીએ. શાંતિપૂર્વક ઉકેલ માટે મંત્રણા જરૂરી છે. તમે ક્યારેય ઈંડા જોઈ શકશો નહીં. તમને અમારા પર વિવિધ રંગો અને બબલ્સ જ દેખાશે.

ગુલાલને ટેકો આપતાં વિરોધીઓ :

મજાક શું છે ?

દરેકનું ધ્યાન ખેંચવા માટે કેટલાક પોસ્ટરો પણ ત્યાં બંને પક્ષ તરફથી પ્રદર્શિત થતા હતા. ખાસ કરીને શનિવારે એબીવીપી વિરોધી રેલીમાં આવા દૃશ્યો નજરે પડતા હતા.

છેલ્લા ૧૫ દિવસમાં રામજસ કોલેજનો બનાવ ખૂબ જ ચગ્યો છે. એક કૂચ યોજવામાં આવી અને તેનો વિરોધ પણ કરવામાં આવ્યો. હજુ પણ આ વિવાદ યથાવત્ છે. બંને પક્ષતરફી સૂત્રો પોકારાય છે. સૂત્રોચ્ચાર લખેલા પ્લેકાર્ડ દર્શાવાય છે. તેથી હવે નવેસરથી આ દિશામાં વિચારવાની જરૂર છે.

મુખ્ય સંદેશ એવો આપવો છે કે, આવી ઘટનાઓ હસીને કાઢવા જેવી નથી. આ વાત અક્ષય શેટ્ટીએ કરી હતી. તેઓ એક વિરોધી છે. તેમનું કહેવું છે, યહ બીક ગઈ હૈ ગવર્નમેન્ટ, એવું લખેલું પોસ્ટર એમની પાસે હતું.

અમારી આ લડાઈ એબીવીપીની વિરુદ્ધ નથી. સરકારની વિરુદ્ધ છે. જેણે સહિષ્ણુતાનો દરજ્જો આટલે સુધી પહોંચાડ્યો છે. હું માનું છું કે એક દિવસ આપણે આ તમામ પરિસ્થિતિઓનો ઉપાય શોધી શકીશું અને યુનિવર્સિટી કેમ્પસમાં શાંતિમય વાતાવરણ હશે. **(સૌ: ધ ક્વિન્ટ.કોમ)**

ગઝલ

તુમ્હી જાન મેરી તુમ્હી આત્મા હો
તરક્કી કી મેરી તુમ્હી ખેરખ્વાહ હો

તુમ્હીને હમેં ઈલ્મ પીલાયા ખુશી સે
અદબ સબ શીખાયે તુમ્હીને ખુશી સે

દિયા પ્યાર મા કા તુમ્હીને હમકો
મોહબ્બત સે તુમને સદા પાલા હમકો

તરીકા શીખાયા હમેં ઝિંદગી કા
સબક ભી શીખાયા હય ઈન્સાનિયત કા

તેરી ગોદ મેં બચપન ગુઝારા
તેરી છાંવ ને હમકો ઈન્સા બનાયા

સદાકત કી 'ઈકરા' તુમ્હીને શીખાયા
દયાનત કો 'ઈકરા' તુમ્હીને શીખાયા

ન ભૂલેંગે 'ઈકરા' તુમ્હે હમ કભી ભી
ન ભૂલેંગે અહેસાં તુમ્હારા કભી ભી

શીખાયા અદબ તુને હમેં ઝિંદગી કા
પીલાયા ઈલમ તુને હમેં રહેબરી કા

સદા ખુશ રહે તું તેરી ફૈલે ખિદમત
મીલે ફૈઝ સબકો જો હૈ તેરી ફિતરત

ગુરૂ ઔર મેડમ કા મીલા પ્યાર હમ કો
દિયા હય ઈલ્મ કા પાઠ હમ કો

વિદા હો રહે હૈ લીયે દિલ મેં અરમાં
રહેગા સદા યાદ તેરા યે મેયદાં

નહીં કોઈ શીકવા હમેં તુમ સે 'ઈકરા'
તુમ્હે હમ ન ભૂલેંગે અય પ્યારી 'ઈકરા'

તરસ ઐસી છીપતી હૈ તેરે દમ સે 'ઈકરા'
કે જૈસે પરબ તું બની બૈઠી 'ઈકરા'

'રહીમી' કી હય યે દુઆ મેરી 'ઈકરા'
બચાયે તુજે હર એક બદનઝરી સે 'ઈકરા'

- રહીમી
(અબ્દુલ રહીમ બાંગા, વિસનગર)

આંકડામાં ભલે તેમની ભૂમિકા મોટી ના દેખાય પણ આપણને જીત તો ઝડપી બોલરો એ જ અપાવી છે

ઈશાન્ત શર્મા અને ઉમેશ યાદવે લાઈન લેન્થવાળી બોલિંગ કરી કાંગારુઓને રન બનાવવા દીધા નહી અને તેનો ફાયદો અશ્વીન અને જાડેજાએ ઉઠાવ્યો

ટીમ ઈન્ડિયાની
આ જીતનું સત્ય શું છે

શક્ય છે કે તમને આ વાત મતલબ વગરની લાગે, આંકડા તો આ વતની સાક્ષી બિલ્કુલ નહીં આપે ખાસ કરીને જ્યારે પૂરી મેચમાં ઝડપી બોલરોના ખાતામાં ફક્ત પાંચ વિકેટ આવી હોય પ્રથમ ઈનિંગમાં બે અને બીજી ઈનિંગમાં ત્રણ વિકેટ તેમ છતાં પણ જાણકારોને પૂછો, ઓસ્ટ્રેલિયન બેટ્સમેનોને પૂછો અમે વિરાટ કોહલીના હૃદયને પૂછો તેઓ બતાવશે કે બેંગ્લોરમાં જો ભારતીય ટીમે ૭૫ રને વિજય પ્રાપ્ત કર્યો તો તેનો શ્રેય ઈશાન્ત શર્મા અને ઉમેશ યાદવને જાય છે. આવું એટલા માટે કારણ કે આ બંને બોલરોએ એવી પરિસ્થિતિ ઊભી કરી દીધી કે ઓસ્ટ્રેલિયન ટીમ પ્રથમ ઈનિંગમાં મોટી લીડ મેળવી શકી નહીં અને બીજી ઈનિંગમાં ૧૮૮ રનનો લક્ષ્યાંક પણ પહાડ જેવો બની ગયો ઈશાન્ત શર્મા અને ઉમેશ યાદવની બોલિંગની વાત કરીએ તેના પહેલાં જણાવી દઈએ કે ઈશાન્તે પ્રથમ ઈનિંગમાં મિચેલ માર્શની અને બીજી ઈનિંગમાં મૈટ રેનશોની વિકેટ ઝડપી હતી. ઉમેશ યાદવે પ્રથમ ઈનિંગમાં શોન માર્ગ અને બીજી ઈનિંગમાં સ્ટીવ સ્મિથ અને શોન માર્શની વિકેટ ઝડપી તેણે બીજી ઈનિંગમાં બંનેને એલબીડબ્લ્યુ આઉટ કર્યા તે પણ ફક્ત ૧૦ રનની અંદર વાસ્તવમાં મેચનું ચિત્ર ત્યાંથી જ બદલાયું ત્યારબાદથી જ અચાનક ૧૮૮ રનનું લક્ષ્યાંક પણ ઓસ્ટ્રેલિયા જેવી ટીમ માટે બહુ મોટું દેખાવા લાગ્યું અને બાકીનું કામ તમામ ભારતીય સ્પિનરોએ કર્યું.

હવે આજ વાતને વધારે મજબૂત કરવા માટે આ બંને બોલરોની બોલિંગનું વિશ્લેષણ કરીએ છે. પ્રથમ ઈનિંગમાં ભારતીય ટીમ ફક્ત ૧૮૮ રનમાં સમેટાઈ હતી. જવાબમાં ઓસ્ટ્રેલિયન બેટ્સમેનોએ સારી શરૂઆત કરી પણ જે આંકડા પર ધ્યાન આપવા જેવું છે તે ઈશાન્ત શર્માની બોલિંગના

પ્રથમ ઈનિંગમાં તેણે કમાલની બોલિંગની કરી ૨૭ ઓવર આઠ મેઈડન અને એક વિકેટ આ આંકડામાં સૌથી વધારે ધ્યાન આપનારી વાત છે. ૧.૭૭ના ઈકોનોમી રેટ જે દર્શાવે છે કે ઈશાન્તે કેવી રીતે ઓસ્ટ્રેલિયના બેટ્સમેનોને રન બનાવવા દીધા નહીં.

પ્રથમ ઈનિંગમાં કાંગારુઓએ ૧૨૨.૪ ઓવર બેટિંગ કરી પણ રન બનાવ્યા ફક્ત ૨૭૬, જેની સરેરાશ હતી. ૨.૨૫૧ સહીંયા જ તે ફેર પડી ગયો જેણે કાંગારુઓને મોટી લીડ લેતા રોકી દીધા, કાંગારુઓ મોટી લીડ ન લઈ શક્યા જે આ મેચમાં ભારતીય ટીમના પુનરાગમન અને જીતનું મુખ્ય કારણ છે. ભારતીય ટીમે ૨.૨૫થી વધારેની સરેરાશથી બંને ઈનિંગોમાં રન બનાવ્યા. બીજી ઈનિંગમાં ઉમેશ યાદવનો એક સ્પેલ ઘણો ખતરનાક હતો. બીજી ઈનિંગની ૧૫મી ઓવર હતી. જ્યારે રવીન્દ જાડેજાને હટાવી ઉમેશ યાદવને બોલ આપવામાં આવ્યો. પહેલાં જ બોલે તેણે શોન માર્શને 'બીટ' કર્યો. ઓવરના અંતિમ બોલે શોન માર્શ શો રમવાનો પ્રયાસ જ કર્યો નહીં જેના કારણે તેને આઉટ આપવામાં આવ્યો. તેના બાદની ઓવરમાં ઉમેશે ફક્ત બે રન આપ્યા. તેના બાદની ઓવર મેઈડન રહી આ દરમિયાન દરેક બોલ કાંગારુઓ માટે મુશ્કેલી ઊભી કરનારો રહ્યો. આગામી ઓવરમાં જ ઉમેશની સંતુલિત બોલિંગનો લાભ મળ્યો. જ્યારે તેણે સ્ટીવ સ્મિથની વિકેટ ઝડપી. ત્યારબાદ જ મેચમાં ભારતનો હાથ ઉપર દેખાવા લાગ્યો. બંને ઈનિંગોમાં ઈશાન્ત શર્મા અને ઉમેશ યાદવની લાઈન લેન્થ, સ્પીડ અને તેનાથી પણ વધારે. સ્વિર્સ સ્વિંગ જબરદસ્ત હથિયાર સાબિત થયું. ક્રિકેટમાં એક પ્રખ્યાત કહેવત છે. 'યુ મિસ-આઈ હીટ !

ઉમેશ અને ઈશાન્તે આજ કહેવતને ધ્યાનમાં રાખી બોલિંગની 'લેન્થ' પર કામ કર્યું, ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો ચૂક્યા નહીં કે પેવેલિયનનો માર્ગ તેમની રાહ જોઈ રહ્યો હતો. વિકેટ પર બોલના બાઉન્સને સમજતા ઈશાન્ત અને ઉમેશની રણનીતિ યોગ્ય સાબિત થઈ.

આની સાથે એ પણ સત્ય છે કે પ્રથમ ઈનિંગમાં રવીન્દ્ર જાડેજા અને બીજી ઈનિંગમાં અશ્વનની બોલિંગ ભારતની જીત માટે મહત્ત્વની સાબિત થઈ.

પ્રથમ ઈનિંગમાં કે.એલ. રાહુલના ૯૦ રન અને બીજી ઈનિંગમાં ૫૧ રનની ઈનિંગ પણ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. એટલા માટે તેની મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી. બીજી ઈનિંગમાં પૂજારા અને રહાણેની ઉપયોગી ઈનિંગની અવગણના કરી શકાય નહીં. આ બંને વચ્ચે મહત્ત્વની ભાગીદારી ના થઈ હોત તો ઓસ્ટ્રેલિયાને ૧૮૮ કરતા પણ ઓછો લક્ષ્યાંક મળ્યો હોત. આ બધા પ્રદર્શનોનું જ પરિણામ આ વિજય છે. જેની મદદથી ભારતીય ટીમે સીરિઝમાં બરાબરી કરી છે. આ તથ્યો અને આંકડા છતાં ઈશાન્ત શર્મા અને ઉમેશ યાદવના પ્રદર્શનની વાત એટલા માટે જરૂરી છે. જેથી ધ્યાન રહે કે આ બે બોલરોએ કાંગારુઓ વિરુદ્ધ વિજય પ્રાપ્ત કરવામાં કેટલો મહત્ત્વનો રોલ નિભાવ્યો હતો.

સ્પોર્ટસ

હોલિવૂડ ફિલ્મ 'લોયન'માં
પ્રિયંકા બોસને એવોર્ડ

હોલિવૂડ ફિલ્મ 'લોયન'થી પ્રિયંકા બોસને આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ મળી છે. જો કે આનાથી પહેલાં તે 'ગુલાબ ગેંગ' જેવી ફિલ્મો કરી ચૂકી છે. હાલમાં તે ૨૬ ફેબ્રુઆરીએ ઓસ્કાર એવોર્ડમાં રેડ કાર્પેટ પર સામેલ થઈ ગઈ.

● આ એવોર્ડ તમારા માટે શું મહત્ત્વ ધરાવે છે ?

— હું એવોર્ડની ઉપેક્ષા નથી કરતી, પરંતુ આને લઈને હું બહુ વિચારતી પણ નથી. મારી નજરમાં દરેક સન્માન તમને શક્તિ આપે છે. કામ કરવા માટે પ્રેરિત કરે છે. દરેક એવોર્ડની સાથે કલાકારની સ્વીકાર્યતા વધે છે, આમ તો કોઈ કલાકારને વીસ વર્ષ અભિનય કરવા છતાં કોઈ એવોર્ડ નથી મળતો તો પણ તેની પ્રતિભાને ઓછી આંકી શકાય નહીં.

● તમે એ કેમ નથી કહેતા કે ભારતમાં તમારી કદર થતી નથી ?

— બોલિવૂડમાં ફિલ્મ માટે કલાકારોની પસંદગી માત્ર તેની પ્રતિભાના આધાર પર કરવામાં નથી આવતી. મારી અલગ પ્રતિભાને લીધે પણ હું હાંસિયા પર જતી રહું છું. આવામાં જ્યારે ઓસ્ટ્રેલિયાઈ નિર્દેશક ગાર્થએ મને ફિલ્મ 'લોયન'ની ઓફર કરી તો મેં તરત હા પાડી દીધી, આ મધ્યપ્રદેશના ખંડવા જિલ્લા સ્થિત એક ગામના ભારતીય છોકરા સરૂ બ્રિયર્લેની સત્યકથા છે, તે પોતાના ભાઈ અને માતાથી કલકત્તા રેલવે સ્ટેશન પર વિખૂટો પડી ગયો હતો. તેને એક ઓસ્ટ્રેલિયાઈ પરિવાર દત્તક લઈ લે છે અને આ પરિવાર ગૂગલ મેપની મદદથી ઘણા વરસો બાદ તેની માતાને શોધી લે છે.

● તમે સામાજિક મુદ્દો ઉઠાવનારી ફિલ્મો કે નાટક જ કરી રહ્યા છો, પછી તે મહિલાઓની તસ્કરી પર 'સોલ્ડ' હોય કે એકલી માનું દર્દ બયાન કરનારી ફિલ્મ 'લોયન' અથવા પછી દિલ્હી ગેંગરેપ પર આધારિત નાટક 'નિર્ભયા' ?

— એવું કંઈ નથી. હું કોમર્શિયલ ફિલ્મ પણ કરવા માંગું છું. પણ સામાજિક મુદ્દા પર વાત કરવામાં મારી દિલચસ્પી છે. હું જે પ્રકારની ફિલ્મ કરી રહી છું. તે કહાનીઓ પણ લોકો સુધી પહોંચવી જોઈએ.

● 'નિર્ભયા' નાટકથી જોડાવવું કેવી રીતે બન્યું ?

— આ નાટક ૨૦૧૨માં દિલ્હીમાં થયેલ નિર્ભયાકાંડ પર આધારિત છે. આ દર્દનાક ઘટના મારા જીવનનો પણ ટર્નિંગ પોઈન્ટ રહ્યો. મારી સાથે પણ બે-ત્રણ આવી જ ઘટના થઈ, જે હું કોઈને બતાવી ના શકી. તે સમયે મારી ચાર વરસની દીકરી હતી અને મારી સમજમાં નહોતું આવી રહ્યું કે હું તેને કંઈ રીતે સુરક્ષિત રાખું. મને લાગ્યું કે મારી અંદર ના તાકાત છે અને ના સમજ. બે દિવસ પછી મારી દોસ્ત અને 'ડિલ્હી બેલી' સહિત કેટલીક ફિલ્મોમાં અભિનય કરી ચૂકેલી પૂર્ણા જગન્નાથનનો ફોન આવ્યો કે તે આ નાટક દ્વારા યૌન હિંસા પર મારી ચૂપ્પી તોડવા જઈ રહી છું. ત્યારે મેં તેનાથી કહ્યું કે આ નાટકમાં અભિનય કરી હું પણ મારી ખામોશી તોડવા જઈ રહી છું.

● બોલિવૂડ અને બીજા દેશના સિનેમામાં શું ફરક જુઓ છો ?

— સિનેમા તો સિનેમા છે, ભલે તે કોઈપણ દેશનું હોય. રાજનીતિ પણ એક જેવી હોઈ શકે છે, ફરક યુનિટના સભ્યોને લઈને હોઈ શકે છે, જેમ કે ભારતમાં કેમરામેન સેટ પર એકલા નથી, બલ્કે દસ લોકોની સાથે આવે છે.

ફિલ્મનેટ

જોલીની વકાલત તો ચાલી નીકળી

અક્ષયકુમારની લોકપ્રિયતા બોક્સ ઓફિસ પર યથાવત છે તેમણે ૨૦૧૭ની શરૂઆત પણ ધમાકેદાર એન્ટ્રીથી કરી છે, તેમની ફિલ્મ 'જોલી એલએલબી-૨'એ રિલીઝના પ્રથમ વીકમાં સારું એવું કલેક્શન કર્યું છે. આગામી અઠવાડિયે પણ એમની ફિલ્મ સારી એવી ચાલશે. આ ફિલ્મ આરામથી '૧૦૦ કરોડી ક્લબ'માં સામેલ થઈ ગઈ. આવું ઓછું જ થાય છે. બોક્સ ઓફિસ પર સતત ત્રીજા સપ્તાહે હરિયાળી છવાઈ રહે. 'જોલી એલએલબી-૨'એ અક્ષયકુમારની 'કમાઉ સ્ટાર'ની છબીને યથાવત રાખી છે, આ ફિલ્મે પ્રથમ દિવસે બોક્સ ઓફિસ પર ૧૩.૨૦ કરોડ રૂપિયા કમાયા. કોઈ ખાસ અવસર પર રિલીઝના થવા છતાં એની શરૂઆત સારી થઈ. એ ફિલ્મે લગભગ ૩૧ ટકાનો વધારો કર્યો. રવિવારે આ ફિલ્મે લગભગ ૨૦ કરોડ રૂપિયાની કમાણી કરી. પ્રથમ વીકએન્ડમાં આનું કુલ કલેક્શન ૫૦.૪૬ કરોડ રૂપિયા રહ્યું. આ પહેલા બે દિવસોમાં જ પ્રથમ ફિલ્મ 'જોલી એલએલબી-૨'નું લાઈફ ટાઈમ કલેક્શન (૩૨ કરોડ રૂપિયા)ની લગભગ બરાબરી કરી લીધી.



બોક્સ ઓફિસ પર સોમવાર કોઈ ફિલ્મ માટે ઘણો મહત્ત્વનો હોય છે. માનવામાં આવે છે કે, જો કોઈ ફિલ્મના વીકએન્ડ બાદ 'મંડે ટેસ્ટ' પાસ કરી લીધી તો સપ્તાહના બાકી દિવસોમાં તે ડગમગી જશે નહીં. આ ટેસ્ટમાં પણ 'જોલી એલએલબી-૨' ખરી ઉતરી અને એણે ૭.૨૬ કરોડ રૂપિયાનો કારોબાર કર્યો. પ્રથમ અઠવાડિયામાં ફિલ્મે કુલ ૭૭.૭૧ કરોડ રૂપિયાનો કારોબાર કર્યો. આ ફિલ્મ સારી જવાના કેટલાક જાહેર કારણો છે. પ્રથમ અક્ષયકુમારની છબી. બીજું સારું અને મનોરંજક કંટેન્ટ ત્રીજું, એક અઠવાડિયા પહેલા અથવા સાથે કોઈ મોટી ફિલ્મ રિલીઝના થવી અને ચોથું અરશદ વારસી અભિનીત પહેલી ફિલ્મ 'જોલી એલએલબી'ની શાખ, અક્ષયકુમારે ગત ઘણા વરસોમાં પોતાના કામમાં સરસ સંતુલન બનાવ્યું છે, આ જ કારણ છે કે તેમની ફિલ્મ દર્શકોની સાથે-સાથે સમીક્ષકોને પણ ગમી રહી છે. તે 'બેબી', 'એયરલિફ્ટ' 'રુસ્તમ' જેવી ગંભીર ફિલ્મો કરી રહ્યા છે તો 'હાઉસફૂલ' સીરીઝ જેવી શુદ્ધ મસાલા મનોરંજનવાળી ફિલ્મ પણ તેમની ફિલ્મોનું બજેટ સંતુલિત હોય છે, શૂટિંગ નક્કી સમય પર શરૂ થાય છે, નક્કી સમય પર ખતમ થાય છે અને ફિલ્મ નક્કી સમય પર રિલીઝ પણ થઈ જાય છે, રિલીઝ માટે કોઈ ખાસ મોકો મળી ગયો તો પણ ઠીક અને ના મળે તો પણ ઠીક.

'જોલી એલએલબી-૨'ના પ્રથમ સપ્તાહનો કારોબાર અને પછીનો કલેક્શન '૧૦૦ કરોડી ક્લબ'માં સામેલ થઈ. એનું મજબૂત કારણ એ કે આ ફિલ્મની સાથે કોઈ મોટી ફિલ્મ રિલીઝ નથી થઈ. ગત બે વરસોમાં અક્ષયની આ સતત ચોથી ફિલ્મ સો કરોડી ફિલ્મમાં સામેલ થઈ. જ્યાં સુધી 'કાબિલ' અને 'રઈસની વાત છે, અક્ષયે બંનેની રફતાર પર વિરામ લગાવી દીધી. પરંતુ આનાથી પહેલાં બંને ફિલ્મોને 'હિટ'ની મહોર મળી જ ગઈ છે. આ ફિલ્મથી જાહેર થઈ ગયું છે કે અક્ષયકુમારની લોકપ્રિયતામાં કોઈ ઓટ નથી આવી.

આલુ (બટાટા) મંચૂરિયન

સામગ્રી : નાના બટાકા ૮ નંગ
કોર્ન ફ્લાવર ૧ ૧/૨ ચમચા
પાણી ૫ ચમચા
સરસિયાનું તેલ ૧ ચમચો
ઝીણું કાપેલું આદુ ૧ ચમચી
ઝીણું કાપેલું લસણ ૨ કળી
ઝીણી કાપેલી ડુંગળી ૧
કાપેલી લીલી ડુંગળી ૨
ટોમેટો કેચઅપ ૧ ચમચી
સોયા સોસ ૧/૨ ચમચી
ચિલી સોસ ૧ ચમચી
ચિલી ફ્લેક્સ સ્વાદાનુસાર
લીંબુનો રસ ૧/૨ ચમચી
તેલ આવશ્યકતાનુસાર
કાળું મીઠું (સંચળ) ૧/૨ ચમચી



બનાવવાની રીત : બટાકાને બાફીને છીલી લો. કાંટાની મદદથી બટાકામાં કાણા કરી દો. એક નાના વાસણમાં કોર્નફ્લાવર અને પાણી નાખીને મેળવો. પેનમાં તેલ ગરમ કરો અને તેમાં આદુ, લસણ, ડુંગળી અને લીલી ડુંગળીનો સફેદ ભાગ નાખીને ડુંગળીને પારદર્શી થવા સુધી સાંતળો. હવે બચેલી ડુંગળી પણ પેનમાં નાખો અને એક મિનિટ સુધી સાંતળો. બચેલી બધી સામગ્રી, બટાકા અને કોર્નફ્લાવરના મિશ્રણને પેનમાં નાખીને સારી રીતે મેળવો. આંચ ધીમી કરીને સોસને ઘટ્ટ થવા સુધી પકાવો. લીલી ડુંગળીથી સજાવટ કરીને સર્વ કરો.

બટાકાની લાજવાબ અવનવી વાનગીઓ

દહીંવાલા આલુ

સામગ્રી : કાપેલા બટાકા ૪
દહીં ૧ ૧/૨ કપ
ચણાનો લોટ ૨ ચમચા
હીંગ ચપટીક
જીરું ૧ ચમચી
કરી પત્તા ૧૦ પાન
ઝીણી કાપેલી ડુંગળી ૧
ઝીણું કાપેલું આદુ ૧/૨ ચમચા
ઝીણું કાપેલું લસણ ૧/૨ ચમચી
કાપેલા મરચા ૨
લાલ મરચા પાવડર સ્વાદાનુસાર
ધાણા પાવડર ૧ ૧/૨ ચમચી
હળદર પાવડર ૧/૨ ચમચી
મીઠું સ્વાદાનુસાર
તેલ ૪ ચમચા
કોથમીર સજાવટ માટે

બનાવવાની રીત : બટાકાને બાફીને તેને છીલી લો. બટાકાને મોટા-મોટા ટુકડામાં કાપી લો. એક મોટા વાસણમાં દહીં, ચણાનો લોટ અને થોડુંક પાણી નાખીને સારી રીતે ફેંટી લો. ધ્યાન રહે કે દહીંમાં ગાંઠ ના રહે. કડાઈમાં થોડુંક તેલ ગરમ કરો અને તેમાં જીરું અને હીંગ નાખો. જીરું ચટકવા લાગે, કડાઈમાં કાપેલી ડુંગળી નાખો. ડુંગળી જ્યારે સોનેરી થઈ જાય તો કડાઈમાં આદુ, લસણ, મરચા અને કરી પત્તા નાખો. બેથી ત્રણ મિનિટ સુધી પકાવો. તેના પછી કડાઈમાં લાલ મરચા પાવડર, ધાણા પાવડર અને હળદર નાખીને મસાલાને સારી રીતે સાંતળો. જ્યારે મસાલો તેલ છોડવા લાગે તો કડાઈમાં બટાકાના ટુકડા નાખો અને મેળવો. આંચ ધીમી કરો અને ફેંટેલું દહીં ધીરે ધીરે કડાઈમાં નાખો. મીઠું જરૂરત અનુસાર નાખો. કરીને ધીમી આંચ પર પાંચ મિનિટ સુધી પકાવો. કોથમીર નાખીને ગાર્નિશ કરીને સર્વ કરો.

અચારી આલુ

સામગ્રી : બટાકા ૭૫૦ ગ્રામ
તેલ આવશ્યકતાનુસાર
ડુંગળીની પેસ્ટ ૪ ચમચા
આદુ-લસણ પેસ્ટ ૫ ચમચી
હળદર પાવડર ૧/૨ ચમચી
લાલ મરચા પાવડર ૧/૨ ચમચી
પાણી ૧ કપ
ખાંડ ૨ ચમચા
વિનેગર ૪ ચમચા
સૂકા લાલ મરચા ૪
રાઈ ૧/૨ ચમચી
જીરું ૧ ચમચી
કલોંજી ૧ ચમચી
મીઠું સ્વાદાનુસાર

બનાવવાની રીત : બટાકાને બાફીને છીલી લો. બટાકામાં કાંટા છરીની મદદથી કાણા કરી લો. તેલ ગરમ કરો અને બટાકાને સોનેરી થવા સુધી તળી લો. થોડાક તેલને કડાઈમાં રહેવા લો, બીજું તેલ કાઢી લો. તે તેલમાં આદુ, લસણ, હળદર અને લાલ મરચા પાવડર નાખો. તળેલા બટાકાને કડાઈમાં નાખીને મેળવો. પાણી પણ નાખો. મધ્યમ આંચ પર પાંચ મિનિટ સુધી પકાવો. ખાંડ અને વિનેગર નાખીને મેળવો અને ગેસ બંધ કરી દો. એક બીજા પેનમાં બે ચમચી તેલ ગરમ કરો અને તેમાં લાલ મરચા, કલોંજી, રાઈ, જીરું અને વરિયાળી નાખો. ૨૦ સેકન્ડ પછી આ તડકાને તૈયાર બટાકામાં નાખીને મેળવો. ગરમાગરમ સર્વ કરો.

કાશ્મીરી દમ આલુ

સામગ્રી : બટાકા ૭૫૦ ગ્રામ
તેલ આવશ્યકતાનુસાર
લાલ મરચા પાવડર સ્વાદાનુસાર
હીંગ ચપટીક
એલચી પાવડર ૨ ચમચી
દહીં ૧૫૦ ગ્રામ
વરિયાળી પાવડર ૪ ચમચી
સૂઠ ૫૦ ગ્રામ
મીઠું સ્વાદાનુસાર
ઘી ૪ ચમચા

બનાવવાની રીત : બટાકાને બાફીને છીલી લો અને કાંટાની મદદથી તેમાં કાણા કરી લો. કડાઈમાં તેલ ગરમ કરો અને બટાકાને થોડાક સોનેરી થવા સુધી તળી લો. એક બીજા વાસણમાં ઘી ગરમ કરો તેમાં હીંગ અને અન્ય મસાલા નાખીને સારી રીતે મેળવો. દહીંને ફેંટીને પેનમાં નાખો અને મેળવો. બચેલી બધી સામગ્રી પેનમાં નાખો અને બે મિનિટ સુધી પકાવો. ગ્રેવી માટે પાણી નાખીને મેળવો. ઉભરો આવ્યા પછી આંચ ધીમી કરો અને ૧૦ મિનિટ સુધી પકાવો અને ગરમાગરમ સર્વ કરો.

— મુન્જેરીન જહાં

કટાક્ષ કોર્નર

-જામી